# ‘જ્ઞાનસાર’નાં જ્ઞાનતેજ

જ્ઞાનસાર ગ્રન્થ આધારિત રસાળ ચિંતનયાત્રા

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# સાહિત્યયાત્રાનો સત્કાર

[1]

શાસનપ્રભાવક પૂજ્યાચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ.! સાદર વંદનાવલિ સહ...

આપશ્રી સપરિવાર શાતામાં હશો.

અત્ર પરમતારક ગુરુદેવશ્રીની પરમ કૃપાએ સુખશાતા વર્તે છે.

વિ. ગઈ કાલે આપના તરફથી પ્રેષિત ૩ પુસ્તકો પ્રાપ્ત થયા. બન્ને મુનિવરોએ ગુરુભક્તિસ્વરૂપે આલેખેલ પુસ્તકત્રય ખરેખર વાચકો માટે અવશ્ય પ્રેરણાદાયક બનશે. તેમના ભવ્ય પુરુષાર્થની ખૂબ ખૂબ અનુમોદના કરી છે.

મુનિ શ્રી અક્ષયરત્નવિજયજીએ ગુજરાતી પુસ્તકને જ સંસ્કૃતરૂપે રૂપાન્તર કર્યું. તે દ્વારા તેમને તો સંસ્કૃતનો સુંદર સ્વાધ્યાય થયો જ. ઉપરાંત તેઓએ બીજાઓને આવા અનુકરણની પ્રેરણા પણ આપી છે.

યુવામુનિ શ્રી પ્રશમરત્નવિજયજીએ અંગ્રેજીમાં લખેલ પુસ્તકે આજના બુદ્ધિજીવીઓને સાધુજીવનની પ્રતિભાથી અગવત કરી શાસન સાથે જોડવાનો સરસ પ્રયાસ કરેલ છે.

બંને મુનિઓનાં સ્તુત્ય પ્રયાસની પુનઃ અનુમોદના સહ... કાર્યસેવા ફરમાવશો.

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

[2]

જિનશાસન જ્યોતિર્ધર પ.પૂ.આ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા. ! હાર્દિક વંદના... સુખશાતા...

આપશ્રી સુખશાતામાં હશો. આપના સાન્નિધ્યમાં અદ્‌ભુત ચાતુર્માસિક આરાધના થઈ છે.

'સૂર્યોદયનું સૌંદર્ય' આદિ ત્રણ પુસ્તકો મળ્યા. ખૂબ ગમ્યા. મુનિશ્રીનો લેખન પ્રયાસ ખૂબ સરસ રહ્યો છે. હાથ કરતા હૈયાથી લખાયા હોય તેવું વધુ લાગે છે. જિનશાસનને અભિનવ લેખકો પ્રાપ્ત થયા એનો આનંદ એથી પણ વધુ. ગુરુ ગુણ ગાઈને જેની લેખનયાત્રા ચાલુ થઈ હોય એ તો સિદ્ધિના શિખરો સર કરે જ. ખૂબ ખૂબ શુભકામના લેખકશ્રી માટે...

અહિં સહુ તરફથી વંદના...

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી હાર્દિકરત્નસૂરીશ્વરજી મ.સા.

श्रीलोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

# જ્ઞાનસારનાં જ્ઞાનતેજ




* લેખક *

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના
પટ્ટાલંકાર સિદ્ધહસ્તસાહિત્યસર્જક તેજસ્વીવક્તા શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ



* પ્રકાશક *

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૧૭૦

## * પ્રકાશક - પ્રાપ્તિસ્થાન *

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**

**શ્રી પરિમલભાઈ સી. શાહ**

બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે,
જૈન મંદિર પાસે, માંજલપુર,
વડોદરા – ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

## * પ્રકાશનતિથિ તથા સ્થળ *

મહાવીર સં. ૨૫૪૬ * વિ.સં. ૨૦૭૬
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું સંયમશતાબ્દી વર્ષ
શ્રાવણ શુદિ–૧૧, ગુરુવાર, તા. ૩૦–૭–૨૦૨૦
પૂ. યુગદિવાકરશ્રીનો ૧૧૭મો જન્મ દિન
શ્રી જામલીગલી જૈન સંઘ. બોરીવલી–મુંબઈ

## * પ્રથમાવૃત્તિ પ્રત *

૨૦૦૦
મૂલ્ય : ₹ ૧૭૫/–

## * મુદ્રક *

**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**

૩૫૨/૫૪, ગીરગામ રોડ,
મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ફોન : ૪૩૪૬ ૭૧૭૧



દર્ભાવતીતીર્થાધિપતિ પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

# શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

અંજનસમા વર્ણે રસ્યા પદ્માસનાર્ધે રાજતા, જે સપ્તફણથી શોભતા ને સપ્તભય ઓગાળતા;
દર્ભાવતીમંડન બની ભક્તોતણી ભીડ ભાંજતા, તે પાર્શ્વપ્રભુ લોઢણતણા પદકમલમાં પ્રેમે નમું...



ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

**શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન**



ધર્મસૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

**શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન**



જૈનશાસનના જ્વલંત જ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય ભગવંત

# શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

જેની વચન લબ્ધિ થકી જિનમંદિરો શતશઃ થયા, અદ્‌ભુત શાસનકાર્ય જેના પુણ્ય ઉપદેશે થયા;
બની સંઘમાં સૂરજ સમા જે 'યુગદિવાકર' પદ વર્યા, તે ધર્મસૂરીશ્વરચરણમાં ભાવથી કરું વંદના...



વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આચાર્ય ભગવંત

# શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

ગુરુ ! આપના જીવનવને અદ્‌ભુત ખીલે પ્રજ્ઞાકમલ, ને પીડતું અમને સદા યે અજ્ઞતાનું આ વમલ;
એક જ વિનંતિ છે અમારી આપજો પ્રજ્ઞાકિરણ, સૂરીશ સૂર્યોદય ગુરુવર ! આપ છો તારણતરણ...

## હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્નો..

પૂ.પં. શ્રી ધર્મરત્નવિજયજી ગણિવરની પ્રેરણાથી

**શ્રી વર્ધમાનભક્તિ શ્વે.મૂ. જૈન સંઘ**

**ઈરાનીવાડી - કાંદિવલી**

તથા

પૂ.પં. શ્રી અક્ષયરત્નવિજયજી ગણિવરની પ્રેરણાથી

**શ્રી ચિંતામણિપાર્શ્વનાથ શ્વે.મૂ. જૈન સંઘ**

**સુમેરનગર-બોરીવલી**

તરફથી આ પુસ્તક પ્રકાશનમાં ઉદાર

લાભ લેવાયો છે.

## હાર્દિક વંદના

પ્રભુની અને ગુરુદેવની પરમ કૃપાથી પૂજ્યપાદ શાસનપ્રભાવક આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા., તેઓશ્રીના તમામ ૧૮ શિષ્ય–પ્રશિષ્યરત્નો તેમજ યુગદિવાકરસમુદાયના વિવિધ સાધ્વીજી ભગવંતો મળી કુલ ૫૦ થી અધિક સંયમી ભગવંતોએ ગત વૈશાખ વદિ છઠથી ૫૦૦ એકાંતર આયંબિલના લક્ષ્યથી આયંબિલતપસાધના શરૂ કરી છે. સહુ સંયમીઓની તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ થાય તેવી પ્રભુપ્રાર્થના સાથે તપસ્વીઓને હાર્દિક વંદના.

– પ્રકાશક

# પત્રોનાં પુષ્પો : પ્રશસ્તિનો પરિમલ * વિભાગ - ૧

[પૂજ્યશ્રી તથા તેમના શિષ્યવૃંદ દ્વારા આલેખાતા પુસ્તકોને જે વ્યાપક આવકાર મળે છે તેની ઝલકરૂપ કેટલાંક પત્રો અત્રે પ્રસ્તુત છે. વિભાગ – ૧ માં પૂજ્યશ્રી દ્વારા પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના જીવન અંગે લખાયેલ ૭૦૦ પેજના 'તમે સૂરજ થઈને ચમક્યા' મહાગ્રન્થસંબંધી પત્રો છે. તે પછી વિભાગ – ૨માં પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારકશ્રી અંગે પૂ. મુનિરાજ શ્રી અક્ષયરત્ન–પ્રશમરત્નવિજયજી મ. દ્વારા લખાયેલ સંસ્કૃત–ઈંગ્લીશ–ગુજરાતી પુસ્તકોસંબંધી પત્રો છે.–પ્રકાશક]

* * *

[1]

શાસનપ્રભાવક પૂ. આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ. આદિ! સાદર વંદના સહ આપશ્રી સપરિકર શાતામાં હશો.

અત્ર પરમતારક ગુરુદેવશ્રીની પરમકૃપાએ સુખશાતા વર્તે છે.

વિ. આપના તરફથી મોકલાવાયેલ પૂ.આ. શ્રી સૂર્યોદય સૂ.મ.નો જીવનગ્રંથ મળ્યો છે. ઉપલક દૃષ્ટિએ જોતાં આ ગ્રંથરત્ન માટે આપે ઘણો બધો પરિશ્રમ કર્યો જણાય છે. ભવિષ્ય માટે ઘણો ઉપયોગી બનશે.

અભ્યંતર ગુણવૈભવને છાજે તેવો ગ્રન્થનો બાહ્ય રૂપવૈભવ રાજે છે અને એમાં પણ આપની કલમને સહારે પૂજ્ય આ.ભ. ની ગુણગરિમા નિહાળતા નિહાળતાં હૃદય ભીનું થયું.

આપનો પ્રયાસ ખૂબ સ્તુત્ય છે. ગ્રન્થ સાદર સ્વીકારેલ છે. અત્રાર્હ કામકાજ જણાવશો.

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી જગચ્ચંદ્રસૂરિજી મ.સા. (ડહેલાવાળા)

[2]

શાસનપ્રભાવક આચાર્યપ્રવર શ્રી રાજરત્નસૂરિજી આદિ સર્વે મુનિગણ! અનુવન્દના–સુખશાતા પૃચ્છા...

તમોએ સોબતે મોકલાવેલ ગ્રંથ 'તમે સૂરજ થઈને ચમક્યા' અમોને અહીં બરોબર મળી ગયેલ છે. તેની સાથેનો પત્ર પણ મળી ગયો છે.

હૈયામાં ભક્તિભાવના હોય, તમારા જેવા સાક્ષર આલેખક હોય અને જેમનું વ્યક્તિત્વ જ ઝમકદાર હોય તેમનો ગ્રન્થ આવો ભવ્ય જ હોય. આધુનિક સાજસજ્જા અને ફોટાઓ વિગેરેથી ખૂબ જ સુંદર ગ્રંથ તૈયાર થયો છે. તમારી ગુરુભક્તિને ખૂબ ખૂબ અભિનંદન.

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી રત્નભૂષણસૂરિજી મ.સા.

[3]

**શાસનપ્રભાવક–સિદ્ધહસ્તલેખક આ. શ્રી વિજયરાજરત્નસૂરીશ્વરજી મ.આદિ!**

**સાદર અનુવંદના...**

આપશ્રીનો વિશાળકાય–આકર્ષક–અદ્ભુત–સચિત્ર 'તમે સૂરજ થઈને ચમક્યા' ગ્રંથ જોઈને આનંદિત થયા છીએ. આપશ્રીના પરમતારક ગુરુદેવશ્રીએ એકલા હાથે અનેકશઃ શાસનકાર્યો કર્યા તેના વિગતવાર ચિત્રો તથા એક પણ પ્રસંગો બાકી ન રહે તેવા ઉલ્લેખો જોઈને આપશ્રીની કુશળતાની અનુમોદના કરીએ છીએ. આપશ્રીની લેખનશક્તિ દાદ માંગી લે તેમ છે. મુંબઈ–ડભોઈના અગણિત કાર્યોનું વર્ણન થઈ શકે તેમ નથી. સાથોસાથ વિહાર સ્થળે – સુંદર સગવડતાપૂર્વકના વિહારધામો–તીર્થધામ પણ તેઓશ્રીએ કરાવ્યા.

પ્રસંગોપાત્ત મુંબઈમાં પૂ. શાસનપ્રભાવક આ. સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજાને મળ્યા ત્યારે નિખાલસતા, પરસમુદાય સાથેનો સ્નેહભાવ અજોડ અનુભવ્યો. જીવનમાં છેલ્લે સુધી કરેલા અગણિત દેરાસરો, ઉપાશ્રયો – પ્રતિષ્ઠાઓ વગેરે દ્વારા એક ઉત્તમ આદર્શ મૂકી ગયા છે.

આપશ્રી પણ ગુરુવર્યશ્રીની કૃપા પામીને મહાસંમેલનમાં સંચાલન–લેખન વગેરેમાં અગ્રેસર રહ્યા તે જ આપની ગરિમા સૂચવી રહેલ છે. આપશ્રી ઉત્તરોત્તર ઉન્નતિ–પ્રગતિને સાધવા સાથે સમુદાય તથા શાસનને ગૌરવવંતુ બનાવો એ જ અભ્યર્થના. અમૃતની અંજલિના લેખો હરહંમેશ વાંચીને આપશ્રીને અવશ્ય યાદ કરીએ છીએ. સવિશેષ શક્તિના ધારક બનો !

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી નિરંજનસાગરસૂરિજી મ.સા.

---

[4]

**સારલ્યપુંજ પૂજ્યપાદ આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ.સા. ! સાદર સ્નેહાર્દ્ર વન્દના... સુખશાતા...**

ભા.વ. ૭નો પત્ર તથા પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્ય શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નો ભવ્ય જીવનગ્રન્થ મળેલ છે. સર્વાંગ સુંદરતમ ગ્રન્થ છે. પૂજ્ય સૂરીશ્વરજીના સંપૂર્ણ જીવન સાથે અન્ય પૂજ્યો વગેરેના લેખો પણ સુંદરતમ છે.

સેવાકાર્ય?

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી અક્ષયચન્દ્રસાગરસૂરિજી મ.સા.

[5]

**શાસનપ્રભાવક પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા. ! વંદના–સુખશાતા...**

**આપનો મોકલેલ પૂ.આ.ભ. શ્રી સૂર્યોદયસૂરિજી મ.સા. સંબંધી ભવ્ય સ્મૃતિગ્રંથ મળ્યો. વિશાળકાય ગ્રંથ છે. જોઈને જ ખ્યાલ આવી જાય છે કે આપે લેખન–સંપાદનની ઘણી મહેનત કરી હશે. આપની ગુરુભક્તિની અનુમોદના.**

**મહાપુરુષની અસીમ ગુણગરિમાને દર્શાવતો આ ગ્રંથ ઘણો પ્રેરક બનશે. તેઓશ્રીના સમર્પણ–સ્વાધ્યાયાદિ ગુણો આંખે વળગે તેવા છે. અમારામાં પણ તેઓશ્રીનો અંશ ઉતરે એવી પ્રભુને પ્રાર્થના.**

**કાર્ય–સેવા જણાવશોજી.**

**– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી પુણ્યરત્ન–યશોરત્નસૂરિજી મ.સા.**

[6]

**શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદે શ્રી રાજરત્નસૂરિજી મ. સાહેબ...!**
**વન્દના. શાતામાં હશો.**

**'તમે સૂરજ થઈને ચમક્યા'... સ્મૃતિગ્રંથ મળ્યો. પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબના ગુણવૈભવનું સુંદર આલેખન થયું છે. પૂજ્યશ્રી જેમ યુગદિવાકર પૂજ્ય આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સાહેબનો પડછાયો બનીને રહ્યા તેમ આપશ્રીએ પણ એ જ વારસાને આગળ ધપાવ્યો. સાત વરસથી લઈને અડતાલીસ વર્ષ સુધી પૂજ્યપાદશ્રીની મન મૂકીને સેવા કરી. પૂજ્યશ્રી પ્રત્યે આપશ્રીનો સમર્પણભાવ–સદ્ભાવ પાના–પાના ઉપર જણાઈ રહ્યો છે. ખૂબ ખૂબ અનુમોદના કરું છું. સર્વે મહાત્માઓને વંદના...**

**– પૂ. પં. શ્રી રાજરક્ષિતવિજયજી ગણિવર.**

[7]

**પ.પૂ. અદ્વિતીય લેખક–પ્રવચનકાર–શાસનપ્રભાવક આચાર્યભગવંત શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. ! સાદર વન્દના–સુખશાતા.**

**આપના ઉપકારી સ્વ. ગુરુદેવશ્રીનું ૭૦૦ પાનાનું દલદાર પુસ્તક મળ્યું. ઘણા મહાપુરુષોના જીવનચરિત્ર બહાર પડ્યા. પણ આટલું વિશાલકાય ૭૦૦ પેજવાળું પુસ્તક પ્રથમવાર જોયું. વાંચતા–વાંચતા સેંકડો શાસનપ્રભાવનાની અનુમોદના કરતા અહોભાવ જાગી ગયો. કેટલી શાસનની સેવા–પ્રભાવના ! આપે ઘણી મહેનત કરીને એમની સાધનાને – શાસનસેવાને ન્યાય આપ્યો. આટલો મોટો ગ્રંથ એમના જેવા માટે ઉચિત જ છે!**

મહાપુરુષો પોતાના તપ–જપ–ચારિત્રપાલન વગેરે દ્વારા સૂક્ષ્મબલની વિશુદ્ધિ અને પુણ્યનું ઉપાર્જન કરીને સચોટ–સ્થાયી–સ્થિર શાસનપ્રભાવના કરતા હોય છે. ૧૦૦ વર્ષો પછી પણ બોલાશે કે આ મહાપુરુષે દેરાસર–ઉપાશ્રય–પાંજરાપોળની પ્રેરણા, નિર્માણો, પ્રતિષ્ઠાઓ કરાવી. ડભોઈમાં મેં વિ.સં. ૨૦૬૮નું ચાતુર્માસ કર્યું હતું. ત્યારે દેરાસર–ઉપાશ્રય–યશોવાટિકા–પાંજરાપોળ–પાઠશાળા : બધાનાં જીર્ણોદ્ધાર થયા હતા. 30 વર્ષો પહેલા જોયેલું. તે પછી જે આ જોયું એનો આનંદ ને અનુમોદના પર્યુષણમાં જાહેરમાં વ્યાખ્યાનસમયે કરેલ.

પૂજ્યશ્રીની પરોપકારિતાને કોટિ કોટિ વંદન...

– પૂ. મુનિરાજ શ્રી શિવસુંદરવિજયજી મ.સા.

[8]

શાસનપ્રભાવક પ્રવચનપ્રભાવક પૂજ્યપાદ આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. !

વંદના. આપશ્રી શાતામાં હશો.

વિશેષ, આપશ્રીએ મોકલાવેલ આપના ગુરુભગવંતનો વિરાટ સ્મૃતિગ્રંથ મળ્યો. મહાપુરુષો ઉંચી Post ઉપર હોય છે. ઉંચાઈએ પહોંચ્યા પછી પણ નાના સાથે મધુરપ રાખવી કઠિન હોય છે. પણ પૂજ્યપાદ આચાર્યભગવંતશ્રીએ એ કરીને બતાવ્યું. બધાની સાથે મીઠો વ્યવહાર – મીઠી ભાષા. વાંચીને અહોભાવ થાય છે...

આપશ્રીની ગુરુદેવ માટેની આ જબરદસ્ત મહેનત પણ ખરેખર અનુમોદનીય છે.

– પૂ. મુનિરાજ શ્રી હ્રીંકારસુંદરવિજયજી મ.સા.

[9]

શાસનપ્રભાવક પૂજ્યપાદ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. !

કોટિશ : વંદનાવલિ. શાતાપૃચ્છા.

દેવ–ગુરુ–ધર્મ પસાયે અત્રે શાતામાં છીએ. આપશ્રીનું સ્વાસ્થ્ય સારું રહેતું હશે.

આપશ્રી તરફથી આપશ્રીના ગુરુદેવશ્રીનો વિશાલ ગ્રન્થ મળેલ છે. ઘણી મહેનત કરીને સુંદર ગ્રન્થ તૈયાર થયો છે. સળંગ જીવનચરિત્ર–લેખો–જીવનના વિશેષ પ્રસંગો – શાસનપ્રભાવનાનાં કાર્યો વગેરે સરસ ઉપસાવ્યા છે. આપશ્રીએ યાદ કરી ગ્રંથ મોકલેલ છે એ આપનો ઉપકાર.

– પૂ. મુનિરાજ શ્રી ભદ્રકીર્તિવિજયજી મ.સા.

# પત્રોનાં પુષ્પો : પ્રશસ્તિનો પરિમલ * વિભાગ - ૨

[1]

શાસનપ્રભાવક પ.પૂ.આ.વિ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા., વિદ્વદ્વર્ય મુનિશ્રી અક્ષયરત્નવિજયજી મ.સા. આદિ શ્રમણવૃંદ...!

વંદના... અનુવંદના... સુખશાતામાં હશો. સ્વાસ્થ્ય સાનુકૂળ હશે.

વિ. આપશ્રી દ્વારા પ્રેષિત મુનિશ્રી અક્ષયરત્ન વિ.મ. દ્વારા લિખિત (૧) 'સૂર્યોદયનું સૌંદર્ય' (૨) 'सूर्योदयं सूरिवरं प्रणौमि' પુસ્તકદ્વય મળ્યા. પુસ્તકદ્વય નિહાળી ખૂબ આનંદ થયો.

આપશ્રીના ગુરુવર પૂ. પરમશાસનપ્રભાવક આ.વિ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના અદ્‌ભુત-અનુપમ જીવનને ગુણવૈભવને વિદ્વદ્વર્ય મુનિશ્રીએ ગુર્જરભાષામાં અને સંસ્કૃતભાષામાં આલેખેલ છે. ૧૫-૧૫ પ્રકરણોમાં આલેખાયેલ પૂજ્યશ્રીનું જીવનસૌંદર્ય માણ્યું. મુનિશ્રીની ગુજરાતી ભાષા પર અને સંસ્કૃતભાષા પર પણ પક્કડ ખૂબ સારી છે. બન્ને પ્રકાશનમાં મુનિશ્રીની નીખરેલી વિદ્વત્તામાં આપશ્રીનો અનુપમ પ્રયાસ – પરિશ્રમ ઝળકી રહ્યો છે.

પુસ્તકદ્વયના વાંચન દ્વારા મુનિશ્રીની વિદ્વત્તાનો-ગુરુભક્તિનો સરસ પરિચય થાય છે. વિદ્વાન મુનિશ્રી દ્વારા ભવિષ્યમાં સંસ્કૃતમાં અનેક ગ્રન્થોની રચના થાય એવી શુભાભિલાષા પાઠવું છું. મુનિશ્રીને ગ્રન્થદ્વયના આલેખન બદલ મારી હાર્દિક શુભેચ્છા ! મુનિશ્રીમાં પડેલી શક્તિને ઉજાગર કરવા બદલ આપશ્રીને પણ વંદન... અભિવંદન...

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા. (ભાભર સમુદાય)

[2]

શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજય રાજરત્નસૂરિજી ! સાદર અનુવંદના – સુખશાતા...

તમારા તેજસ્વી મહાત્માઓ સુંદર અભ્યાસ કરી વિભિન્ન ભાષામાં સર્જન કરી રહ્યા છે તે ધન્યવાદને પાત્ર છે. મુનિરાજશ્રી અક્ષયરત્નવિજયજીએ તૈયાર કરેલ સંસ્કૃત-ગુજરાતી પુસ્તક મલ્યા. ખૂબ સરસ મહેનત કરી છે. ખરેખર પોતાની જવાનીને બાહ્યભાવમાં જતી અટકાવીને આત્મભાવ તરફ વાળી છે તે સ્તુત્ય પ્રયાસ છે.

અમારા દાદા ગુરુદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ જુવાન રીતે તમોએ પણ અદ્‌ભુત કાર્ય કર્યું છે.

આ જ રીતે અનેક આત્માઓને સ્વાધ્યાયમગ્ન બનાવી સ્વ–પરની મુક્તિ નજીક બનાવો એ જ એક મંગલ કામના.

સૌ તરફથી સર્વે મહાત્માઓને વન્દનાદિ...

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી અભયચંદ્રસૂરિજી મ.સા.

[3]

પ.પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. ! સાદર વન્દના – શાતા.

વિ. सूर्योदयं सूरिवरं प्रणौमि, Entity of supremacy તથા 'સૂર્યોદયનું સૌંદર્ય' ત્રણે પુસ્તક મળ્યા. ગુરુદેવની ગુણગરિમાને ગાવાનો અત્યંત સ્તુત્ય પ્રયાસ છે. બંને મુનિવરોએ ખૂબ જ સફળ પ્રયાસ કર્યો છે. મુનિગણમાં – શિષ્યગણમાં એક સુંદર આલંબન પૂરું પાડ્યું છે.

તેમના આ અથાગ પુરુષાર્થને લાખ લાખ ધન્યવાદ. આપશ્રીની પ્રેરણાની પણ ખૂબ – ખૂબ અનુમોદના. ત્રણ પુસ્તકો ખૂબ ગમ્યા છે. અમારી પાસે રાખીશું. નાના સાધુઓને પણ ગુરુદેવશ્રીના જીવનમાંથી પ્રેરણા મળશે.

– પૂ. શાસનપ્રભાવક આ. શ્રી શીલરત્નસૂરિજી મ.સા.

[4]

પૂ. આચાર્યભગવંત શ્રી વિજય રાજરત્નસૂરિજી મ.સા. ! સાદર વંદના.

આપ સર્વે ભગવંત સુખશાતામાં બિરાજમાન હશોજી.

સ્વાસ્થ્ય અનુકૂળ હશેજી. અત્ર પણ શાતા વર્તે છેજી.

વિ. આપના તરફથી મોકલાયેલ સંસ્કૃત, ગુજરાતી તથા અંગ્રેજી પુસ્તકો મળ્યાં છે. તે બદલ ખૂબ ધન્યવાદ અને અનુમોદના... પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું જીવન જ્ઞાનાભ્યાસ–સ્વાધ્યાય–સાહિત્યસર્જન વ. ઉત્કૃષ્ટ કક્ષાના ગુણોથી પરિપૂર્ણ હતું. તેઓને આપના વિદ્વાન–યુવાન શિષ્યોએ આપેલ આ અત્યંત સુયોગ્ય ભાવાંજલિ છે.

ગુજરાતી ભાષામાં પણ યોગ્ય રીતે કોઈના વિશે લખવું ખૂબ અઘરું છે, તો સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં લખવું તો કેટલું દુષ્કર ગણાય? આ બંને યુવા મુનિરાજોએ તેમાં પણ પોતાની કલમ ચલાવી અને સુંદર–સુરેખ–સુઘડ લેખન કરી નવી પેઢીના સાધુઓ માટે દાખલો બેસાડ્યો છે.

બંને મુનિવરોને ખૂબ ખૂબ અભિનંદન... તેમની સાહિત્ય સર્જનની આ યાત્રા

અવિરત ચાલુ રહે અને જિનશાસનની નવી પેઢીને ખૂબ ઉપયોગી તથા પ્રેરણાદાયક બને તેવી શુભેચ્છા.

યોગ્ય કાર્ય–સેવા ફરમાવશોજી...

– પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણકીર્તિવિજયજી ગણિવર.

[5]

આત્મીય મુનિવર શ્રી અક્ષયરત્નવિજયજી ! સાદર વંદના... સુખશાતા.

'સૂર્યોદયનું સૌંદર્ય' તથા 'सूर्योदयं सूरिवरं प्रणौमि' પુસ્તકો મળ્યા. અતિ આનંદ... મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચવાનું ગમે. એમાં પણ આંખે જોયેલા – મહાપુરુષોને વાંચતા વધુ નજદીકી જણાય છે. P. No. 42 ઉપરની હિતશિક્ષા ખૂબ મજાની છે...

પ્રવચનસૌંદર્ય બન્ને પુસ્તકોમાં વાંચ્યું. નવસારીનો પ્રસંગ જોરદાર છે. નાનકડા દીક્ષાપર્યાયમાં આવી અકલ્પનીય વાત ગુરુકૃપા સિવાય અશક્ય જ છે. આટલા મોટા હોવા છતાં પૂજ્યશ્રીના 'પરોપકારનું સૌંદર્ય'માં જણાવેલા પ્રસંગો પૂજ્યશ્રી પ્રત્યે અનાયાસે આકર્ષિત કરી દે છે.

બન્ને ભાષામાં આટલા સરસ ગ્રંથો આપવા બદલ ધન્યવાદ... તમારી સર્જનશક્તિ વધુ ને વધુ ખીલતી રહે અને ઉત્તમ પુસ્તકો શાસનને મળ્યા કરે એ જ એક શુભકામના સહ...

પૂ.આ.ભ. શ્રીને અમારી વંદના જણાવશો. મારા પૂ. ગુરુભગવંતે પણ વંદના જણાવી છે...

– પૂ. મુનિરાજ શ્રી ન્યાયરત્નવિજયજી મ. (પૂ. બાપજી મ. સમુદાય)

[6]

પૂ. સિદ્ધહસ્તલેખક શાસનપ્રભાવક આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. તથા સમસ્ત મુનિગણ ! અનેકશઃ વંદના – સુખશાતા...

આપે કૃપા કરી ગુજરાતી – ઈંગ્લીશ – સંસ્કૃત ત્રણ ગ્રંથ મોકલ્યા. ગ્રંથના દર્શન કરી આનંદ સહ અનુમોદના. આપની જેવી ગુરુભક્તિ છે તેવી અમારામાં આવે એવી અભિલાષા સહ...

આપે બંને મુનિવરોને ખૂબ સુંદર તૈયાર કર્યા. આપની તૈયાર કરવાની કુશળ કળા છે. બંને મહાત્માના પ્રયત્નની – ઉત્સાહની – સ્થિરતાની – ધીરતાની – જ્ઞાનના ક્ષયોપશમની ખૂબ – ખૂબ અનુમોદના કરું છું. પુસ્તકો વાંચ્યા પછી વિશેષ જણાવીશ. મારા યોગ્ય જણાવવા વિનંતિ.

– પૂ. પ્રવર્તિની સા.શ્રી વાચંયમાશ્રીજી મ. (બેન મ.)

परमोपास्य श्रीलोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्रीधर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

# જ્ઞાની શ્વાસોચ્છવાસમાં... કરે કર્મઉચ્છેહ...

પવિત્ર આગમગ્રન્થ 'દશવૈકાલિક સૂત્ર'માં શ્રુતકેવલી ભગવંત **શ્રીમાન શય્યંભવસૂરીશ્વરજી મહારાજે** કરેલ એક અર્થપૂર્ણ વિધાન બહુ પ્રસિદ્ધ છે કે 'पढमं नाणं तओ दया'. ભલે રત્નત્રયીના ત્રણેય આરાધ્ય પદો પોતપોતાનાં સ્થાને મહાનતમ હોય, આમ છતાં ચોક્કસ અપેક્ષાએ એમ અવશ્ય કહી શકાય કે રત્નત્રયીનું મધ્યવર્તી જ્ઞાનપદ અધિક મહત્ત્વપૂર્ણ છે. જો જ્ઞાન–સમજ હશે તો મોક્ષમાર્ગના પ્રરૂપકો અને મોક્ષમાર્ગ પર અવિચલ શ્રદ્ધા જામી શકશે, ને જ્ઞાન–સમજ હશે તો જ મોક્ષમાર્ગની યથાર્થ આરાધના ય થઈ શકશે. માટે જ્ઞાનપદ અધિક મહત્ત્વપૂર્ણ છે. અનેકવિધ અદ્‌ભુત ઉપલબ્ધિઓ કરાવવાનું સામર્થ્ય આ જ્ઞાનમાં છે. એમાંથી માત્ર ઝલકરૂપે ત્રણ 'પ'ની ઉપલબ્ધિ વિચારીએ :

(૧) **પાત્રતા :-** શ્રીપાલરાસમાં મયણાસુંદરીની દેદીપ્યમાન શ્રદ્ધાનો વંદનીય પ્રસંગ મળે છે કે 'હું કરું એ જ થાય' આવી પિતાની ઝનૂની જીદ સામે મયણા 'કર્મ કરે એ જ થાય' તેવી સત્યસન્નિષ્ઠા દાખવે છે. જીદની પરાકાષ્ઠાએ પિતારાજવી કોઢિયા સાથે પાણિગ્રહણ કરાવી મયણાની જિંદગી તહસ–નહસ કરવા તૈયાર થઈ જાય છે ત્યારે પણ મયણા સૈદ્ધાંતિક સત્યમાં મેરુ સમ અચલ–અડોલ રહે છે. એક નવયુવાન કન્યામાં આ હદની ધર્મદઢતાની પાત્રતા આવી ક્યાંથી? માનવું જ જોઈશે કે કર્મવિજ્ઞાનના તલસ્પર્શી અભ્યાસથી – જ્ઞાનથી.

(૨) **પ્રસન્નતા :-** પ્રસન્નતાનો સીધો સંબંધ સમ્યક્ સમજ સાથે છે. નાની શી મુસીબતમાં એક વ્યક્તિ નાસીપાસ થઈ જાય, જ્યારે પહાડ જેવી પીડામાં બીજી વ્યક્તિનું રૂવાડું ય ન ફરકે. કારણ એ જ કે તે બીજી વ્યક્તિ પાસે સમજણનું – બોધનું પ્રેરક પાથેય છે. દેહની ચામડી ચડ ચડ ઊતરતી હોય ત્યારે ય મહાત્મા ખંધક મુનિવરની પ્રસન્નતા નંદવાઈ ન હતી, એ સતત સમતામાં ઝીલતા રહ્યા. પ્રાણાંત પીડામાં ય આ પ્રસન્નતા આવી ક્યાંથી? માનવું જ જોઈશે કે દેહાત્મભેદનાં જ્ઞાનથી.

(૩) **પ્રેમ :-** કહેવાતો જિગરજાન મિત્ર પણ જ્યારે વ્યક્તિની માલમત્તાને મોટાં નુકસાનો જાણીબુઝીને પહોંચાડે ત્યારે એ વ્યક્તિ તે મિત્રને શત્રુ માની લેતા વાર નથી લગાડતી. દુનિયાનો આ રોજિંદો અનુભવ છે. જ્યારે પૂર્વોક્ત મહાત્મા ખંધક મુનિવરનાં ઉદાહરણમાં ધનથી કૈંકગણું ચડિયાતું તનનું જાલિમમાં જાલિમ ખતરનાક નુકસાન રાજસેવકો કરે છે અને છતાં તે મહાત્મા ખંધક મુનિવર એમના માટે તે ક્ષણોમાં આ અપ્રતિમ વિચારણા કરે છે કે "ભાઈ થકી ભલેરો". જાલિમ પીડા આપનાર પ્રત્યે ય આવા પ્રેમ – મૈત્રી આવી ક્યાંથી? માનવું જ જોઈશે કે 'मित्ती मे सव्वभूएसु' ના સમ્યગ્ બોધથી.

જે જ્ઞાન આવી આવી કૈંક કલ્પનાતીત કમાલ સર્જે છે એ જ્ઞાનનો એક સારભૂત મહાન ગ્રન્થ છે 'જ્ઞાનસાર'. સમર્થ શાસ્ત્રકાર ન્યા.ન્યા. પૂજ્યપાદ **મહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે** લગભગ ત્રણસો પચાસ વર્ષ આસપાસના સમયખંડમાં બત્રીશ વૈવિધ્યસભર વિષયોને બત્રીશ અષ્ટકમાં ગુંફિત કરી બસો છપ્પન (ઉપસંહારસહિત બસો તોંતેર) સંસ્કૃત શ્લોકમય આ 'જ્ઞાનસાર' ગ્રન્થનું નવ્ય–ભવ્ય નજરાણું ધર્યું છે. આત્મકલ્યાણકર એકેકથી ચડિયાતા બત્રીસ વિષયો, આઠ શ્લોકમાં જ તે તે વિષયોને સક્ષમપણે રજૂ કરવાની સામર્થ્યશાલી શૈલી, હૃદયંગમ કલ્પનાશીલ પ્રસ્તુતિઓ અને સર્વત્ર સૂત્રાનુસારી પ્રરૂપણા : જ્ઞાનસાર ગ્રન્થની આ છે ઊડીને આંખે વળગે તેવી રમ્ય વિશેષતાઓ.

અમારું એ સૌભાગ્ય છે કે સંયમસ્વીકારવર્ષે જ વડી દીક્ષા બાદ તુર્ત પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ અમને આ ગ્રન્થ સવા અગિયાર વર્ષની બાળવયે કંઠસ્થ કરાવ્યો છે. સંસ્કૃતના અભ્યાસ બાદ જ્યારે જ્યારે આ ગ્રન્થના સ્વાધ્યાયમાંથી પસાર થવાના પ્રસંગો બન્યા છે ત્યારે ત્યારે એનાં અર્થચિંતને ગ્રન્થ પ્રત્યે અનેકશઃ અહોભાવવૃદ્ધિ કરી છે. "बिभेषि यदि संसाराद्०... दुःखं प्राप्य न दीनः स्यात्०..." જેવા કૈંકેટલાય શ્લોકો આમાંના એવા છે જે સંયમજીવનની દિશા સ્થિર કરવામાં – ઉપયોગી પુરવાર થયા છે, તો વારંવાર સહજપણે જ ઉપસ્થિત થઈ જઈ પ્રવચનાદિમાં ય ખૂબ ખૂબ સહાયક બન્યા છે. ચિંતનાત્મક કૃતિરૂપે આ ગ્રન્થ અમને શ્રેષ્ઠ ભાસ્યો છે. એનાં આકર્ષણનું એક કારણ કદાચ એ પણ હશે કે ગ્રન્થકાર મહર્ષિએ એમનાં અંતિમ ચાતુર્માસ અને અંતિમ સમાધિ દ્વારા અમારી સાંસારિક જન્મભૂમિ ડભોઈતીર્થને પાવન કરી છે.

આ 'જ્ઞાનસાર' ગ્રન્થ પર પ્રસ્તુત પુસ્તક આલેખવામાં નિમિત્ત બન્યા છે અમારી સાહિત્યયાત્રાના શુભેચ્છક સહૃદયી સંયમી ભગવંતો. વિખ્યાત અખબાર 'ગુજરાતસમાચાર'ની 'ધર્મલોક' પૂર્તિમાં અમારા દ્વારા આલેખાતા 'અમૃતની અંજલિ' વિભાગ માટે છેલ્લા થોડાં વર્ષોથી અમૂક સંયમી ભગવંતોનું સૂચન હતું કે 'એમાં અવારનવાર કોઈ એક ગ્રન્થ પર સળંગ લેખમાળા લખાય તો એ અમને પ્રવચન માટે ખૂબ સહાયક થાય'. કેટલાંકે તો ગ્રન્થોનાં નામો પણ સૂચવ્યા. આમાંથી સમયાંતરે (૧) આદિધાર્મિકતાના ૩૨ ગુણો (૨) શાંતસુધારસ ગ્રન્થની સોળ ભાવનાઓ (૩) જયવીયરાય સૂત્રની તેર પ્રાર્થનાઓ (૪) માર્ગાનુસારિતાના પાંત્રીશ ગુણો અને તે પછી હવે (૫) આ 'જ્ઞાનસાર' ગ્રન્થસંબંધી લેખમાળા આલેખાઈ છે. આ લેખમાળાઓ જૈન–અજૈન તમામ વાચક વર્ગને અનુલક્ષી અખબારી શૈલીએ આલેખાઈ હોવાથી કદ–વિષયનિરૂપણ વગેરે સંબંધી મર્યાદાઓ રહે જ એ સહજ સમજી શકાય તેવી બાબત છે. 'જ્ઞાનસાર' સંબંધી લેખમાળાને જેવો આવકાર મળ્યો હતો તેવો જ આવકાર આ પુસ્તકને મળશે એવી શ્રદ્ધા છે.

જેમના અંતઃકરણની અખૂટ આશિષ આ પુસ્તક તેમજ અમારી સમગ્ર સાહિત્યયાત્રાની ગંગોત્રી છે તે અનંતોપકારી ગુરુદેવો પૂજ્યપાદ સમર્થસંઘનાયક યુગદિવાકર **આ.ભ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા.** તથા પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક **આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પુનિત પાદારવિંદમાં કૃતજ્ઞભાવે અનંત વંદન સાથે શ્રી જિનાજ્ઞાવિપરીત નિરૂપણ ક્યાંય થઈ ગયું હોય તો તેનું હાર્દિક 'મિચ્છા મિ દુક્કડં'. અંતે, જ્ઞાનનો મહિમા દર્શાવતી પૂર્વાચાર્યભગવંતની ગાથાના ગુર્જરાનુવાદરૂપ પ્રસિદ્ધ પંક્તિઓ ટાંકીને સમાપન કરીએ કે :–

**બહુ ક્રોડો વર્ષે ખપે, કર્મ અજ્ઞાને જેહ;**
**જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મઉચ્છેહ.**

પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું
સંયમ શતાબ્દી વર્ષ. વિ.સં. ૨૦૭૬
શ્રા.શુદિ-૧૧, તા. ૩૦-૭-૨૦૨૦
પૂ. યુગદિવાકરશ્રીનો ૧૧૭મો
પુનીત જન્મદિન
બોરીવલી-મુંબઈ

} - **વિજયરાજરત્નસૂરિ**

परमोपास्य श्रीलोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नमः
श्रीधर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

અમારી સંસ્થા જેઓશ્રીના પુણ્યનામધેયથી અંકિત છે તે પૂજ્યપાદ પરમોપકારી મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર **આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.**ની **સંયમશતાબ્દી**ના સ્વર્ણિમ વર્ષે અને તે જ પૂજ્યશ્રીના **શ્રાવણ શુદિ-૧૧ના ૧૧૭મા જન્મદિન**ના પાવન અવસરે ધર્મકૃપાપ્રકાશનના ૧૭૦મા પુષ્પરૂપે પ્રસ્તુત **'જ્ઞાનસારનાં જ્ઞાનતેજ'** પુસ્તકનું પ્રકાશન કરતાં અમે ધન્યતા અનુભવીએ છીએ.

પૂજ્યપાદ યુગદિવાકરશ્રીના ધર્મસામ્રાજ્યના યશસ્વી સંવાહક પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક **આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર પૂજ્યપાદ શાસનપ્રભાવક **આ.ભ. શ્રી વિજયરાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિ વિશાલ સંયમીવૃંદે વિ.સં. ૨૦૭૫ના શેષકાલમાં મુંબઈથી આબુતીર્થ સુધીની લગભગ બે હજાર કિ.મી.ની વિહારયાત્રા કરી અને તે દરમ્યાન (૧) ચાર જિનાલયપ્રતિષ્ઠા મહોત્સવો (૨) ચાર ગુરુમંદિરપ્રતિષ્ઠા મહોત્સવો (૩) વિવિધ દીક્ષામહોત્સવો (૪) આબુતીર્થે દેલવાડામાં પૂ.સા. શ્રી અપૂર્વકલાશ્રીજી મ. પ્રેરિત ૮૦૦ અને અચલગઢતીર્થે માતુશ્રી ઓટીબાઈ કુંદનમલજી મહેતા પરિવાર યોજિત ૩૦૦ મળી કુલ ૧૧૦૦ સામૂહિક ઓળી (૫) અમદાવાદમાં પૂ.સા. શ્રી કલ્પગિરાશ્રીજી મ.ની સોમી વર્ધમાનતપઓળી તથા પૂ.સા. શ્રી ભાવવર્ષાશ્રીજી મ.ના ૫૦૦ આયંબિલનો તપોત્સવ (૬) ડભોઈતીર્થે પૂ.સા. શ્રી મયૂરકલાશ્રીજી મ.નો સંયમઅનુમોદના ઉત્સવ (૭) મુંબઈમાં બાળકો માટે, પૂજ્યશ્રીના શિષ્યવૃંદ દ્વારા ગ્રીષ્મકાલીન ઉપધાનતપ આદિ અનવરત શાસનપ્રભાવના પરંપરા સર્જાઈ. તો વિહારયાત્રાના અંતે મુંબઈમાં પદાર્પણ સમયે જ (૮) ભાયંદર-રત્નદીપ જૈન સંઘમાં તેમજ (૯) બોરીવલી - સુમેરનગર જૈન સંઘમાં **'પૂ.આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. આરાધના ભવન'**ના ઉદ્‌ઘાટનસમારોહો યોજાયા.

તે પછી આષાઢ શુદિ-૯ના મંગલ મૂહૂર્તે પૂજ્યશ્રીનો ભવ્યાતિભવ્ય ચાતુર્માસપ્રવેશ પાર્લા-પૂર્વના શ્રી ચિંતામણિપાર્શ્વનાથ જિનાલય-ઉપાશ્રયે શ્રી વિલેપાર્લે શ્વે.મૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝના ઉપક્રમે થયો. તે શ્રી સંઘના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થાય તેવા એ શાનદાર ચાતુર્માસમાં પ્રવચનો-યુવાશિબિરો-

ગુરુપર્વોત્સવો–નવદિવસીય ભવ્ય નવકારયાત્રા – વિવિધ અનુષ્ઠાનો–પૂ. યુગદિવાકરશ્રીના શ્રાવણ શુદિ–૧૧ના ૧૧૬મા જન્મદિનના અદ્‌ભુત સમારોહમાં દીક્ષામુહૂર્તપ્રદાન તેમજ પૂજ્યશ્રીના શિષ્યગણ દ્વારા આલેખિત પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારકશ્રીના જીવનસંબંધી સંસ્કૃત ઈંગ્લીશ અને ગુજરાતી પુસ્તકોનું પ્રકાશન વગેરે અઢળક યાદગાર કાર્યો–શાસનપ્રભાવનાઓ થઈ. પરંતુ એમાં શિરમોર બની રહે તેવાં બે શાસનપ્રભાવક ધર્મકાર્યો એવાં સર્જાયાં કે જેના અનુમોદનીય પ્રતિઘોષ માત્ર મુંબઈ મહાનગરમાં જ નહિ, સમગ્ર જિનશાસનમાં ગામોગામ–શહેરેશહેરમાં ઝિલાયા. વિવિધ પૂ. આચાર્યાદિ ભગવંતોનાં થોકબંધ અનુમોદનપત્રો ય તે બે વિશિષ્ટ શાસનપ્રભાવક કાર્યો અંગે આવ્યા.

તેમાંનું પ્રથમ કાર્ય એટલે સામૂહિક **૧૫૪ માસક્ષમણમહાતપ**. છેલ્લા ચાર વર્ષોથી પૂજ્યશ્રી તથા તેમના શિષ્યવૃંદની નિશ્રામાં સામૂહિક માસક્ષમણતપ વિશાલ સંખ્યામાં થાય છે. પરંતુ પાર્લાસંઘમાં જે માસક્ષમણો થયા એ ચાર વર્ષમાં Record break થયા. કોઈ એક સંઘમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ સમૂહ માસક્ષમણનો Highest અંક ૧૧૫ હતો, પરંતુ પાર્લાસંઘમાં એનાથી ય વિશેષ **૧૫૪** માસક્ષમણો થયાં. પાર્લા જેવા Posh વિસ્તારમાં સંઘની ધારણા તો માંડ ૨૫/30 માસક્ષમણની હતી. ત્યાં આવી અ...ધ...ધ... સંખ્યામાં માસક્ષમણો થતાં સર્વત્ર એની ભરપૂર અનુમોદના થઈ. 'ગુજરાત સમાચાર' અખબારના 'અમૃતની અંજલિ' કક્ષમાં તપસ્વીઓની વિવિધ અદ્‌ભુત સત્ય ઘટનાઓ આલેખાતાં લાખો ભાવિકોનાં હૈયે જૈનશાસનના આ મહાન તપ માટે બહુમાનના પૂર પ્રસર્યા. તપસમાપનનો ઐતિહાસિક મહોત્સવ–અંધેરી sports complex મેદાનમાં તેનો વિરાટ પારણા સમારોહ અને પ્રત્યેક તપસ્વીની **વીશ ગ્રામ સુવર્ણમુદ્રા**થી બહુમાનભક્તિએ એક નવો કીર્તિમાન સ્થાપ્યો. એક વિશેષતા એ છે કે **પૂજ્યશ્રીની નિશ્રામાં થતાં સામૂહિક માસક્ષમણ કે ઉપધાનાદિ અન્ય કોઈ પણ તપમાં અગાઉથી પ્રભાવનાની જાહેરાત ક્યારે ય કરાતી નથી. તપપૂર્ણાહુતિની પગથારે આવે ત્યારે સંઘ સ્વયંભૂ ઉલ્લાસથી તે તે બહુમાન–પ્રભાવના કરે છે. છતાં ચાર વર્ષના કુલ માસક્ષમણનો આંક છે ૭૭૫!**

બીજી મહત્ત્વની શાસનપ્રભાવક ઘટના એટલે પાર્લા (પૂર્વ) સંઘના ચતુર્મજલી આલીશાન વિરાટ નૂતન આરાધના ભવનનો ઉછામણી સમારોહ. લગભગ સિત્તેર

હજાર ફુટનું બાંધકામ ધરાવતી main road touch આ
આલીશાન ઈમારતના વિવિધ વિભાગોના આદેશો

પૂજ્યશ્રીના માર્ગદર્શન મુજબ નિર્ણીત થયા અને એ માટે પર્યુષણામહાપર્વ દરમ્યાન પ્રવચનાદિમાં પૂજ્યશ્રીની પ્રબળ પ્રેરણા થઈ. પરિણામ એ આવ્યું કે આસોમાસમાં બે રવિવાર દરમ્યાન જ્યારે એનો ઉછામણીસમારોહ થયો ત્યારે ગજબનાક કલ્પનાતીત ઉછામણીઓ થઈ. સમગ્ર મુંબઈના ઈતિહાસમાં અદ્યાવધિ કોઈપણ આરાધનાભવનની ઉછામણી આટલી વિરાટ થઈ ન હતી. દાનવીરો જાણે કે સંપત્તિના મેઘ બનીને વરસ્યા હતા. સંઘના અગ્રણીઓને જ્યાં 'આરાધનાભવનનું તોતિંગ આર્થિક લક્ષ્યાંક પૂર્ણ થઈ જાય તો સારું' આવી ભાવના હતી ત્યાં તમામ આવશ્યકતા ઉપરાંત વિરાટ નિભાવફંડ મળી જાય તેવી અદ્ભુત એ ઉછામણી થઈ હતી. પૂજ્યશ્રી પર વરસતી અનરાધાર ગુરુકૃપાની આ દ્યોતક ઘટના હતી.

પૂજ્યશ્રીના શિષ્ય-પ્રશિષ્યરત્નો પૈકી **પૂ. પંન્યાસપ્રવર શ્રી આગમરત્નવિજયજી ગણિવર** આદિ વિશાલ મુનિવૃંદ પૂજ્યશ્રીની નિશ્રામાં પાર્લામાં ચાતુર્માસ હતું, તો પૂજ્યશ્રીના પટ્ટધર પૂજ્યપાદ યુવાપ્રવક્તા **આ.ભ. શ્રી વિજયરશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.** નું ચાતુર્માસ મલાડ-પૂર્વના શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ જૈન સંઘમાં અને **પૂ. પંન્યાસપ્રવર શ્રી ધર્મરત્નવિજયજી ગણિવર**નું ચાતુર્માસ મીરારોડના શ્રી શાંતિનગર જૈન સંઘમાં હતું. બન્ને સંઘોમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ફાગણમાસથી **સામૂહિક વર્ષીતપ ક્રમશઃ ૩૧૫ અને ૪૧૦ની** સંખ્યામાં ભવ્યરૂપે આરંભાયા હતા. બે સંઘોમાં મળી ૭૦૦-૭૦૦ તપસ્વીઓની આ દીર્ઘ આરાધના - તપસ્વીઓએ દીર્ઘતપમાં સ્વયંભૂ સ્વીકારેલ કઠોર નિયમો - બન્ને સંઘોમાં તમામ તપસ્વીઓના સવારના બિયાસણાનું સામૂહિક આયોજન વગેરે ખૂબ અનુમોદનીય હતા. આ મહાન તપ જારી હોવાથી પ્રતિવર્ષની જેમ આ વર્ષે તેઓના ચાતુર્માસોમાં સામૂહિક માસક્ષમણતપનું આયોજન થયું ન હતું. તે સિવાય પ્રવચનો-યુવાશિબિરો-રાત્રિપ્રવચનો-બિલ્ડીંગે બિલ્ડીંગે પ્રવચનો-બાળકો માટે પ્રથમ ઉપધાનતપ વગેરે આયોજનો પ્રભાવકપણે થયા હતા.

ચાતુર્માસ બાદ શેષકાળનો પ્રારંભ થતા જ પૂજ્યશ્રીની નિશ્રામાં વિવિધ સંઘોમાં શાસનપ્રભાવનાઓનો જાણે કે નૂતન અધ્યાય આરંભાયો. કા. વદિ તેરશે બોરીવલી (પૂર્વ) શ્રી કાર્ટર રોડ જૈન સંઘમાં પ્રભુ સુવર્ણ વર્ષ નિમિત્તે પૂજ્યશ્રીની

નિશ્રામાં આયોજિત અંજનશલાકા – પ્રતિષ્ઠા મહોત્સવની ઉછામણી થઈ. માત્ર ત્રણ કલાકમાં અંજનના – વિવિધ પાત્રોના અને તમામ દિવસોના બબ્બે ટંકના સાધર્મિકવાત્સલ્યોના આદેશો અપાઈ ગયા અને ઉછામણી થઈ ધારણાથી ત્રણ ગણી! ત્યાંથી પૂજ્યશ્રી ધર્મધામ–નાગેશ્વર પાર્શ્વનાથતીર્થે પધારતાં ત્યાં માગશર શુદિ ચોથથી ઉપધાનતપઆરાધનાનો ભવ્ય પ્રારંભ થયો. ધર્મધામતીર્થે પૂજ્યશ્રી આદિ ૬૦ સંયમી ભગવંતોની નિશ્રામાં, સતત સાતમી વાર યોજાયેલ આ ઉપધાનતપ દરમ્યાન, ચૌદ શ્રમણ ભગવંતોના વિવિધ આગમોના યોગોદ્વહન – પોષ દશમી પર્વના સામૂહિક બસો પચાસ અટ્ઠમતપ – માત્ર સાતથી તેર વર્ષના અગિયાર બાલતપસ્વી દ્વારા અખંડ ઉપધાન – પ્રવચનો – વાચનાઓ – ભક્તિ–સન્ધ્યાઓદ્વારા અદ્ભુત આરાધનામાહોલ બન્યો. તો ઉપધાનતપઆરાધનાના અંતિમ દિવસોમાં યોજાયેલ શ્રી જીરાવલાપાર્શ્વનાથાદિ જિનબિંબોના ભવ્યાતિભવ્ય અંજનશલાકાના તથા માળારોપણના દશાહ્નિક મહોત્સવે તો ધર્મધામતીર્થના ઈતિહાસમાં નવું સુવર્ણ પ્રકરણ આલેખી દીધું. આ અંજનશલાકા મહોત્સવનું પુણ્યનિમિત્ત–પુષ્ટનિમિત્ત હતું શ્રી ધર્મ–સૂર્યોદયધામ જીરાવલા–પાર્શ્વતીર્થનિર્માણ.

આજે જેનો મહિમા ચોતરફ વિસ્તરી રહ્યો છે તે શ્રી ધર્મધામ નાગેશ્વર પાર્શ્વ –તીર્થથી બરાબર નવ કિ.મી.ના અંતરે, એવા જ નેશનલ હાઈવેટચ સ્થાને આરંભાઈને અધૂરા રહી ગયેલ તીર્થસ્થળનું કાર્ય સંપન્ન કરવાની વિનંતિ ત્યાંના આયોજકોએ પૂજ્યશ્રીને કરતાં સવા વર્ષ પૂર્વે પૂજ્યશ્રીએ એ કાર્ય હાથ પર લીધું અને ત્યાં લગભગ નવેસરથી તમામ આયોજન કરી ત્રિશિખરીય વિશાલ જિનપ્રાસાદ–બે આલીશાન ઉપાશ્રયો – ભોજનશાળા–ધર્મશાળા સાથે લગભગ ત્રણ એકરના વિશાલ ભૂમિખંડ પર તીર્થનિર્માણ આરંભાયું. પૂજ્યશ્રી પર અનરાધાર વરસતી ગુરુકૃપાના પ્રભાવે સવા વર્ષના અલ્પ સમયમાં વિરાટકાય જિનપ્રાસાદનું નિર્માણ પરિપૂર્ણ થયું અને ત્યાં પ્રતિષ્ઠિત થનાર કાયોત્સર્ગમુદ્રાલીન ચૌદ ફુટ ઉત્તુંગ શ્રી જીરાવલા પાર્શ્વપ્રભુ, દશ–દશ ફુટ ઉત્તુંગ શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુ – શ્રી કલ્યાણપાર્શ્વપ્રભુ આદિ તમામ જિનબિંબો – ગુરુબિંબો–અધિષ્ઠાયકબિંબોની અંજનશલાકાનો મહામહોત્સવ ધર્મધામતીર્થે યોજવાનો નિર્ણય થયો.

જે પુણ્યદિને નૂતન ભવ્ય પ્રતિમાજીઓ ધર્મધામતીર્થે પધાર્યા એ દિને મૂલનાયક પ્રભુ આદિનાં પ્રથમ દર્શને જ ભાવિકો પ્રતિમાની મુખાકૃતિ–દેહસૌષ્ઠવ –પ્રભાવ પર ઓવારી ગયા. આ અદ્‌ભુત પ્રતિમાઓનાં શાસ્ત્રીય વિધિવિધાન વિશુદ્ધ વિધિકાર શ્રી મૂકેશભાઈ ડભોઈવાળા દ્વારા પ્રતિદિન પ્રભાતે શાંત–રમ્ય વાતાવરણમાં અદ્‌ભુત થયા, તો એના પંચકલ્યાણકની ભવ્યાતિભવ્ય સ્ટેજઉજવણી સ્ટાર સંગીતકાર નીલેશ રાણાવતના સંગે અદ્‌ભુત થઈ. પ્રતિદિન બાર–બાર ચૌદ ચૌદ સ્પેશ્યલ બસો સાથે મંબઈથી ભાવિકો ઊમટતા હતા. આ જ મહોત્સવ દરમ્યાન તા. ૧૪ જાન્યુઆરીએ મુંબઈના વિવિધ સંઘોએ પૂજ્યશ્રીને ચાતુર્માસવિનંતિઓ કરતાં પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના તેર તેર શ્રમણવૃંદો–શ્રમણીવૃંદોની ચાતુર્માસજય એક સાથે બોલાઈ. તે જ દિવસે ત્રણસો ભાવિકો સાથે ઉપસ્થિત કાર્ટરરોડ જૈન સંઘે તેમના સંઘની આકર્ષક અંજનશલાકા–પ્રતિષ્ઠા પત્રિકા આલેખનનો ભવ્ય સમારોહ પણ કર્યો. આ દિવસે સૌથી માતબર દાન ઘોષિત કર્યું પરમ ગુરુભક્ત માતુશ્રી મંગળાબેન મણિલાલ મોહનલાલ મહેતા (Four M.) પરિવારે. આ પરિવારના ઉદારદિલ પુણ્યાત્મા શ્રી દેવેન્દ્રભાઈ–રીટાબેને પૂર્વે (૧) ધર્મધામતીર્થે સંપૂર્ણ શ્રાવક ઉપાશ્રય નિર્માણલાભ (૨) નૂતન ધર્મ–સૂર્યોદયધામતીર્થે મૂલનાયક શ્રી જીરાવલા પાર્શ્વપ્રભુની અંજનશલાકા–પ્રતિષ્ઠાનો મહાન લાભ તેમજ (૩) તે જ નૂતન તીર્થે આલીશાન શ્રાવક ઉપાશ્રય–શ્રાવિકા ઉપાશ્રયનો સંપૂર્ણ લાભ લીધો હતો. ઉપરાંત (૪) આ સમગ્ર ઉપધાનતપનો લાભ પણ એ જ પરિવારે લીધો હતો. આ ઉદારદિલ પુણ્યાત્મા શ્રી દેવેન્દ્રભાઈના તા. ૧૪ જાન્યુઆરીના જન્મદિને પૂજ્યશ્રીએ તેમને સહજ પ્રેરણા કરતાં તેઓએ (૫) ધર્મધામતીર્થે નૂતન સંપાદિત વિશાલ ભૂમિખંડના ભૂમિદાતા બનવાનો તથા એ સ્થાનનાં ભાવિ નિર્માણનો પણ લાભ લેતાં સમગ્ર વારાણસીનગરીમંડપમાં જયજયકાર પ્રવર્ત્યો હતો. અત્યંત ઉલ્લાસપૂર્ણ ભાવવિભોર વાતાવરણમાં પોષ વદિ છઠની રાત્રિએ શુભ લગ્ને અધિવાસના–અંજનવિધાન, આઠમે નિર્વાણકલ્યાણક અભિષેક – શાંતિસ્નાત્રવિધાન અને નોમે ભવ્ય માળારોપણ રથયાત્રા વરઘોડો – માળ પરિધાન સમારોહ યોજાયો.

આ અંજનશલાકા–માળારોપણ મહોત્સવ દરમ્યાન પોષ વદિ છઠે, પૂજ્યશ્રીના સાંસારિક પિતાજી નેવું વર્ષીય પૂજ્યપાદ દિવ્યસમાધિસાધક

**વયઃસ્થવિર મુનિવર્ય શ્રી દિવ્યરત્નવિજયજી મ.** નું સ્વાસ્થ્ય ખૂબ નાદુરસ્ત થઈ જતાં તેઓને મુંબઈ–બોરીવલીમાં Hospitalised કરાયા. આથી પોષ વદિ નોમના માળરોપણ સમારોહ બાદ પૂજ્યશ્રી વગેરે મુંબઈ પધાર્યા. લગભગ ચાલીશ સાધુ–સાધ્વીજીએ ધર્મધામ તીર્થે સ્થિરતા કરી, તો પૂજ્યશ્રી ઉપરાંત તેમના સાંસારિક બહેનો પૂ.સા. શ્રી વિશ્વરત્ના–વિશ્વધર્મા–વિશ્વમિત્રાશ્રીજી મ. વગેરે વીશ સાધુ–સાધ્વીજી મુંબઈ પધાર્યા. પૂ. પિતાજી મ.ની અદ્‌ભુત અંતિમ નિર્યામણા–એમનાં નિમિત્તે લાખોનો સ્વાધ્યાય–એમને તપ જપ વગેરેનું આરાધનાદાન–પૂ. પિતામુનિવરના એ આરાધના નિમિત્તે ગદ્‌ગદ્ હૃદયોદ્‌ગાર વગેરે બાદ પોષ વદિ ચૌદશે તેઓ પૂર્ણ સમાધિમય–કાલધર્મ પામ્યા. પોતાનાં દશ વર્ષનાં સંયમજીવન દરમ્યાન ૨૫ લાખ શ્રી નવકારમહામન્ત્રજાપ, ૩૬ લાખ અર્હંમન્ત્રજાપ, નિત્ય કલાકો પર્યંત મૌન–સ્વાધ્યાયાદિ દ્વારા જીવન સાર્થક કરી જનાર પૂ. પિતાજી મ.ના પુણ્યનો ચમકાર એમની અંતિમયાત્રાની ઉછામણીસભામાં રેલાયો. ઉછામણી તથા જીવદયા મળી રૂ. ૧ ક્રોડ ૪૪ લાખની ઊપજ, તેઓની સાંસારિક જન્મભૂમિ ડભોઈ તીર્થે (૧) તેઓના પુણ્યનામથી અંકિત ભવ્ય નગર પ્રવેશદ્વાર નિર્માણ (૨) પાંજરાપોળમાં તેમનાં ગુરુમંદિરનું નિર્માણ તથા (૩) રૂ. પચાસ લાખના ખર્ચે જીવદયાનાં કાર્યો, તેઓશ્રી તથા સ્વ.પૂ. પ્રવર્તિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.ની સ્મૃતિમાં ભવ્ય શિખરબદ્ધ જિનાલય – બે વિશાલ ઉપાશ્રયો–ધર્મશાળા–ભોજનશાળા આદિ યુક્ત દિવ્ય – વસંતધામ શત્રુંજય યુગાદિદેવતીર્થનિર્માણ, તેમનું જીવનદર્શન કરાવતું 'દિવ્ય સાધનાની જીવન ઝલક' પુસ્તકપ્રકાશન વગેરે ઘોષણા ઉપરાંત ડભોઈતીર્થે તથા બોરીવલી – કાર્ટર રોડ સંઘમાં બે વિશિષ્ટ ભક્તિમહોત્સવો ઘોષિત થયા. અંતિમયાત્રામાં પણ ચિક્કાર મેદનીની ઉપસ્થિતિ હતી. કાલધર્મ બાદ 'ગુજરાત સમાચાર'ના 'અમૃતની અંજલિ' કક્ષમાં પૂજ્યશ્રી દ્વારા પૂ. પિતાજી મ. માટે ત્રણ હૃદયસ્પર્શી ગુણાંજલિલેખો આલેખાયા.

આ રીતે પૂ. પિતાજી મ. નું ઉપકારઋણ સવાયું અદા કરી પૂજ્યશ્રી સપરિવાર પુનઃ ધર્મધામતીર્થે પધાર્યા. ત્યાં પૂ.સા. શ્રી કલ્પદ્રુમા–મિતરસાશ્રીજી મ. ના સંયમરજતમહોત્સવની ઉજવણી બાદ તેઓ વિહાર કરી મહારાષ્ટ્ર–ગુજરાતની સરહદના ઘોલવડ–બોરડી–સંજાણનગરે પધાર્યા. ઘોલવડમાં શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુપરિકરપ્રતિષ્ઠા તથા પૂ. યુગદિવાકરશ્રીની ભવ્ય સંયમશતાબ્દી ઉજવણી,

બોરડીમાં નૂતન આલીશાન ધર્મ–સૂર્યોદય જૈન ભવન તથા ધર્મ–સૂર્યોદય જૈન વાટિકા ઉદ્‌ઘાટન, સંજાણમાં ગણધર–ગુરુ–અધિષ્ઠાયક પ્રતિષ્ઠામહોત્સવ સંપન્ન કરાવી પૂજ્યશ્રી શ્રી ધર્મ–સૂર્યોદયધામ જીરાવલાપાર્શ્વનાથતીર્થની પ્રતિષ્ઠાર્થે પધાર્યા.

આ તીર્થની દેવદ્રવ્ય–સાધારણસંબંધી તમામ યોજનાના લાભ અપાઈ જવા છતાં આશ્ચર્ય એ હતું કે અહીં એક પણ લાભની ઉછામણી બોલાઈ ન હતી કે તેનો કોઈ સમારોહ યોજાયો ન હતો. ગુરુભક્ત પરિવારોએ સામે પગલે દરેક લાભ લીધા હતા. અત્યંત ભાવોલ્લાસથી મહા વદિ છઠે પ્રતિષ્ઠાપર્વ સંપન્ન કરાવી પૂજ્યશ્રી મુંબઈ પધાર્યા ત્યારે વસઈ–એવર સાઈન સંઘમાં પૂજ્યશ્રી પ્રેરિત નૂતન આયંબિલખાતાનું ઉદ્‌ઘાટન થયું. ત્યાંથી પૂજ્યશ્રી બોરવલી–કાર્ટર રોડ સંઘમાં અંજન શલાકા – પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તે સંઘમાં ભવ્યાતિભવ્ય સામૈયાં સાથે પધાર્યા. યોગાનુયોગ તે જ દિવસે પૂજ્યશ્રીની પ્રેરણાથી હિંમતનગરમાં નિર્મિત થનાર ભવ્ય શિખરબદ્ધ જિનાલયનો શિલાન્યાસવિધિ ગુરુભક્ત પરિવારો તથા સ્થાનીય સંઘ દ્વારા થયો. આજથી ૬૫ વર્ષ પૂર્વે સ્વયં પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના માર્ગદર્શન મુજબ, આભાપુર જંગલમાંથી ૫૫૦ થી ૬૦૦ વર્ષ પ્રાચીન અતિ દિવ્ય ભવ્ય જે પાંચ પ્રભુજીઓ હિંમતનગરમાં લવાયા હતા તે પ્રભુજીઓ માટે આ ભવ્ય જિનાલય તેમજ ઉપાશ્રયાદિ નિર્મિત કરાવી પૂજ્યશ્રી પૂ. યુગદિવાકરશ્રીનું ઉત્તરદાયિત્વ અદા કરી રહ્યા છે. આ જ રીતે પૂજ્યપાદ સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ની દીક્ષાભૂમિ લીંચનગરે ઉપાશ્રય–ધર્મશાળા–ગુરુમંદિર નિર્માણ તેમજ પૂ. યુગદિવાકર ગુરુદેવની દીક્ષાભૂમિ સાંગણપુરનગરે તેઓનું ગુરુમંદિરનિર્માણ કરાવી પૂજ્યશ્રી પૂ. વડીલગુરુદેવોની ભક્તિ પણ અદા કરી રહ્યા છે.

બોરીવલી–કાર્ટર રોડ સંઘમાં પૂજ્યશ્રીની પધરામણી બાદ જે જબરજસ્ત માહોલ સર્જાયો એ ગજબનાક હતો. વહેલી પ્રભાતે જિનાલયના કલ્યાણકવિધાનોમાં હકડેઠઠ મેદની, તો કલ્યાણકોની સ્ટેજ ઉજવણીમાં સવારે ૯.૩૦ થી બપોરે ૨.૩૦ સુધી સાડા ત્રણથી ચાર હજાર ભાવિકોનો માનવમહેરામણ; રાત્રિભાવનાઓમાં બાર બાર વાગ્યા સુધી મંડપમાં પગ ન મુકાય તેવી ભીડ, તો **પૂ.** પિતા **મુનિવર શ્રી દિવ્યરત્નવિજયજી મ.** ના 'પિતૃવન્દના' સમારોહમાં ય વિરાટ ઉપસ્થિતિ; શું પ્રતિષ્ઠા ઉછામણીઓ કે શું પ્રતિષ્ઠા : સર્વત્ર અલૌકિક ઉલ્લાસ–ઉમંગ છલકાતો હતો. એમાં વળી પૂજ્યશ્રીની પ્રેરણા થતાં સંઘમાં નૂતન

ભવ્ય ત્રિમજલી આરાધનાભવનનિર્માણનું આયોજન થયું. એમાં પણ વગર વ્યાજની લોનમાં માતબર દાનની ઘોષણાઓ થઈ. ફાગણ શુદિ-૧૧ના પુણ્યદિને સવારે તે સંઘમાં નૂતન પ્રભુજીઓ-બન્ને પૂ. દિવંગત ગુરુદેવો તેમજ અધિષ્ઠાયક દેવોની પ્રતિષ્ઠા હર્ષોલ્લાસની ચરમસીમાએ થઈ. તે પછી તુર્ત જ પૂજ્યશ્રી બોરીવલી-પૂર્વ મંડપેશ્વર વિસ્તારના 'રસરાજ' બિલ્ડીંગમાં જિનાલયપ્રતિષ્ઠાર્થે પધાર્યા. પરમ ગુરુભક્ત શ્રી કમલેશભાઈ ફાગણિયાએ નિર્મિત કરેલ નયનરમ્ય કલાત્મક નમિનાથ જિનાલયમાં તે જ દિવસે મૂલનાયક સહિત કુલ આઠ પ્રતિષ્ઠાઓ હતી. ફાગણિયા પરિવારની ભાવનાથી આકર્ષાઈને ત્યાં પણ બારસો ભાવિકો ઉપસ્થિત હતા. ખૂબ ભક્તિભાવપૂર્વક સ્વાગતયાત્રા-પ્રવચન બાદ પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. આ પ્રતિષ્ઠાપરંપરામાં પૂજ્યશ્રીની નિશ્રામાં માત્ર એક માસમાં પૂ. ગુરુદેવ **આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.** ના નવા ચાર ગુરુમંદિરોની પ્રતિષ્ઠા થવા સાથે તેઓશ્રીના **કુલ ૩૧ ગુરુમંદિરો** પ્રતિષ્ઠિત થયા. હજુ નવા **૭ ગુરુમંદિરો** નિર્ણીત થયા છે.

ત્યાંથી પૂજ્યશ્રી ફાગણ શુદિ બારશે કાંદિવલી-પૂર્વના શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘમાં ભવ્ય સામૈયાં સાથે પધાર્યા. ત્યાં પૂજ્યશ્રીના વિદ્વાન-તપસ્વી શિષ્ય-પ્રશિષ્યરત્નો શ્રી ભગવતીસૂત્રયોગવાહી **પૂ. મુનિવર્ય શ્રી હિતરત્ન-અક્ષયરત્નવિજયજી મ.સા.** ને ગણિ-પંન્યાસપદપ્રદાનનો અને **બાલમુમુક્ષુ નેમીનકુમાર શ્રેયાંસભાઈ મહેતા** (વર્ષ-૧૫)ને પ્રવ્રજ્યાપ્રદાનનો ભવ્ય મહોત્સવ યોજાયો હતો. નિત્ય નવા નવા વક્તાઓ-સંગીતકારના સંગે વિવિધ સંવેદના કાર્યક્રમો, રાત્રે રસપ્રદ નાટકો, હૃદયસ્પર્શી વિદાયસમારોહ, ભવ્યાતિભવ્ય વર્ષીદાનવરઘોડો, બેઠું વર્ષીદાન અને તે પછી ફાગણ વદિ બીજે સળંગ પાંચ કલાકનો શાનદાર પદ-પ્રવ્રજ્યાપ્રદાનસમારોહ યોજાતાં દરેકમાં મંડપ નાનો પડે એ હદે મેદની છલકાઈ જતી હતી. દીક્ષાદિને વહેલી પ્રભાતે ૫.30 ક. થી ચિક્કાર મેદની દરેક વિધિને પ્રત્યક્ષ માણવા ઊમટી પડી હતી, તો સમગ્ર કાર્યક્રમનું મંડપ બહાર screen પર તેમજ youtube પર જીવંત પ્રસારણ પણ થયું હતું. દીક્ષાર્થી દ્વારા ઉછળતા ઉમંગે રજોહરણગ્રહણ-માતબર ઉછામણી-વર્ધમાન વિદ્યાપટ અર્પણ-'રત્નત્રયમ્' પરિવારના ઉપક્રમે દશ ઈંગ્લીશ સચિત્ર પુસ્તકોનું વિમોચન વગેરેના અંતે બન્ને મુનિવર્યોને ગણિ-પંન્યાસપદે પ્રતિષ્ઠિત કરાયા હતા તેમજ બાલમુમુક્ષુને

**પૂ. બાલમુનિ શ્રી નમ્રરત્નવિજયજી મ.** રૂપે ઘોષિત કરાયા હતા.

ત્યાંથી ફાગણ વદિ ચોથે પૂજ્યશ્રી સપરિવાર મલાડ–પૂર્વના શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ જૈન સંઘમાં પધારતાં ત્યાં ફાગણ વદિ–૭ રવિવારે, સામૂહિક ત્રિશતાધિક વર્ષીતપ સમાપનનો ભવ્ય ઉછામણી સમારોહ યોજાયો. તેમાં શ્રેયાંસકુમાર આદિ તમામ આદેશો અપાવા સાથે સંઘના અંદાજથી ત્રણ ગણી માતબર ઉછામણી થઈ હતી. પરંતુ તે પછી અચાનક કોરોનામહામારીનાં કારણે રાષ્ટ્રવ્યાપી 'લૉકડાઉન' જાહેર થતાં મલાડ + મીરાં રોડ સંઘના તમામ ૭૦૦ વર્ષીતપારાધકોનાં પારણા સાદગીપૂર્વક થયા અને મહોત્સવો તેમજ તે પછીનાં સર્વ શાસનકાર્યો સ્થગિત થયા.

'લૉકડાઉન'ના ચાર માસથી પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતોને પૂજ્યશ્રી વાચના પણ ફરમાવી રહ્યા છે, તો 'લૉકડાઉન'ની વિષમ સ્થિતિમાં સાધર્મિક બંધુઓની ભક્તિ તથા માનવસેવા માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી અલગ અલગ સાત વાર કુલ રૂ. ૭૩ લાખના ખર્ચે સાત મોટાં આયોજનો થયા. જે પૈકી છેલ્લું આયોજન આજના દિને ૧૩૦૦ સાધર્મિક બંધુઓને રૂ. ૧૦૦૦ના વિતરણરૂપે થયું છે.

આ રીતે પૂ. દિવંગત ગુરુદેવોની અખૂટ આશિષવર્ષાથી પૂજ્યશ્રીની જ્ઞાનયાત્રા અને શાસનપ્રભાવનાયાત્રા જારી હોવા છતાં એની સાથોસાથ પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા પણ નિરંતર જારી છે. એથી જ અમે પૂજ્યશ્રી તથા શિષ્યવૃંદના મળી અદ્યાવધિ કુલ ૧૬૯ પુસ્તકો પ્રકાશિત કરી ચૂક્યા છીએ અને આજના દિને કુલ ત્રણ પુસ્તકો પ્રકાશિત થતા હવે તે સંખ્યા ૧૭૨ ઉપર પહોંચી છે. તે પૈકીના આ ૧૭૦મા ક્રમાંકના **'જ્ઞાનસાર'નાં જ્ઞાનતેજ** પુસ્તકનાં વાંચન–મનન દ્વારા સહુ વાચકો જીવનને સમ્યક્ સમજથી ઝળાહળાં કરે એ જ અંતરઅભિલાષા સાથે વિરમીએ છીએ.

પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું સંયમ શતાબ્દી વર્ષ<br>
વિ.સં. ૨૦૭૬ શ્રા.શુદિ–૧૧, તા. ૩૦–૭–૨૦૨૦<br>
પૂ. યુગદિવાકરશ્રીનો ૧૧૭મો પુનીત જન્મદિન<br>
દર્ભાવતીતીર્થ

**- ધર્મકૃપા ટ્રસ્ટ**

# વિ...ષ...ય...દ...ર્શ...ન...


| ક્રમાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | મુખપૃષ્ઠ | 1 |
| ૨. | પ્રકાશક–પ્રાપ્તિસ્થાન | 2 |
| ૩. | હાર્દિક અનુમોદન | 3 |
| ૪. | પત્રોનાં પુષ્પો : પ્રશસ્તિનો પરિમલ | 4-10 |
| ૫. | જ્ઞાની શ્વાસોચ્છવાસમાં, કરે કર્મઉચ્છેદ | 11-13 |
| ૬. | પ્રકાશકીય પ્રકાશ | 14-22 |
| ૭. | વિષયદર્શન | 23-24 |

*　　*　　*

| | | |
|---|---|---|
| ૧. | સૂર્યના પ્રકાશ વિના સૃષ્ટિનું જીવન શક્ય નથી બનતું | ૧–૬ |
| ૨. | ગુણોની અભિલાષા સુખ તરફ લઈ જાય | ૭–૧૨ |
| ૩. | આધ્યાત્મિક જ્ઞાનદશામાં મગ્ન થયેલ જિતેન્દ્રિય... | ૧૩–૧૯ |
| ૪. | પૂર્ણ સુખનો ખજાનો આપણી ભીતરમાં જ છે | ૨૦–૨૬ |
| ૫. | જેમણે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ પિછાણી લીધું છે તેમને... | ૨૭–૩૩ |
| ૬. | જીવનના મધ્યાકાશે જ્યારે જ્ઞાનનો સૂરજ ઝળહળે ત્યારે | ૩૪–૪૦ |
| ૭. | આવેશગ્રસ્ત મન અશાંતિ સર્જ્યા વિના રહે નહિ | ૪૧–૪૭ |
| ૮. | ઈન્દ્રિયોનો દુરુપયોગ વિનિપાતની નિશાની છે | ૪૮-૫૪ |
| ૯. | માખણમાં છાશના અંશો ન હોય તો જ ઘી શુદ્ધ બને | ૫૫-૬૧ |
| ૧૦. | જેમ પંખીને ઊડવા માટે બે પાંખ જરૂરી છે | ૬૨–૬૭ |
| ૧૧. | સ્પર્ધા જેટલી વધુ રાખશો એટલી વધુ અતૃપ્તિ સર્જાશે | ૬૮–૭૪ |
| ૧૨. | આસક્ત વ્યક્તિ કર્મકલંકથી લિપ્ત થાય છે | ૭૫–૮૧ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૩. | જ્ઞાનસારમાં દર્શાવાયેલ સુખ અને દુઃખની સચોટ વ્યાખ્યા : | ૮૨–૮૮ |
| ૧૪. | બોલવું ભલે કળા છે પણ મૌન તો મહાન સાધના છે | ૮૯–૯૫ |
| ૧૫. | ‘सा विद्या या विमुक्तये’ આ પ્રસિદ્ધ સૂત્ર... | ૯૬–૧૦૨ |
| ૧૬. | હંસનો વિવેક ક્ષીર અને નીરનું વિભાગીકરણ કરે | ૧૦૩–૧૦૯ |
| ૧૭. | કદાગ્રહી વ્યક્તિ સાચો ધર્મ પામી ન શકે | ૧૧૦–૧૧૬ |
| ૧૮. | સમસ્યાઓનો ભય શક્તિને કુંઠિત બનાવે | ૧૧૭–૧૨૩ |
| ૧૯. | તમે જો તમારા વિશે મૌન રહેશો તો... | ૧૨૪–૧૨૯ |
| ૨૦. | બાહ્યદષ્ટિ વ્યક્તિને બાહરી વિશ્વમાં ભટકાવે | ૧૩૦–૧૩૬ |
| ૨૧. | બાહ્ય સમૃદ્ધિ વ્યક્તિને માત્ર સુવિધા આપી શકે | ૧૩૭–૧૪૨ |
| ૨૨. | જીવનને સમાધિમગ્ન રાખવા માટે મજાનું સૂત્ર : | ૧૪૩–૧૪૮ |
| ૨૩. | સાગરને ગમે ત્યાંથી ચાખો તો એ ખારો જ લાગે | ૧૪૯–૧૫૫ |
| ૨૪. | સંસારી અને સંયમી વચ્ચેનો મસ્ત તફાવત : | ૧૫૬–૧૬૨ |
| ૨૫. | માનવને પથદર્શક છે ચક્ષુ | ૧૬૩–૧૬૯ |
| ૨૬. | મન જો આસક્ત છે તો સમગ્ર વિશ્વ પરિગ્રહરૂપ છે | ૧૭૦–૧૭૫ |
| ૨૭. | શાસ્ત્રજ્ઞાન તો આત્મસાક્ષાત્કારનું દિગ્દર્શન કરાવે | ૧૭૬–૧૮૧ |
| ૨૮. | ભોગલાલસામાં રમતા જીવો સંસારમાં ભમે છે | ૧૮૨–૧૮૭ |
| ૨૯. | જૈન શ્રમણ એવો શ્રેષ્ઠ ભાવયજ્ઞ કરે છે કે... | ૧૮૮–૧૯૩ |
| ૩૦. | આવેશનાં નિમિત્તો સામે પણ શાંત રહીએ | ૧૯૪–૨૦૦ |
| ૩૧. | ઈન્દ્રિયો પર વિજય, બાહ્ય મનોવૃત્તિનો નિરોધ | ૨૦૧–૨૦૬ |
| ૩૨. | જૈન દર્શનની તપસંહિતા : તપ વિના તાપ નહિ | ૨૦૭–૨૧૨ |
| ૩૩. | જૈન દર્શને વિશ્વને આપેલ અનોખી ભેટ છે અનેકાંતવાદ | ૨૧૩–૨૧૮ |
| ૩૪. | ચોત્રીશ લેખોની સુદીર્ઘ ‘જ્ઞાનસાર’ યાત્રાનું સમાપન : | ૨૧૯–૨૨૪ |

૧

# સૂર્યના પ્રકાશ વિના સૃષ્ટિનું જીવન શક્ય નથી બનતું... જ્ઞાનના પ્રકાશ વિના આત્માનું ઉત્થાન શક્ય નથી બનતું...

એક જર્મન સમ્રાટની ખાસિયત હતી કે એ પ્રતિમાસ સૈન્યની મુલાકાત લે અને કોઈ નવો સૈનિક નિહાળે એટલે ત્રણ પ્રશ્નો અચૂક પૂછે. સમ્રાટના ત્રણ પ્રશ્નો આ રહેતા : " (૧) તારી વય કેટલી છે ? (૨) સૈન્યમાં દાખલ થયે કેટલો સમય થયો? (૩) પગાર અને સુવિધા, બન્ને બરાબર મળે છે?" સમ્રાટના આ પ્રશ્નોમાં આગંતુક સૈનિકની કાળજી –હમદર્દી વ્યક્ત થતી હતી. અલબત્ત, દરેક નવા સૈનિક સાથે એમના પ્રશ્નો પણ આ જ રહેતા અને ક્રમ પણ આ જ રહેતો. ક્યારેય કોઈ ફેરફાર નહિ.

એક દિવસની વાત. સમ્રાટ મુલાકાતે આવ્યા હતા એના દશ દિવસ પૂર્વે જ એક બટાલિયનમાં કોઈ ફ્રેન્ચ યુવકની સૈનિકરૂપે ભરતી થઈ હતી. એ જર્મન ભાષાથી બિલકુલ અજ્ઞાન હતો. પરંતુ એના ઉપરી અધિકારીએ કોઈ ચર્ચા–સમસ્યા ન થાય એ માટે પેલા પ્રશ્નોના ઉત્તરરૂપે જર્મન ભાષાના ત્રણ શબ્દો કંઠસ્થ

કરાવી દીધા કે જેના અર્થ થતા હતા ''(૧) બાવીશ વર્ષ (૨) દશ દિવસ (૩) બન્ને.'' પ્રશ્નો તો નિશ્ચિત જ હતા. એથી બધું બરાબર પાર ઊતરી જશે એવી ઉપરી અધિકારીની ધારણા હતી. પરંતુ બન્યું કાંઇક વિપરીત.

મુલાકાતે આવેલ સમ્રાટ દ્વારા ક્યારે ય નહિ ને એ દિવસે અનાયાસે પ્રશ્નોનો ક્રમ બદલાઈ ગયો અને એ પહેલા ક્રમે બીજો પ્રશ્ન પૂછી બેઠા કે ''સૈન્યમાં દાખલ થયે કેટલો સમય થયો?'' જર્મન ભાષાથી સર્વથા અજ્ઞાન એ સૈનિકે ભણાવેલ ઉત્તર આપી દીધો કે ''બાવીશ વર્ષ''. આશ્ચર્યસ્તબ્ધ સમ્રાટે તુર્ત પૂછ્યું: ''ન હોઈ શકે, તો પછી તારી વય કેટલી?'' ''દશ દિવસ''. આ વિચિત્ર ઉત્તરો સાંભળી સમ્રાટે ગુસ્સે થઈને પૂછ્યું: ''મૂરખ કોણ? બકવાસ કરનાર તું કે એને સાંભળી લેનાર હું?'' પેલાએ પઢાવેલ ઉત્તર આપ્યો કે ''બન્ને''...

આ રમૂજી દૃષ્ટાંત એ નિર્દેશ કરી જાય છે કે જીવનના વ્યવહારોમાં અજ્ઞાન કેવું નુકસાન–કેવી વિચિત્રતા સર્જે છે. ઉપરનાં દૃષ્ટાંતમાં જે પ્રસ્તુત થયું તે અજ્ઞાન શબ્દના અર્થસંબંધી હતું. એમાં ફ્રેન્ચ યુવક શબ્દ ગ્રહણ કરી શકતો હતો, પરંતુ એનો અર્થ ગ્રહણ કરી શકતો ન હતો. આ શબ્દાર્થનું અજ્ઞાન વ્યક્તિને બોલાતા કે વંચાતા શબ્દોનો અર્થ જરા ય સમજાવા ન દે. આવું અન્ય અજ્ઞાન તાત્પર્યનું છે. કેટલીક વાર જે શબ્દો રજૂ થયા હોય એનો લોકપ્રસિદ્ધ–સામાન્ય અર્થ અલગ હોય. પરંતુ જે રીતે એ રજૂ થયા હોય એ પરિપ્રેક્ષ્યમાં એનો તાત્પર્યાર્થ સાવ અલગ જ હોય. તાત્પર્યને નહિ સમજનાર વ્યક્તિ ત્યારે જો માત્ર શબ્દાર્થ પકડી રાખે તો વાસ્તવિકતાથી સાવ વંચિત રહી જાય. એક સરલ લૌકિક ઉદાહરણ આ સંદર્ભમાં જોઈએ:

એક સાવ ભોળી અને વાતે વાતે છબરડા કરતી વ્યક્તિએ એનાં મિત્રને કહ્યું: ''અત્યાર સુધી મારી પત્ની વારંવાર મારું અપમાન કરતી હતી. પણ આજે તો એણે મને બહુ ઊંચું માન આપ્યું''. મિત્રે આશ્ચર્યથી પૂછ્યું: ''એમ? શું કર્યું એણે?'' ''એણે મને ભગવાન ગણ્યો. આજે એ બોલી કે હે ભગવાન, તમે તો હજુ ય એવા જ રહ્યા.'' મિત્રને ભારે રમૂજ થઇ કે આ ભોળિયો 'ભગવાન' નો માત્ર શબ્દાર્થ પકડે છે. જયારે પત્નીના કથનનું તાત્પર્ય સાવ અલગજ હતું. ત્યાં

'ભગવાન' શબ્દ ઉચ્ચ માન નહિ, બલ્કે આ ક્યારે ય નહિ સુધરે એવું હતાશાજનિત તાત્પર્ય સૂચવતો હતો...

જેમ જીવનવ્યવહારનાં ક્ષેત્રે અજ્ઞાન ઘણું નુકસાન કરી શકે છે, એમ આત્મ–કલ્યાણનાં ક્ષેત્રે ય અજ્ઞાન ઘણું ઘણું નુકસાન કરે છે. આ ક્ષેત્રે મહત્ત્વની વાત એ છે કે અહીં શાસ્ત્રોના શબ્દાર્થ અને તાત્પર્ય જાણનાર પણ જ્ઞાન ધરાવે જ છે એમ નિશ્ચિત માની લેવાતું નથી.

શબ્દાર્થ અને તાત્પર્ય યથાવત્ સમજનાર વ્યક્તિ પણ અજ્ઞાની હોઈ શકે છે. આત્મકલ્યાણક્ષેત્રે વાસ્તવમાં જ્ઞાની તે છે જે તત્ત્વસંવેદન ધરાવતી હોય. મતલબ કે એ માત્ર તત્ત્વની વાતો સરસ રજૂ કરી જાણતી જ ન હોય, બલ્કે તત્ત્વનું સંવેદન–અનુભૂતિ ય કરે. ચૌદસો ચુમ્માલીસ ગ્રન્થોના સર્જક આચાર્યપ્રવર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે 'અષ્ટકપ્રકરણ' ગ્રન્થમાં આવું જ્ઞાન ધરાવતી વ્યક્તિ માટે અને આ જ્ઞાન માટે કેટલાક મસ્ત નિરૂપણો કર્યા છે કે "**સ્વસ્થ ચિત્તવૃત્તિવાળી પ્રશાંત વ્યક્તિનું હેય-જ્ઞેય ઉપાદેયનું નિશ્ચય કરાવતું જ્ઞાન, એ તત્ત્વસંવેદન છે. તે સમ્યગ્ જ્ઞાનાવરણકર્મના અપાયથી-નાશથી પ્રગટે છે અને મુક્તિનું કારણ છે.**" આમાં પ્રસ્તુત થયેલ સ્વસ્થ ચિત્તવૃત્તિ આદિ લક્ષણો તત્ત્વનાં સંવેદન–અનુભૂતિ વિના શક્ય નથી.

ચિત્તવૃત્તિને સ્વસ્થ–પ્રશાંત બનાવીને અને હેય–જ્ઞેય–ઉપાદેયાદિનો સમ્યગ્ બોધ કરાવીને તત્ત્વસંવેદનની ભૂમિકાએ લઈ જવા સક્ષમ જે મહાન જૈન ગ્રન્થો છે એમાંનો એક અદ્‌ભુત ગ્રન્થ છે '**જ્ઞાનસાર**'. એનાં નામ મુજબ એ જ્ઞાનના સારરૂપ–અર્કરૂપ છે. એવું જ્ઞાન કે જે આપણને તત્ત્વનાં સંવેદન–અનુભૂતિ તરફ લઈ જાય. આત્મકલ્યાણનો રાજમાર્ગ કંડારી આપતા અને ચિત્તની વિષય–કષાયમય દુર્વૃત્તિઓને ક્ષીણ કરતાં એકથી એક ચડિયાતા અલગ અલગ બત્રીશ વિષયો પર આ ગ્રન્થમાં હૃદયંગમ ચિંતનો છે. ખૂબી એ છે કે દરેક વિષયને ગ્રન્થકારે માત્ર આઠ સંસ્કૃત શ્લોકોમાં સમાવિષ્ટ કરી લીધો છે. બત્રીશ અષ્ટક અને ઉપસંહારના શ્લોકો મળી ગ્રન્થકારે આ ગ્રન્થ રચ્યો છે કુલ ૨૭૩ શ્લોકોરૂપે. યાદ રહે કે વાસનાને ઉત્તેજિત કરે–ગલગલિયાં કરાવે તેવાં કે બદલાની–આવેશની આગ ભડકાવે એવાં સાહિત્ય તો આ સૃષ્ટિમાં ઠેર ઠેર મળી રહે છે. એવાં સાહિત્યો સરવાળે વ્યક્તિની ખાનાખરાબી કરી શકે છે.

જયારે 'જ્ઞાનસાર' ગ્રન્થ એવું અનોખું સર્જન છે જે વ્યક્તિને વાસનામાંથી ઉપાસનામાં અને સંક્લેશમાંથી સમાધિમાં લઇ જાય.

આ મહાન ગ્રન્થના સર્જક છે સમર્થ શાસ્ત્રકાર ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર. લગભગ ચારસો વર્ષ આસપાસના સમયખંડમાં જન્મ ધરનાર આ પ્રજ્ઞાપુરુષની માત્ર જ્ઞાનસંબંધી વિશેષતાઓ વિચારીએ તો એ પણ અઢળક અને આશ્ચર્યજનક છે. આપણે એમાંની કેટલીક ઝલકરૂપ બાબતોનો ઉલ્લેખ આ લેખમાં કરીએ તે પૂર્વે, અમારે એક ઉલ્લેખ કરવો છે એમના સંબંધી અમારાં એક અંગત સૌભાગ્યનો. લગભગ ત્રણસો એકત્રીશ વર્ષ પૂર્વે એમનો કાલધર્મ (દેહવિલય) જે પુણ્યભૂમિમાં થયો એ છે અમારી જન્મભૂમિ ડભોઇતીર્થ. એમનો અંતિમ સંસ્કાર જ્યાં થયો હતો એ નિર્વિવાદ શ્રુતતીર્થ 'યશોવાટિકા' અમારું આસ્થા કેન્દ્ર છે. અમારા દિવંગત ગુરુદેવ આચાર્યવર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે એ સમગ્ર સંકુલનો ભવ્ય પુનરુદ્ધાર કરાવ્યો છે, તો અમે ડભોઇમાં જઇએ ત્યારે એક પણ દિવસના અપવાદ વિના એ અંતિમસમાધિ ભૂમિની સ્પર્શના–જાપઆરાધના કરીએ છીએ. ડભોઇતીર્થના ઇ.સ. ૨૦૦૦ના ચાતુર્માસમાં અમે આ પ્રજ્ઞાપુરુષ માટે ભક્તિછલકતાં હૈયે જે ગુર્જર સ્તુતિઅષ્ટક રચ્યું હતું એની પ્રથમ કડીમાં પણ એમનું જ્ઞાનજ્યોતિર્મય વ્યક્તિત્વ આંશિક ઝિલાય છે. એ કડી આ છે કે :–

**જૈન ધર્મની જ્વલંત જ્યોતિ જગમાં ઝળહળતી કરનાર,**
**આગમજ્ઞાની આતમજ્ઞાની શ્રુતસમાધિતણા ભંડાર;**
**શ્વાસે શ્વાસે શબ્દે શબ્દે શાસ્ત્રોનાં સર્જન કરનાર,**
**વાચકશેખર યશોવિજયને વંદન હોજો વાર હજાર...**

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરની માત્ર જ્ઞાનસંબંધી વિશેષતાઓ પણ એવી અ...ધ...ધ.. થઇ જવાય એવી છે કે એની ઝલકો ય આપણને અહોભાવથી નતમસ્તક બનાવી દે. માત્ર સાત વર્ષની વયે એમણે ચુમ્માળીશ શ્લોકોનું સંસ્કૃતભાષામય છંદબદ્ધ ભક્તામરસ્તોત્ર એક પણ વાર વાંચ્યા વિના શ્રવણમાત્રથી કડકડાટ કંઠસ્થ કરી લીધું હતું, તો બાળવયે દીક્ષિત થઇ ફક્ત બાર વર્ષના દીક્ષાપર્યાયમાં અમદાવાદની રાજસભામાં એક સાથે પાંચ ઇન્દ્રિયોના અઢાર અઢાર મહાઅવધાનો કરી સમગ્ર ગુજરાતને પોતાની વિરલ

બુદ્ધિ પ્રતિભાનો એમણે પરિચય કરાવ્યો હતો; વિદ્યાધામ કાશીમાં હજુ તો તેઓ ન્યાયશાસ્ત્રોનો અભ્યાસ કરતા હતા ત્યારે કાશીની વિદ્વત્સભા જે મહાપંડિત સાથે વાદ કરવામાં ક્ષોભ અનુભવતી હતી એ મહાપંડિતને માત્ર એક દિવસમાં પરાસ્ત કરીને તેઓ કાશીની વિદ્વત્સભા દ્વારા 'ન્યાય વિશારદ' બિરુદ વર્યા હતા, તો માત્ર ન્યાય વિષયના એકસો ગ્રન્થો રચવાથી તેઓને 'ન્યાયાચાર્ય' પદ અર્પણ થયું હતું; 'રહસ્ય' શબ્દાંકિત એકસો આઠ ગ્રન્થો રચવાના તેમના સંકલ્પનો ઉલ્લેખ મળે છે, તો બે લાખ શ્લોકપ્રમાણ નૂતન ન્યાયશાસ્ત્રનું સાહિત્ય રચવાનો ઉલ્લેખ પણ એમના હસ્તાક્ષરોમાં મળે છે. સંસ્કૃત–પ્રાકૃત–રાજસ્થાની–ગુજરાતી ભાષામાં એમણે યોગ–અધ્યાત્મ–ન્યાય–તત્ત્વજ્ઞાન–આચાર–પ્રભુભક્તિ–ચરિત્ર વગેરે વૈવિધ્યસભર વિષયો પર અઢળક કૃતિઓ–ગ્રન્થો સર્જ્યા છે. એમ અવશ્ય કહી શકાય કે જૈન પરંપરામાં છેલ્લા એક હજાર વર્ષમાં થયેલ મહાન વિદ્વાનોમાં તેઓ અગ્રિમ સ્થાન ધરાવતા હતા. એમની અદ્ભુત બુદ્ધિપ્રતિભા અને ભાષાપ્રભુત્વ–વાક્પ્રભુત્વનો એક પ્રસંગ માણીએ:

પરંપરા કહે છે કે એક વાર બ્રાહ્મણ પંડિતોએ એમને સંસ્કૃતમાં વાદ કરવાનો પડકાર આપીને એમાં આકરી શરત ઊમેરી કે બોલતી વેળાએ એક પણ વાર બે હોઠ પરસ્પર સ્પર્શવા ન જોઈએ. હોઠ સ્પર્શે તો તુર્ત પુરવાર થઈ જાય તે માટે નીચેના હોઠ પર લાલ રંગ કરાયો. યશોવિજયજીએ આ પડકાર ઝીલીને એક પણ ઓષ્ઠ્ય અક્ષર ન આવે તે રીતના શબ્દો પસંદ કરી અસ્ખલિતપણે સંસ્કૃતભાષામાં વાદ કરી પંડિતોને પરાસ્ત કર્યા. સતત બોલવા છતાં એક પણ વાર હોઠ પરસ્પર ન સ્પર્શતા પંડિતોએ પણ માનવું પડ્યું કે 'આમના પર મા સરસ્વતીદેવીની અસાધારણ કૃપા છે. તે વિના આ શક્ય જ ન બને'.

એમના સમકાલીન વિદ્વાન મહોપાધ્યાય શ્રીમાન વિજયજી ગણિવરે પોતાના એક ગ્રન્થાંતે એમના માટે આ પંક્તિ લખી છે કે "प्रोद्‌बोधितादिममुनिश्रुतकेवलित्वाः" એનો ભાવાર્થ આ થાય છે કે પૂર્વકાળના શ્રુતકેવલી ભગવંતોનાં અપ્રતિમ જ્ઞાન કેવાં હતાં તેનું સ્મરણ શ્રીમદ્ યશોવિજયજીનાં જ્ઞાનનો અનુભવ કરતા થાય છે. તો એ જ વિદ્વાને એમને સરસ્વતીના નરાવતારરૂપે પણ બિરદાવ્યા છે. સમકાલીન વિદ્વાનો દ્વારા આવું માન અપ્રતિમ વિદ્વત્તા સિવાય શે મળે? તેઓ ન્યાયના–તર્કના જાણે કે બેતાજ

બાદશાહ હતા. સામી વ્યક્તિને નિરુત્તર જ કરી દે તેમ નહિ, બલ્કે એથી ય અધિક એને નિઃસંશય કરી દે એવી તેજસ્વી એમની તાર્કિક તાકાત હતી. એમના અનેક તર્કગ્રન્થો આ વાતના સાક્ષી છે. તાર્કિકતાની જેમ જ એમનાં જીવનનાં બે વિશિષ્ટ પાસાં ભક્તિ અને અધ્યાત્મરૂપે હતાં. એમણે રચેલ ત્રણ ત્રણ સ્તવનચોવીશીઓ અને અન્ય અઢળક સ્તવનોમાં અભિભૂત કરી દે તેવું ભક્તિતત્ત્વ ઝળહળે છે. એમનાં 'હમ મગન ભયે પ્રભુધ્યાન મેં' જેવા સ્તવનોનું ગાન યા શ્રવણ થાય ત્યારે તમામ દુન્યવી દુવિધાઓ વિસરાવા સાથે અક્ષરશઃ ભક્તિમાં ડૂબી જવાય. તો એમના અધ્યાત્મસાર–અધ્યાત્મોપનિષદ્ જેવા ગ્રન્થોમાં એમની અધ્યાત્મરુચિ પ્રતિબિંબિત થાય છે. અધ્યાત્મસારગ્રન્થના પ્રથમ અધિકારમાં તેઓ પોતાની અધ્યાત્મરુચિને આ શબ્દોમાં ઢાળે છે કેઃ–

रसो भोगावधिः कामे, सद्भक्ष्ये भोजनावधिः।
अध्यात्मशास्त्रसेवाया-मसौ निरवधिः पुनः।।

ભાવાર્થ કે કામભોગમાં રસાનુભવ ભોગક્રિયા પૂરતો જ હોય, ખાદ્યપદાર્થોનો સ્વાદિષ્ટ રસ ભોજનક્રિયા પૂરતો જ અનુભવાય; જ્યારે અધ્યાત્મશાસ્ત્રોનાં ચિંતન–મનનમાં રસાનુભવ નિરવધિ–અમર્યાદ થાય છે.

આવા પ્રજ્ઞાશીલ અને આત્માર્થી વિદ્વાને અનુભવના અર્કરૂપે રચેલ 'જ્ઞાનસાર' ગ્રન્થના બત્રીશ અષ્ટક પર હવેથી આપણે ક્રમશઃ એકેક લેખ દ્વારા ચિંતનયાત્રા શરૂ કરીશું. '**અમૃતની અંજલિ**'ના ચાહક–વાચક અનેક સંયમી ભગવંતોનું આ સૂચન હતું કે 'જ્ઞાનસારગ્રન્થ ઉપર એક દીર્ઘ લેખમાળા આલેખાય'. એ સૂચનના અમલરૂપે આગામી લેખથી આ ઉપક્રમ આરંભાશે. અલબત્ત, અખબારી વાચકોમાં જૈન–અજૈન તમામ વર્ગ સામેલ હોય છે. એ લક્ષ્યમાં રાખીને આ લેખમાળા 'જ્ઞાનસાર' ગ્રન્થના લગભગ તીરે તીરે–કિનારે કિનારે વિહાર કરતી રહેશે. આમ છતાં એમાં 'જ્ઞાનસાર' નાં તેજસ્વી ચિંતનોના ચમકાર ઝિલાશે એ નિશ્ચિત છે.

આપણે જ્ઞાનપુંજ મહોપાધ્યાય યશોવિજયજી મ.ને અને એમનાં અમર સર્જન 'જ્ઞાનસાર' ગ્રન્થને અંતરથી નમન કરીને યાદ કરીએ એક પરમ સત્ય કે :- "**સૂર્યના પ્રકાશ વિના સૃષ્ટિનું જીવન શક્ય નથી બનતું અને જ્ઞાનના પ્રકાશ વિના આત્માનું ઉત્થાન શક્ય નથી બનતું**" ◆◆◆

૨

# ગુણોની અભિલાષા સુખ તરફ લઈ જાય ... પદાર્થોની અભિલાષા દુઃખ તરફ લઈ જાય ...

સૃષ્ટિનો એક સામાન્ય નિયમ એ છે કે પ્રવૃત્તિને સાર્થકતા બક્ષવી હોય તો એક મહત્ત્વનાં પરિબળરૂપે લક્ષ્યનિર્ધારણને સ્થાન આપવું જ રહે. મતલબ કે કોઈ પણ પ્રવૃત્તિ આરંભતા પૂર્વે એના દ્વારા શું હાંસલ કરવું છે એ લક્ષ્ય નિર્ધારિત કરવું જોઈએ.

જેમ કે, પ્રવાસી પ્રવાસ આરંભે ત્યારે એની સમક્ષ મંઝિલનું લક્ષ્ય નિશ્ચિત હોય છે. આ લક્ષ્ય હોવાનાં કારણે જ એ સફળ પ્રવાસ ખેડી શકે છે. વ્યાપારી વ્યાપાર કરે ત્યારે એની સમક્ષ નફાનું લક્ષ્ય નિશ્ચિત હોય છે. દરેક સોદામાં એ નફો કેવી રીતે મળી શકે એ જ વિચાર કેન્દ્રમાં રાખતો હોય છે. એનાં કારણે જ એ સફળ વ્યાપારી બની શકતો હોય છે. અભ્યાસમાં લીન બની જનાર વ્યક્તિ સમક્ષ તે તે વિષયમાં નિષ્ણાત થવાનું કે વિદ્યાર્થી સમક્ષ પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંકે ઉત્તીર્ણ થવાનું લક્ષ્ય નિશ્ચિત હોય છે. એનાં કારણે જ એ પોતાનાં અભ્યાસક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે.

ધારો કે કોઈ લક્ષ્ય જ નિર્ધારિત થયું ન હોય તો એવી લક્ષ્ય વિનાની પ્રવૃત્તિ–નિરુદ્દેશ પ્રક્રિયા સફળ થવાની શક્યતા લગભગ નહિવત્ રહે છે. લક્ષ્ય વિનાની પ્રવૃત્તિ એટલે જાણે ઘાંચીની ઘાણીમાં ફરતાં બળદની ગતિ. એ સતત ચાલે ખરો, પણ મેળવે કાંઈ નહિ. ઠેરનો ઠેર જ રહે. એમ લક્ષ્ય વિનાની પ્રવૃત્તિમાં મહેનત રહે, પરંતુ મળે કાંઈ નહિ. અરે ! મળવાની વાત બાજુ પર રહી, ઘણી વાર તો એનાં કારણે વ્યક્તિ હાસ્યાસ્પદ બની જાય. ખબર છે પેલી રમૂજકથા ?

તેજ ગતિએ જઈ રહેલ ટ્રેનના એક ડબ્બામાં Ticket checker દાખલ થયો અને દરેક સજ્જન પ્રવાસીઓએ સાવધાન થઈ પોતપોતાની ટિકિટ તૈયાર રાખી, જે ખુદાબક્ષ મુસાફરો હતા એ ભાગી જવાની તક શોધતા હતા. એમાં Ticket checker એ મનોમન નોંધ્યું કે એક કાકા પોતાની ટિકિટ શોધવા સખત મહેનત કરતા હતા. એમણે શર્ટ–પેન્ટનાં ખીસ્સાં તપાસ્યાં, તો ય ટિકિટ ન મળતા સામાનની એકેક ચીજ ખોલીને એ ટિકિટની તલાશ કરતા હતા. કાકાની ઠેઠ નજીક આવેલ એ Ticket checker એ સૌજન્યથી કહ્યુંઃ "કાકા, રહેવા દો. ટિકિટ ન મળે તો પણ મને તમારા હાવ–ભાવ પરથી ખાતરી છે કે તમે ટિકિટ લીધી જ છે." આમ છતાં કાકા ટિકિટ શોધતા જ રહ્યા. સહપ્રવાસીએ કાકાને કહ્યુંઃ "હવે તો Ticket checker એ તમને રાહત આપી છે, તો પછી શોધખોળ બંધ કરો ને." કાકાએ ખુલાસો કર્યોઃ "ભઈલા, ખરી વાત એ છે કે મારે કયા સ્ટેશને ઉતરવાનું છે એ જ હું ભૂલકણા સ્વભાવનાં કારણે ભૂલી ગયો છું. ટિકિટ જોઉં તો મને ખ્યાલ આવે કે મારે ક્યાં જવાનું છે ?" સહપ્રવાસી હસવું ખાળી ન શક્યો કાકાની આ ભૂલકણી અવસ્થા પર...

લક્ષ્યવિહોણી અવસ્થા કેવી હાસ્યાસ્પદ બને એ આ રમૂજકથા સમજાવી જાય છે. એથી જ 'જ્ઞાનસાર' ગ્રન્થનો પ્રારંભ કરતા સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર સાધનાનો લક્ષ્યનિર્દેશ પૂર્ણતાષ્ટકરૂપે કરે છે કે **પૂર્ણ બનો**. બત્રીશ અષ્ટકના 'જ્ઞાનસાર' ગ્રન્થના સર્વપ્રથમ અષ્ટકરૂપે એમણે રચના કરી છે પૂર્ણતાષ્ટકની. એના આઠેય શ્લોકો દ્વારા તેઓ પૂર્ણ બનવા તરફ વિશેષ ઝુકાવ આપી રહ્યા છે. વ્યવહારજગતમાં આપણે

નિહાળીએ છીએ કે જે તે વિષયમાં ટોચ સર કરવા ઈચ્છુક વ્યક્તિ તે વિષયમાં Perfection–પૂર્ણતા આત્મસાત્ કરવાનો પ્રયાસ કરતી હોય છે. જાણે કે એ જ મુજબ પ્રથમ અષ્ટકમાં ય પૂર્ણતા સિદ્ધ કરવાનો નિર્દેશ કરાયો છે.

પણ...સબૂર ! 'જ્ઞાનસાર' ગ્રન્થ જે પૂર્ણતાનો નિર્દેશ કરે છે એ દુન્યવી સ્તરની લૌકિક પૂર્ણતા કરતા સાવ અલગ છે. એ પૂર્ણતા લોકોત્તર છે. એ સત્–ચિત્–આનંદમયી પૂર્ણતા છે અર્થાત્ આત્મગુણોસંબંધી પૂર્ણતા છે, જ્યારે લૌકિક પૂર્ણતા પદાર્થસંબંધી છે. બન્ને વચ્ચે ઊડીને આંખે વળગે એવો તફાવત એ છે કે આત્મગુણોસંબંધી પૂર્ણતા પોતીકી છે–સ્વાભાવિક છે. જ્યારે પદાર્થો–સંબંધી પૂર્ણતા પરાયી છે – વૈભાવિક છે. સ્વયં ગ્રન્થકાર ભગવંત એનો ભેદ સમજાવવા વાક્યપ્રયોગ કરે છે કે "सा याचितकमण्डनम्." આપણે એનો થોડો વિચારવિસ્તાર કરીએ.

ધારો કે ઘરે લગ્ન જેવો પ્રસંગ છે અને વ્યક્તિની શક્તિ ઝાઝી ન હોવાથી સુવર્ણ અલંકારો કોઈ સ્નેહી–સ્વજનો પાસેથી યાચીને લઈ આવી છે. હવે અલંકારો પરિધાન કરી વ્યક્તિ પ્રસંગ દીપાવે તો ય 'હું લાખો રૂ.ના આભૂષણો ધરાવતો શ્રીમંત છું' આવું ગૌરવ એ અનુભવી નહિ શકે. કેમ કે એને સ્પષ્ટ ખ્યાલ છે કે આ આભૂષણો તો પરાયાં છે. પ્રસંગ બાદ એ મારે પરત આપી દેવાના જ છે. ગ્રન્થકાર આ ઉદાહરણ દ્વારા એમ સમજાવે છે કે જેમ માંગીને લવાયેલ પરાયા આભૂષણો ગૌરવરૂપ બની નથી શકતા, એમ પુણ્યકર્મ પાસેથી જાણે કે યાચીને લવાયેલ સમૃદ્ધિ–રૂપ–બલ–પ્રજ્ઞા–સત્તા વગેરે પરાયા–પૌદ્ગલિક પદાર્થો પણ ગૌરવરૂપ બની શકતા નથી. લગ્નપ્રસંગ પૂર્ણ થતાં જેમ પરાયાં આભૂષણોને અલવિદા આપવી જ પડે એમ પુણ્યોદય પૂર્ણ થતાં જ સમૃદ્ધિ–રૂપ વગેરે પૌદ્ગલિક–પરાયા પદાર્થોને અલવિદા આપવી જ પડે.

'જ્ઞાનસાર' ગ્રન્થ પર સરસ ટીકા રચનાર પંન્યાસ ગંભીરવિજયજી ગણિવરે ટીકામાં આ જ પદાર્થ પર મજાની પ્રસ્તુતિ કરી છે કે પોતીકા અલંકારોમાં બે ફળ પ્રાપ્ત થાય છે : (૧) ગૌરવ પ્રગટાવતી શારીરિક શોભા અને (૨) જીવનનિર્વાહની સમસ્યા આવે તો [અલંકાર વેચવા દ્વારા] એ સમસ્યાથી મુક્તિ. આભૂષણો પરાયાં હોય તો જેમ બેમાંથી એક પણ લાભ પ્રાપ્ત ન થાય તેમ

પરાયી અર્થાત્ સંપત્તિ આદિજન્ય પૌદ્ગલિક પૂર્ણતાથી આ જન્મમાં ઉપશાંતિરૂપ શોભા કે પરલોકમાં દુર્ગતિથી મુક્તિઃ આ બેમાંથી કોઈ લાભ થતો નથી.

જ્યારે આનો મુકાબલે આત્મગુણોસંબંધી પોતીકી પૂર્ણતાની મહત્તા ન્યારી છે. જેમ જાતિવંત ઉત્તમ રત્નની કાંતિ–તેજ સદાકાળ એની સાથે ને સાથે રહે, કોઈ એને છિનવી ન શકે. તેમ આત્મગુણોસંબંધી પૂર્ણતા પણ સદાની સાથી બની રહે છે, એને કોઈ છિનવી ન શકે. માટે જ આત્માર્થી સાધકે સમૃદ્ધિ આદિરૂપ બાહ્ય પૂર્ણતાની પ્રાપ્તિ કાજે કોઈ લક્ષ્ય રાખવું નહિ, બલ્કે આત્મગુણોરૂપ અભ્યંતર પૂર્ણતાની પ્રાપ્તિ કાજે લક્ષ્ય રાખવું જોઈએ એમ ગ્રન્થકારનો નિર્દેશ છે.

હવે જો આત્મગુણો સંબંધી પૂર્ણતાની પ્રાપ્તિની જ જ્ઞાનદષ્ટિ કેળવાઈ હોય તો સંપત્તિ –રૂપ–આરોગ્ય–પ્રભુત્વાદિ બાહ્ય પદાર્થોની ઉપલબ્ધિ અલ્પ હોય યા ન હોય તો ય આત્માર્થી સાધકનું ચિત્ત ઉદ્વિગ્ન ન થાય. સંપત્તિ આદિ માટે એની તૃષ્ણાઓ–લાલસાઓ ઉત્તેજિત ન થાય. એનું જીવનસૂત્ર આ હોય કે ‘‘तदुपेक्षैव पूर्णता.’’ એની ઉપેક્ષા જ આત્મિક પૂર્ણતા તરફ લઈ જતો એક સરસ ઉપાય છે. કેવી હોય એ ઉપેક્ષા? તે જાણવા માટે દષ્ટિપાત કરીએ ચક્રવર્તી સમ્રાટમાંથી ચારિત્રધર શ્રમણ બનેલ સનત્કુમારમુનિવરની જીવનઘટના પરઃ

દેવોનાં દિવ્ય સૌંદર્યને ય ટક્કર મારે એવી અદ્ભુત રૂપસંપદા હતી ચક્રવર્તી સમ્રાટ સનત્કુમારની. પરંતુ એક વાર માત્ર જૂજ સમયમાં દેહમાં રોગ પ્રવેશ્યાનો ખ્યાલ આવતા વિરાગની ધારામાં ઝીલીને એમણે સામ્રાજ્યનો ત્યાગ કરી સંયમ સ્વીકાર્યો. સંયમજીવનમાં અલબત્ત આરોગ્ય નામે બાહ્ય–પૌદ્ગલિક ઉપલબ્ધિ જાળવવાનો ઈન્કાર નથી કરાયો, કિંતુ જેઓ ઉચ્ચતર સાધનામાં રત હોય તેઓ એની પણ ઉપેક્ષા કરતા હોય છે. સનત્કુમારમુનિવર આ સ્તરના સાધક હોવાથી તેમણે કાયાની માયા ત્યાગી આરોગ્યની ય ઉપેક્ષા કરી.

સનત્કુમારમુનિવરની દેહાધ્યાસથી પર રહેવાની આ સાધનાની પરીક્ષા કરવા બે દેવો ધન્વંતરી વૈદ્યનું રૂપ ધરીને એમની પાસે આવ્યા. એ બોલ્યાઃ ‘‘ભંતે! આપના તમામ રોગોને જડમૂળથી નષ્ટ કરી દે એવા રામબાણ સમા ઔષધો અમારી પાસે છે. જો આપ સંમતિ આપો તો અમે આપની સારવાર

કરીએ''. સનત્કુમારમુનિવરે સસ્મિત વદને કહ્યું:'' શું તમે આત્મરોગોનું નિવારણ કરી શકો ખરા ? તો હું જરૂર તમારી સારવાર સ્વીકારું''. દેવોએ ઇન્કાર કરતા કહ્યું: ''અમે તો માત્ર શારીરિક રોગોનું જ નિવારણ કરી શકીએ. આત્મરોગોનું નિવારણ તો આપે સ્વીકારેલ સાધનામાર્ગ જ કરી શકે.'' સનત્કુમારમુનિવર તપ અને સાધનાબળે અનાયાસે જ કેટલીક લબ્ધિઓ–વિશિષ્ટ શક્તિઓ પામ્યા હતા. એમાંની એક શક્તિનો પ્રયોગ કરતાં એમણે પોતાનું થૂંક રોગગ્રસ્ત આંગળી પર લગાવ્યું. માત્ર બે ક્ષણમાં એ આંગળી નિરોગી–તેજસ્વી બની ગઈ. મુનિવરે કહ્યું:''શારીરિક રોગનાં નિવારણની તાકાત તો મારાં થૂંકમાં ય છે. પરંતુ મને એ આરોગ્યની કોઈ તમા નથી. એથી હું એની ઉપેક્ષા કરું છું.''

દેવો સ્તબ્ધ થઇ ગયા સનત્કુમાર મુનિવરના આ સત્ત્વથી–આ ખુમારીથી. સામાન્યતઃ શારીરિક આરોગ્યની અપેક્ષા સહુને હોય. ભલે એ બાહ્ય–પૌદ્ગલિક બાબત હોય, તો ય એના અભાવમાં વ્યક્તિની સાધનાને–પુરુષાર્થને ઠેસ પહોંચતી હોવાથી અને દીનતા–હીનતા–લાચારીનો અનુભવ થતો હોવાથી ભલભલાને એની આવશ્યક્તા હોય. પરંતુ સનત્કુમારમુનિવરની અદીનવૃત્તિ–ખુમારી–સત્ત્વશીલતા 'જ્ઞાનસાર'ની પ્રથમાષ્ટકની આ પંક્તિ ચરિતાર્થ કરતી હતી કે ''पूर्णानन्दस्य तत्किं स्याद्, दैन्यवृश्चिकवेदना ?'' મતલબ કે જેમની જ્ઞાનદષ્ટિ જાગૃત છે એ પૂર્ણતા તરફ ગતિશીલ સાધકોને દીનતારૂપ વીંછીના ડંખ શે લાગે ? એ તો સદાય દીનતારહિત–ખુમારીસભર હોય.

પૂર્ણતાષ્ટકના છટ્ઠા શ્લોકમાં ગ્રન્થકાર એવી મસ્ત પ્રસ્તુતિ કરે છે કે જેમાં આત્મિક ગુણોની પૂર્ણતા તરફ ગતિશીલ સાધકની વિશિષ્ટતાની સાથોસાથ કલ્પનાશીલતાની કમાલ પણ વ્યક્ત થાય. એ રજૂઆતનો સાર કાંઇક આવો છેઃ આ સૃષ્ટિમાં એમ નિહાળાય છે કે જે ભરાય તે પૂર્ણ થતું જાય અને જે ખાલી થાય તે અપૂર્ણ થતું જાય .જેમ કે ધનભંડાર જેમ જેમ ભરાતો જાય તેમ તેમ પૂર્ણ થતો જાય અને જેમ જેમ ખાલી થાય તેમ તેમ અપૂર્ણ થતો જાય. પરંતુ આત્મિક પૂર્ણતા તરફ ગતિશીલ સાધકની સ્થિતિ આ નિયમથી સાવ વિપરીત છતાં એકદમ અદ્ભુત છે. એ સાધક (સંપત્તિ–સત્તા–સ્વજનાદિ બાહ્ય પદાર્થોથી) જેમ જેમ

ખાલી થતો જાય અર્થાત્ એનો ત્યાગ કરતો જાય તેમ તેમ એ પૂર્ણ થતો જાય અને જો એ સન્માર્ગથી ચલિત થઈ (સંપત્તિ–સત્તાદિથી) જેમ જેમ ભરાતો જાય તેમ તેમ આત્મિક દૃષ્ટિએ અપૂર્ણ થતો જાય. આ પ્રસ્તુતિમાં ગ્રન્થકારની તત્ત્વદૃષ્ટિની સાથે કલ્પનાદૃષ્ટિ પણ ખૂબ સરસ અભિવ્યક્ત થાય છે. આ રજૂઆતનો તાત્ત્વિક સાર એ છે કે જેઓ આત્મદૃષ્ટિએ પૂર્ણ થવા ચાહે છે તેમણે બાહ્ય પદાર્થોથી–એની આસક્તિથી મુક્ત થવાની સજ્જતા કેળવવી જ જોઈએ.

આવી સજ્જતા જેમણે કેળવી હોય એમની સ્થિતિ કેવી શ્રેષ્ઠ હોય એની સરખામણી પૂર્ણતાષ્ટકના સાતમા શ્લોકમાં સરસ છે. ત્યાં જણાવાયું છે કે જેઓ બાહ્ય પદાર્થોથી પૂર્ણ થવા મથે છે તે સમ્રાટો પણ અન્યો કરતા પોતાનું ઐશ્વર્ય ન્યૂન નિહાળતા હોય છે. એથી વિપરીત જેઓ આત્મગુણોથી પૂર્ણ થવા પ્રયાસશીલ હોય છે તેઓ, ભલે ને પાસે કોઈ ભૌતિક ઉપલબ્ધિ ન હોય તો ય, જાતને ઈન્દ્ર જેવી ઐશ્વર્યશાળી સમજે છે, કેમ તેઓ માને છે ? એ આપણે એક નાનકડા દૃષ્ટાંત દ્વારા સમજીએ :

એક દિગ્વિજયી સમ્રાટને ખબર પડી કે નિકટના જંગલમાં કોઈ મહાન સાચા સંત છે. એથી એ એમને મળવા ત્યાં પહોંચી ગયો. સંતને નમન કરતાં એણે પોતાનો પરિચય આપ્યો કે ‘‘હું દિગ્વિજયી સમ્રાટ છું.’’ તુર્ત જ આ શબ્દો પર સંતે નિર્ભીક ઉત્તર આપ્યો કે ‘‘ના રે ના, સમ્રાટ તો હું છું. તું તો માત્ર ભિખારી છે’’. સમ્રાટને આઘાત લાગ્યો. ત્યાં જ સંતે સ્પષ્ટતા કરી : ‘‘રાજા, જેની લાલસાઓ–તૃષ્ણા વધારે એ ભિખારી ને જેનામાં સંતોષ વધુ એ સમ્રાટ. લાખોની હત્યા કરી તું તારી રાજલાલસા પુરવાર કરી રહ્યો છે માટે તું સૌથી મોટો ભિખારી છે. જ્યારે હું એક પણ ચીજની જરૂરિયાત ન રાખીને મારો સંતોષ પુરવાર કરું છું માટે હું સૌથી મોટો સમ્રાટ છું.’’ સમ્રાટ ચકિત થઈ ગયો આ નવા ગણિતથી...

છેલ્લે એક મજાની વાત : ગુણોની અભિલાષા સુખ તરફ લઈ જાય... પદાર્થોની અભિલાષા દુઃખ તરફ લઈ જાય... ◆◆◆

3

# આધ્યાત્મિક જ્ઞાનદશામાં મગ્ન થયેલ જિતેન્દ્રિય સાધકનાં આંતર સુખની કોઈ સીમા નથી હોતી !

સંગીતના જબરજસ્ત આશિક સમ્રાટના દરબારમાં વિશ્વનો પ્રથમ હરોળનો ઉસ્તાદ સંગીતકાર એની કળા પેશ કરવા આવ્યો. સમ્રાટ મર્મી સંગીતજ્ઞ હતો. એથી એણે નક્કી કર્યું કે આવા કલાકારને માણવા Mass ની નહિ, Class ની જરૂર છે. સમ્રાટે એક વિ–લક્ષણ લાગે તેવો આદેશ જાહેર કર્યો કે ‘‘વિશ્વના પ્રથમ ક્રમાંકિત સંગીતકારની મહેફિલ માણવા કોઈએ ફી આપવાની નથી. માત્ર એક જ શરતનું પાલન કરવાનું છે કે સંગીતનો માહોલ ચાહે તેવો ઉત્કૃષ્ટ હોય તો ય કોઈએ મસ્તક ડોલાવવું નહિ. જે ભૂલમાં પણ મસ્તક ડોલાવશે એનો તત્કાલ શિરચ્છેદ થઈ જશે. દરેક શ્રોતાની પાછળ ખુલ્લી તલવારે સૈનિકો ઊભા જ હશે.’’

નગરમાં સંગીતનો Craze ધરાવનાર વર્ગ ખૂબ વિશાલ હતો અને એ સહુ આ World-best સંગીતકારને માણવા તલપાપડ

હતા. પરંતુ સમ્રાટની આ વિચિત્ર ઘોષણાથી તેઓએ ડરીને મહેફિલમાં જવાનું માંડી વાળ્યું. મોત સાથે રમત કોણ આદરે, ભલા? કિંતુ તો ય સો મરજીવા એ મહેફિલ માણવા તૈયાર થયા ખરા. એમણે દૃઢ નિર્ણય કર્યો હતો કે ગમે તેવું દિવ્ય સંગીત બજે, પણ મસ્તક ડોલી ન જાય એની સાવધાની રાખીશું જ. નિયત સમયે રાજદરબારમાં મહેફિલ યોજાઇ. સંગીતકારની અવ્વલ કક્ષાની સૂરાવલિમાં એ સોમાંની નેવું વ્યક્તિએ તો જીવનું જોખમ સતત નજર સમક્ષ રાખીને શિર ન જ ડોલવા દીધું. પરંતુ દશ આશિકો એ દિવ્ય સંગીતમાં ગુલતાન થઇ શિર ડોલાવી બેઠા.

અને...આશ્ચર્ય! ખુલ્લી તલવારે ખડા રહેલ સૈનિકોએ એમનો શિરચ્છેદ તો ન કર્યો. પરંતુ મહેફિલના અંતે સમ્રાટે નવી ઘોષણા કરીઃ ‘‘આ નગરમાં સંગીતના ખરા આશિકો કોણ છે એ પરખવા જ મેં આ કડક ઘોષણા કરી હતી. સાચી સંગીતપ્રેમી આ દશ જ વ્યક્તિઓ છે. આજે આ World-best સંગીતકારે જે કળા દર્શાવી એ માત્ર Trailer છે. ખરું Picture આવતીકાલે માત્ર આ દશ સાચા સંગીતપ્રેમીઓ સમક્ષ સંગીતકારની શ્રેષ્ઠ કળારૂપે રજૂ થશે. આ દશ જ તે દિવ્ય સંગીત માણવાના સાચા અધિકારી છે. કેમ કે તેઓ સંગીતમાં નખશિખ તન્મય થઇ ગયા હતા...’’

જાનની પણ પરવા વિનાની આ તન્મયતાને જ કહેવાય છે મગ્નતા. ક્ષેત્ર દુન્યવી હો કે આત્મિક, સફળતાની એક પૂર્વશરત છે મગ્નતા–તન્મયતા. જ્યાં મગ્નતા છે, અસ્તિત્વનું પૂરેપુરું Investment છે, ત્યાં સફળતા બહુ આસાન છે. એક વૈજ્ઞાનિક આસપાસનું તમામ વિશ્વ વીસરી જઇ સંશોધનમાં મગ્ન–લીન બની જાય છે ત્યારે જ કોઇ નવી શોધ–નવું સંશોધન એ કરી શકે છે, તો એક ચિત્રકાર રાત–દિવસ ભૂલી જઇ ચિત્રમય બની જાય છે ત્યારે જ કો’ઉત્કૃષ્ટ કલાકૃતિ સર્જી શકે છે; રમતવીર લોહી–પાણી એક કરી Practice માટે સતત સમર્પિત–તન્મય રહે ત્યારે જ ઉત્કૃષ્ટ નામ–કામ કરી શકે છે, તો વિદ્યાર્થી બોર્ડપરીક્ષામાં તમામ મોજ–મસ્તી–રખડપટ્ટી પડતી મૂકી અભ્યાસમાં મગ્ન બની રહે ત્યારે ઉચ્ચ ક્રમાંક હાંસલ કરી શકે છે. આ દરેક દુન્યવી ઉદાહરણો એ પુરવાર કરે છે કે મગ્નતા–લીનતા કેવું મહત્ત્વનું પરિબળ છે.

આત્મસાધનાની સફળતા કાજે આ મગ્નતાને પ્રસ્તુત કરી છે સમર્થ જૈન શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે 'જ્ઞાનસાર' મહાગ્રન્થમાં બીજા અષ્ટકરૂપે. તેઓ એમ ફરમાવે છે કે જો પૂર્ણ થવાનું લક્ષ્ય હાંસલ કરવું જ છે તો મગ્ન બનવું જ રહ્યું. એમનો નિર્દેશ છે આધ્યાત્મિક જ્ઞાનમાં મગ્નતાનો. આ મગ્નતા કેળવવાનું માર્ગદર્શન પણ તેઓ જ પ્રથમ શ્લોકાર્ધમાં બહુ મજાનું આપે છે.

ગ્રન્થકાર ત્યાં કહે છે કે જો આધ્યાત્મિક જ્ઞાનમાં મગ્ન થવું છે તો પાંચે ય ઈન્દ્રિયનાં સમૂહ પર નિયન્ત્રણ આત્મસાત્ કરવું રહેશે. જો પાંચ ઈન્દ્રિયો સ્વેચ્છાચારિણી હોય તો વ્યક્તિ આત્મસાધનામાં મગ્ન ન થઈ શકે. અનિયન્ત્રિત ઈન્દ્રિયો મગ્નતામાં બાધક બને જ બને. સામાન્યપણે એવું નિહાળાય છે કે ઈન્દ્રિયો પ્રેય તરફ–ગમતી બાબતો તરફ જલ્દી આકર્ષાય છે. એ પ્રેય શ્રેય અર્થાત્ હિતકારી છે યા નહિ એની એને પરવા નથી હોતી. પ્રેય વિષયો શ્રેયસ્કર ન હોય તો ય ઈન્દ્રિયો એ તરફ પ્રબળપણે ખેંચાતી હોવાથી એનું નિયન્ત્રણ આવશ્યક છે.

કાન જો આકર્ષક છતાં અહિતકર શ્રવણમાં રચ્યા–પચ્યા રહેતા હોય કે આંખ મસ્ત છતાં વિકૃત દશ્યો જોવામાં લીન બની જતી હોય, જીભ સ્વાદિષ્ટ છતાં અભક્ષ્ય–ઉત્તેજક પદાર્થો આરોગવામાં તલપાપડ થઈ જતી હોય કે નાક–ત્વચા ઈષ્ટ છતાં પ્રતિબંધક વિષયોમાં આસક્ત બની જતા હોય ત્યારે એ મગ્નતામાં વિક્ષેપ સર્જે છે. માટે 'જ્ઞાનસાર' ગ્રન્થકાર લખે છે કે ''प्रत्याहृत्येन्द्रियव्यूहं.'' ભાવાર્થ કે ઈન્દ્રિયગણને મનગમતા વિષયોથી નિવારીને–ઈન્દ્રિય પર નિયન્ત્રણ કરીને મગ્નતા આત્મસાત્ કરવી.

ટીકાકાર પંન્યાસ ગંભીરવિજયજી મ. અહીં એક સરસ શબ્દપ્રયોગ કરે છે કે ''उपयोगदण्डप्रहारेण''. કલ્પના કરીએ કે ગાય વગેરેના વિશાલ ધણને નિયન્ત્રણમાં રાખવું હોય તો એનો માલિક ગોવાળ શું કરે? જરૂર પડ્યે એ દંડપ્રહાર કરે જ કરે. બસ, એ જ રીતે સાધક ઈન્દ્રિયગણને નિયન્ત્રિત રાખવા સતત ઉપયોગરૂપી–આત્મજાગૃતિરૂપી દંડ પ્રહાર કરે. સાર આ નિર્દેશનો એ છે કે ઈન્દ્રિયોને વશવર્તી રાખવા માટે સતત સાવધાની–નિરંતર ખબરદારી જરૂરી છે.

આ રીતે સતત આત્મજાગૃતિપૂર્વક ઈન્દ્રિયસમૂહને નિયન્ત્રિત રાખી જે અધ્યાત્મજ્ઞાનમાં લીન બને છે, મગ્ન બને છે એનાં આંતરસુખની કોઈ સીમા નથી હોતી. સ્વયં ગ્રન્થકાર એ અદ્‌ભુત આંતર સુખને વર્ણવતા મગ્નતાષ્ટકમાં આ મજેદાર શ્લોક પ્રસ્તુત કરે છે કે :–

ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।
नोपमेयं प्रियाश्लेषै - र्नापि तच्चन्दनद्रवैः ।।

ભાવાર્થ કે અધ્યાત્મજ્ઞાનમાં મગ્ન થઈ જનાર પુણ્યાત્માને જે સુખાનુભૂતિ હોય એ શબ્દોમાં ઢાળી શકાય તેમ નથી–કહી શકાય તેમ નથી. યુવાનોને મન આ સૃષ્ટિનું શ્રેષ્ઠ સુખ પ્રિયપાત્રનાં આલિંગનનું હોય છે, તો દાહજ્વરાર્ત દર્દીને મન આ વિશ્વનું શ્રેષ્ઠ સુખ ઉત્તમ ચંદનના વિલેપનનું હોય છે. આવાં આવાં કોઈ પણ સુખની તુલના અધ્યાત્મજ્ઞાનમગ્ન પુણ્યાત્માના સુખ સાથે રજમાત્ર પણ થઈ શકે નહિ.

જૈન આગમગ્રન્થો પૈકી એક મહાન આગમ છે ‘ભગવતી સૂત્ર’. એમાં છત્રીશહજાર તો પ્રશ્નોત્તરો મળે છે. એ આગમમાં પ્રભુ મહાવીર દેવે એમ ફરમાવ્યું છે કે આત્મસાધક શ્રમણનો સંયમપર્યાય જેમ જેમ વૃદ્ધિ પામતો જાય તેમ તેમ એની તેજોલેશ્યા–સુખાનુભૂતિ વૃદ્ધિ પામતી જાય. બાર માસના અંતે તો એનું સુખ સર્વાર્થસિદ્ધ નામે સર્વોચ્ચ દેવવિમાનના દેવોથી ય અધિક વૃદ્ધિ પામી જાય. મહોપાધ્યાય યશોવિજયજી મ. ‘જ્ઞાનસાર’ ગ્રન્થમાં એ નિર્દેશ કરે છે કે આવું સુખ તે શ્રમણને હોય છે જે જ્ઞાનદશામાં–પરબ્રહ્મરૂપ અધ્યાત્મદશામાં મગ્ન હોય.

ટીકાકાર ભગવંત જ્ઞાનમગ્નતાથી સંપ્રાપ્ત થતા સુખની મહત્તા ત્રણ વિશેષણો દ્વારા દર્શાવે છે કે એ સુખ (૧) સ્વાધીન છે (૨) સ્વાભાવિક છે અને (૩) અપાયરહિત–નિર્દોષ છે. પંખો–એ.સી. આદિ દ્વારા સર્જાતું શીતલતાનું સુખ પરાધીન છે. Electricity ગાયબ થઈ જતાં કે Machinery ખોટકાઈ જતાં એ સુખ છિનવાઈ જાય છે. અધ્યાત્મજ્ઞાનની મગ્નતાથી સર્જાતું સુખ સંપૂર્ણ સ્વાધીન હોવાથી એને આવી કોઈ મર્યાદા નડતી નથી...ગેસ પર મૂકવાથી ગરમ–ગરમ થઈ ગયેલ પાણી આગથી દૂર થયા બાદ કોઈ વિશેષ

પ્રયાસ કરવામાં ન આવે તો પણ આપોઆપ ઠંડું થઈ જતું હોય છે. કારણ કે ગરમી એનો સ્વભાવ નથી, શીતલતા એનો સ્વભાવ છે. આ એમ પુરવાર કરે છે કે જે વિભાવરૂપ બાબત છે એ કાયમી ન ટકે. નિમિત્તવશ વિભાવરૂપ બાબત આવી જાય તો પણ નિમિત્ત હટતા જ એ વિભાવ પણ હટી જાય. રહે માત્ર સ્વભાવરૂપ બાબત. આત્માની અપેક્ષાએ જ્ઞાનદશા સ્વભાવરૂપ બાબત હોવાથી એની મગ્નતાથી સર્જાતું સુખ પણ સ્વાભાવિક ગણાય છે. એથી એ કાયમ ટકી રહે છે... શરદીના દર્દીને Ice-cream આરોગવામાં સુખનો–આનંદનો અનુભવ તો થાય છે. પરંતુ એ આનંદ નિર્દોષ નથી હોતો. સરવાળે એનાથી શરદી અનેકગણી વધી જતી હોવાથી Ice-cream ના ભોગનું સુખ નિર્દોષ નથી, બલ્કે દોષિત છે. જ્ઞાનમગ્નતાનું સુખ કોઈ પણ દોષનું કારણ ન બનતું હોવાથી બિલકુલ નિર્દોષ છે. જે સુખ આવું મહાન છે એ સુખની તુલના કોઈ દુન્યવી સુખ સાથે ન જ થાય કે એ સુખને સીમાતીત કહેવાય એમાં કોઈ આશ્ચર્ય નથી.

જે સાધક આત્મસુખમાં અર્થાત્ સ્વભાવસુખમાં મગ્ન છે એની જીવનશૈલી કેવી હોય એનો મજાનો નિર્દેશ મગ્નતાષ્ટકમાં ગ્રન્થકારે કર્યો છે કે ''कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते।'' ગ્રન્થકારની આ ગંભીર વાતને આપણે એકદમ સરલ શબ્દોમાં ઢાળીએ : ધારો કે એક મહાન મુશ્કેલ કાર્ય આપણે એટલું સરસ કર્યું કે એ આપણા માટે યશદાયી બની રહે. લોકો એ માટે આપણી મુક્ત મનથી પ્રશંસા કરે. આવી સ્થિતિમાં સમજદાર–પરિણતિસંપન્ન પુણ્યાત્મા એમ વિચારે કે 'આમાં મેં કાંઈ કર્યું નથી. હું તો નિમિત્તમાત્ર છું. જે કાંઈ થયું છે એ પ્રભુકૃપાથી જ થયું છે.' એ પોતાનાં કર્તૃત્વનો આ રીતે છેદ ઉડાડે. પરિણામ એ આવે કે કોઈ પણ તબક્કે એ આત્માને અહંકાર–અભિમાન નડે નહિ.

હવે વિચારીએ બીજી વાત. કેટલીક દુર્ઘટનાઓ જીવનમાં એવી ય બનતી હોય છે કે જે ભીતરને રાગ–દ્વેષ–શોક–પીડા વગેરે દુર્ભાવોથી ભરી દે. આવી સ્થિતિમાં સ્વસ્થતા જાળવી રાખવા કાજે સાક્ષિત્વ ખૂબ ઉપયોગી બને છે. ઉદાહરણરૂપે વિચારીએ તો, ઘરમાં નવો જ વસાવેલ મોંઘો Denner-set સફાઈ દરમ્યાન પત્નીથી ટુકડે–ટુકડા થઈ ગયો. હવે આ ઘટનાની બે પ્રતિક્રિયા આવી

શકે, એક, Denner-set પરની આસક્તિવશ વ્યક્તિ આવેશગ્રસ્ત થઈ પત્ની સાથે ઉગ્ર ઝઘડો કરી બેસે. અને બે, ભવિતવ્યતાવશ જે બની ગયું તેનું માત્ર સાક્ષીભાવે દર્શન કરે. એ જાતને સ્વસ્થ રાખવા વિચારે કે ''તૂટનારું તૂટે, ફૂટનારું ફૂટે, એમાં તું શું કામ માથાં ફૂટે ?'' આ રીતે એ ઘટનાથી નિર્લેપ રહેવાની કોશિશ કરે. અરે ! સાધનાની પરાકાષ્ઠાએ પહોંચેલ ગજસુકુમાલ મહામુનિએ તો, મસ્તક ઉપર ધગધગતા ખેરઅંગારા ભરી જાન લેવાનો ઉપસર્ગ કરાયો ત્યારે ય સાક્ષિભાવના શિખર પર આરૂઢ થઈ આ કાબિલેદાદ વિચારણા કરી હતી કે :–

**મારું કાંઈ બળતું નથી જી, બળે બીજાનું એહ;**
**પાડોશીની આગમાં જી, આપણું અળગું છેહ...**

આવી સાક્ષિત્વની વિચારણાનું સમ્યક્ પરિણામ એ આવે કે ખરાબમાં ખરાબ દુર્ઘટનામાં ય વ્યક્તિ આવેશ–વૈર આદિથી ગ્રસ્ત ન બને. સ્વભાવ–સુખમાં મગ્ન તત્ત્વાવલોકી પુણ્યાત્માઓની જીવનશૈલી આથી જ આવી હોય છે કે ન ક્યાંય કર્તૃત્વ, સર્વત્ર સાક્ષિત્વ.

કર્તાભાવની ગર્તામાંથી બહાર આવી જઈને જે સાક્ષિભાવના શિખર પર સમારૂઢ થયા છે તે જ્ઞાન–ધ્યાનનિમગ્ન મહાન આત્માના બે મસ્ત લક્ષણો મગ્નતાષ્ટકના અંતિમ શ્લોકમાં ગ્રન્થકારે આ દર્શાવ્યા છે કે (૧) એમની દૃષ્ટિમાં કૃપાવૃષ્ટિ અને (૨) એમનાં વચનમાં અમીવૃષ્ટિ હોય છે. ભલે ને સામી વ્યક્તિ હાડોહાડ વિરોધી હોય કે જીવ લેવા તલસતી હોય તો ય એના પ્રત્યે એમની દૃષ્ટિમાં કૃપા અને વચનમાં અમી જ છલકાય. કારણ એ છે કે અધ્યાત્મમગ્ન તે પુણ્યાત્માઓ સાક્ષિભાવના–સમભાવના શિખર પર આરૂઢ હોય છે. યાદ કરીએ આપણે આ સંદર્ભમાં પ્રભુ મહાવીરદેવનો જ સાધનાકાલીન પ્રસંગ :

સાધનાકાળમાં પ્રભુને થયેલ ઉપસર્ગોમાં એક ઉલ્લેખ મળે છે દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિકના ઉપસર્ગનો. એવો ખુંખાર કાતિલ એ સર્પ હતો કે એની ઝેરીલી નજરમાત્રથી આકાશમાં ઉડતા પંખીઓ અને નિકટ ફરકતા પશુઓ તરફડીને મરી જતા. માનવી તો એ વિસ્તારમાં જવાની હિંમત જ ન કરતો. છતાં પ્રભુ સાધનાકાળમાં એ વિસ્તારમાં પધાર્યા. ક્રોધાવિષ્ટ ચંડકૌશિકે ત્રણ ત્રણ વાર ઝેરીલી દૃષ્ટિથી અને એમાં કામિયાબી ન મળતા કાતિલ ડંખથી પ્રભુને ખતમ

કરવાની ક્રૂર કોશિશ કરી. કિંતુ અતિશાયી શક્તિ ધરાવતા પ્રભુને કોઈ નુકસાન ન થયું. સર્પની આ ક્રૂર હરકતો અનુભવવા છતાં પ્રભુએ એના પર કેવલ કૃપાવૃષ્ટિભરી દૃષ્ટિ જ રાખી અને અમીવૃષ્ટિભર્યાં વચનો ઉચ્ચાર્યાં કે ''બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા મા મુજ્ઝ''. આ બન્ને વૃષ્ટિની જુગલબંદીએ ચંડકૌશિક જેવા ક્રૂર સર્પનો ઉદ્ધાર કર્યો અને એ અનશનપૂર્વક સમાધિ મૃત્યુ પામી આઠમા દેવલોકે પ્રતિષ્ઠિત થયો.

આવો, આપણે મગ્નતાષ્ટકના પ્રેરણાપાથેયમાંથી બે બાબતો અચૂક આત્મસાત્ કરીએ કે કર્તાભાવ નહિ, સાક્ષિભાવ વિકસાવીએ અને દૃષ્ટિમાં કરુણા–વાણીમાં અમી પ્રગટાવીએ... ◆◆◆

# ૪

# પૂર્ણ સુખનો ખજાનો આપણી ભીતરમાં જ છે. પરંતુ સ્થિરતાયોગ વિના એનું દર્શન શક્ય નથી.

'મહાભારત'ની એક ઘટના ખૂબ જ પ્રેરક છે કે જ્યારે પાંડવો-કૌરવોનો વિદ્યાભ્યાસ ચાલી રહ્યો હતો ત્યારે એક વાર વિદ્યાગુરુ દ્રોણાચાર્યે એમનું ધનુર્વિદ્યાસંબંધી કૌશલ્ય પરખવા કસોટી યોજી હતી. પરીક્ષાનો કડક નિયમ એ હતો કે રાજકુમારોએ દૂર-સુદૂરના વૃક્ષ ઉપર રખાયેલ માટીની નાની શી ચકલીની ડાબી આંખ બાણ ચલાવીને વીંધવી. જો કે એમાં સફલતા વરવાની શક્યતા અત્યલ્પ હતી. છતાં દરેક રાજકુમાર હોંશે હોંશે પોતાનું કૌશલ્ય અજમાવવા તૈયાર થઈ ગયો.

પરંતુ ધનુષ્-બાણથી સજ્જ દરેક રાજકુમારને ગુરુ દ્રોણાચાર્ય પહેલા એક પ્રશ્ન પૂછતા કે ''તને સામે શું દેખાય છે?'' યુધિષ્ઠિર વગેરે દરેક રાજકુમારે કહ્યું કે ''અમને સામે ઘેઘૂર વૃક્ષ-એની ડાળીઓ અને એમાં સૌથી ઉપરની ડાળી પર ચકલી દેખાય છે.'' જાડી બુદ્ધિના મહાકાય ભીમે તો એથી ય આગળ વધીને

કહ્યું કે ''મને તો વૃક્ષ–એની બાજુનું સરોવર–એની પાછળની પર્વતમાળા–આકાશમાં ઊડતા પંખીઓ વગેરે બધું જ દેખાય છે.'' ગુરુએ દરેકને બાણ ચલાવવાની પરવાનગી જ ન આપીને પરીક્ષામાં નાપાસ કર્યા. છેવટે ક્રમ આવ્યો અર્જુનનો. એણે પૂર્વોક્ત પ્રશ્નનો ઉત્તર આપ્યો કે ''મને માત્ર ચકલીની ડાબી આંખ જ દેખાય છે, એ સિવાય કાંઇ જ નહિ.'' પ્રસન્ન થઇ ગયેલ ગુરુએ એને બાણ ચલાવવાનો આદેશ કર્યો અને અર્જુને આબાદપણે એ માટીની ચકલીની ડાબી આંખ વીંધવાનું અતિ મુશ્કેલ લક્ષ્ય સિદ્ધ કર્યું. દ્રોણાચાર્યે સમગ્ર ઘટનાક્રમનું વિશ્લેષણ કરતાં રાજકુમારોને સમજાવ્યું કે ''અર્જુનની દૃષ્ટિ માત્ર ને માત્ર લક્ષ્ય ઉપર સ્થિર હતી. માટે એ લક્ષ્યવેધ કરી શક્યો. જ્યારે તમારા સહુની દૃષ્ટિ લક્ષ્ય સિવાય અન્યત્ર જ્યાં–ત્યાં ભટકતી હતી. એથી તમે બાણ ચલાવ્યું હોત તો ય લક્ષ્ય સિદ્ધ ન કરી શક્યા હોત.''

'જો દૃષ્ટિ માત્ર લક્ષ્ય પર સ્થિર હોય તો જ લક્ષ્ય સિદ્ધ થઇ શકે' આવો દ્રોણાચાર્યનો વિશિષ્ટ માપદંડ આપણને એક પ્રેરક સંદેશ આપી જાય છે કે પ્રત્યેક કાર્યસિદ્ધિમાં સ્થિરતા ખૂબ અગત્યનું પરિબળ છે. વ્યવહારજગતમાં આ તથ્ય આપણે અનેક પ્રસંગોમાં સત્ય પુરવાર થતું નિહાળી શકીએ છીએ. જેમ કે એક બાળક ખૂબ ચંચળ હોય–અભ્યાસ સમયે થોડી વાર પણ સ્થિરતા રાખીને ભણે નહિ તો એ પ્રાજ્ઞ–હોંશિયાર હોવા છતાંય અભ્યાસ સરસ પૂર્ણ કરવાનું લક્ષ્ય સિદ્ધ ન કરી શકે. એના મુકાબલે અલ્પ ક્ષયોપશમ–હોંશિયારી ધરાવતો બાળક પણ જો પૂરી સ્થિરતાથી એકાગ્રભાવે અભ્યાસ કરે તો એ અભ્યાસનું લક્ષ્ય સરસ સિદ્ધ કરી શકે...એક વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં પૂરી સ્થિરતાથી દત્તચિત્તે સંશોધન કરવાના બદલે વિક્ષિપ્ત મનથી અલગ અલગ વિચારોમાં પહોંચી જઇને સંશોધન કરે તો એ Genius હોવા છતાં સંશોધનનું લક્ષ્ય સિદ્ધ ન કરી શકે, એના મુકાબલે એકાગ્રભાવે સ્થિરતાપૂર્વક કાર્યરત વિજ્ઞાની વધુ સરસ રીતે સંશોધનનું લક્ષ્ય સિદ્ધ કરી શકે... એક શ્રોતા સાવ અન્યમનસ્કપણે જાતજાતના અને ભાતભાતના અસંગત વિચારોમાં ઘૂમરાતા ઘૂમરાતા પ્રવચનશ્રવણ કરે તો એ ન તો પ્રવચનના ઉપકારક પદાર્થો યાદ રાખી શકે કે ન તો એનો કોઇ ઊંડો બોધ–લાભ પામી શકે. એના મુકાબલે સ્થિર ચિત્તે પ્રવચનશ્રવણ કરનાર શ્રોતા ઘણો વધુ લાભ પ્રાપ્ત કરી શકે...

સ્થિરતાનું આ મહત્ત્વ પિછાણીને 'જ્ઞાનસાર' ગ્રન્થકાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરે 'જ્ઞાનસાર' ના તૃતીય અષ્ટકમાં સ્થિરતાનું પ્રતિપાદન કર્યું છે. ક્ષેત્ર જો અધ્યાત્મનું છે તો ત્યાં સ્થિરતા અર્થાત્ ચંચળતાનો ત્યાગ અત્યંત આવશ્યક છે. સ્થિરતાયોગથી સાધક સાધનામાં ટકી શકે છે યાવત્ અવરોધો પાર કરીને પ્રગતિ કરી શકે છે. જ્યાં મન–વચન–કાયાના યોગોની ચંચળતા–અસ્થિરતા છે ત્યાં ટકી જવાની કે પ્રગતિ થવાની શક્યતા રહેતી નથી. મહોપાધ્યાયજી સ્થિરતાષ્ટકમાં અસ્થિરતા નામના દોષને બે વિલક્ષણ ઉપમા દ્વારા સમજાવે છે.

પહેલી ઉપમા આપે છે તેઓ ખટાશમય દ્રવ્યની. ધારો કે દૂધની તપેલી છલોછલ ભરી હોય તો એ દૂધથી ચા વગેરે બને અને પરિવારની નાસ્તા સાથેની આવશ્યકતા પૂર્ણ થાય. પણ જો એ દૂધની તપેલીમાં લીંબુ વગેરે ખટાશમય દ્રવ્યના છાંટા ભળી જાય તો? એ દૂધ ફાટી જાય–નષ્ટ થઇ જાય. ચા–કોફી બનાવવામાં એ જરા ય ઉપયોગી ન થાય.' 'જ્ઞાનસાર' ગ્રન્થકાર કહે છે કે પરિણતિચંચલતાનું અસ્થૈર્ય લીંબુ જેવા ખટાશમય દ્રવ્ય સમું છે, તો શુદ્ધ આત્મબોધરૂપ જ્ઞાન દૂધની તપેલી સમું છે. દૂધ જેમ માધુર્યનો આનંદ આપે છે એમ જ્ઞાન અનુપમેય સુખનો આનંદ આપે છે. દૂધ જેમ પુષ્ટિદાયક તત્ત્વ છે એમ જ્ઞાન સદ્ધર્મની પુષ્ટિ કરનાર તત્ત્વ છે. લીંબુરસથી જેમ દૂધ નષ્ટ થઇ જાય છે એમ પરિણતિચંચલતારૂપ અસ્થિરતાના લીંબુરસથી આત્મબોધરૂપ દૂધ નષ્ટ થઇ જાય છે. ગ્રન્થકાર આ દૂધ+ખટાશ દ્રવ્યની ઉપમા આપીને મૂળ ગ્રન્થમાં હિતશિક્ષા આપે છે કે ''इति मत्वा स्थिरो भव।'' મતલબ કે હે સાધક ! દૂધ + ખટાશ દ્રવ્યનાં આ ઉદાહરણને હૃદયસ્થ કરીને તું સાધનામાં સ્થિરતાયોગ કેળવજે.

અસ્થિરતાને–ચંચળતાને તે શાસ્ત્રકારે બીજી ઉપમા આ આપી છે કે એ મહાશલ્ય છે, શલ્ય અટલે? એવું પીડાદાયક ખતરનાક પરિબળ કે જ્યાં સુધી એ દેહમાં હોય ત્યાં સુધી વ્યક્તિ સહજતા અનુભવી ન શકે. એનો સતત ખટકો–પીડા એવી રહે કે એ પ્રવૃત્તિઓ પણ બરાબર ન કરી શકે. ઉદાહરણરૂપે છે પગમાં ઊતરી ગયેલ કાંટો કે ટાંચણી. એ જ્યાં સુધી પગમાં હોય ત્યાં સુધી વ્યક્તિને

ચેન ન રહે. એ સતત ખટકો અનુભવ્યા કરે અને સારી રીતે ચાલી ય ન શકે. કાંટા કે ટાંચણીરૂપ એ શલ્યને કાઢ્યા વિના કોઈ વિકલ્પ રહે નહિ. હોંશિયાર ડૉક્ટર યા વૈદ્ય પહેલા એ શલ્ય જ દૂર કરે, પછી ઘા પૂરવાનું ઔષધ આપે. આજના Operation માં પણ આ જ Theory હોય છે કે પહેલા શરીરનાં કોઈ અંગમાં લાગી ગયેલ બંદૂકની ગોળી વગેરેરૂપ શલ્ય ચાહે તેવા ઊંડા ઊતરી ગયા હોય તો ય એને કોઈ પણ ભોગે દૂર કરાય. પછી જ શક્તિપ્રદ ઔષધ અપાય. જો એ શલ્યોદ્ધાર કર્યા વિના ઔષધ અપાય તો તે કારગત ન નીવડે.

અસ્થિરતાને ગ્રન્થકાર 'શલ્ય' શબ્દથી નહિ, 'મહાશલ્ય' શબ્દથી ઓળખાવે છે. કાંટો કે ટાંચણી જો શલ્ય છે, તો લોખંડનો ખીલો મહાશલ્ય છે. ખીલો જો પગમાં આરપાર ઊતરી ગયો હોય તો તો એને કાઢ્યા વિનાનો કોઈ ઔષધપ્રયોગ સફળ ન જ નીવડે એ સુપેરે સમજાય તેમ છે. ગ્રન્થકાર બહુ માર્મિક શબ્દોમાં સાધકની ફરિયાદનાં નિદાનરૂપે આ મહાશલ્યના ઉદ્ધારની વાત મૂળ અષ્ટકમાં પ્રસ્તુત કરે છે કે :–

अन्तर्गतं महाशल्य-मस्थैर्यं यदि नोद्धृतम्।
क्रियौषधस्य को दोष-स्तदा गुणमयच्छतः।।

કેટલાય સાધકો બહુ પ્રામાણિક ફરિયાદ કરતા હોય છે કે 'આટઆટલી ધર્મક્રિયાઓ–અનુષ્ઠાનો કરવા છતાં અમને શાંતિની અનુભૂતિ–કષાયોની મંદતા વગેરે ઉત્તમ ફળ પ્રાપ્ત કેમ થતાં નથી? પૂર્વકાલીન મહાત્માઓએ જે શ્રેષ્ઠ ફળો પ્રાપ્ત કર્યાં એનાથી અમે વંચિત રહ્યા હોવાનું કેમ મહેસૂસ થાય છે?' ગ્રન્થકારના આ શ્લોકમાંથી એનો પ્રતીતિજનક ઉત્તર મળી રહે છે કે ''ભીતરમાંથી અસ્થિરતા નામનું મહાશલ્ય દૂર કર્યું નથી તો પછી ધર્માનુષ્ઠાન–ધર્મક્રિયારૂપી ઔષધ ગુણકારી–લાભદાયી ક્યાંથી બની શકે? ધર્મક્રિયારૂપ ઔષધ લાભદાયી ન બને તો એમાં દોષ ક્રિયારૂપી ઔષધનો નથી, અસ્થિરતા–ચંચળતા નામે પેલા મહાશલ્યનો છે.''

કેવું માર્મિક–સચોટ નિદાન કરી આપ્યું છે ગ્રન્થકારે આ શ્લોકમાં! એ આપણને એક મહત્ત્વનો સંદેશ આપે છે કે ધાર્મિક ક્રિયાઓ–અનુષ્ઠાનો જરૂર કરો. પરંતુ એથી ય વિશેષ સ્થિરતાયોગ આત્મસાત્ કરવાનું લક્ષ્ય સતત દષ્ટિ

સમક્ષ રાખો. ખબર છે જૈન ઈતિહાસમાં અમર નામના વરેલ મન્ત્રીશ્વર પેથડશાહનો પેલો પ્રેરક જીવન પ્રસંગ?

માંડવગઢના રાજ્યના આ મન્ત્રીશ્વરે મન્ત્રીમુદ્રા સંભાળતા પૂર્વે ત્યાંના રાજવીને સ્પષ્ટતા કરી હતી કે ''હું નિત્ય સર્વપ્રથમ મારા પરમતારક પરમાત્માની પૂજા-ભક્તિ કર્યા બાદ જ રાજકાજ સંભાળવા રાજદરબારે આવીશ, તે પૂર્વે નહિ. વળી મારી પ્રભુપૂજા પણ નિયત પદ્ધતિ મુજબની રહેશે, એમાં ઉતાવળ કે પતાવટ નહિ થાય.''મન્ત્રીશ્વરની આ સ્પષ્ટતામાં ધર્મક્રિયા પ્રત્યેનો એમનો અદ્‌ભુત લગાવ વ્યક્ત થાય છે.

આ મન્ત્રીશ્વર એક વાર એમના રમણીય ગૃહજિનાલયમાં પ્રભુપૂજા કરી રહ્યા હતા. ત્યાં અચાનક મહત્ત્વનાં રાજકાર્ય માટે મહારાજાનો સંદેશવાહક સંદેશો લઈને આવ્યો કે, ''મહારાજા મન્ત્રીશ્વરને અબઘડી જ રાજમહાલયે તેડાવે છે.'' પરિવારજનોએ વિવેકી પ્રત્યુત્તર આપીને સંદેશવાહકને વિદાય કર્યો કે, ''પ્રભુભક્તિ પૂર્ણ થયા બાદ મન્ત્રીશ્વર તુર્ત રાજમહાલયે આવશે.'' કિંતુ મહારાજાને અતિ અગત્યનું કાર્ય હતું. એથી બીજી અને ત્રીજી વાર ઉપરાઉપરી સંદેશવાહક પાઠવ્યો. તો ય પ્રત્યુત્તર એ જ મળ્યો. આખર મહારાજા સ્વયં મન્ત્રીશ્વરના મહાલયે આવ્યા અને મન્ત્રીશ્વર ક્યાં છે? તેની પૃચ્છા કરી. મહારાજાનું ઔચિત્ય ખંડિત ન કરાય એમ સમજીને એમને પરિવારજનો ગૃહજિનાલયનાં દ્વાર સુધી દોરી લાવ્યા. ત્યાંનું દૃશ્ય નિહાળી મહારાજા ચકિત થઈ ગયા.

નયનરમ્ય જિનાલયમાં નિરવ શાંતિ હતી, મન્ત્રીશ્વર સ્થિરતાની પરાકાષ્ઠાએ પુષ્પો દ્વારા પ્રભુની આંગી કરતા હતા, એક સેવક એમને પુષ્પો આપતો હતો, તો મન્ત્રીશ્વર એવી ઉત્કૃષ્ટ સ્થિરતાથી ભક્તિ કરતા હતા કે પુષ્પો લેવાની ક્ષણોમાં ય તેઓ પાછું વાળીને નજરમાત્ર કરતા ન હતા. તાજુબ થઈ ગયેલ મહારાજાએ મન્ત્રીશ્વરની સ્થિરતાની કસોટી કરવાનું વિચાર્યું. ધીમા પગલે તેઓ સ્વયં મન્ત્રીશ્વર સુધી પહોંચી ગયા અને પુષ્પો આપતા સેવકને ઈશારાથી ઉઠાડી એનાં સ્થાને તેઓ પુષ્પો આપવા બેસી ગયા. ભક્તિમાં ત્રિકરણયોગે સ્થિર મન્ત્રીશ્વરને આ પરિવર્તનનો ખ્યાલ સુદ્ધા ન આવ્યો. એ તો

જ્યારે પુષ્પો આપવાના ક્રમમાં અણજાણ મહારાજાએ બે–ચાર વાર ભૂલો કરી ત્યારે પાછું વળીને જોતાં મન્ત્રીશ્વરને એ પરિવર્તનનો ખ્યાલ આવ્યો. મહારાજાએ મન્ત્રીશ્વરની અજબ સ્થિરતા પર મુક્ત મને પ્રશંસાનાં પુષ્પો વરસાવ્યા....

આવી મન–વચન–કાયાની સ્થિરતા જ ધર્માનુષ્ઠાનોને યથાર્થ ફળદાયક બનાવે છે, ક્રિયાને ક્રિયાયોગ બનાવે છે. એથી વિપરીત, જો ક્રિયામાં–અનુષ્ઠાનમાં મન–વચન–કાયાની ભરપૂર ચંચળતા હોય તો એ આરાધના યથાર્થ ફળદાયી નથી નીવડતી. માટે જ તો મૌનએકાદશીની સજ્ઝાયમાં આ હૈયું ઝકઝોરતી ધારદાર પંક્તિઓ લખાઈ છે કે : –

**કર ઉપર તો માળા ફરતી, જીવ ફરે જગમાંહી;**<br>**ચિત્તડું તો ચિહું દિશિએ ડોલે, ઈણ ભજને સુખ નાહી...**

અલબત્ત, આ નિરૂપણનું અવળું અર્થઘટન જરા પણ કરવાનું નથી કે જો મન વગેરેની ચંચળતા–અસ્થિરતા દૂર ન થતી હોય તો ધર્મક્રિયાઓ–આરાધનાઓ નિષ્ફલપ્રાયઃ હોવાથી એ કરવાની જરૂર નથી. રોગનું નિવારણ કરવા નિષ્ણાત વૈદ્ય જ્યારે ઔષધોપચારની સાથે ચરીપાલનની–પથ્યસેવનની તાકીદ કરે ત્યારે એનું અર્થઘટન એવું હરગિજ નથી કરાતું કે ચરી ન પળાય તો ઔષધનો ત્યાગ કરવો. ત્યાં એનું એટલું જ અર્થઘટન કરાય છે કે ઔષધ લેવું જ અને ચરીપાલનમાં બેદરકારી–અવ્યસ્થિતતા દૂર કરવી. બસ, એ જ રીતે પ્રસ્તુતમાં પણ એમ જ સમજવું કે ધર્મક્રિયા–અનુષ્ઠાનોરૂપ ભાવઔષધનું સેવન કરવું જ અને મન–વચન–કાયાની ચંચળતા–અસ્થિરતા દૂર કરવી. એ ચંચળતાનો ત્યાગ આગળ જતાં ભોગતૃષ્ણા–આસક્તિ આદિના ત્યાગ સુધી લઈ જવો કે જે પરિણતિની દઢ સ્થિરતા લાવી શકે.

સ્થિરતાષ્ટકના છેલ્લા શ્લોકમાં ગ્રન્થકાર એક મજાનો શાસ્ત્રીય પદાર્થ પ્રસ્તુત કરે છે. આત્મસાધના દ્વારા અંતિમ લક્ષ્ય સર કર્યા બાદ દરેક પુણ્યાત્મા સિદ્ધ બને છે. આ સિદ્ધભગવંતોમાં ક્રિયાત્મક ચારિત્ર હોઈ શકતું નથી. ટીકાકાર પંન્યાસ ગંભીરવિજયજી ગણિ આ સંદર્ભમાં પંક્તિ લખે છે કે : ''आगमे सिद्धानां चारित्रं निषिद्धं तत् क्रियात्मकम्।'' આમ છતાં એ જ

સિદ્ધભગવંતોમા અનંતચારિત્ર નામે ગુણ પણ દર્શાવાયો જ છે. 'જ્ઞાનસાર' ગ્રન્થકાર એનું રહસ્ય દર્શાવતા જણાવે છે કે ત્યાં–સિદ્ધભગવંતોમાં આત્મગુણોમાં સ્થિરતારૂપ ચારિત્ર હોય છે. જો સિદ્ધભગવંતો જેવા કૃતાર્થ પૂર્ણાત્માઓને પણ આત્મગુણોની નિશ્ચલતા–સ્થિરતારૂપ ચારિત્ર હોય, તો આપણા જેવા સાધકોએ સ્થિરતા આત્મસાત્ કરવાનું લક્ષ્ય કેમ ન કેળવવું જોઈએ ? કેળવવું જ જોઈએ... સાર આ સ્થિરતાષ્ટકનો એ છે કે દરેક આત્માર્થી સાધકે ધર્માનુષ્ઠાનોમાં પ્રથમ તબક્કે કાયા અને વચનની ચંચળતા દૂર કરવી, પછી મનની અને આગળ જતા પરિણતિની ચંચળતા લક્ષ્યપૂર્વક દૂર કરવી. તો એ સાધના એને સાધ્યની સિદ્ધિ તરફ અવશ્ય લઈ જશે.

છેલ્લે સ્થિરતાષ્ટકના પ્રથમ શ્લોકની જ એક મસ્ત વાતઃ **પૂર્ણ સુખનો ખજાનો આપણી ભીતરમાં છે, પણ સ્થિરતાયોગ વિના એનું દર્શન શક્ય નથી.**

◆◆◆

## ૫

# જેમણે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ પિછાણી લીધું છે તેમને કોઈ આસમાની–સુલતાની ચલિત કરી શકતી નથી...

ત્રણ બાબતો આ સંસારમાં એવી છે કે જેનો પ્રભાવ ઘણી વાર ચમત્કાર સમો–કલ્પનાતીત કહી શકાય તેવો અનુભવાય. એ ત્રણે ય નો નિર્દેશ કરતી એક પંક્તિ સંસ્કૃત સાહિત્યમાં આ મળે છે કે ''अचिन्त्यो हि मणि-मन्त्रौषधीनां प्रभावः।'' ભાવાર્થ કે કેટલાક ચિંતામણિરત્ન જેવા મણિનો, કેટલાક વિશિષ્ટ મન્ત્રોનો ને કેટલીક અલૌકિક ભાસે તેવી ઔષધિઓનો પ્રભાવ અચિન્ત્ય–ધારણાતીત હોય છે. આપણે એમાંથી અહીં સંક્ષેપમાં નિર્દેશ કરવો છે મન્ત્રનો.

આજે ય કેટલાક કિસ્સા એવા જાણવા–નિહાળવા મળે છે કે જેમાં વ્યક્તિ પોતાની પ્રવૃત્તિઓનું અને પોતાનાં અસ્તિત્વ સુદ્ધાનું સાન–ભાન વીસરી જાય. ત્યાં થયો હોય છે વશીકરણ મન્ત્રપ્રયોગ. જાણકારો કહે છે કે જેણે આ મન્ત્રપ્રયોગ કર્યો હોય એની ઈચ્છા મુજબનું પરતન્ત્ર વર્તન મન્ત્રની અસરમાં આવેલ

વ્યક્તિનું બની જાય. જ્યારે એ વ્યક્તિ મન્ત્રની અસરમુક્ત થઇ જાય ત્યારે એને ખુદને પોતાની અસંબદ્ધ પ્રવૃત્તિઓ પ્રત્યે આશ્ચર્ય થાય કે 'શું આ બધું મેં કર્યું હતું?' આ છે મન્ત્રશક્તિનો કલ્પનાતીત પ્રભાવ. અલબત્ત, કેટલોક વર્ગ મન્ત્રશક્તિનો આવો કોઇ પ્રભાવ સ્વીકારતો નથી. તો સામે પક્ષે એ ય વાસ્તવિકતા છે કે ઘણો વિશાલ સામાન્ય વર્ગ અને વિદ્વાન વર્ગ પણ મન્ત્રશક્તિનો પ્રભાવ સ્વીકારે છે.

આપણી પ્રસ્તુત લેખમાળા જેના આધારે આલેખાઇ રહી છે તે મહાન ગ્રન્થ 'જ્ઞાનસાર'ના ચતુર્થ અષ્ટકના પ્રારંભે એના સર્જક મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરે પોતાનો વિષય અસરકારકપણે રજૂ કરવા વાસ્તવસ્પર્શી કલ્પનારૂપે મન્ત્રનો ઉલ્લેખ કર્યો છે. જરા સમજીએ એમની આત્મકલ્યાણની દિશામાં લઇ જતી એ અદ્‌ભુત વાત.

તૃતીય અષ્ટકમાં એમનો વિષય હતો સ્થિરતા. આત્મગુણોમાં સ્થિરતા તે જ પ્રાપ્ત કરી શકે કે જે સાધકમાં મોહના ત્યાગનું લક્ષ્ય હોય યાવત્ મોહનો ત્યાગ હોય. મોહ એટલે ? રાગ-દ્વેષજનિત મૂઢતા. જ્યાં રાગ-દ્વેષની પરિણતિની તીવ્રતા હોય ત્યાં ચંચળતા જ હોય, આત્મ-ગુણોની સ્થિરતા ન હોય. એથી ચતુર્થ અષ્ટકના વિષયરૂપે એમણે કરેલ મોહત્યાગની પસંદગી એકદમ યોગ્ય-સાર્થક છે. પણ... સબૂર ! મોહનો ત્યાગ-મોહ પર વિજય જરા ય આસાન નથી, બલ્કે અત્યંત કઠિન છે. જૈન કર્મવિજ્ઞાનના અભ્યાસીઓને એ ખ્યાલ બરાબર હોય છે કે આઠે ય કર્મોમાં સૌથી ખતરનાક કર્મ આ મોહનીય છે. સાધનાનો લગભગ તમામ ભાગ આ મોહનીય પર વિજય પ્રાપ્ત કરવા કાજે જ વ્યતીત થતો હોય છે. છતાં આ મોહનીય કર્મ ભલભલા સાધકોને પછાડી દે છે. મહોપાધ્યાયજી 'જ્ઞાનસાર' ના મોહ-ત્યાગાષ્ટકના પ્રથમ શ્લોકાર્ધમાં મસ્ત કલ્પના કરે છે કે મોહ આટલો જોરાવર-દુર્જય છે એનું કારણ એની પાસેના બે મન્ત્રો છે. એવા એ બે મન્ત્રો છે જાણે કે તે પૂરા જગતને અંધ બનાવી દે છે. એ મન્ત્રથી વશવર્તી થયેલ દરેક જીવોને પોતે શું કરે છે એનો-સારાસારના વિવેકનો કોઇ ખ્યાલ રહેતો નથી. એ મન્ત્રો છે અહં અને મમ. મૂળ ગ્રન્થમાં એમણે આ મજેદાર પંક્તિ લખી છે કે :-

''अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।''

ભૂતકાલીન ઈતિહાસ નિહાળીએ કે સાંપ્રતની પ્રત્યક્ષ ઘટનાઓઃ એમાં એ ચોક્કસ ખ્યાલ આવે છે કે અહં અને મમનાં કારણે જેટલી ખાનાખરાબી થઇ છે એટલી કદાચ અન્ય કોઇ કારણે નથી થઇ. ચકાસીએ 'મહાભારત'નો ઈતિહાસ, તો એમાં મુખ્ય જવાબદાર જણાશે દુર્યોધનનો **અહં**. અહંકારવશ એ કોઇ જ સમાધાન માટે તૈયાર ન થયો અને છેલ્લે ત્યાં સુધી બોલી ગયો કે ''હું સોયની અણી જેટલી ભૂમિ પણ પાંડવોને આપીશ નહિ. જે મેળવવું હોય એ પાંડવો યુદ્ધ કરીને મેળવે.'' તો 'રામાયણ'ના યુદ્ધનું ય અંતિમ કારણ માત્ર રાવણનો અહંકાર જ હતો. જૈન રામાયણ કહે છે કે સીતાજી દ્વારા થતા સતત તિરસ્કારથી અંતે રાવણ એમનાથી વિમુખ થઇ ગયો હતો. આમ છતાં એણે સીતાજી રામને સુપરત ન કર્યા અહંકારનાં કારણે. એનું અહંકારી વલણ એ હતું કે 'હવે જો સીતાને સુપરત કરું તો હું રામથી ડરી ગયો ગણાઉં. માટે પહેલા યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી લઉં. પછી સીતાને સુપરત કરું'.

ઈતિહાસનાં આ બન્ને પાત્રોની ખાનાખરાબી અહંકારનાં કારણે જ સર્જાઇ હતી, તો આજે પણ કેટલા ય લોકો નાની-મોટી વાતોને Ego Issue બનાવી દઈ સામેથી ખાનાખરાબી નોંતરતા હોય છે. એટલે જ એક સુવાક્યમાં જણાવાયું છે કે ''**અહંકાર તો પતનની Pilot-Car છે.**''

લગભગ સમગ્ર જગતના વિવેકચક્ષુને બીડી દેતો મોહરાજાનો બીજો મન્ત્ર છે **મમ**. જ્યાં મમતા છે ત્યાં જ આસક્તિ અને આવેશનાં તોફાનો છે. ધારો કે એક વ્યક્તિ યા વસ્તુ ઉપર આપણાં મનમાં ખૂબ મમત્વ-પોતાપણાનો ભાવ છે તો એના પર આસક્તિનું બંધન જામવાનું જ.'આ વ્યક્તિ કે વસ્તુ મારી જ રહેવી જોઈએ' આ થયું બંધન. હવે જો એ વ્યક્તિ કે વસ્તુ કોઈ કારણસર આપણા હાથમાંથી સરકી ગઇ તો ત્યાં પ્રગટશે આવેશ. યુવાજગતમાં ઘણી વાર એવું નિહાળવા મળે છે કે એક પાત્રને વિજાતીય પાત્ર તરફ તીવ્ર આસક્તિ હોય. પરંતુ પછી ગમે તે કારણે એ વિજાતીય પાત્ર દૂર સરી જાય ત્યારે 'तु मेरी नहि तो और कीसीकी नहि' ના ઝનૂન સાથે તેજાબના હુમલા કરાવાય. આ તીવ્ર આવેશ થયો બંધન. આસક્તિ હો કે આવેશઃ બન્ને કર્મબંધ કરાવતા હોવાથી આત્મા માટે બંધનરૂપ જ છે. એમાં જવાબદાર છે મોહરાજાનો બીજો મન્ત્ર **મમ**.

જો મોહરાજા પાસે લગભગ જગત આખાને આવરી લેતા આ બે ખતરનાક સામર્થ્યયુક્ત મન્ત્રો છે તો એ મોહનો ત્યાગ–મોહ પર વિજય કઇ રીતે પ્રાપ્ત કરી શકાય? અષ્ટકના એ જ શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રન્થકાર વળી એક મસ્ત કલ્પના કરે છે કે આ મોહરાજાને આસાનીથી જીતી શકાય એવા બે પ્રતિમન્ત્રો જૈન શાસ્ત્રો પાસે પણ છે. એ બે પ્રતિમન્ત્રોનો બરાબર ઉપયોગ કરાય તો મોહરાજા પર વિજય મળે જ મળે. મોહરાજાના જે બે મન્ત્રો છે એની આગળ '**ન**' મૂકવાથી આ પ્રતિમન્ત્ર તૈયાર થાય છે. એટલે કે મોહને જિતનાર પ્રતિમન્ત્રો છે **નાહં** અને **ન મમ.** 'હું મુખ્ય–માલિક–શ્રીમંત વગેરે કાંઇ નથી' અને 'પત્ની–પરિવાર–પૈસો વગેરે કાંઇ જ મારું નથી' આવી વિચારણા સતત ઘૂંટવાથી મોહરાજા પર મજબૂત પ્રહારો થાય છે અને અંતે એને જીતી શકાય છે.

એક મહત્ત્વનો પ્રશ્ન અહીં એ ઉપસ્થિત થાય કે 'જો શ્રીમંત–સત્તાધીશ વગેરે પર્યાય તે હું નથી અને પત્ની–પરિવારાદિ મારા નથી, તો ખરેખર હું કોણ અને મારું કોણ?' આનો ઉત્તર મહોપાધ્યાયજી બીજા શ્લોકમાં એવો આપે છે કે જે માત્ર આત્માર્થી સાધકને છાજે. તેઓ જણાવે છે કે ''**શુદ્ધ આત્મદ્રવ્ય એ જ હું છું અને શુદ્ધ જ્ઞાન એ મારો ગુણ છે. આનાં કરતાં ભિન્ન ન તો હું છું, ન તો મારું કાંઇ છે.**'' કેવી સો ટચની શુદ્ધ આત્મલક્ષી વિચારધારા આ શ્લોકમાં ઝળકે છે!! જે આવી ઉત્તમ વિચારધારામાં રમે છે એ સાધકને અહં અને મમના મન્ત્રો શું કરી શકે? કાંઇ જ નહિ. ઉપરથી એમ બને કે 'શુદ્ધાત્મા એ જ હું અને જ્ઞાન જ મારો ગુણ' આ પરિણતિરૂપે આત્મસાત્ થતી વિચારણા તો મોહરાજાને આરપારના પ્રહારો કરતું ધારદાર શસ્ત્ર બની રહે. સ્વયં ગ્રન્થકારના જ આ શબ્દો છે બીજા શ્લોકમાં કે ''ह्यदो मोहास्त्रमुल्बणम्।''

હવે ઉલ્લેખ કરીએ એક વાસ્તવસ્પર્શી વિચારણીય બાબતનો કે જેઓ સર્વ જવાબદારીમુક્ત થઇ ફક્ત આત્મસાધનામાં લીન હોય એમના માટે 'હું શુદ્ધાત્મા, મારો ફક્ત જ્ઞાનગુણ' આવી વિચારધારા ઉપકારક બને. કિંતુ જેઓ સંસારની અનેક બાબતોમાં સંલગ્ન હોય–મમત્વસંબંધમાં ત્વરિત કલ્પી શકાય તે રીતે સંબદ્ધ હોય તેમના માટે પૂર્વોક્ત વિચારધારા ઉપકારક બની શકે ખરી? 'જ્ઞાનસાર' ગ્રન્થકાર આનો ઉત્તર હકારમાં આપતા હોય તેમ આ અષ્ટકના

ચતુર્થ શ્લોકમાં સરસ પ્રસ્તુતિ કરે છે કે સમગ્ર સંસાર જાણે કે મોહરાજાની રાજધાની જેવું નગર છે, મનુષ્યગતિ–તિર્યંચગતિ–દેવગતિ–નર્કગતિ એની મુખ્ય શેરી છે, અન્ય પણ અવાંતર ગતિઓરૂપ અનેક પેટા શેરીઓ ત્યાં છે, દરેક શેરીએ રહેલ જીવો એવાં નાટકનાં પાત્રો છે કે જે નાટકોનું સંચાલન મોહરાજાના હાથમાં છે. જીવો ખુદ એ નાટકોના દર્શકો પણ છે અને એમાં અભિનય કરનાર પણ છે.

દુનિયામાં જે દર્શક યા અભિનેતા વિવેકી દષ્ટિબિંદુ ધરાવે છે એને એ સ્પષ્ટ ખ્યાલ છે કે નાટકમાં જન્મ–મરણ–સત્તા–શ્રીમંતાઇ વગેરે જે કાંઇ રજૂ થાય છે એ માત્ર અભિનય છે, એમાં વાસ્તવિકતા જેવું કાંઇ નથી. આથી એ તે તે ઘટનાઓમાં સંલગ્ન થવા છતાં એનાથી અલિપ્ત રહી શકે. બસ, એ જ રીતે જે પુણ્યાત્મા 'હું શુદ્ધાત્મા છું, જ્ઞાન મારો ગુણ છે; એ સિવાયના સત્તા–શ્રીમંતાઇ આદિ મારા નથી' આવું વિવેકપૂર્ણ દષ્ટિબિંદુ ધરાવતા હોય એ મોહરાજાપ્રેરિત સંસાર નાટકમાં સંલગ્ન હોય તો પણ ભીતરથી અલિપ્ત રહી ઝાઝા ક્લેશ પામતા નથી. ''नामूढःपरिखिद्यते'' આ ગ્રન્થકારનું વચન છે. કેમ કે એને સ્પષ્ટ ખ્યાલ છે કે 'જેમ નાટકની જન્મ–મરણ–શ્રીમંતાઇ આદિ ઘટનાઓ વાસ્તવિક નથી, એમ સંસારની જન્મ–મરણ–શ્રીમંતાઇ આદિ ઘટનાઓ વાસ્તવિક નથી. આ પણ મોહરાજાપ્રેરિત નાટક છે, આત્મા નથી જન્મ પામતો કે નથી મૃત્યુ પામતો.' બાહ્ય શ્રીમંતાઇ આદિ પણ મોહરાજાનું નાટક હોવાની સ્પષ્ટ સમજ જ્યાં કેળવાઇ હોય ત્યાં વ્યક્તિ સાંસારિક સંબંધથી સંલગ્ન હોય તો ય કેવી રીતે ક્લેશમુક્ત રહી શકે એ જાણવું છે ? તો વાંચો આ પ્રેરક ઘટનાઃ

ગામના અગ્રણી એક જૈન શ્રેષ્ઠી. સદ્‌ગુરુભગવંતોનાં પ્રવચનશ્રવણ દ્વારા એમણે જાતને ઉપરોક્ત સંદર્ભમાં ખરા અર્થમાં કેળવી જાણી હતી. 'હું શુદ્ધાત્મા. બાહ્ય ભાવોમાં મારું કાંઇ નથી' આ વિવેકનો દીપક સર્વ જવાબદારી વચ્ચે ય એમણે બરાબર પ્રજ્વલિત રાખ્યો હતો. પ્રવચનશ્રવણની રુચિ એમનામાં એવી કે હજારો કાર્યો છોડીને ય એ પ્રવચનશ્રવણને પ્રથમ અગ્રતા આપે. ગામમાં પધારતા દરેક ગુરુભગવંતોને એમની આ વિચારધારાનો ખ્યાલ હતો.

એમાં એક દિવસ એવું બન્યું કે પ્રવચન શરૂ થયું ત્યારે શ્રેષ્ઠી આવ્યા નહિ. ગુરુભગવંતને આશ્ચર્ય થયું કે આ શ્રેષ્ઠી માટે આવું શક્ય જ નથી. કદાચ કોઇ અનિવાર્ય જંજાળમાં ગુંથાવું પડયું હશે એમ સમજી એમણે પ્રવચન તો આગળ ધપાવ્યું. પરંતુ પ્રવચન પૂર્ણ થતાં સુધી ય શ્રેષ્ઠી ન આવ્યા. ગુરુભગવંતે કલ્પના કરી કે નક્કી કોઇ મોટી જવાબદારી આવી હશે, તે વિના એમની ગેરહાજરી ન જ હોય. પ્રવચન વિરમ્યાના થોડા સમય બાદ શ્રેષ્ઠી શાતા પૂછવા આવ્યા. ગુરુભગવંતે પૂછ્યુંઃ ''કેમ આજે પ્રવચનમાં હાજરી ન હતી?'' શ્રેષ્ઠીએ ગંભીરભાવે ઉત્તર આપ્યોઃ ''આજે મહેમાનને વળાવવા જવાનું હતું. એથી પ્રવચન ચુકાઇ ગયું.''

ગુરુભગવંતને આમાં કાંઇક રહસ્ય લાગ્યું. વિશેષ છાનબીન કરતાં શ્રેષ્ઠીએ સ્પષ્ટતા કરીઃ ''એકનો એક યુવાન પુત્ર વીશ વર્ષથી મારા ઘરે મહેમાન હતો. એનો મહેમાનગતિનો સમય પૂર્ણ થતાં આજે એણે વિદાય લીધી. બસ, આ મહેમાનને વળાવવા આજે હું સ્મશાને ગયો હતો.'' ગુરુભગવંત સુખદ સ્તબ્ધતા અનુભવી રહ્યા શ્રેષ્ઠીની આ ગજબનાક સ્થિતપ્રજ્ઞતાથી—વિવેકથી.

જવાબદારીઓ તમામ અદા કરવા છતાં આવો ઉદાહરણીય વિવેક ક્યાંથી પ્રગટ્યો? ઉત્તર એ જ હોઇ શકે કે 'હું શુદ્ધાત્મદ્રવ્ય છું અને મારા જ્ઞાનાદિગુણ સિવાયના પુત્ર—પરિવારાદિ સર્વ ભાવો મારા નથી' તેવી સમજ. મોહદશાથી પર થવા પુરુષાર્થશીલ આવી વ્યક્તિની આંતર અવસ્થાને પેલી ગુજરાતી પંક્તિમાં આબાદ ઝીલવામાં આવી છે કે :—

**સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબપ્રતિપાલ;**
**અંતર સે ન્યારો રહે, જિમ ધાવ ખિલાવત બાલ.**

ભાવાર્થ કે રાજપુત્રનાં લાલન—પાલન માટે નિયુક્ત ધાવમાતા સ્નાન—સ્તનપાનાદિ દ્વારા રાજપુત્રની તમામ સંભાળ ભલે રાખે. પરંતુ એને રાજકુમાર પર સગી જનેતા જેવું મમત્વ ન જ હોય. એ માત્ર આજીવિકાના ભાગરૂપે જ સર્વ જવાબદારી અદા કરે. અમૂઢ આત્મા આ જ રીતે અંતરથી અલિપ્ત રહી સંસારમાં વસતો હોય ત્યાં સુધી સ્વયોગ્ય જવાબદારી અદા કરે.

જે વ્યક્તિ આ રીતે ઘટનાઓમાં–પદાર્થોમાં અલિપ્ત રહેવાના સ્થાને તેમાં મમત્વથી લેપાઇ હર્ષ–શોકથી વ્યાકુલ થઇ જાય એને મહોપાધ્યાયજી જડ અર્થાત મૂર્ખ કહે છેઃ પછી ભલે ને એ વ્યક્તિ દુનિયાદારીની દષ્ટિએ વિચક્ષણ ગણાતી હોય. કેમ કે એનામાં પોતીકું શું અને પરાયું શું એનો વિવેક કરવાની દષ્ટિનો જ વિકાસ નથી થયો હોતો. એના માટે મહોપાધ્યાયજીની ગ્રન્થગત પંક્તિ આ છે કે ''जडस्तत्र विमुह्यति.''

છેલ્લે એક વાત : **જેમણે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ પિછાણી લીધું છે તેમને કોઇ આસમાની-સુલતાની ચલિત કરી શકતી નથી...** ◆◆◆

૬

# જીવનનાં મધ્યાકાશે જ્યારે જ્ઞાનનો સૂરજ ઝળહળે ત્યારે તો વ્યક્તિમાંથી માનનો પડછાયો દૂર થવો જ જોઈએ ...

પસંદગી એક એવી બાબત છે કે જેમાં અપાર વૈવિધ્ય નિહાળવા મળે. વ્યક્તિ જો બાળક હોય તો એની પસંદગી ચોકલેટ–પીપરમેંટની હોય. એ જ વ્યક્તિ જો થોડી મોટી વયની–તરુણ હોય તો આઈસ્ક્રીમ એની પસંદગીનો વિષય બની જાય. હજુ એ વ્યક્તિ થોડી મોટી–યુવાન હોય તો એની પસંદગીનો વિષય સૌંદર્ય–રૂપમઢ્યું વિજાતીય પાત્ર બની જાય અને... સંપત્તિ? એના માટે એમ કહી શકાય કે સામાન્યતઃ એ દરેક વયની સંસારી વ્યક્તિ માટે પસંદગીની બાબત બની રહે. આમ, પસંદગીમાં વૈવિધ્ય અપાર છે.

ભલે પસંદગીમાં વિષયોની દૃષ્ટિએ વૈવિધ્ય અપાર હોય, પરંતુ એક બાબત એમાં સમાન છે કે પસંદગી જ્યારે હૈયે જડબેસલાખ જામી જાય ત્યારે વ્યક્તિને એના વિના ચેન ન પડે. એ પસંદગીની બાબતે રમવામાં–સતત રાચવામાં એનું મન

ચાહતું રહે. ખાતરી કરવી હોય તો ચકાસી જોજો એક નવયુવાન વ્યક્તિની માનસિકતાને. એનું મન સતત એના પ્રિય વિજાતીય પાત્રમાં રમતું–ઘૂમતું હશે. પસંદગીની આ કમાલ કરામત છે કે એ વ્યક્તિનાં દિલ–દિમાગ પર અલ્પ કાલ યા ચિર કાલ સખત છવાયેલી રહે.

બસ, આ ભૂમિકા પર 'જ્ઞાનસાર' ગ્રન્થસર્જક મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ. પંચમ અષ્ટકનો પ્રથમ શ્લોક પ્રસ્તુત કરે છે. પંચમ અષ્ટકનો એમનો પ્રસ્તુતિવિષય છે જ્ઞાન. એને અનુરૂપ રહીને તેઓ પસંદગીની ભૂમિકાને એકદમ મસ્ત શબ્દોમાં–શૈલીમાં રજૂ કરે છે કે

मज्जत्यज्ञः किलाऽज्ञाने, विष्टायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ।।

ભાવાર્થ કે ''જેમ ડુક્કરની પસંદગીનો વિષય વિષ્ટા હોવાથી એ સતત એમાં સબડ્યા કરે છે એમ અજ્ઞાની જીવોનો પસંદગીનો વિષય અજ્ઞાન હોવાથી તેઓ વિષ્ટામાં સબડતા ડુક્કરની જેમ અજ્ઞાનમાં સબડ્યા કરે છે. એથી વિપરીત રાજહંસનો પસંદગીવિષય માનસરોવર હોવાથી એ જેમ એમાં મહાલે છે એમ જ્ઞાની આત્માઓનો પસંદગીવિષય જ્ઞાન હોવાથી તેઓ માનસરોવરમાં મહાલતા રાજહંસની જેમ જ્ઞાનમાં–આત્મસ્વરૂપદર્શક તત્ત્વચિંતનમાં મહાલે છે.''

સબળ શબ્દોની આ અસરકારક પ્રસ્તુતિમાં સમજવા જેવી બાબત એ છે કે ગ્રન્થકારે અજ્ઞાન અને અજ્ઞાનીને હીન ગણ્યા હોવાથી એમને ક્રમશઃ ડુક્કર તથા વિષ્ટાની હીન ઉપમા આપી. એથી વિપરીત તેઓએ જ્ઞાન અને જ્ઞાનીને ઉત્તમ ગણ્યા હોવાથી એ બન્નેને ક્રમશઃ રાજહંસ અને માનસરોવરની ઉત્તમ ઉપમા આપી. ટીકાકાર પંન્યાસ શ્રી ગંભીરવિજયજી ગણિવરે ટીકામાં સ્પષ્ટતા કરી છે કે **અહીં અજ્ઞાનનો અર્થ નિરક્ષરતા જરા ય સમજવાનો નથી. બની શકે કે ઉપરોક્ત અજ્ઞાની વ્યક્તિ સાક્ષર પણ હોય. જ્યાં રાગ-દ્વેષની પરિણતિનું નિવારણ થાય તેવી કે સ્વદ્રવ્ય-પરદ્રવ્યનો વિવેક થાય એવી સમજણ ન હોય તે અવસ્થાને અહીં અજ્ઞાન ગણવામાં આવ્યું છે. અજ્ઞાન અને અજ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનીઃ આ ચારે ય શબ્દોને આ સંદર્ભમાં જ સમજવાના છે.**

દુન્યવી વ્યવહારો પર દૃષ્ટિપાત કરતાં સ્પષ્ટ સમજાશે કે અહીં ભલભલી ભણેલ–ગણેલ કહેવાતી વ્યક્તિઓને ય રાગ–દ્વેષની પરિણતિ મંદ કરે અને સ્વ–પરદ્રવ્યનો વિવેક કરાવે તેવાં શાસ્ત્રોનાં જ્ઞાનમાં રસ–રુચિ નથી હોતી. બલ્કે સૌંદર્ય–સંપત્તિ વગેરે પર પદાર્થોમાં, પારકી પંચાત–નિંદા–કુથલી જેવી બાબતોમાં રસ–રુચિ હોય છે. આથી એમનો મહદંશ સમય આવી બાબતોમાં વેડફાય છે. જ્યારે સમ્યક્ સમજથી વાસિત જ્ઞાનીજનોની વાત ન્યારી છે. એમને ઉપરોક્ત કોઈ ફઝુલ બાબતોમાં રસ નથી હોતો. એમને રસ હોય છે માત્ર રાગ–દ્વેષનિવારક સ્વરૂપરમણતાકારક જ્ઞાનમાં. કેટલો દીર્ઘકાલ અને કેટલી તન્મયતાથી તેઓ આ જ્ઞાનના માનસરોવરમાં રાજહંસ બનીને મહાલે એ નિહાળવું છે ? તો વાંચો આ બે ઉદાહરણો :

* જૈન શાસ્ત્રોમાં સર્વાર્થસિદ્ધ નામે સર્વોત્કૃષ્ટ દેવવિમાનના દેવોનો ઉલ્લેખ મળે છે. આ તમામ દેવો પૂર્વજન્મમાં જૈન શ્રમણો હોય છે અને તે પછીના જન્મમાં અવશ્ય મોક્ષગામી હોય છે. સુખ તો એમને એવું દિવ્ય ઉપલબ્ધ થતું હોય છે કે અસંખ્ય વર્ષના સુદીર્ઘ આયુષ્ય દરમ્યાન તેઓને એક પણ વાર દિવ્ય દેવશય્યામાંથી ઊભા થવાનું નથી હોતું અને દેવ હોવાના નાતે એમને નિદ્રા ય નથી હોતી. સહજ સવાલ એ થાય કે તેઓ આટલો સુદીર્ઘ કાળ શય્યામાં રહ્યા રહ્યા શું કરતા હશે ? જૈન શાસ્ત્રોમાંથી એનો ઉત્તર મળી રહે છે કે તેઓ એ સમય દરમ્યાન સતત તત્ત્વજ્ઞાનનું ચિંતન કરતા હોય છે. તેઓ એમાં એવા મશગૂલ રહે કે આયુષ્ય પૂર્ણ થાય તો ય એમનું તત્ત્વચિંતન પૂર્ણ ન થાય. જાણે કે તેઓ જ્ઞાનના માનસરોવરના રાજહંસ ન હોય!!

* આ 'જ્ઞાનસાર' ગ્રન્થના સર્જક મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર. આ ગ્રન્થના પ્રથમ લેખમાં એમણે રચેલ અ...ધ...ધ શાસ્ત્રગ્રન્થોનો ઝલકરૂપ ઉલ્લેખ થયો હતો. સવાલ એ થાય કે ત્રણસોથી વધુ વર્ષ પૂર્વેના સમયખંડમાં અપૂરતી સુવિધાઓ વચ્ચે નાની શી જિંદગીમાં એમણે જ્ઞાનસંપાદન ક્યારે કર્યું અને અઢળક શાસ્ત્રો ક્યારે સર્જ્યાં? એનો ઉત્તર આ જ્ઞાનરમણતામાં મળી રહે છે. એમ કહી શકાય કે એમનું મુખ્ય જીવનકાર્ય જ્ઞાનસાધનાનું હતું. એમની જ્ઞાનસાધના કેવી તન્મય–તદ્રૂપ હતી એનું

પ્રતિબિંબ એમના જ શિષ્યોના હસ્તલિખિત પત્રોમાં ઝિલાય છે. એ શિષ્યોએ તેમાં એ ભાવનું લખ્યું છે કે ''ગોચરી (ભિક્ષા) આવે ત્યારે અમે ગુરુજીને (યશોવિજયજીને) હાથ જોડી આજીજીપૂર્વક વિનંતિ કરીએ કે હવે શાસ્ત્રસર્જન અટકાવી પહેલા ગોચરી વાપરી લો. ત્યારે એમનો ઉત્તર હોય કે આ થોડો પદાર્થ અધૂરો છે. એ લખી લેવા દો. પછી એ એમાંથી નવા શાસ્ત્રીય પદાર્થમાં આગળ વધી જાય. આમ ને આમ ખૂબ સમય જાય ત્યારે અંતે અમે એમના હાથમાંથી શાસ્ત્રપાનાં–કલમ મુકાવી દઈ હાથ પકડીને ગોચરીનાં આસને લઈ જઈએ ત્યારે એ શ્રુતસમાધિસ્થ જ્ઞાનમૂર્તિ મહામહેનતે ગોચરી વાપરે.'' શિષ્યનાં પત્રમાં જરા જરા શબ્દફર્ક હોઈ શકે છે, પરંતુ એ લખાણનો ભાવ તો સંપૂર્ણતઃ આ જ છે. જાણે કે 'જ્ઞાનસાર' ના પંચમ અષ્ટકની આ ઉપમા સ્વયં એના સર્જકને જ યથાર્થ અનુરૂપ થાય છે કે જ્ઞાન માનસરોવર છે અને યશોવિજયજી એમાં નિરંતર સહેલગાહ માણતા બેજોડ રાજહંસ છે...

પંચમ અષ્ટકના ચતુર્થ શ્લોકમાં ગ્રન્થકાર સરસ માર્ગદર્શક બની રહે તેવી બાબતને સ્પર્શે છે. કેટલીક વાર એવું બને કે સ્વ–પરદ્રવ્ય પ્રકાશક અને રાગ–દ્વેષની મંદતા કરનાર આધ્યાત્મિક શાસ્ત્રોનો ય વ્યક્તિ એટલા માટે અભ્યાસ કરે છે કે એનાથી સમાજમાં વિદ્વાન તરીકેની નામના થાય, તર્કની તલવારબાજીમાં હરિફ વિદ્વાનોને ધૂળ ચાટતા કરી શકાય. આ રીતે સમાજમાં વાહવાહી રળી લેવા કે પોતાનો કક્કો જ સાચો સાબિત કરવાની બુદ્ધિથી જેઓ અધ્યાત્મ શાસ્ત્રોનું ઊંડું અવગાહન કરે અને અહંપુષ્ટિ માટે વાદ–પ્રતિવાદમાં રચ્યા–પચ્યા રહે તેમને જાણે શબ્દચાબુક ફટકારતા હોય એમ ગ્રન્થકાર જણાવે છે કે ''तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ।'' આ પંક્તિ એમ કહે છે કે 'જેમ દિવસભર સતત ચાલ્યા કરતો ઘાંચીની ઘાણીનો બળદ સાંજ થયે કોઈ નિશ્ચિત માર્ગનો અંત–મંઝિલ પામતો નથી ને ઠેરનો ઠેર રહી જાય છે, તેમ અહંપુષ્ટિ માટે વાદ–વિવાદમાં રચ્યા–પચ્યા રહેતા વિદ્વાનો પારમાર્થિક કલ્યાણરૂપ તત્ત્વનો પાર પામી શકતા નથી'. પ્રગલ્ભ વિદ્વાનોને પણ ઘાંચીના બળદ સાથે સરખાવીને મહોપાધ્યાયજીએ ખરેખર શબ્દચાબુક જ ફટકાર્યો છે.

અલબત્ત, અહીં એક સ્પષ્ટતા સમજવાની કે જિજ્ઞાસાદિ બુદ્ધિથી થતા ધર્મવાદની કક્ષાના વાદનો અહીં નિષેધ નથી. અહીં કડક નિષેધ અહંપુષ્ટિ માટે કરાતા વાદ-વિવાદનો છે. આવા વાદ-વિવાદો સમાજમાં-શાસનમાં સંક્લેશોનું-સંઘર્ષોનું નિર્માણ કરીને સામાજિક નુકસાનો તો કરે જ. ઉપરાંત અહંપ્રેમી વ્યક્તિને ક્યારેક એવી જબરજસ્ત ધોબીપછાડ આપે કે એનાથી એને જીવનભર નડે એવું નુકસાન થઇ જાય. ખબર છે પેલી રમૂજકથા?

ગામના એક પ્રજ્ઞાશીલ ભાઇ વિદ્યાધામ કાશીમાં જઇ વિવિધ વિદ્યાશાખાઓનું પ્રકાંડ અધ્યયન કરી આવ્યા. યાદશક્તિ એમની એવી બેમિસાલ હતી કે કોઇ પુસ્તક-લેખ એકવાર વાંચે તો ય એનો સાર એમને કાયમ યાદ રહી જાય. પરંતુ આ વિદ્વત્તાનું Reaction એ આવ્યું કે ભાઇને જ્યાં અને ત્યાં પોતાનું જ્ઞાન-વિદ્વત્તા પુરવાર કરવાનો ચસકો લાગ્યો. સાવ નાની નાની વાતે એ સામી વ્યક્તિને પડકારે કે ''મારી વાત જ સાચી છે. તાકાત હોય તો આવ ચર્ચાના મેદાનમાં. તું કહે એવી શરત લગાવું.'' ભાઇ ખૂબ વિદ્વાન હોવાથી દરેક વાતમાં એ પોતાને સાચા પૂરવાર કરી શકતા હતા. એથી કોઇ જ ગામવાસી એમનો પડકાર ઝીલવાની હામ ભીડતો ન હતો. પરંતુ સૌને મનમાં થતું હતું કે 'આની સાથે કોઇ સવાયો ભિડાય તો સારું. તો જ આની સાન ઠેકાણે આવે!'

એવામાં એક દિવસ બાજુના નાનકડા ગામની કોઇ સાવ ગ્રામીણ અબુધ જેવી વ્યક્તિ અકસ્માત્ પેલા પંડિત સાથે ભિડાઇ ગઇ. તક મળવાથી પોરસાયેલ પંડિતે એને પડકાર્યો કે ''મારું જ્ઞાન સર્વશ્રેષ્ઠ છે. ખાતરી કરવી હોય તો આવી જા મારી સાથે ચર્ચામાં. તું કહે એ વિષયમાં અને તું કહે એ શરતે વાદ કરવા તૈયાર છું.'' પેલો ગ્રામીણ ભણેલ નહિ, પણ ગણેલ હતો. આસપાસ ભીડ નિહાળી એણે ય પોરસાઇને પડકાર ઝીલી લીધો. એણે સાવચેતીથી શરતો રજૂ કરી કે ''હું પૂછું ને તમને ન આવડે તો તમે હાર્યા. તમે પૂછો ને મને ન આવડે તો હું હાર્યો. જો કે, તમે પંડિત અને હું અભણ, એથી હાર તો મને જ આવવાની શક્યતા છે. માટે હાર-જીતની શરત પણ આપણા બેની કક્ષા મુજબ રહેશે. તમે હારો તો એક હજાર રૂા. આપવાના ને હું હારું તો દશ રૂા. આપવાના.'' તોરમાં ને તોરમાં પેલા પંડિતે આ અસમાન શરત સ્વીકારી લીધી.

ગ્રામીણે પ્રશ્ન કર્યો કે ''એવું કયું પંખી છે જેને ચાર પગ–ત્રણ પાંખ અને બે મુખ છે ?'' પંડિતે મનોમન પંખીસંબંધી પુસ્તકોનાં પાનાં ઉથલાવી જોયાં. એમાં બે મુખ–બે જીવો અને એક દેહ ધરાવતા ભારંડ પક્ષીની વાત મળી. પરંતુ ગ્રામીણે પૂછ્યું તેવા પંખીની વાત ન મળી. પરસેવે રેબઝેબ પંડિતે આખરે અર્ધા કલાકના અંતે હાર કબૂલી ગ્રામીણને એક હજાર રૂ. આપ્યા. પછી આ પક્ષીનું નામ મળી રહે તે માટે પંડિતે પણ એ જ પ્રશ્ન ગ્રામીણને પૂછ્યો. પેલા કલાકારે દશ રૂ. ની નોટ પરત કરતાં કહ્યુંઃ મને ય એ પંખીનું નામ ખબર નથી. લો, મારી હારના દશ રૂ.'' અને...એ નવસો નેવું રૂ. લઈ ચાલતો થઈ ગયો. ગામવાસીઓ તાળીઓથી ઝૂમી ઊઠ્યા આ 'શેરના માથે સવાશેર' જેવા અબુધ ગ્રામીણની કળાથી...

માત્ર અહંપુષ્ટિ માટે વાદ–વિવાદના 'મહાભારત' રચનારના હાલ–હવાલ ઘણી વાર આવા થતા હોય છે. આથી જ આ પ્રકારના વાદ–વિવાદ માટે અધ્યાત્મશાસ્ત્રોનાં અધ્યયનનો નિષેધ કરી ગ્રન્થકાર જ્યાં રાગ–દ્વેષનો સર્વાંગીણ અભાવ અને શુદ્ધાત્મદ્રવ્યનો પૂર્ણ વિકાસ છે એ નિર્વાણપદ–મોક્ષપદનું સતત પરિભાવન–ચિંતન થાય તેવા જ્ઞાન પર વિશેષ ભાર આપે છે : પછી ભલે ને એવું જ્ઞાન માત્ર એકાદ પદ પૂરતું–સંક્ષિપ્ત કેમ ન હોય. આ પ્રસ્તુતિ કરતો પંચમ અષ્ટકનો સદાબહાર અને અમને ખૂબ મનપસંદ શ્લોક આ છે કે :–

निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहु :।<br>
तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ।।

ભાવાર્થ કે ''જ્યાં વારંવાર એકમાત્ર નિર્વાણ–મોક્ષપદનું પરિભાવન–ચિંતન થાય એ જ્ઞાન જ અમારે મન ઉત્કૃષ્ટ છે. ઘણા બધા શાસ્ત્રોનાં જ્ઞાન માટે અમારો કોઈ આગ્રહ નથી''. જૈન ઈતિહાસ ગવાહ છે કે માત્ર ચાર અક્ષરના અને તે પણ અશુદ્ધિભર્યા શબ્દ 'માસતુષ' દ્વારા રાગ–દ્વેષની પરિણતિના નાશનું હાર્દ પામી એક જૈન મુનિ નિર્વાણપદ વર્યા હતા.

આ નિર્વાણપદ સર કરવા કાજે જ ગ્રન્થકાર બે શ્લોકો દ્વારા બે પ્રકારનાં જ્ઞાનની પ્રાપ્તિ કરવાનો નિર્દેશ કરે છેઃ (૧) ગ્રન્થિભેદ કરાવનાર જ્ઞાન (૨) સ્વ

દ્રવ્ય–ગુણ–પર્યાયમાં રમણ કરાવનાર જ્ઞાન. સંક્ષેપમાં આ બન્નેનો ઉલ્લેખ કરીએ તો, જૈન પરંપરા એમ માને છે કે રાગ–દ્વેષની જાલિમ અતિ ભયાનક મિથ્યાત્વના મૂળ જેવી ગ્રન્થિનો ભેદ થાય પછી જ આત્માની વાસ્તવિક અધ્યાત્મયાત્રા આરંભાય. એ ગ્રન્થિભેદ બાદ તુર્ત સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય જે ચોક્કસ મર્યાદિત સમયમાં આત્માને નિર્વાણપદ અપાવે જ અપાવે...સ્વ દ્રવ્ય એટલે આત્મદ્રવ્ય. એના ગુણો એટલે શુદ્ધ ક્ષાયિક જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ, એના પર્યાયો એટલે ક્રમિક પરિવર્તિત થતાં હાનિ–વૃદ્ધિ પામતાં વર્તમાન જ્ઞાન–દર્શનાદિ. આ ત્રણમાં લીનતા તે છે સ્વદ્રવ્ય–ગુણ–પર્યાયમાં રમણતા. આ બેયની પ્રાપ્તિ કરાવનાર જ્ઞાન ઉપલબ્ધ થઈ જાય તો સાધકનો ભવનિસ્તાર સુનિશ્ચિત થઇ જાય.

છેલ્લે એક વાત : **જીવનના મધ્યાકાશે જ્યારે જ્ઞાનનો સૂર્ય ઝળહળે ત્યારે માનનો પડછાયો વ્યક્તિમાંથી દૂર થવો જ જોઈએ...** ◆◆◆

૭

# આવેશગ્રસ્ત મન અશાંતિ સર્જ્યા વિના રહે નહિ ... સમતામસ્ત મન શાંતિ સર્જ્યા વિના રહે નહિ ...

નગરજનોના સંપર્કથી સર્વથા દૂર રહી એક સંન્યાસી વનમાં સાધના કરતા હતા. દેહની પણ મમતા ધર્યા વિના એ જે ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરતા હતા એનાથી વનના એ વિભાગની અધિષ્ઠાત્રી દેવી પ્રભાવિત થઇ ગઇ. એ નિત્ય પ્રભાતે સદેહે પ્રત્યક્ષ થઇ સંન્યાસીને વંદન કરે અને પોતાના યોગ્ય સેવા હોય તો લાભ આપવાની વિનંતિ કરે. સંન્યાસી એવા નિઃસ્પૃહ હતા કે સ્વયં દેવી સાક્ષાત્ ઉપસ્થિત હોવા છતાં એને કોઇ કાર્ય ન દર્શાવે.

એક ઢળતી સન્ધ્યાની વાત. સાધનાથી વિરમેલ સંતની નજર સામે કોઇ આદિવાસીએ એમની કુટિરને નુકસાન પહોંચાડ્યું. આવેશમાં આવી જઇને સંતે પેલા આદિવાસીને ઉગ્ર શબ્દોથી ઠપકાર્યો. અસંસ્કારી આદિવાસીએ પણ સામે સવાયી ઉગ્રતાથી સંતને તિરસ્કૃત કર્યા. એમાં ને એમાં વાત વધી જતાં બન્ને વચ્ચે મારામારી થઇ. સંન્યાસી કૃશ હતા અને પેલો

આદિવાસી તગડો–શક્તિશાળી હતો. એણે જોરદાર પ્રહારો કરી સંન્યાસીને ઘાયલ કરવા માંડ્યા. પીડિત થઇ રહેલ સંન્યાસીએ એ સમયે સહાયક થવા વનદેવીનું સ્મરણ કર્યું કે જો દૈવી શક્તિની સહાય મળી જાય તો આદિવાસીના બરાબર બૂરા હાલ કરી શકાય. પરંતુ ગમે તે થયું દેવી ત્યાં ઉપસ્થિત જ ન થઇ. એથી મારામારીમાં સંતના ભાગે સહન કરવાનું આવ્યું. સંતને માર ઉપરાંત દેવીએ કાંઈ જ મદદ ન કર્યાનું દુઃખ વિશેષ થયું.

બીજી પ્રભાતે નિત્ય ક્રમાનુસાર વંદન કરીને દેવીએ જ્યાં કાર્યસેવા પૂછી ત્યાં જ સંન્યાસીનો રોષ ભભૂકી ઉઠ્યો કે ''તું માત્ર સેવાનો દંભ કરે છે. બાકી ગઇ કાલે જ્યારે મને સખત માર પડી રહ્યો હતો ત્યારે તેં કેમ મને સહાય ન કરી? ક્યાં ભટકવા ગઇ હતી તું''? દેવીએ શાંતિથી ખૂબ માર્મિક ઉત્તર આપ્યો કે ''મહાત્માજી, એ સમયે હું ક્યાં ય ગઇ ન હતી. અદશ્યભાવે અહીં જ હાજર હતી. પરંતુ મને એ ખબર ન પડી કે મારામારી કરી રહેલમાં સંન્યાસી કોણ છે અને જંગલી વ્યક્તિ કોણ છે!''

દાઢમાં બોલાયેલા આ શબ્દોથી સંન્યાસીની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઇ ગઇ. દેવીના શબ્દોનો મર્મ એ હતો કે જો સંત–સંન્યાસી કક્ષાની વ્યક્તિ પણ મારામારીની હદે જાય તો એમનામાં અને સામેની જંગલી વ્યક્તિમાં ફર્ક શો? બન્ને જંગલી, કોઇ સંન્યાસી નહિ. સંન્યાસી–સંત એ હોય કે જેમની સમજણ–બોધ–જ્ઞાન એમને હરકોઇ પરિસ્થિતિમાં શમભાવથી–સમતાથી દૂર ન થવા દે. જ્ઞાનનું પ્રત્યક્ષ ફળ જ આ કે એ વ્યક્તિને સંક્લિષ્ટ ન થવા દે– સમતામય બનાવી રાખે.

કાંઇક આ જ ભાવ અભિવ્યક્ત કરે છે 'જ્ઞાનસાર' ગ્રન્થકાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર છટ્ઠા શમઅષ્ટકના પ્રથમ શ્લોકમાં. એ શ્લોકના ઉત્તરાર્ધના શબ્દો આ છે કે ''ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्तितः ।'' એટલે કે જ્ઞાનનો જે પરિપાક છે–પરિણામ છે તેને શમ=સમતા કહેવાય છે. આનો એક સાર એ તારવી શકાય કે જે વ્યક્તિ પ્રથમ દષ્ટિએ ખૂબ જ્ઞાની ભાસે, કિંતુ કસોટીની ક્ષણોમાં શમભાવ ન જાળવી શકે એના માટે એમ સમજવું કે તે પરમાર્થ દષ્ટિએ જ્ઞાની ન ગણાય. ગ્રન્થકારે ત્યાં જે શમભાવની–સમતાયોગની

વાત કરી છે એ વિશિષ્ટ યોગ છે. જૈન પરિભાષા મુજબ કહીએ તો એ અધ્યાત્મયોગ–ભાવનાયોગ – ધ્યાનયોગ પછીની કક્ષાનો યોગ છે. એથી જ ગ્રન્થકારે પ્રથમ શ્લોકમાં એ શમ માટે એક નહિ, ત્રણ ત્રણ બાબત વ્યાખ્યારૂપે સંલગ્ન કરી છે.

હવે સરલતાથી સમજાય એવો એક પદાર્થ આ શમાષ્ટકમાંથી જ નિહાળીએ. ધારો કે એક સાધક જ્ઞાનસાધનામાં નિરંતર લીન છે. એવો લીન કે એક ક્ષણ પણ વ્યર્થ ન જવા દે. એ સાધક ધ્યાનસાધનામાં ય અગ્રેસર છે. એવો અગ્રેસર કે કાયોત્સર્ગાદિ ધ્યાનમાં એ રમમાણ રહે. એ જ સાધક તપસ્વી પણ એવો હોય કે વિવિધ તપની પરંપરા એનામાં ઝળહળતી હોય. એ જ સાધક બ્રહ્મચર્યના નવ નિયમોનાં પાલનમાં ય સન્નિષ્ઠ હોય અને સમ્યક્ત્વ–શ્રદ્ધાગુણથી ય સંપન્ન હોય. આ બધી જ વિશિષ્ટતાઓનો સરવાળો એનાં જીવનમાં હોવા છતાં જો એનામાં શમભાવ–સમતાયોગ ન હોય તો એની સાધના ઘણા બધા અંશે અધૂરી રહે. શમભાવયુક્ત સાધક જે ઉપલબ્ધિ કરી શકે છે તે ઉપલબ્ધિ પ્રથમ ક્રમાંકનો સાધક કરી ન શકે. આ પદાર્થને પ્રસ્તુત કરતો શમાષ્ટકનો શ્લોક આ છે કે :–

ज्ञान-ध्यान-तपः-शील-सम्यक्त्वसहितोऽप्यहो।
तं नाप्नोति गुणं साधु-र्यं प्राप्नोति शमान्वितः।।

અરે ! એવી પણ ઘટનાઓ જૈન ઈતિહાસમાં મળે છે કે જેમાં સાધકનાં જીવનમાં જ્ઞાન–ધ્યાન અને તપ જેવા ગુણો ખાસ ઝળકતા ન હોય. છતાં ઝળહળતા શમભાવનાં–સમતાનાં કારણે પેલા જ્ઞાની–તપસ્વીઓ કરતાં ય ઉચ્ચતમ પ્રગતિ કરીને એ સાધકે સાધનાનું અંતિમ લક્ષ્ય સિદ્ધ કરી લીધું હોય. ખબર છે પેલી કુરગડુ મહામુનિની કથા ?

'ઉપદેશપદ' મહાગ્રન્થમાં દર્શાવાયેલ આ કથા કહે છે કે નાગદત્ત નામે એક રાજકુમારે તીવ્ર વૈરાગ્યથી દીક્ષા સ્વીકારી. સમ્યક્ સમજનાં કારણે એમણે એવી પ્રતિજ્ઞા સ્વીકારી કે મૃત્યુ ભલે આવી જાય, પરંતુ મારે કોઈના ઉપર ક્રોધ–આવેશ કદી ન કરવો. એમનું મન સદા ય શાંતભાવમાં રમણ કરતું. આ ઉત્તમ સમતાધારી શ્રમણની ખામી એ હતી કે એમની શારીરિક પ્રકૃતિ ક્ષુધા–ભૂખ સહન કરી શકતી ન હતી. નિત્ય સવારે એમને ભોજન જોઈએ જ. વૈરાગ્ય તીવ્ર

હોવાથી ભોજનમાં એમને સ્વાદની કોઈ અપેક્ષા ન હતી. એ માત્ર એક ઘડા જેટલા પ્રમાણના કુર (સૂકો ખાદ્યપદાર્થ) વાપરતા હોવાથી એ ‘કુરગડુ’ નામથી પ્રસિદ્ધ થઈ ગયા. એમના જ સમૂહમાં ચાર શ્રમણો એવા હતા કે જેમણે ક્રમશઃ એક–બે–ત્રણ અને ચાર માસના સળંગ ઉપવાસનો ઘોર તપ આદર્યો હતો. એક તરફ આવા ઉગ્ર તપસ્વી શ્રમણો હતા, તો બીજી તરફ નિત્ય ભોજન કરનાર કુરગડુ મુનિ હતા.

એક મોટા પર્વ દિવસની વાત. એ દિવસે સામાન્ય વ્યક્તિઓ પણ ઉપવાસ કરે. જ્યારે કુરગડુ મુનિ તો એ પર્વદિને ય ભિક્ષા લઈ આવ્યા. વિવેકવશ એમણે પેલા મહાન તપસ્વી મુનિવરો સમક્ષ ભિક્ષાપાત્ર ધરી લાભ આપવા વિનંતિ કરી. તપસ્વી શ્રમણોને ઘૃણા થઈ કે ‘અરે ! આ કેવા સાધુ કે જે પર્વદિને ય ભોજન ત્યાગી શકતા નથી. કુરગડુમુનિની ક્ષુધાઅસહિષ્ણુતા પ્રત્યેની ઘૃણાવશ તપસ્વી મુનિવરોનો વિવેક ચુકાયો અને તેઓ ભિક્ષાપાત્રમાં થૂંક્યા. આ એવું મોટું અપમાન–તિરસ્કાર હતો કે ભલભલી શાંત દિમાગની વ્યક્તિઓ પણ દિમાગ પરનું નિયન્ત્રણ ગુમાવી ગુસ્સો કરી બેસે. પરંતુ કુરગડુ મુનિ તો ઉત્તમ સમતાયોગી હતા. રોમે રોમમાં–આત્માના પ્રદેશે પ્રદેશમાં એમણે શમભાવના ફુવારા રેલાવ્યા હતા. એથી અંશ પણ માનસિક સંક્લેશ કર્યા વિના પ્રસન્ન ચિત્તે એમણે વિચાર્યું કે ‘આ શ્લેષ્મ નથી, આ તો જાણે સઘન ઘી છે જે મારા શુષ્ક આહારને સ્નિગ્ધ બનાવશે. તપસ્વી પુણ્યાત્માઓની આ એક પ્રકારની કૃપાપ્રસાદી છે.’

અને...આ શમભાવની પરાકાષ્ઠાનું પ્રકૃષ્ટ પરિણામ એ આવ્યું કે પર્વદિને ભોજન કરતા કરતા એમણે સાધનાના અંતિમ લક્ષ્યરૂપ ચાર ઘનઘાતી કર્મોનો સર્વથા ક્ષય કર્યો અને એમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ચાર ચાર માસના ઉપવાસાદિ ઉગ્ર તપ કરનાર મુનિવરોને જે ઉપલબ્ધિ ન થઈ તે કેવલજ્ઞાનની ઉપલબ્ધિ આ નિત્યભોજી મુનિવરને શમભાવનાં કારણે થઈ. જ્યારે પેલા ચારે ય મુનિવરોને ખ્યાલ આવ્યો કે કુરગડુ મુનિ તો કેવલજ્ઞાની બન્યા છે ત્યારે એમને પોતાના આવેશ ઉપર અંતઃકરણપૂર્વકનો તીવ્ર પશ્ચાત્તાપ પ્રગટ્યો અને ક્ષમાપન કરતા કરતા એમને પણ કેવલજ્ઞાનની ઉપલબ્ધિ થઈ, એક સ્પષ્ટતા કે

કુરગડુ મુનિનું પૂર્વાવસ્થાનું નામ અન્યત્ર ક્યાંક અલગ મળે છે, તો 'ઉપદેશ પદ' ગ્રન્થમાં ય એકાદ નાની બાબતમાં આનાથી અલગ ઉલ્લેખ મળે છે. પરંતુ એક વાત  ચોક્કસ કે દરેકમાં કુરગડુ મુનિની ઉપરોક્ત પરાકાષ્ઠાની સમતાની અને એના દ્વારા જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયાની વાત એક સમાન જ મળે છે. એ એમ દર્શાવવા સક્ષમ છે કે જ્ઞાન–ધ્યાન–તપસ્યાદિ ગુણો કરતાં ય શમભાવ વધુ શ્રેષ્ઠ કક્ષાની ઉપલબ્ધિ કરાવી શકે છે.

આ કુરગડુ મુનિનો શમભાવ પરાકાષ્ઠાનો હતો અને એનાથી એમને શ્રેષ્ઠ આત્મિક લાભ થયો. ભલે, કબૂલ છે એ. સાથે એ ય ખ્યાલ રાખીએ કે આપણે એ Everest જેવું ઉચ્ચ સ્તર આ જન્મમાં ભલે ન પામી શકીએ. પરંતુ એને આદર્શરૂપે આંખ–અંતર સમક્ષ રાખીને સ્વભાવને વધુ ને વધુ શાંત રાખવાના સન્નિષ્ઠ પ્રયાસો કરીએ તો એનાથી વર્તમાન જીવનમાં ય ઘણા ઘણા પ્રત્યક્ષ લાભો થાય. ભલે ને વ્યક્તિ સંસારી–ગૃહસ્થ હોય, તો એને પણ આ અઢળક પ્રત્યક્ષ લાભોનો સુપેરે અનુભવ થાય. આપણે એમાંથી માત્ર ત્રણ લાભોનું થોડું થોડું વિશ્લેષણ કરીએ :

**(૧) પરિસ્થિતિ સંભાળી શકાય :-** દરેક સ્થળે દરેક કાળે દરેક પરિસ્થિતિ વ્યક્તિને અનુકૂળ જ હોય એવું કદી બની શકતું નથી. પ્રબળ ભાગ્યશાળી વ્યક્તિને ય ઘણી વાર વિકટ–પ્રતિકૂળ પરિસ્થિતિમાં સપડાવું પડે છે. એવા પ્રસંગોમાં વ્યક્તિ જો Disturb થઇ જાય કે આવેશમાં આવીને આડેધડ પગલાં લે તો પરિસ્થિતિ વધુ વિકટ–મુશ્કેલ બની જાય. એ સમયે ઉકળાટ જરા ય કામિયાબ ન નીવડે. ખબર છે પેલું મસ્ત સુવાક્ય? એ કહે છે કે : ''પગમાં દોરી અસ્ત–વ્યસ્ત વીંટળાઇ ગઇ હોય અને તમે એમાં બરાબર ભેરવાઇ ગયા હો ત્યારે કૂદકા માર્યા કરવાથી કોઇ અર્થ નહિ સરે. ત્યારે શાંતિથી એક તરફ બેસીને એ ગૂંચ ઉકેલવાનો પ્રયત્ન કરવો જોઇએ. બાકી જેમ જેમ કૂદકા મારશો તેમ તેમ દોરી વધુ ને વધુ ગુંચવાતી જશે.'' જીવનમાં સર્જાતી વિકટ પરિસ્થિતિનું પણ આવું જ છે. તમે એમાં ઉશ્કેરાટ દાખવીને સમસ્યા હલ કરવા જશો તો પરિસ્થિતિ વધુ ગુંચવાશે અને જો શાંત–સ્વસ્થ રહી માર્ગ શોધશો તો સમસ્યાનો હલ જલ્દીથી મળી શકશે. યાદ રાખો કે વિકટ પરિસ્થિતિને સંભાળી લેવામાં–નિયન્ત્રણમાં લેવામાં શાંત દિલ–દિમાગ સૌથી વધુ સહાયક છે...

**(૨) પરિવાર સંભાળી શકાય :-** એક જ હાથની પાંચ આંગળી પણ જો એકસરખી નથી હોતી, તો એક પરિવારની પાંચ વ્યક્તિઓના સ્વભાવ પણ એકસરખા ક્યાંથી હોય? દરેક પરિવારજનની પસંદગી–નાપસંદગી ક્રિયા–પ્રતિક્રિયા આદત–પદ્ધતિ વગેરે અલગ અલગ રહેવાની જ. બની શકે કે કોઇ પરિવારસદસ્ય દશ વાર સમજાવ્યા પછી પણ એની એ જ ભૂલો કરે, તો કોઇ સદસ્ય જાણી–બુઝીને અવળી પ્રવૃત્તિ કરે. આવી સ્થિતિમાં ગુસ્સે ભરાઇને તડાફડી બોલાવવામાં લાભ નહિ, નુકસાન થાય. એના બદલે શાંત ચિત્તે "જે પાણીએ મગ ચડે તે પાણીએ મગ ચડાવવા" ની નીતિનો અમલ કરાય તો પરિવારને એક સૂત્રે બાંધી શકાય. આમ, શાંત ચિત્ત પરિવારની સંભાળમાં ચોક્કસ જ ખૂબ સહાયક થાય...

**(૩) પ્રસન્નતા સંભાળી શકાય :-** યાદ રાખજો કે સૌથી મોટું ધન પૈસા નહિ, પરંતુ પ્રસન્નતા છે. ક્રોડો–અબજોની સંપત્તિ પછી ય વ્યક્તિના ચહેરા પર સ્મિત અને જીવનમાં આનંદ ન હોય એવું બની શકે છે. ઘણા ય શ્રીમંતોનાં જીવનમાં આ સ્થિતિ નિહાળવા મળે છે. જ્યારે પ્રસન્નતા એવી અણમોલ સંપદા છે કે એ અલ્પ સંપત્તિ યા વિપરીત સ્થિતિમાં ય વ્યક્તિના ચહેરા પર સ્મિત અને જીવનમાં સ્વસ્થતાનો આનંદ ટકાવી રાખે છે. વ્યક્તિ જો શાંત–સ્વસ્થ સ્વભાવની હોય તો પાત્રતા–પુણ્ય વગેરેનો વિચાર કરીને ય વિપરીત પરિસ્થિતિમાં મનની પ્રસન્નતા અકબંધ રાખી શકે.

શમભાવ–સમતા આ રીતે જીવનવ્યવહારમાં ઉપકારક થઇ શકે અને આગળ વધતાં એનું સ્વરૂપ જેમ જેમ ઉત્તુંગ બનતું જાય તેમ તેમ એ આત્મ–કલ્યાણની દૃષ્ટિએ ય ઉપકારક બનતી જાય.

શમાષ્ટકના છટ્ઠા શ્લોકમાં 'જ્ઞાનસાર' ગ્રન્થકાર જીવનમાં શમભાવ–સમતા વધુ ને વધુ ઘુંટાય–ઘટ્ટ થાય તે માટે એક અફલાતૂન ઉપાય દર્શાવે છે કે

**शमसूक्तसुधासिक्तं, येषां नक्तन्दिनं मनः।**
**कदाऽपि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः।।**

ભાવાર્થ કે સમતા પુષ્ટ થાય–દઢ થાય તેવાં સુભાષિત વચનો–હિતોપદેશ અને પ્રાણાંતે ય સમતા અકબંધ રાખનાર પુણ્યાત્માઓના જીવનપ્રસંગોથી જેઓ પોતાના મનોવિશ્વને સજાવી રાખે છે તેઓ વિપરીત સ્થિતિમાં ય રાગ–દ્વેષ વગેરેથી બળી શકતા નથી, વિચલિત થઇ શકતા નથી.

છેલ્લે એક વાત : **આવેશગ્રસ્ત મન અશાંતિ સર્જ્યા વિના રહે નહિ... સમતામસ્ત મન શાંતિ સર્જ્યા વિના રહે નહિ...**

◆◆◆

# ૮

## ઈન્દ્રિયોનો દુરુપયોગ વિનિપાતની નિશાની છે... ઈન્દ્રિયોનો સદુપયોગ વિવેકની નિશાની છે...

દીપક! એની પાસે છે સૌમ્ય જ્યોતનો ઝળહળાટ. એવો આકર્ષક ઝળહળાટ છે કે રૂપાળું પતંગિયું એ જ્યોતિ પર બેહદ આકર્ષાઈ જાય અને એ ઝળહળતી જ્યોતનાં રૂપસૌંદર્યને આલિંગન આપવા દીપક સુધી પહોંચી જાય. પછી પરિણામ? પરિણામ એ આવે કે પતંગિયું દીપકની જ્યોતમાં 'સ્વાહા' થઈ જાય.

સવાલ એ થાય કે પતંગિયું દીપજ્યોતમાં હોમાઈને રાખ–ખાખ થઈ જાય એમાં જવાબદાર કારણ કયું? આપણે ચોક્કસ માની શકીએ કે એમાં જવાબદાર કારણ આંખ નામની ઈન્દ્રિય અને એનાં રૂપ નામે ઈષ્ટ–પસંદગીના વિષયનું આકર્ષણ છે. જો પતંગિયા પાસે ચક્ષુ નામે ઈન્દ્રિય અને એના ઈષ્ટ વિષયનું આકર્ષણ ન હોત તો એને આ રીતે 'સ્વાહા' થવાનો સમય જ ન આવ્યો હોત. આ અપેક્ષાએ ચક્ષુરિન્દ્રિયને જવાબદાર ઠેરવતા

પ્રસિદ્ધ જૈન આત્માર્થી સાધુપુરુષ ચિદાનંદજી મહારાજ સજ્ઝાયમાં આ પંક્તિઓ લખે છે કે :–

**રૂપ મનોહર દેખ પતંગા, પડત દીપમાં જાઈ;**
**દેખો ઈનકું દુઃખ કારણ મેં, નયન ભયે હૈ સહાઈ...**

ઈન્દ્રિય એકમાત્ર આંખ જ નથી. કુલ ઈન્દ્રિય પાંચ છે : ત્વચા–જીભ–નાક–આંખ અને કાન. આ પાંચે ય ઈન્દ્રિયોમાં બાહ્ય–અભ્યંતર નુકસાનો સર્જવાની ગજબનાક તાકાત છે. જેમ આંખનાં કારણે પતંગિયું કમોત વરે છે, એમ અન્ય ચાર પૈકી એકેક ઈન્દ્રિયોનાં કારણે પણ કેટલાય જીવો પરતંત્રતા યાવત્ મોત પામે છે. વિજાતીય સ્પર્શની–કામાવેગની લાલસાંનાં કારણે જંગલનો સ્વૈરવિહારી હાથી પરવશતા પામે છે, તો જીભની સ્વાદલાલસાનાં કારણે સરોવરની ચંચળ માછલીને જાળમાં સપડાવું પડે છે; કમલની સુગંધમાં લુબ્ધ ભ્રમરને બંદી બનીને હાથીના પગતળે કચડાવું પડે છે, તો કર્ણપ્રિય સંગીતશ્રવણમાં સ્થિર હરણને શિકારીના તીરથી વીંધાવું પડે છે.

એકેક ઈન્દ્રિયનાં કારણે ઉપરોક્ત જીવોનાં લલાટે ઝિંકાતી આ જાલિમ દુઃખ પરંપરાને લક્ષ્યમાં રાખી, 'જ્ઞાનસાર' ગ્રન્થના સાતમા 'ઈન્દ્રયજય' અષ્ટકમાં ગ્રન્થકાર મહર્ષિ એક ધારદાર પ્રશ્ન પૂછે છે. ઈન્દ્રિયજયાષ્ટકના સાતમા શ્લોકાર્ધમાં ઉપરોક્ત તમામ ઉદાહરણો એક સાથે પેશ કરીને મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી એ જ શ્લોકના ઉત્તરાર્ધમાં પ્રશ્ન કરે છે કે : ''एकैकेन्द्रियदोषाच्चेद्, दुष्टैस्तैः किं न पञ्चभिः?'' ભાવાર્થ કે આંખ વગેરે એકેક ઈન્દ્રિયોનાં કારણે જો ઉપરોક્ત જીવો આવી દુર્દશા–વિડંબના પામતા હોય તો, જેમને પાંચે ય ઈન્દ્રિયો અને એનાં આકર્ષણો ખૂબ વ્યાપકરૂપે ઉપલબ્ધ છે તેવા આપણા જેવાની કઈ જાલિમ દુર્દશા આ ઈન્દ્રિયો દ્વારા થશે? આ જ વિધાન અવધૂત ચિદાનંદજી મહારાજે પૂર્વોક્ત સજ્ઝાયમાં કર્યું છે કે :–

**પંચ પ્રગટ વર્તે નિત્ય યાકું, તિનકી ગતિ ક્યાં કહીએ?**

વિચારણીય બાબત અહીં એ ઉપસ્થિત થાય કે એક તરફ ધર્મશાસ્ત્રો માનવજન્મને ધર્મસાધનાના શ્રેષ્ઠ જન્મરૂપે વર્ણવે છે અને બીજી તરફ એ જ

માનવજન્મમાં પાંચે ય ઈન્દ્રિયો પ્રબળ સામર્થ્યશાલી નિહાળવા મળે છે. ઈન્દ્રિયો જો ખતરનાક નુકસાનકારી હોય તો શું આ પરસ્પર વિરોધી બાબત ન બને? અહીં સમજવાનું એ છે કે અન્ય તમામ જન્મો કરતાં માનવજન્મ ધર્મસાધનાની અનુકૂળતાની દૃષ્ટિએ શ્રેષ્ઠ હોવાનું નિર્વિવાદ જ છે. કેમ કે સર્વવિરતિની સાધના માનવજન્મમાં જ શક્ય છે. રહી વાત ઈન્દ્રિયોની ખતરનાકતાની. તો ત્યાં એમ સમજવાનું છે કે જે ઈન્દ્રિયો સ્વચ્છંદ–અનિયન્ત્રિત છે એ જાલિમ નુકસાનકારક છે. જે ઈન્દ્રિયો સંયમિત–નિયન્ત્રિત છે તે નુકસાનકારક નથી, એ તો સાધનામાં સહાયક પણ બને છે. જૈન શાસ્ત્રો ઈન્દ્રિયોની જે નુકસાનકારકતા–જાલિમતા દર્શાવે છે એ તેની બે ભયંકર વિલક્ષણતાનાં કારણે દર્શાવે છે. આ બે વિલક્ષણતાઓનાં કારણે જ ઈન્દ્રિયો જગતના બહુસંખ્ય વર્ગને ભોગમાં રાચતા બનાવી દે છે. જેઓ ઈન્દ્રિયોને સંયમિત નથી રાખી શકતા, એમનાં જીવનમાં તેની આ બે વિલક્ષણતા ભયાનકપણે ઉછાળા મારતી નિહાળાય છે.

એમાંની પ્રથમ વિલક્ષણતા છે અતૃપ્તિ. ચાહે તેવા ગમતાં વિષયો ઈન્દ્રિયોને ઉપલબ્ધ થયા હોય તો ય ઈન્દ્રિયો સદા ય અતૃપ્ત જ રહે છે. એટલે જ 'પ્રશમરતિ' ગ્રન્થમાં ઈન્દ્રિયો માટે 'નિત્ય તૃષિત' અર્થાત્ 'કાયમી તરસ ધરાવનાર' વિશેષણ અપાયું છે. હજારો–લાખો રમણીય વિજાતીય રૂપ નિહાળ્યા પછી ય નવું અદ્ભુત રૂપ સામે હોય ત્યારે આંખ તરત એને નિહાળવા લોલુપતા–તલસાટ અનુભવે જ. આ એ દર્શાવવા સક્ષમ છે કે ઈન્દ્રિયો કેવી અતૃપ્ત છે... એની બીજી વિલક્ષણતા છે અનેક વિકલ્પોમાં લોલુપતાની. સ્વાદની શોખીન વ્યક્તિની જીભ ફક્ત રસગુલ્લા મળે ત્યારે જ લોલુપતા અનુભવે એમ નથી હોતું. એને અવનવા મિષ્ટાન્નના જેટલા જેટલા વિકલ્પો મળશે એ તમામમાં તે લોલુપ થઈ જશેઃ પછી એ ગુલાબજાંબુ હોય–ચમચમ હોય કે મલાઈરબડી હોય. આ બે વિલક્ષણતાનાં કારણે ઈન્દ્રિયો અસંયમી વ્યક્તિઓને રંજાડે છે, ઉપરાંત ક્યારેક સંયમી વ્યક્તિઓને ય રંજાડે છેઃ જો એ થોડા પણ અસાવધ રહીને ઈન્દ્રિયપાશમાં ફસાયા તો. 'જ્ઞાનસાર' ગ્રન્થકાર આ માટે એક મહત્ત્વનો શબ્દપ્રયોગ કરે છે

'भववासपराङ्मुखं'. મતલબ કે જેઓ સંસારથી વિમુખ થઈને આત્મસાધનામાં લીન છે એવા સંયમીઓને પણ આ ઇન્દ્રિયો સાધનાભ્રષ્ટ કરી શકે છે. ખબર છે સંભૂતિમુનિની અસાવધતાનો અંજામ ?

ચિત્ર અને સંભૂતિ નામે બે સગા બાંધવ. સંસારની અસારતા નિહાળીને બન્નેએ સાથે દીક્ષા સ્વીકારી અને વૈરાગ્યપૂર્વક આત્મસાધના કરી. પરાકાષ્ઠા ત્યાં આવી કે શરીર પરનું મમત્વ ત્યજી બન્ને મુનિવરોએ પર્વતશિલા પર શયન કરીને આજીવન અનશનવ્રત સ્વીકાર્યું. શાસ્ત્રો દ્વારા તે કાળના આત્માઓ માટે અનશનસ્વીકારની સંમતિ હતી. મુનિવરોની આ Extreme કક્ષાની સાધનાની વાતો ફેલાતા ચોમેરથી લોકો એમનાં દર્શને આવવા માંડ્યા.

એમાં એ કાળનો ચક્રવર્તી સમ્રાટ મહાપદ્મ એની પટ્ટરાણી સાથે મુનિવરોને વંદનાર્થે આવ્યો. એકાએક હવાની લહેરથી પટ્ટરાણીના મુલાયમ દીર્ઘ કેશની એક લટ અનશનવ્રતી સંભૂતિમુનિને સ્પર્શી. એવો માદક એ સ્પર્શ હતો કે ભવિતવ્યતાવશ સંભૂતિમુનિ મનથી વિચલિત થઇ ગયા. અલબત્ત, કાયા કે વચનથી એમણે કોઇ પાપ કર્યું નહિ અને અનશન અખંડ પૂર્ણ કર્યું. કિંતુ એમની સાધનાનું લક્ષ્ય ભ્રષ્ટ થઇ ગયું. જે અનશન જેવી ઉત્કટ વૈરાગ્યસભર સાધનાથી હજારો-લાખો મુનિવરો સિદ્ધિગતિ કે સદ્ગતિ પામ્યા હતા એ મહાન સાધના પણ એમને દુર્ગતિમાં ધકેલાતા બચાવી ન શકી. એમાં જવાબદાર હતી સ્પર્શેન્દ્રિયની અતૃપ્તિ અને વિકલ્પપરસ્તતા.

એટલે જ ઇન્દ્રિયજયાષ્ટકના પ્રથમ શ્લોકમાં 'જ્ઞાનસાર' ગ્રન્થકાર બહુ હૃદયસ્પર્શી પ્રસ્તુતિ કરે છે કે :–

बिभेषि यदि संसाराद्, मोक्षप्राप्तिं च काङ्क्षसि ।
तदेन्द्रियजयं कर्तुं, स्फोरय स्फारपौरुषम् ।।

ભાવાર્થ કે હે જીવ! તું જો સંસારથી ભયભીત છે અને મોક્ષપ્રાપ્તિની અભિલાષા રાખે છે તો ઇન્દ્રિયો પર વિજય મેળવવા તારું વિરાટ સામર્થ્ય સ્ફુરાયમાણ કર. જૈન પરંપરા શ્રમણમાત્રને આ ઇન્દ્રિયવિજય માટે દીક્ષાપ્રારંભથી સંકલ્પબદ્ધ કરે છે.

ગૃહસ્થ વ્યક્તિ કદાચ ઉપરોક્ત સ્પષ્ટ લક્ષ્ય ધરાવતી ન હોય તો ય, સદ્‌ગૃહસ્થસ્તરે રહેવા કાજે એણે ઈન્દ્રિયોના સંદર્ભમાં ત્રણ ભૂમિકા આત્મસાત્ કરવી જોઈએઃ

**(૧) દુરુપયોગની સ્થિતિમાં નિયન્ત્રણ :** જેની સાથે લગ્નરૂપ અધિકૃત સંબંધ ન હોય એવા વિજાતીય પાત્ર સાથે શારીરિક સંબંધ સ્પર્શેન્દ્રિયનો દુરુપયોગ છે, તો માત્ર સ્વાદ–મજા ખાતર ભક્ષ્ય–અભક્ષ્ય પેય–અપેયના વિચાર વિનાનો આહાર જીભનો દુરુપયોગ છે; વિકૃત ચલચિત્રો–ચિત્રો ને વિજાતીય રૂપનું મલિનભાવે દર્શન આંખનો દુરુપયોગ છે, તો અન્યોની નિંદાનું શ્રવણ કાનનો દુરુપયોગ છે. કમ સે કમ એટલો નિશ્ચય કરાય કે જ્યાં આ કે આવી રીતનો ઈન્દ્રિય દુરુપયોગ હોય ત્યાં સજ્જડપણે ઈન્દ્રિયો પર Control–નિયન્ત્રણ રાખી એને તે તે બાબતો તરફ જવા જ ન દેવી. જ્યાં અકસ્માત્ થાય તેવી ક્ષણો હોય ત્યાં Car ને સજ્જડ Brake લગાવવી જ પડે છે, તો જ્યાં બાહ્ય–અભ્યંતર નુકસાનો થાય એવી સ્થિતિ હોય ત્યાં તે તે ઈન્દ્રિય પર સજ્જડ નિયન્ત્રણ કેમ ન રખાય? રખાય જ. કેવું હોય એ આત્મનિયન્ત્રણ એ નિહાળવા માટે વાંચો રાજા છત્રસાલનો આ અદ્‌ભુત પ્રસંગઃ

બુંદેલખંડના રાજવી છત્રસાલ બુંદેલાની યુવાવસ્થાની વાત. એ પરાક્રમી શૂરવીર લડવૈયા તો હતા જ, ઉપરાંત અદ્‌ભુત રૂપ પણ ધરાવતા હતા. એમના શૌર્યની ઘરે ઘરે ગવાતી કથાઓથી અને પ્રભાવશાળી દેહયષ્ટિથી એક યુવતી એમના પર પાગલ થઈ ગઈ હતી. વારંવાર એ મનસૂબા કરતી હતી કે છત્રસાલ પ્રેમીરૂપે મળી જાય તો સારું. એ રાજા હતા. એટલે એમની પાસે કઈ રીતે પહોંચવું એ સમસ્યા હતી. એક વાર તક મળતા એ હિંમત કરીને છત્રસાલ પાસે એકાંત ખંડમાં પહોંચી ગઈ. છત્રસાલને અણસાર તો આવી ગયો. છતાં એમણે પૂછ્યુંઃ ‘‘શું કામ છે તારે?’’ યુવતી એકદમ નિર્લજ્જતા ન દાખવી શકી. એથી એણે શરમાતા શરમાતા કહ્યું : ‘‘મારે તમારા જેવો પુત્ર જોઈએ છે. મને સ્વીકારી લો.’’

ક્યાંક ગલત માર્ગે કદમ ન ભરાઇ જાય એ માટે છત્રસાલે તુર્ત આત્મનિયન્ત્રણ કેળવી લીધું. એમણે ચતુરાઇભર્યો ઉત્તર આપ્યો : "અરે ભલી બાઇ ! મને જ તું તારો પુત્ર ગણી લે ને. અબઘડી જ તારી ઇચ્છા પૂર્ણ થઇ જશે. બાકી તું મારી સાથે લગ્ન કરે, પછી પુત્ર જ જન્મે અને એ શૂરવીર જ થાયઃ આ તો દીર્ઘકાલીન અને કાલ્પનિક વાત છે." પેલી સ્ત્રીના અરમાન ઓસરી ગયા. એ ચૂપચાપ ત્યાંથી વિદાય થઇ ગઇ...

**(૨) ઉપયોગની સ્થિતિમાં સાવધાની :** Car જ્યારે ઢાળ પર હોય ત્યારે ન તો એના પર સજ્જડ Brack લગાવી શકાય, કે ન તો એને સાવ મુક્ત ગતિ કરવા દેવાય. થોડી Brack અને થોડી ગતિ, આવું મિશ્રણ ત્યારે કામિયાબ નીવડે. એ જ રીતે પરસ્પરના વ્યવહારોમાં આપણે જોડાઇએ ત્યારે આંખ–કાન–જીભ આદિ ઇન્દ્રિયોનો ઉપયોગ પણ કરવો પડે અને સાવધાની પણ રાખવી પડે. ઉદાહરણરૂપે, વાર્તાલાપનો વ્યવહાર કરવાનો આવે ત્યારે ન તો જીભને સાવ નિયન્ત્રિત કરી મૌન કરી દેવાય, ન તો એને બેફામ–બેલગામ બોલવા દેવાય. માર્ગ પર જતા હોઇએ ત્યારે આંખને ન તો સાવ નિયન્ત્રિત–બંધ કરી દેવાય, ન તો એને માર્ગ પરના બીભત્સ Hoardings જોવા આમ–તેમ ઘૂમવા દેવાય. ત્યાં નિયમ આ રાખવો કે ઇન્દ્રિયોનો ઉપયોગ કરવો, કિંતુ સાવધાની ડગલે ને પગલે રાખવી...

**(૩) સદુપયોગની સ્થિતિમાં સ્વતન્ત્રતા :-** ધારો કે એ ઇન્દ્રિયો શુભ આલંબનોમાં સંલગ્ન થઇ રહી હોય ત્યારે એના પર ન તો નિયન્ત્રણ રાખવાની જરૂર રહે, ન તો સાવધાની રાખવાની જરૂર રહે. એને સ્વતન્ત્રભાવે–મુક્તભાવે પ્રવર્તવા દેવીઃ જેમ રાજમાર્ગ એકદમ સરલ–વળાંકરહિત હોય ત્યારે Car ને પૂર્ણ ગતિ આપી શકાય તેમ. દૃષ્ટિ ભગવાનનાં દર્શનમાં, કર્ણ પ્રભુનાં ગુણશ્રવણમાં કે જીભ પ્રભુનાં ગુણસ્તવનમાં તલ્લીન હોય ત્યારે ત્યાં તે તે દરેક ઇન્દ્રિયને સ્વતન્ત્રતા આપવી. કેમ કે એનાથી માત્ર ને માત્ર લાભ છે. એથી જ એક ગુજરાતી સ્તુતિમાં શુભ આલંબનોમાં લીન ઇન્દ્રિયોને ધન્ય ગણતા મજાની વાત લખાઇ છે કે :–

**જે દૃષ્ટિ પ્રભુદર્શન કરે તે દૃષ્ટિને પણ ધન્ય છે,**
**જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે;**
**પીએ મુદા વાણીસુધા તે કર્ણયુગને ધન્ય છે,**
**તુજ નામમન્ત્ર વિશદ ધરે તે હૃદયને પણ ધન્ય છે...**

'જ્ઞાનસાર' ગ્રન્થકાર અનિયન્ત્રિત ઇન્દ્રિયો માટે બે ઉપમા સરસ પ્રસ્તુત કરે છે કે વિવેકરૂપી ગજરાજને દૂર ભગાવવામાં ઇન્દ્રિયો સિંહ સમી છે, તો સમાધિરૂપ ધન લૂંટવામાં ઇન્દ્રિયો ચોર જેવી છે. મતલબ કે બેફામ બનેલ ઇન્દ્રિયો સાધકને વિવેકથી વંચિત કરે છે, તો સાધકને સમાધિથી ભ્રષ્ટ પણ કરે છે. જેઓ હર કોઇ તબક્કે જીવનગૃહમાં વિવેકનો દીપ પ્રજ્વલિત રાખવા ચાહે છે અને સમાધિ સદા ય અકબંધ રાખવા ચાહે છે. તેઓએ ઇન્દ્રિયોનું નિયન્ત્રણ અવશ્ય કરવું જ જોઇએ.

છેલ્લે એક વાત : ઇન્દ્રિયોનો સદુપયોગ વિવેકની નિશાની છે... ઇન્દ્રિયોનો દુરુપયોગ વિનિપાતની નિશાની છે... ◆◆◆

# ૯

# માખણમાં છાશના અંશો ન હોય તો જ ઘી શુદ્ધ બને ... ત્યાગમાં રાગના અંશો ન હોય તો જ આત્મા શુદ્ધ બને ...

પચાસ ક્રોડની સંપત્તિના આસામી શ્રેષ્ઠી. સંસારના વ્યવહારોમાં એ પૂરેપૂરા રચ્યા–પચ્યા રહે. પરંતુ થોડી ધર્મ પ્રત્યે પણ રુચિ એમનામાં હતી ખરી. એક વાર કોઈ સદ્‌ગુરુનો યોગ એમને થઈ ગયો અને ધર્મનો રંગ એવો લાગ્યો કે એ તમામ સંપત્તિ–સમૃદ્ધિ ત્યાગીને સંન્યાસી થવા તૈયાર થઈ ગયા. આ નિર્ણય પણ એમણે માત્ર એક રાત્રિમાં લીધો. શેઠની સમૃદ્ધિ જાણનાર સહુ કોઈ પ્રભાવિત થઈ ગયા શેઠના આ ત્વરિત ત્યાગથી. એ સહુ શ્રેષ્ઠીના આ ત્વરિત ત્યાગની અનુમોદના–પ્રશંસા કરી રહ્યા.

પણ... બન્યું એવું કે વધુ પડતી પ્રશંસા સાંભળીને એમનાં દિલ–દિમાગમાં રાઈ ભરાઈ ગઈ કે 'મેં કરેલ ત્યાગ મહાન છે. આવો ત્યાગ જલ્દી કોઈ કરી ન શકે.' એટલે જ્યારે જ્યારે કોઈ નવું સંન્યાસીવૃંદ મળે–નવા ભક્તજનો મળે ત્યારે ત્યારે આ

સંન્યાસી એ જ ફિરાકમાં રહે કે ક્યારે મારા પેલા મહાન ત્યાગની વાત બઢાવી–ચડાવીને કહેવાની તક મળે. તેઓ એ તથ્ય સીફતથી ભૂલી ગયા કે ત્યાગનો યા કોઇ પણ ગુણનો ગર્વ કરવાનો ન હોય.

એક દિવસની વાત. એમને દશ નવા સંન્યાસીઓનું વૃંદ કોઇ ગામમાં મળ્યું. સહુ સાથે રહ્યા. એમાં રાત્રે 'કોને કયા કારણે વૈરાગ્ય પ્રગટ્યો' એ વિષય છેડાયો. પેલા સંન્યાસીને તો જોઇતી તક સામેથી મળી ગઇ. પોતાનો ક્રમ આવ્યો ત્યારે એમણે, પચાસ ક્રોડની સંપત્તિ ઉપાર્જિત કરવા સેવેલો શ્રમ–સદ્‌ગુરુનો સંપર્ક–એક જ રાત્રિમાં કરેલ ત્યાગનિર્ણય વગેરે વાતો બઢાવી–ચડાવીને રજૂ કરી અને છેલ્લે ઉમેર્યું કે ''એક જ ઝાટકે પચાસ ક્રોડની સંપત્તિને લાત મારીને નીકળી જવું એ કાંઇ ખાવાના ખેલ તો નથી જ.'' સંન્યાસીવૃંદમાં રહેલ એક મર્મી સંન્યાસી પેલા સંન્યાસીની સતત આત્મપ્રશંસાભરી વાતોથી ચકિત થઇ ગયા હતા. એમણે એ પૂર્વશ્રીમંત સંન્યાસીની સાન ઠેકાણે લાવવા છેલ્લા વાક્ય પર એકદમ માર્મિક કટાક્ષ કર્યો કે ''લાગે છે એ લાત મારવામાં થોડી કસર રહી ગઇ છે.'' એમના આ કટાક્ષનો સૂચિતાર્થ એ હતો કે તમારા ત્યાગની લાત જોરાવર ન હતી, એટલે જ હજુ પણ તમને તમારી સંપત્તિ યાદ આવ્યા કરે છે. વૃંદના તમામ સંન્યાસીઓમાં હાસ્યનું મોજું ફરી વળ્યું...

ભાવનાપૂર્વક સર્વત્યાગ કરનાર વ્યક્તિમાં ય ક્યારેક ક્યારેક કેવી ખામી રહી જતી હોય છે તે આ ઘટનામાં અસરકારક રીતે પ્રતિબિંબિત થાય છે. ક્યાંક પોતે કરેલ ત્યાગના વ્યક્ત યા અવ્યક્ત ઘમંડની ખામી રહી જતી હોય છે, તો ક્યાંક પોતે ત્યાગેલ સ્વજન–સંબંધીઓ પ્રત્યે પ્રગટ કે અપ્રગટ મમતાની–લગાવની ખામી રહી જતી હોય છે; ક્યાંક ત્યાગીજીવનમાં પોતે જેનો ત્યાગ કર્યો છે તે બાબતોના પ્રકારાંતરે પ્રવેશની ખામી રહી જતી હોય છે, તો ક્યાંક ત્યાગનાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ લક્ષ્યો તરફ દૃષ્ટિ ન ઠેરવવાની ખામી રહી જતી હોય છે. આવી આવી ખામીઓ દૂર કરવા 'જ્ઞાનસાર' ના આઠમા અષ્ટકમાં 'ત્યાગ'નો વિષય લઇને આપણી સમક્ષ  પ્રસ્તુત થાય છે મહાન શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર. ત્યાગના આ વિષય પરથી જ સ્પષ્ટતા થઇ જાય છે કે આ અષ્ટક સર્વસંગના ત્યાગી માટે છે. સરેરાશ વ્યક્તિ સર્વસંગની ત્યાગી ભલે

ન હોય. તો ય એને સર્વસંગત્યાગનો ભાવ જાગે અથવા એવા ત્યાગીઓ પ્રત્યે અહોભાવ પ્રગટે તે માટે આપણે આ ત્યાગાષ્ટકના કેટલાક વિચારસ્ફુલિંગો પર દૃષ્ટિપાત કરીએ:

ત્યાગાષ્ટકના તૃતીય શ્લોકમાં તેઓ ત્યાગાર્થી પુણ્યાત્માને ઉદ્દેશીને લખે છે કે ''बाह्यवर्गमिति त्यक्त्वा, धर्मसंन्यासवान् भवेत्।'' ભાવાર્થ કે માતા-પિતા-ભાઇ-પત્ની-જ્ઞાતિજનો આદિ સર્વ સાંસારિક બાહ્ય વર્ગનો ત્યાગ કરી સંયમાર્થીએ બાહ્ય સંબંધના ત્યાગરૂપ ધર્મમાં આત્માનું સ્થાપન અર્થાત્ ધર્મસંન્યાસ ગ્રહણ કરવો જોઇએ. બાહ્ય સ્વજનાદિ વર્ગને એ પુણ્યાત્મા ત્યાગે, તો એને કયા લોકોત્તર સ્વજનો મળે એની મસ્ત યાદી પ્રથમના સાર્ધ ત્રણ શ્લોકમાં ગ્રન્થકારે કાંઇક આવી આપી છે કે શુદ્ધ ઉપયોગરૂપ પિતા, આત્મરતિરૂપ માતા, શીલ-સત્ય-સંતોષ વગેરેરૂપ બંધુજનો, સમતા નામે પત્ની અને સંયમની સુંદર સાધના કરતા શ્રમણોરૂપ જ્ઞાતિજનો : આ અભ્યંતર અને આત્મહિતકર નવા સ્વજનો શ્રમણના-ત્યાગીના છે. ન સમજતા કે આ માત્ર કલ્પનાસૃષ્ટિની સરસ નામાવલિ છે. વસ્તુતઃ સ્વજનનામાવલિનાં નિમિત્તે અહીં ગ્રન્થકારે સર્વસંગત્યાગી સંયમી માટે આત્મોન્નતિ કરાવે તેવાં ઊંચાં લક્ષ્યો પ્રસ્તુત કર્યાં છે.

બાહ્ય સ્વજનવર્ગ કેવો છે? એનો નિર્દેશ કરતાં બીજા શ્લોકમાં ગ્રન્થકારે શબ્દ પ્રયોગ કર્યો છે ''अनियतात्मनाम्'' એટલે કે તે સ્વજનોના સંબંધો અનિયત છે. આ જન્મમાં જે સ્વજનો છે તે આગામી જન્મોમાં શત્રુ પણ બની શકે છે. અરે! કેટલાક બંધુ વગેરે તો આ જન્મમાં જ ''ભાઇ' મટીને 'ભય' બની જાય છે, મિત્ર મટીને શત્રુ બની જાય છે. આ છે બાહ્ય સંબંધોની અનિયતતા. જ્યારે શીલ-સત્ય-સંતોષ વગેરે બંધુજનો સદાકાળ એક જ સ્વરૂપવાળા અર્થાત્ માત્ર ને માત્ર હિતકારી છે. આથી એમના માટે ગ્રન્થકારે સંયમીની અભિવ્યક્તિરૂપ પંક્તિ રજૂ કરી કે : ''ध्रुवैकरूपान् शीलादीन्, बन्धूनित्यधुना श्रये।'' ભાવાર્થ કે સદૈવ એક જ-હિતકારી રૂપ ધરાવતા શીલ-સત્યાદિ સાથે હું બંધુરૂપે સંબંધ રચું છું.

ત્યાગાષ્ટકના પાંચમા શ્લોકમાં ગ્રન્થકાર, સંયમી પુણ્યાત્માને એના નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચાડવા માટે સૌથી વધુ ઉપયોગ અને ઉપકારક ગુરુતત્ત્વ અંગે હૃદયસ્પર્શી ઉલ્લેખ કરે છે કે ઉત્તમ ગુરુની ઉત્તમ ભાવથી સેવા કરો. સંયમી સાધક જો નાવનાં સ્થાને છે, તો સદ્ગુરુ નાવિકનાં સ્થાને છે. નાવિક જો કૌશલ્ય ધરાવતો હોય તો મર્યાદિત ક્ષમતા ધરાવતી નાવને પણ સલામત રીતે સામે પાર લઈ જઈ શકે. એમ સદ્ગુરુ જો ઉત્તમ–કુશલ હોય તો અનેક મર્યાદા–અક્ષમતા ધરાવતા શિષ્યની જીવનનાવને પણ એ સંસારને સામે પાર લઈ જઈ શકે. જૈન પરંપરામાં આ ગુરુતત્ત્વનો મહિમા એટલો ઉત્કૃષ્ટ–અદ્ભુત છે કે સ્વયં ભગવાન સમક્ષ યાચવાની તેર પ્રાર્થનાઓમાં એક પ્રાર્થના એ કરાઈ છે કે ''सुहगुरुजोगो'' મતલબ કે મને શુભ–ઉત્તમ ગુરુની પ્રાપ્તિ થાઓ. પ્રભુ સમક્ષ ગુરુની માંગણી. કેવી અદ્ભુત વાત છે આ !! આ પ્રાર્થના જ ગુરુતત્ત્વનો પ્રબળ–સબળ મહિમા અભિવ્યક્ત કરે છે. સંપ્રાપ્ત થઈ ગયેલ એ ગુરુતત્ત્વની સેવા સમર્પિતભાવે અને સાતત્યસભર થાય તે માટે ગ્રન્થકાર આ પાંચમો શ્લોક પ્રસ્તુત કરે છે કે :–

गुरुत्वं स्वस्य नोदेति, शिक्षासात्म्येन यावता ।
आत्मतत्त्वप्रकाशेन, तावत् सेव्यो गुरूत्तमः ।।

ભાવાર્થ કે આત્મતત્ત્વના પ્રકાશ દ્વારા અને ત્યાગીજીવનના આચારરૂપ શિક્ષાનાં આત્મસાત્મ્ય દ્વારા સ્વયંનાં જીવનમાં ગુરુતત્ત્વનું પ્રાગટ્ય થાય નહિ ત્યાં સુધી સાતત્યપૂર્વક ઉત્તમ ગુરુની ઉત્તમ ભાવથી સેવા કરવી. કેવા ઉત્તમ ભાવથી સદ્ગુરુની સેવા–ભક્તિ કરવી એના માટે બે સદાબહાર સુવાક્યો નિહાળીએ :

* ગુરુને ભગવાન સમા માનીને જે શિષ્ય આ જન્મમાં ગુરુની સમર્પિત ભક્તિ કરે છે એને આવતા જન્મમાં સાક્ષાત્ ભગવાન ગુરુ તરીકે મળે છે...

* જૈન પરંપરામાં ગુરુની શ્રેણિમાં ગણધર શ્રી ગૌતમસ્વામીને શ્રેષ્ઠ ગુરુ ગણ્યા છે. એ સંદર્ભમાં અન્ય પ્રેરક સુવાક્ય આ છે કે ''દરેક શિષ્યને ગૌતમસ્વામી જેવા ગુરુ મળે એ શક્ય નથી હોતું, પરંતુ જે ગુરુ મળ્યા હોય તેમને ગૌતમસ્વામીરૂપે નિહાળવાનું તો જરૂર શક્ય છે.''

શિષ્યની–સંયમીની ગુરુ પ્રત્યેની દૃષ્ટિ અને ભક્તિ કેવી ઉત્તમ હોવી જોઇએ તે આ બે સુવાક્યો પણ બહુ સરસ રીતે સમજાવી જાય છે. આપણે એ ગુરુતત્ત્વની ઉપયોગિતાને અને ઉપકારકતાને ત્રણ ઉપમા દ્વારા સમજીએ :

(૧) **ગુરુ શિલ્પકાર છે :-** નીવડેલ શિલ્પકારનું શ્રેષ્ઠ કૌશલ્ય એ છે કે તે ખરાબ – અણઘડ પથ્થરને પણ એવો સરસ ઘડે કે દર્શક માની ન શકે આ ભૂતકાળમાં કોઇ ખરાબ–દીઠો ન ગમે તેવો પથ્થર હતો. ખબર છે વિખ્યાત શિલ્પકાર માઇકલ એન્જીલોનો પ્રસંગ ?

એ એક વાર એનાં મિત્રને મળવા એની દુકાને ગયો હતો. દુકાનથી જરા આગળ એક એવો ખરબચડો અણીદાર કાળમીંઢ પથ્થર વચ્ચે પડ્યો હતો કે આવતા–જતા સૌને નડ્યા કરે. માઇકલે મિત્રને આ નકામા પથ્થર વિશે પૂછતાં જ મિત્રે હૈયાવરાળ ઠાલવી : ''ખબર નહિ ક્યાંથી આ વજનદાર ખરબચડો પથ્થર અહીં આવી પડ્યો છે. મને અને આવનાર સૌને એ નડે છે. એને ઊંચકીને દૂર લઇ જવા માટે મજૂરો રાખવા પડે . મને આવો બધો સમય નથી મળતો. બાકી તું જો એને લઇ જતો હોય તો હું મજૂરીની રકમ આપવા તૈયાર છું.'' કેમ જાણે શું થયું પણ માઇકલે એ પથ્થર સ્વીકારવાની તૈયારી બતાવી અને એ પથ્થર મજૂરો દ્વારા એનાં ઘરે પહોંચી પણ ગયો.

આ ઘટનાનાં એક વર્ષ બાદ કોઇ પ્રસંગે પેલો મિત્ર માઇકલના ઘરે આવ્યો. દીવાનખાનામાં પ્રવેશતાં જ એણે એક એવું અદ્ભુત શિલ્પ નિહાળ્યું કે એનાથી એનાં નયનો વિસ્ફારિત થઇ ગયાં. એ શિલ્પની નજાકત, મુખ પર નીતરતા જીવંત કરુણાના ભાવો, શિલ્પની ચમક વગેરેથી એ અભિભૂત થઇ ગયો. ત્યાં જ પાછળથી આવેલ માઇકલે એના ખભા પર હાથ મૂકતાં કહ્યું:''મિત્ર મારા, તું આ જે શિલ્પ પર મુગ્ધ છે એ તારી દુકાનેથી લવાયેલ પેલા અણઘડ–બરછટ પથ્થરની જ નીપજ છે. મારાં ટાંકણાએ એના તમામ વધારાના ભાગો દૂર કરી એને આ સ્વરૂપ બક્ષ્યું છે...''

સદ્ગુરુ પણ આ શિલ્પકાર સમા છે. એ જ્ઞાનની હથોડી અને ક્રિયાનાં ટાંકણાંનો બખૂબીભર્યો ઉપયોગ કરીને શિષ્યના–સંયમી શિષ્યના જીવનનું

એવું સરસ ઘડતર કરે કે પહેલા દુનિયાની નજરે અનેક દોષોથી ઘેરાયેલ શિષ્ય હવે સદ્ગુણશિલ્પથી પરિકલિત–સુશોભિત બને અને સૌની દૃષ્ટિએ વંદનીય–પૂજનીય બને. દોસ્ત જેવા લાગણીશીલ રહી શિષ્યના દોષોનું નિવારણ કરતાં ગુરુ માટે બહુ માર્મિક હિંદી પંક્તિ લખાઈ છે કે ''गुरूसे सच्चे और गुरूसे अच्छे कोइ दोस्त नहि होते है जो शिष्य के दोष जमींदोस्त करते है ।''

(૨) **ગુરુ સ્વર્ણકાર છે :-** સ્વવર્ણકાર એટલે સુવર્ણનાં આભૂષણ ઘડનાર. વ્યાપક સંદર્ભ લઈએ તો ખાણમાંથી સુવર્ણ કાઢનારથી લઈને એનાં આભૂષણ ઘડનાર–વેચનાર સહુને આ શબ્દ દ્વારા સમાવી શકાય. એમાં જેઓ સુવર્ણને શુદ્ધ કરે છે એમની કામગીરી વિશિષ્ટ છે. માટીથી મિશ્રિત સુવર્ણને એ ભઠ્ઠીમાં–આગમાં નાખીને તપાવશે. એ પ્રક્રિયાથી સુવર્ણ સાથે રહેલ મલ દૂર થાય અને સુવર્ણ શુદ્ધ રૂપે પ્રકાશિત થાય. ગુરુનું કાર્ય પણ આવું છે. પરિષહો–કષ્ટોની ભઠ્ઠીમાં એ સાધકને તપાવે, એના શિથિલતા–સુખશીલતાદિ દોષો એ દૂર કરે અને એને ઉચ્ચતમ આચારોથી પ્રકાશિત – ઝળહળાયમાન કરે.

સ્વર્ણકારનો અર્થસંદર્ભ સુવર્ણના આભરણાદિ ઘડનાર સોનાર કરીએ તો ય મજાનો અર્થ ઘટે છે કે લોખંડની તલવાર જેવો સાધક પારસમણિ જેવા પ્રભુના સ્પર્શે લોહમાંથી સુવર્ણમાં રૂપાંતરિત થાય તો ય એની ધાર–માર અને આકાર બદલવાનું કાર્ય તો સદ્ગુરુ જ કરે. એથી જ સંત તુલસીદાસે લખ્યું છે કેઃ–

ज्ञानहथोडो हाथ लइ, सद्गुरु बने सोनार ।
तुलसी ! इसका मीट गया, धार-मार-आकार ।।

(૩) **ગુરુ કુંભકાર છેઃ-** માટીના પિંડને કુંભાર ચાકડે ચડાવે છે, એને ચોક્કસ આકાર આપે છે, એ પછી પણ એના આકારમાં ખામી રહે તો ઉપરથી ટપલાં લગાવી તેમજ અંદરથી હાથ રાખી કુંભાર ઘડતર કરે છે અને એને કુંભનો આકાર આપે છે. સદ્ગુરુ પણ સાધકને ચારિત્ર જીવનના ચાકડે ચડાવે, એને સંયમધરરૂપે આકાર આપે, પછી પણ એનામાં ખામી રહે તો ભીતરી વત્સલતા અને ઉપરની કઠોરતાથી એનું પરિપૂર્ણ ઘડતર કરે. જૈન પરિભાષામાં આ વત્સલતા–કઠોરતાને સારણાદિ કહેવાય છે.

સંયમી ત્યાગી પુણ્યાત્માના ત્યાગને ઉત્તરોત્તર ઉત્તમતા તરફ લઈ જતા ગ્રન્થકારે તેવી યોગ્ય ભૂમિકા સર થાય ત્યારે ઉત્તમ 'ધર્મસંન્યાસ' ની વાત ફરમાવી છે. પૂર્વોક્ત ધર્મસંન્યાસ ઔદયિક બાહ્ય ભાવોના ત્યાગરૂપ હતો. તો આ ઉત્તમ ધર્મસંન્યાસ ક્ષાયોપશમિક ધર્મોના ત્યાગરૂપ છે. એમાં ક્ષાયિક ધર્મોમાં રમણતા છે. અને...છેલ્લે તેઓ મન–વચન–કાયાના યોગમાત્રના ત્યાગનું નિરૂપણ યોગસંન્યાસ દ્વારા કરે છે. આ યોગસંન્યાસ બાદ તુર્ત સંયમી આત્મા સિદ્ધ બની મોક્ષપદે પ્રતિષ્ઠિત થાય છે. ત્યાં ય એમનામાં મન–વચન કાયાના યોગોના ત્યાગ જારી હોય છે. હોય છે માત્ર અનંત જ્ઞાનાદિ ગુણો. આ રીતે ત્યાગની અદ્‌ભુત શાસ્ત્રીય વાતો ત્યાગાષ્ટકમાં રજૂ થઈ છે.

છેલ્લે એક વાત : **માખણમાં છાશના અંશો ન હોય તો જ એનું ઘી શુદ્ધ બને... ત્યાગમાં રાગના અંશો ન હોય તો જ આત્મા શુદ્ધ બને ...** ◆◆◆

૧૦

# જેમ પંખીને ઊડવા માટે બે પાંખ જરૂરી છે તેમ આત્માને કલ્યાણ માટે જ્ઞાન-ક્રિયાની બે પાંખ જરૂરી છે...

વાહન જો Cycle-Scooter વગેરેરૂપ હોય તો એક વાત નક્કી છે એને બે Wheel જોઈએ જ. જો એક જ Wheel હોય તો એ વાહન ગતિ ન કરી શકે. ઘડિયાળ જો કાંટાવાળી હોય તો એ વાત નિશ્ચિત છે કે એમાં બે કાંટા જોઈએ જ. જો એમાં એક જ કાંટો હોય તો એ ઘડિયાળ સમય ચોક્કસપણે ન જ દર્શાવી શકે. પંખીને જો બે મજબૂત પાંખ હોય તો જ એ આકાશમાં ઉડ્ડયન કરી શકે. જો એની એક પાંખ ઘાયલ હોય-તૂટી ગઈ હોય તો એ પંખી આકાશમાં જરા ય ઉડાન ન ભરી શકે.

જેમ ઉપરોક્ત તમામ ઉદાહરણોમાં બે સંખ્યાના પરિબળની હાજરી અનિવાર્ય છે, તેમ જૈન દર્શન કહે છે કે માનવથી મહાવીર બનવાની-સંસારમાંથી સિદ્ધિ તરફ પ્રસ્થાન કરવાની પ્રક્રિયામાં જ્ઞાન અને ક્રિયા નામે બે ઉત્તમ તત્ત્વોની હાજરી અનિવાર્ય છે. બેમાંથી એક પણ તત્ત્વની ગેરહાજરી હોય તો જીવને શિવ

બનાવનારી સાધના યથાર્થ પરિણામદાયી નીવડતી નથી. એથી જ જૈન દર્શન ખૂબ સંતુલિત અને માર્ગદર્શક સૂત્ર આપે છે કે જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ. મતલબ કે જ્ઞાન અને ક્રિયા, ઉભયની સાધના દ્વારા મોક્ષની પ્રાપ્તિ શક્ય થાય છે. આ સૂત્રના રહસ્યાર્થને આત્મસાત્ કરનાર 'જ્ઞાનસાર' ગ્રન્થસર્જક મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર પૂર્વે પાંચમા અષ્ટકમાં જ્ઞાનનો મહિમા દર્શાવ્યા બાદ હવે નવમા અષ્ટકમાં ક્રિયાનો મહિમા ક્રિયાષ્ટકરૂપે પ્રસ્તુત કરી રહ્યા છે.

પૂર્વકાળમાં અને વર્તમાન કાળમાં પણ કેટલોક તથાકથિત અધ્યાત્મપ્રેમી વર્ગ એવો મળે છે કે એ વર્ગ ફક્ત જ્ઞાનનો જ મહિમા કરે અને ક્રિયાનો ઇન્કાર કરે. આ વર્ગ અધ્યાત્મના ગ્રન્થો વાંચે–સમજે, એના પરનાં પ્રવચનો–સંગોષ્ઠિઓ વગેરે સાંભળે. પણ પછી ક્રિયાના નામે એ સાવ મીંડુ ધરાવતા હોય. નાનું શું પણ ક્રિયાનું કષ્ટ ઉઠાવવાની એમની તત્પરતા ન હોય. તેઓ ક્રિયાને 'જડનો ધર્મ' કહીને એનો તિરસ્કાર કરતા હોય. આવા એકાંગી વર્ગ તરફ તર્કનું તીર તાકતા તેઓ ક્રિયાષ્ટકના દ્વિતીય શ્લોકમાં સરસ અને સોંસરો ઊતરી જાય તેવો તર્ક કરે છે કે :–

क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ।।

ભાવાર્થ કે ક્રિયા વિનાનું માત્ર કોરું શુષ્ક જ્ઞાન તો સાવ નિરર્થક છે. જેમ માર્ગની જાણકાર વ્યક્તિ ગતિ કરવારૂપ–ચાલવારૂપ ક્રિયા કર્યા વિના ઇષ્ટ નગરમાં ન પહોંચી શકે એમ ક્રિયારહિત માત્ર કોરું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ પણ મોક્ષનગરમાં ન પહોંચી શકે. ગતિ અને જ્ઞાનસંબંધી ગ્રન્થકારનો આ તર્ક આત્મકલ્યાણનાં ક્ષેત્રે ક્રિયાનો મહિમા કેવો છે એ મંડિત કરે છે. જેઓ પ્રમાદવશ–શિથિલતાવશ કે વિચારમૂઢતાદિવશ ક્રિયાનો છેદ ઉડાડે છે તેઓ ક્યારેક કેવા હાસ્યાસ્પદ બની જાય એ જાણવું છે ? તો વાંચો આ રમૂજકથા :

નગરબહાર નદીતટે થોડી કુટિરોમાં શિષ્યવૃંદ સાથે વસતા એક સંન્યાસીને નગરના રાજા તરફથી રાજમહેલમાં પગલાનું–ભોજનનું નિમન્ત્રણ મળ્યું. યથાસમયે સંન્યાસી રાજાનાં આંગણે પધાર્યા. ભક્તિ અને વિવેક, બન્ને ધરાવતા રાજાએ સંન્યાસીનું પૂર્ણ ભાવથી સ્વાગત કર્યું અને ભોજનનો પણ

ઉત્તમ પ્રબંધ કર્યો. સ્વાગત–વાર્તાલાપ વગેરેમાં ઘણો સમય વ્યતીત થઈ જવાથી કે સરતચૂક થઈ જવાથી, જ્યારે ભોજન અર્થે વિરાજ્યા ત્યારે સંન્યાસી પવિત્રતા માટેની સ્નાનસંધ્યાની વિધિ કરવી ભૂલી ગયા. રાજા સંન્યાસીઓની વિધિના જાણકાર હોવાથી એમનાં ધ્યાનમાં આ ભૂલ તુર્ત આવી ગઈ. એમણે વિવેકપૂર્વક આ વિધિ બાકી રહી હોવા અંગે સંન્યાસીનું ધ્યાન દોર્યું.

જરાક ક્ષોભ પામી ગયેલ સંન્યાસીએ ત્વરિત વિચાર્યું કે 'ભૂલ થઈ છે' એમ કબૂલ કરવામાં રાજાની નજરમાં હું ન્યૂન દેખાઈશ. એથી એમણે બચાવના અંદાજમાં કહ્યું કે "એ બધી વિધિ તો નાના નાના–સામાન્ય સંન્યાસીઓ માટે ફરજિયાત હોય. અમારા જેવા ઉચ્ચ સ્તરના સંન્યાસીઓ તો સદા ય જ્ઞાનગંગામાં ઝીલનારા હોવાથી અમે તો હંમેશા પવિત્ર હોઈએ. અમારે વિધિ અનિવાર્ય ન હોય." ચતુર રાજાએ પરખી લીધું કે સંન્યાસી ભૂલ છુપાવવા દલીલ કરી રહ્યા છે. અવસરે સંતને સબક શીખવવાનું વિચારી રાજાએ કોઈ જ ચર્ચા વિના એજ ભક્તિથી સંન્યાસીને ભરપૂર ભોજન કરાવ્યું.

ભોજન બાદ સંન્યાસીને આરામ માટે ખંડ અપાયો. સંત ખંડને અંદરથી બંધ કરી નિદ્રાધીન થયા. અચાનક રાજાને આ તક ઝડપવાનું મન થયું. એમણે સેવકો દ્વારા ખંડ બહારથી બંધ કરાવ્યો અને પોતાની રજા સિવાય ખંડ ન ખોલવાનું ફરમાન કર્યું. બે કલાકે સંન્યાસી જાગૃત થયા ત્યારે આકંઠ ભોજનવશ એ તૃષાતુર થઈ ગયા હતા. એમણે દ્વાર ખોલવાની કોશિશ કરી ત્યારે ખ્યાલ આવ્યો કે દ્વાર બહારથી બંધ છે. સંન્યાસીએ પહેલા ટકોરા અને દ્વાર ખોલવાની સામાન્ય સૂચના અંદરથી કરી, પણ દ્વાર ન ખૂલ્યું. પછી જોરથી રાડ અને દ્વાર પર હાથોની પછડાટ, પણ દ્વાર ન જ ખૂલ્યું. ખૂબ બૂમાબૂમ પછી ય દ્વાર ન ખૂલ્યું ત્યારે સ્તબ્ધ–વ્યગ્ર સંતે આજીજી કરીઃ "દ્વાર ખોલો. તરસનાં કારણે મારો જીવ જાય છે." બરાબર એ સમયે બહાર રહેલ રાજાએ વિવેકથી કટાક્ષ કર્યો : "મહાત્માજી! તરસથી વ્યગ્ર કેમ થાઓ છો? જ્ઞાનગંગા તો આપની સાથે જ છે. એમાંથી પ્યાલા ભરી ભરીને તૃપ્તિ મેળવી લો ને." હવે સંન્યાસીને સમજાયું કે આ સમસ્યાનાં મૂળમાં પોતે કરેલ પેલો દંભી બચાવ છે. એમણે શરમિંદા થઈને ક્રિયાવિધિ ભૂલી ગયાનો સ્વીકાર કર્યો, તો રાજાએ અસુવિધા બદલ ક્ષમા યાચી વાતનો વિરામ કર્યો...

ઉપેક્ષા–અનાદરાદિ કોઈ પણ કારણે ક્રિયાનો અપલાપ કરનાર બાહ્ય દૃષ્ટિએ પણ કેવા હાસ્યાસ્પદ ઠરે છે તે આ કથામાં સરસ પ્રતિબિંબિત થાય છે. અમે માનીએ છીએ કે અધ્યાત્મનાં નામે જેઓ માત્ર જ્ઞાનને જ પુરસ્કૃત કરે છે અને ક્રિયાનો છેદ ઉડાવે છે તેઓ યા તો કષ્ટભીરુ છે, યા તો જૈન દર્શનની પ્રરૂપણાઓથી અજ્ઞ–અપરિચિત છે; યા તો પોતાની એકાંગી વિચારાધારામાં હઠાગ્રહી છે. હા, સાધકનાં ગુણસ્થાનકોની અવસ્થા ભાવથી ઉચ્ચતર બને તેમ તેમ ક્રિયાના પ્રકારો બદલાતા જાય. પરંતુ એની જરૂરિયાત નથી એમ તો માની ન જ શકાય. આનો બહુ મજબૂત નિર્દેશ 'ક્રિયાષ્ટક'ના ત્રીજા શ્લોકમાં જ્ઞાનસાર ગ્રન્થના કર્તા કરે છે. તેઓ એ ભાવની પ્રરૂપણા કરે છે કે જેમ દીપક સ્વયં પ્રકાશમાન હોવા છતાં ય તેલ પૂરવું–વાટ બદલવી વગેરે ક્રિયાની અપેક્ષા તે પણ રાખે છે તેમ સર્વશ્રેષ્ઠ જ્ઞાનપ્રકાશમય પૂર્ણજ્ઞાની=કેવલી ભગવંતો પણ સ્વકક્ષાને અનુરૂપ ક્રિયાને સાપેક્ષ રહે છે. તે સંયમધર કેવલજ્ઞાની ભગવંતો પણ વિહારચર્યાદિ કરે છે. ''स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते।'' આ છે એમની મૂળ પંક્તિ. એ પછીના ચતુર્થ શ્લોકમાં પણ તેઓ દમદાર દલીલ પ્રસ્તુત કરે છે કે જેઓ ક્રિયાનો છેદ ઉડાવીને આત્મરમણતા–આત્મતૃપ્તિ પામવા ચાહે છે તેઓ તો એવા વિલક્ષણ છે કે જેઓને મુખમાં કોળીયો નાખવાની ક્રિયા કરવી નથી અને ક્ષુધાતૃપ્તિનો અનુભવ કરવાની ઝંખના છે. જો ક્ષુધાતૃપ્તિ માટે મુખમાં કોળીયો નાંખવાની ક્રિયા જરૂરી જ છે, તો આત્મતૃપ્તિ માટે જ્ઞાનીકથિત ક્રિયા જરૂરી જ છે.

પાંચમા શ્લોકમાં તેઓ પૂર્વકાલીન પ્રજ્ઞાપુરુષ શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મ.ના ગ્રન્થના આધારે સત્ક્રિયાથી સાધકને પ્રાપ્ત થતા સરસ લાભો દર્શાવે છે. આપણે અહીં એનો માત્ર નામનિર્દેશ જ કરીશું : (૧) વ્રતોનું સ્મરણ (૨) ગુણવાન મહાત્માઓ પ્રતિ બહુમાન (૩) પાપની જુગુપ્સા (૪) અતિચાર આલોચન (૫) દેવભક્તિ (૭) ઉત્તર ગુણશ્રદ્ધા... એ પછી ગ્રન્થકાર ક્રિયાની ઉત્તમ ક્ષમતાનો નિર્દેશ કરતા એ જ શ્લોકના ઉત્તરાર્ધમાં સદાબહાર પંક્તિ લખે છે કે ''जातं न पातयेद् भावं, अजातं जनयेदपि।'' મતલબ કે સત્ક્રિયા એવું ઉત્તમ તત્ત્વ છે કે જે હૈયે પ્રગટેલ શુભ ભાવોને પ્રાયઃ પતિત ન થવા દે અને નહિ પ્રગટેલ શુભ ભાવોનું પ્રાગટ્ય કરે.

જૈન દર્શને પ્રસ્તુત કરેલ ક્રિયાના–આરાધનાના માર્ગ પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાનભાવ પ્રગટાવવા સક્ષમ આ 'ક્રિયાષ્ટક'માં અમને સૌથી વધુ સરલ–સરસ અને સાધનાનો ક્રમ દર્શાવતો મસ્ત શ્લોક લાગ્યો હોય તો તે છે પ્રથમ શ્લોક. એ શ્લોકમાં એમણે સંસારસાગરને સામે પાર લઈ જાય તેવા પાંચ સરસ ઉપાયો પ્રસ્તુત કર્યા છે જેમાં ક્રિયાને પણ સ્થાન અપાયું છે. આપણે એ પાંચ મજાના ઉપાયોનું સંક્ષિપ્ત વિશ્લેષણ કરી એને યથાશક્ય આત્મસાત્ કરવાની કોશિશ કરીએ :

(૧) **જ્ઞાની :-** જે મંઝિલ સર કરવી છે એ મંઝિલ તરફ લઈ જતાં માર્ગનું જ્ઞાન પ્રવાસીને હોવું જરૂરી છે. માર્ગનાં જ્ઞાન વિના ગમે તે માર્ગે જે દોટ મૂકે એ પ્રવાસી મંઝિલ નહિ પામી શકે. સરોવર–નદીમાં જેને તરવું હોય એની પાસે તરણકળાનું જ્ઞાન હોવું પ્રાથમિક પૂર્વશરત છે. તરણકળાનાં જ્ઞાન વિના જે વ્યક્તિ નદી–સરોવરમાં ઝંપલાવી આડેધડ હાથ–પગ હલાવે એ વ્યક્તિ તરી ન શકે. એમ સાધનાના–આત્મકલ્યાણના માર્ગનાં જ્ઞાન વિના વ્યક્તિ આત્મકલ્યાણ ન પામી શકે. જૈન પરિભાષા મુજબ કહીએ તો સાધકને કમ સે કમ અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન તો જોઈએ જ. તો એ જ્ઞાની સદ્ગુરુનો હાથ–સાથ લઈને ભવપાર થઈ શકે.

(૨) **ક્રિયાતત્પર :-** વ્યક્તિ તરણકળાનું જ્ઞાન ચાહે તેવું ધરાવતી હોય. પરંતુ જલમાં ઝંપલાવ્યા પછી એ જો હાથ–પગ હલાવવાની ક્રિયા જરા પણ ન કરે તો તરી શકે ખરી? હરગિજ નહિ. ત્યાં જેમ ક્રિયા જરૂરી છે, તેમ સંસાર તરવામાં ય ક્રિયા જરૂરી છે. જૈન પરંપરામાં એક સરસ ઉદાહરણ અપાય છે કે જંગલમાં ભયાનક આગ લાગી હોય અને એમાં એક અંધ તથા એક બે ય પગે પાંગળી વ્યક્તિ ફસાઈ હોય તો આગથી કોણ બચી શકે? અંધના પગ સાજા છે. કિંતુ જંગલની બહાર નીકળવાનો માર્ગ એ જાણી શકતો ન હોવાથી ન બચે, તો પંગુ પાસે આંખ હોવાથી માર્ગ સારી રીતે જોતો–જાણતો હોવા છતાં ચાલવામાં એ અક્ષમ હોવાથી ન બચે. અંધ પંગુને ખભે બેસાડી એનાં માર્ગદર્શન પ્રમાણે ચાલે તો જ બન્ને બચી શકે. બસ, એ જ રીતે જે જ્ઞાન–ક્રિયા બન્નેના સમન્વયપૂર્વક સાધના કરે એ જ સંસારની આગથી બચી શકે.

(૩) **શાંત :-** માની લઈએ કે સાધક જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરે છે. પરંતુ એની ચિત્તવૃત્તિના વિષયો અને કષાયોના ઉછાળા શાંત થતા નથી. તો પણ એ સાધકને ભવસાગર તરવામાં અવરોધ આવશે. માત્ર કંઠસ્થ જ્ઞાન અને આચરણસ્થ ક્રિયા સંસારથી તારી ન દે. એ બન્નેની સાથોસાથ શાંતભાવ અંતઃકરણસ્થ થવો જોઈએ કે જ્યાં આવેશનાં ને આસક્તિનાં કોઈ તોફાન બલવત્તર ન બને, મંદ–મંદતર બને.

(૪) **ભાવિત :-** કોરું વસ્ત્ર જ્યારે પાણીમાં ઝબોળાય ત્યારે થોડી જ ક્ષણોમાં એના પ્રત્યેક તંતુ આર્દ્ર–ભીના થઈ જાય. Blotting Paper પર શાહીનું બુંદ ઝિલાય ત્યારે તત્કાલ એ બુંદ તે પેપર પર પૂરેપુરું ફેલાઈ જાય. બસ, એ જ રીતે ધર્માનુષ્ઠાનોમાં–આરાધનામાં જેનું અંતઃકરણ–આત્મા પૂરેપૂરો ભિંજાઈ જાય–ભાવોદ્રેકસભર બની જાય તે આત્માને કહેવાય ભાવિત. આ ભાવિતતા દરેક આરાધનાનાં ફળમાં–સામર્થ્યમાં જબરજસ્ત વૃદ્ધિ કરે છે.

યાદ કરીએ આ સંદર્ભમાં અષ્ટવર્ષીય બાલમુનિ અઈમુત્તાને. પ્રભુ મહાવીર–દેવના સમયમાં થઈ ગયેલ એ બાલમુનિએ બાલસુલભ ચેષ્ટાવશ પાણીના જીવોની વિરાધના કરી. વડીલ મુનિવરો તરફથી તે અંગે ધ્યાન દોરાતા તેમને પોતાની નાની શી વિરાધના પર તીવ્ર પશ્ચાત્તાપ પ્રગટ્યો. 'ઈરિયાવહી'ની નાનકડી ધર્મક્રિયા કરતા એમાંના 'દગ' શબ્દનાં ચિંતનમાં તેઓ પશ્ચાત્તાપના ભાવોથી એવા ભાવિત થયા કે એ શબ્દોચ્ચાર દરમ્યાન એમને પૂર્ણ જ્ઞાન–કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. અહીં 'દગ' શબ્દ પર વિચારણા જ્ઞાન હતું, 'ઈરિયાવહી' ક્રિયા હતી, તો પશ્ચાત્તાપથી પૂર્ણ વાસિત હૃદય શાંત અને ભાવિત અવસ્થા હતી.

(૫) **જિતેન્દ્રિય :-** જે સાધક પોતાની ઈન્દ્રિયો પર પૂર્ણ નિયન્ત્રણ ધરાવતો હોય - ઈન્દ્રિયવિકારોને જરા ય વશ ન થાય તેને કહેવાય જિતેન્દ્રિય. સાધકની આંતર-બાહ્ય યોગ્યતાનું એ દ્યોતક છે. આ પાંચ વિશિષ્ટતા જે સાધકમાં હોય એ સ્વયં સંસારથી તરે અને અનેક પુણ્યાત્માઓને તારે.

છેલ્લે એક વાત : **પંખીને આકાશમાં ઊડવા જેમ બે પાંખ જરૂરી છે, તેમ આત્માને કલ્યાણ માટે જ્ઞાન-ક્રિયાની બે પાંખ જરૂરી છે...** ◆◆◆

૧૧

# સ્પર્ધા જેટલી વધુ રાખશો
# એટલી વધુ અતૃપ્તિ સર્જાશે ...
# સંતોષ જેટલો વધુ રાખશો
# એટલી વધુ તૃપ્તિ સર્જાશે ...

દિગ્વિજયી થવા સૈન્ય સાથે સંચરતા સમ્રાટને નગરદ્વાર પાસે જ એક સંત મળી ગયા. સમ્રાટે એમને નમન કરી સફલતાના–વિજયી થવાના આશીર્વાદ ચાચ્યા. દયાર્દ્ર અને વિચક્ષણ સંતે વિચાર્યું કે આ તો મોતની મહેફિલના અને લોહીની નદીઓ વહાવવાના આશીર્વાદ આપવાની વાત. એ ક્યાંથી અપાય? એમણે સમ્રાટને નવી જ વાત કરી કે ''જો તને વિના યુદ્ધે દિગ્વિજયી થવાનો કિમીયો મળી જાય તો ચાલે?'' ખુશ થઈ જતા સમ્રાટે કહ્યું : '' તો તો બહુ સારું. યુદ્ધમાં તો માથા સાટે માથાં દેવા ય પડે, તમે એ કિમીયો મને આપો.''

સંતે દિગ્વિજયયાત્રા થંભાવી સમ્રાટને પોતાની સાથે રાજમહેલમાં પરત આવવા કહ્યું. ત્યાં સંતે એમની ઝોળીમાંથી એક પાત્ર કાઢી સમ્રાટને આપતા કહ્યું : ''બસ, આ પાત્ર તું મારી નજર સમક્ષ સુવર્ણમુદ્રાથી છલકાવી દે એટલે દિગ્વિજયના તારા

તમામ મનોરથો પરિપૂર્ણ થઇ જશે.'' સમ્રાટને આ કાર્ય તો એકદમ આસાન લાગ્યું. એમણે રાજકોશમાંથી થાળ ભરીને સુવર્ણમુદ્રાઓ મંગાવી પાત્ર ભરાવવા માંડ્યું. પણ આશ્ચર્ય ! એકાદ મૂઠીમાં ભરાઇ જાય એવું એ પાત્ર થાળ ખાલી કરી દેવા છતાં ભરાયું નહિ. મરણિયા થયેલ સમ્રાટે ગુણી ભરીને સોનામહોરો લાવી પાત્રમાં ખાલી કરવા માંડી. કિંતુ પાત્ર ભરાયું જ નહિ. હવે થાકી ગયેલ સમ્રાટે સંત તરફ પ્રશ્નસૂચક નજર કરી.

સંતે મધુર મુસકાન સાથે સ્પષ્ટતા કરી : ''ભલા સમ્રાટ! નાનું શું આ પાત્ર ગુણી જેટલી સુવર્ણમુદ્રાઓ ભર્યા પછી ય છલકાતું નથી તેનું કારણ એ છે કે આ પાત્ર માનવીની ખોપરીમાંથી બન્યું છે. માનવીનું દિમાગ એવું છે કે એને ચાહે તેટલું ઉપલબ્ધ થશે તો ય એ કાયમી તૃપ્તિ નહિ પામી શકે. તારી જ વાત વિચાર તો, આટલી સમૃદ્ધિ–સત્તા પછી ય તારું દિલ–દિમાગ તૃપ્ત નથી. માટે જ તું આ દિગ્વિજયયાત્રાએ સંચરતો હોઇશ ખરું ને ?''

સમ્રાટને હવે સમજાયું કે ચમત્કારિક કિમીયાનાં નામે સંત કયો નિર્દેશ કરવા ઇચ્છે છે. એણે પોતાની વૃત્તિ ગલત હોવાનું સ્વીકારીને દિગ્વિજયયાત્રા વિસર્જિત કરી દીધી...

પદાર્થો દ્વારા–ઇન્દ્રિયોના મનપસંદ વિષયો દ્વારા–સામ્રાજ્ય દ્વારા કે સંપત્તિ આદિ દ્વારા માનવીય મનની સર્વકાલીન–કાયમી તૃપ્તિ ? અસંભવિત છે આ. બહુ બહુ તો આ બધા દ્વારા કામચલાઉ તૃપ્તિ અર્થાત્ તૃપ્તિનો આભાસ થાય. પછી પુનઃ નવી નવી અતૃપ્તિઓની વિકરાલ આગ લબકારા મારે. એથી જ 'જ્ઞાનસાર' ગ્રન્થકાર દશમા તૃપ્તિઅષ્ટકના બીજા શ્લોકના ઉત્તરાર્ધમાં સ્પષ્ટ ફરમાવે છે કે ''ज्ञानिनो विषयैः किं तै-र्यैर्भवेद् तृप्तिरित्वरी।'' મતલબ કે જ્ઞાનીજનોને–સમ્યક્ સમજથી સુરભિત શ્રમણોને–સાધકોને તે ઇન્દ્રિયવિષયોથી–પદાર્થોથી શી નિસબત હોય કે જેનાથી સાચી તૃપ્તિ ન મળે, માત્ર કામચલાઉ તૃપ્તિનો આભાસ રચાય ?

ઇન્દ્રિયવિષયો–પદાર્થોના સંદર્ભમાં સામાન્ય માનવીનાં મનને ત્રણ ઉપમા આપી શકાય. પ્રથમ ઉપમા એ કે તે સાગર જેવું છે. સાગરમાં અનેક નદીઓનું લાખો ગેલન જલ આવ્યા કરે તો ય સાગર કદી તૃપ્ત નથી થતો. ભલે એ જલથી

એની સપાટી કામચલાઉ ઊંચે જાય. પરંતુ એ તૃપ્ત થઇને એવી પ્રતિક્રિયા નથી આપતો કે બસ, મારે હવે તમારાં જલની કદી જરૂર નથી...બીજી ઉપમા એ છે કે તે સ્મશાન સમું છે. નગરોનાં–શહેરોનાં સ્મશાનોમાં આજ સુધી લાખો મૃતદેહો આવી ગયા અને સ્મશાનની આગે એ સર્વને 'સ્વાહા' કરી દીધા. તો ય સ્મશાને તૃપ્ત થઇને શબનો ઇન્કાર નથી કર્યો. ભલે એક સાથે દશ–બાર મૃતદેહો આવી પડે ત્યારે એ ભરાયેલ લાગે, પરંતુ કાયમી કોઇ તૃપ્તિ સ્મશાનને નથી હોતી....ત્રીજી ઉપમા છે પેટની. એને ભલે ભરપૂર ભોજ્ય પદાર્થો અપાય અને એ તત્કાલ ભલે તૃપ્ત પણ લાગે. કિંતુ એ તૃપ્તિ કામચલાઉ જ છે. છ–સાત કલાક થાય એટલે પેટ નવું નવું માંગે જ, પેટની એ ગર્તા કદી કાયમી ભરાય નહિ–તૃપ્ત ન થાય. ઇન્દ્રિયવિષયો–પદાર્થોના સંદર્ભમાં માનવીય મન પણ આવું જ હોવાથી જ્ઞાનીજનો એનાથી તૃપ્તિ પ્રાપ્ત કરવાનો અભિલાષ પણ રાખતા નથી. તેઓ તો આત્મગુણોમાં રમણતા દ્વારા શાશ્વતી –અવિનશ્વર– કાયમી તૃપ્તિ ઉપલબ્ધ કરવાનો સમ્યક્ પુરુષાર્થ કરતા હોવાનું જ્ઞાનસાર ગ્રન્થકાર કહે છે.

તૃપ્તિ ભલે અલગ અલગ સ્તરની હોય. પરંતુ સામાન્યપણે ખાન–પાનની ભોજનની તૃપ્તિ તરત નજરે તરી આવે છે. ભલે ને એ તૃપ્તિ કામચલાઉ હોય, તો ય બને છે તો આવું જ કે ભરપૂર ભોજન કરો એટલે તૃપ્તિનો ઓડકાર આવે જ. આ નજરે તરી આવતી ભોજનસંબંધી તૃપ્તિને લક્ષ્યમાં રાખી તૃપ્તિઅષ્ટકમાં ગ્રન્થકાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે બે સરસ શ્લોકો પ્રસ્તુત કર્યા છે. પ્રથમ અને તૃતીય ક્રમાંકના એ શ્લોકોને આપણે ક્રમશઃ વિચારીએ. પ્રથમ શ્લોકમાં તેઓ ભોજનસંબંધી કલ્પનામાં આત્મિક તૃપ્તિની અનુભૂતિનાં આવશ્યક તત્ત્વોનું સરસ સંમિશ્રણ કરીને લખે છે કેઃ–

पीत्वा ज्ञानामृतं भुक्त्वा, क्रियासुरलताफलम् ।
साम्यताम्बुलमासाद्य,तृप्तिं याति परां मुनिः ।।

ભાવાર્થ કે સાધક શ્રમણ જ્ઞાનરૂપ અમૃતનું પાન કરે છે, ક્રિયારૂપ કલ્પવૃક્ષનાં ફળોનું ભોજન કરે છે અને એ ભોજનાંતે સમતાના મુખવાસ–પાનબીડાંનો આસ્વાદ માણીને શ્રેષ્ઠ આત્મતૃપ્તિનો અનુભવ સદા કરે. થોડું

વિશ્લેષણ કરીએ તો સમજાશે કે દુન્યવી ભોજનમાં ભોજનદ્રવ્યો યા તો પેય હોય, યા તો ખાદ્ય હોય, એના અંતે છેલ્લે મુખવાસ–પાનબીડાં અપાય એટલે ભોજન પરિપૂર્ણ થયું ગણાય. ઉપરોક્ત શ્લોકમાં આ ત્રણે ય વાત સંલગ્ન કરી દઈને નિર્દેશ કર્યો છે કે આત્મતૃપ્તિ પામવા માટે સાધકનાં જીવનમાં સમ્યગ્જ્ઞાનની સાધના જોઈશે, ક્રિયા–અનુષ્ઠાનો પ્રત્યેનો આદર પણ જોઈશે અને એ બેનાં પરિણમનરૂપે સમતા આત્મસાત્ કરવી ય અનિવાર્ય રહેશે. આ મસ્ત ત્રિવેણીસંગમ વિના આત્મતૃપ્તિ શક્ય ન બને.

તૃતીય શ્લોકની ભોજનસંબંધી કલ્પનામાં તેઓ સ્વાદનો ઉલ્લેખ કરે છે. જીભના સ્વાદને પુષ્ટ કરે એવા મધુર–આમ્લ વગેરે રસો છ છે. ધારો કે છયે રસોનો આસ્વાદ કરાવતા ઉત્તમ ભોજનદ્રવ્યો નિત્ય મળે તો પણ એનાથી એવી અજોડ તૃપ્તિ કદી નથી અનુભવાતી કે જે તૃપ્તિ શાંતરસના આસ્વાદથી અનુભવી શકાય. જરા સમજીએ આ વાતઃ

ઈન્દ્રિય જીભ હોય કે અન્ય, એની એક વિચિત્ર ખાસિયત એ છે કે એને જેમ જેમ અનુકૂળ વિષયોથી તૃપ્ત કરવાની કોશિશ કરાય તેમ તેમ એની લાલસા વધતી જાય અને નવાં નવાં સ્વરૂપે એ વધુ ને વધુ અતૃપ્ત થતી જાય. આ જ જ્ઞાનસારગ્રન્થકારે રચેલ 'અધ્યાત્મસાર' ગ્રન્થમાં ઈન્દ્રિયોની આ વિચિત્ર લાક્ષણિકતાનો ઉલ્લેખ આ શ્લોકમાં કર્યો છે કેઃ–

विषयैः क्षीयते कामो, नेन्धनैरिव पावकः ।
प्रत्युत प्रोल्लसच्छक्ति-र्भूय एवोपवर्धते ।।

ભાવાર્થ કે અનુકૂળ વિષયો મળવાથી લાલસાઓ ક્ષીણ થતી નથી, બલ્કે એનાથી એ લાલસાઓ વધુ બલવત્તર બને છેઃ જેમ કાષ્ઠ હોમતા રહેવાથી આગ વધુ ભડકે એમ. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ જર્મનીની ઘટનાઃ

ત્યાં યુવાવયે સત્તાનશીન થયેલ વ્હીટેલીયસ નામે રાજાને સ્વાદની લાલસા એવી ખતરનાક તીવ્ર હતી કે એણે રસોઇયાઓ પાસે વિશ્વની તમામ વાનગીઓ બનાવવાની યોજના કરી. નિત્ય એકથી એક ચડિયાતી વાનગીઓ બને, સ્વાદનો ગુલામ એ રાજા તે વાનગીઓ પેટ ભરીને આરોગે. પરંતુ એની ખતરનાક સ્વાદલાલસા એવો વિચાર કરાવે કે 'પેટ ખૂબ નાનું હોવાથી જલ્દી

ભરાઇ જાય છે. જ્યારે ખાદ્ય પદાર્થો તો હજુ ઘણા પ્રમાણમાં આરોગવાના રહી જાય છે.' આ લાલસાવશ એણે વૈદ્યો પાસે ભેટ ભરાય જ નહિ અને ઇચ્છા મુજબનાં પ્રમાણમાં દરેક નવી વાનગી આરોગી શકાય એવા ઔષધો માંગ્યાં. એ શક્ય ન બન્યું ત્યારે એણે વમનનાં ઔષધ શરૂ કર્યાં. પહેલા પેટ ભરીને સ્વાદિષ્ટ વાનગી આરોગે, પછી વમન કરી પેટ ખાલી કરે, વળી વાનગીઓ આરોગે, વળી વમન કરે. સ્વાદલાલસા એનામાં આ પાગલપનની હદે વકરી ગઇ.

આ પાગલપનનું પરિણામ એ આવ્યું કે ભરયુવાનીમાં અનેક રોગોનો શિકાર બની વ્હીટેલીયસ મૃત્યુશય્યા પર પોઢ્યો. ત્યારે પણ એના શબ્દો એ હતા કે ''કાશ! આયુષ્ય દીર્ઘ મળ્યું હોત તો? હજુ તો મારે ઘણી વાનગીઓ આરોગવાની બાકી છે''.

વાત આ છે કે ઈન્દ્રિયો અનુકૂળ વિષયોથી વધુ અતૃપ્ત થાય છે. આમ છતાં કામચલાઉ ધોરણે થતી આભાસી તૃપ્તિને લક્ષ્યમાં રાખીને 'જ્ઞાનસાર' ગ્રન્થકારે જણાવ્યું કે ષડ્રસાસ્વાદ કરતાં ય શાંતરસાસ્વાદની તૃપ્તિ કાંઇક અલગ–અદ્ભુત છે. કેમ કે શાંતરસથી થતી તૃપ્તિ સ્થાયી છે, ષડ્રસથી થતી તૃપ્તિ ક્ષણિક છે. શાંતરસથી થતી તૃપ્તિ અતીન્દ્રિય અને આત્મિક છે, ષડ્રસથી થતી તૃપ્તિ ઇન્દ્રિયજન્ય અને ભૌતિક છે. શાંતરસ તો આધ્યાત્મિક રસ છે. સર્વ રસોનો રાજા છે. એથી જ એને 'રસાધિરાજ' કહેવાય છે. એનાથી પ્રાપ્ત થતી તૃપ્તિ પણ સર્વોપરિ જ હોય ને? જ્ઞાનસારગ્રન્થકાર એટલે જ તૃતીય શ્લોકમાં ષડ્રસની તૃપ્તિ કરતા શાંતરસની તૃપ્તિને અનેકગણી શ્રેષ્ઠ ગણીને એની પ્રાપ્તિના પુરુષાર્થનો નિર્દેશ કરે છે.

તૃપ્તિઅષ્ટકના અંતિમ શ્લોકમાં ગ્રન્થકાર શ્રીમદ્ યશોવિજયજી મહારાજ એક મજેદાર બાબત પ્રસ્તુત કરે છે. તેઓ કહે છે કે એક તરફ ભૌતિક સામગ્રી–ઐશ્વર્યના ઢગ પર વિરાજેલ દેવરાજ ઇન્દ્ર અને ચક્રવર્તી સમ્રાટો છે, તો બીજી તરફ ભૌતિક ઐશ્વર્યથી સર્વથા રહિત સાધક–શ્રમણ છે. બેમાં સુખી કોણ? એમનો ઉત્તર છે કે ઇન્દ્રો–ચક્રવર્તીઓ વગેરે જો વિષયોથી અતૃપ્ત છે તો સામગ્રીના ઢેર વચ્ચે ય દુઃખી છે અને શ્રમણ જો જ્ઞાનદશામાં તૃપ્ત છે અને રાગ–

દ્વેષાદિથી અલિપ્ત છે તો એ ચોક્કસ જ સુખી છે. તૃપ્તિ–અતૃપ્તિનું આ ગણિત જો બરાબર આત્મસાત્ થઇ જાય તો આપણાં સુખમાં કોઇ જ તત્ત્વો વિક્ષેપ ન સર્જી શકે.

એક નવી વાત. તૃપ્તિનું આ સ્તર કદાચ અત્યારે પ્રાપ્ત કરવાની ગુંજાયેશ ગૃહસ્થ વ્યક્તિની ભલે ન હોય. કિંતુ આખર એ અવસ્થા સર થાય એની ભૂમિકારૂપે વર્તમાન જીવનમાં નીચેનાં ત્રણ સ્તર જરૂર સર કરી શકાયઃ

(૧) **સ્પર્ધામુક્ત રહીએ** : અતૃપ્તિ અને અંતે અશાંતિ સર્જનાર ઘણાં પરિબળોમાં એક મહત્ત્વનું પરિબળ છે સ્પર્ધા. 'દેશમાંથી અમે બન્ને ખાલી હાથે અને સાથે આવ્યા હતા. છતાં એ દશ ક્રોડ રૂ.નો આસામી બની ગયો અને હું માત્ર પચાસ લાખ રૂ. જ કમાઇ શક્યો.' બસ, આ કે આવી આવી સરખામણી આગળ વધી જવાની સ્પર્ધા કરાવે. એમાંથી માનસિક તાણ–લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી તીવ્ર અતૃપ્તિ–હતાશા વગેરેનો જન્મ થાય. અરે ! ઘણી વાર તો આગળ વધવાની દોટ મૂકવાની જરા ય જરૂરિયાત ન હોવા છતાં સ્પર્ધા નિરર્થક દોટ મુકાવે. ખબર છે પેલી કાલ્પનિક રમૂજ કથા ?

દોડવીર મિલ્ખાસિંઘનાં ઘરે ચોરી કરીને ચોર દોડતો ભાગ્યો. મિલ્ખાસિંઘે પણ એની પાછળ બરાબર દોટ મૂકી. ચોરીની ઘટના સાંભળીને મિલ્ખાસિંઘને ત્યાં એકત્ર થયેલ ભીડને ખાતરી હતી કે થોડી વારમાં જ મિલ્ખાસિંઘ ચોરને ઝડપીને લઇ આવશે. પરંતુ કલાક પછી અને એકલા આવેલ મિલ્ખાસિંઘને જોઇ કો'કે પૂછ્યુંઃ "કેમ ? ચોર વધારે તેજ ભાગી ગયો કે શું?" સરદારજીએ ઉત્તર આપ્યોઃ "ના રે ના. એને દોડમાં પછાડી દેવા હું બહુ ઝડપથી એને Over take કરી આગળ નીકળી ગયો. પાંચ કિ.મી. આગળ દોડી ગયા પછી મને યાદ આવ્યું કે મારે તો ચોરને પકડવાનો હતો ! ખરેખર મારી દોડ નિરર્થક હતી."

સ્પર્ધામાં રાચીએ ત્યારે આપણી દોડ પણ ઘણી વાર આવી સાવ નિરર્થક થતી હોય છે...

(૨) **સીમાયુક્ત રહીએ** : સીમા એટલે મર્યાદા. ત્યાગી નહિ, સંસારી જીવન છે એટલે સામગ્રી–સંપત્તિની જરૂર રહેવાની. પરંતુ એ જરૂરિયાત અમર્યાદ ન બને એની કાળજી રાખવી. ભોજનમાં–કાર્ય કરવામાં–નિદ્રામાં

**આપણે જેમ મર્યાદા રાખીએ છીએ તેમ સામગ્રી–સંપત્તિ માટે ય મર્યાદા–સીમા રાખીએ...**

(૩) **સંતોષયુક્ત રહીએ : 'મને પુણ્ય–પુરુષાર્થ–પાત્રતાનુસાર જે મળ્યું છે, એમાં હું સુખી છું. અન્યોની સામગ્રી આદિ નિહાળીને કાલ્પનિક અભાવથી મારે દુઃખી નથી થવું.' આવી વિચારણા છે સંતોષ...**

છેલ્લે એક વાત : **સ્પર્ધા જેટલી વધુ રાખશો એટલી વધુ અતૃપ્તિ સર્જાશે... સંતોષ જેટલો વધુ રાખશો એટલી વધુ તૃપ્તિ સર્જાશે...** ◆◆◆

# ૧૨

# આસક્ત વ્યક્તિ કર્મકલંકથી લિપ્ત થાય છે... અનાસક્ત વ્યક્તિ કર્મકલંકથી અલિપ્ત થાય છે...

કમલ ! એ જન્મે છે કીચડમાં અને વૃદ્ધિ પામે છે જલ દ્વારા. આમ છતાં આ કમલની કમાલ એ છે કે તે કીચડ અને જલ બન્નેથી અદ્ધર ઊઠીને એમનાથી અલિપ્ત રહે છે. આથી જ કમલને સાધના-જગતમાં સાધકો માટે આદર્શરૂપે રજૂ કરાય છે. જેમ કમલ કીચડ અને જલથી અલિપ્ત રહે છે એમ સાચા સાધકે પણ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાં રાગ-દ્વેષથી અલિપ્ત રહેવું જોઈએ, લાભ કરનાર યા નુકસાન કરનાર વ્યક્તિઓ પ્રત્યે પ્રીતિ-અપ્રીતિથી અલિપ્ત થવું જોઈએ અને પરિણામે તેનાથી થતા કર્મબંધથી પણ અલિપ્ત થવું જોઈએ.

જે સાધક આ સ્તર સર કરે છે એ જ સાધક ઉત્તમ છે અને જાણે કે પરમાત્માને એ પ્રિય છે – કૃપાપાત્ર છે. કાંઈક આવો નિર્દેશ કરતા અવધૂત યોગી શ્રી ચિદાનંદજી મહારાજે એમનાં એક 'અધ્યાત્મપદ' માં લખ્યું છે કે :-

**પંકજ નામ ધરાવે પંક શું, રહત કમલ જિમ ન્યારા;**
**ચિદાનંદ ઈસ્યા જન ઉત્તમ, સો સાહેબકું પ્યારા...**

અરે ! સ્વયં ભગવાન તીર્થંકરદેવો પણ જ્યારે એમની સાધનાના ચરમબિંદુ પર હોય ત્યારે એમની આંતર સ્થિતિ વર્ણવતાં જે સૂત્રો શાસ્ત્રોએ આપ્યા છે એમાં ય આ અલિપ્તતા–નિર્લેપતાનો નિર્દેશ જરા અલગ ઉપમા દ્વારા કરાયો છે. ત્યાં ઉપમા અપાઇ છે કમલપત્રની. વહેલી પ્રભાતે આકાશમાંથી ઝાકળ વરસે અને એમાંનાં કેટલાંક બુંદ કમલનાં પાંદડા પર પડે ત્યારે જાણે મોતીના દાણા એ પાંદડા પર પથરાયા હોય એવો સરસ આભાસ રચાય. પણ પછી થોડી ક્ષણોમાં એ ઝાકળબિંદુ એ પત્ર પરથી સરકી જાય. એ બિંદુઓની કોઇ નાનકડી ય અસર–આર્દ્રતા કમલનાં પાંદડાં પર રહે નહિ. જેમ એ કમલપત્ર ઝાકળથી બિલકુલ નિર્લેપ રહે છે એમ સાધનાના ચરમબિંદુ પર રહેલ પ્રભુ પણ હવે રાગ–દ્વેષના અંશોથી જરા ય લેપાતા નથી. આ નિર્દેશ કરતા ‘અરિહંત વંદનાવલિ’માં આ મજાની પંક્તિ છે કે

**પુષ્કરકમલનાં પત્રની ભાંતિ નહિ લેપાય જે...**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું...**

જે નિર્લેપતાનું મહિમાગાન સાધકનાં આદર્શરૂપે થયું છે અને તીર્થંકરપ્રભુની આંતર સ્થિતિનાં વર્ણનરૂપે રજૂ થયું છે એ નિર્લેપતાનો આદર્શ લઇને આવે છે જ્ઞાનસારગ્રન્થસર્જક મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર અગિયારમા નિર્લેપાષ્ટકમાં. તેઓ પ્રથમ શ્લોકમાં જ સરસ ઉપમાનો ઉપયોગ કરે છે કે સંસાર તો જાણે એક કાજળકોટડી છે. કાજળકોટડી એટલે એવું સ્થાન કે જેમાં ચારે તરફ કાજળ ઠાંસી ઠાંસીને ભર્યું હોય. કલ્પના કરો કે એક નાની શી કાજળડબ્બીમાં આંગળી પ્રવેશે તો ય એ કાજળકલંકિત થઇ જાય, તો સમગ્ર કોટડી જ જ્યાં કાજળથી ભરેલી હોય ત્યાં કેદીની કલંકિતતા કેવી હોય ? માનવું જ પડે કે એ નખશિખ કાજળલિપ્ત જ હોય. જ્ઞાનસારગ્રન્થકાર કહે છે કે સંસાર કાજળની કોટડી છે ખરી. પરંતુ એ કાજળ કર્મોરૂપી છે. એમાં રહેલ કેદીઓ એટલે હર કોઇ જીવો કે જે સદાય કંચન–કામિની–કાયા–કુટુંબ આદિ ભૌતિક સ્તરની સ્વાર્થસિદ્ધિમાં ખૂંપેલ છે. આવી પ્રવૃત્તિમાં નખશિખ ડૂબેલ જીવો સતત કર્મના

કાજળથી કલંકિત થાય છે. પરંતુ સાથે જ તેઓ એક ચમત્કૃતિ સમો નિર્દેશ કરે છે કે કાજળકોટડીમાં સપડાયેલ ચાહે તેવો કલાકાર હોય તો ય કાજળના કલંકથી બચી શકતો નથી, જ્યારે સંસારરૂપી કર્મકાજળકોટડીમાં વસતા કોઇ કોઇ સાધકો ક્લિષ્ટ કર્મથી લેપાયા વિના બેદાગ રહી શકે છે; રાગ–દ્વેષના તીવ્ર કાજલ એમને સ્પર્શી પણ શકતા નથી. એ સાધકો છે જ્ઞાનસિદ્ધ મહાત્માઓ. જ્ઞાનસારગ્રન્થકારના શબ્દો છે ''ज्ञानसिद्धो न लिप्यते।''

કેવા હોય જ્ઞાનસિદ્ધ પુણ્યાત્મા? એનો નિર્દેશ કરતાં, બીજા શ્લોકમાં તેઓ જ્ઞાનસિદ્ધ પુણ્યાત્માની મનઃસ્થિતિ આ શ્લોક રૂપે વર્ણવે છે કે :–

नाऽहं पुद्गलभावानां, कर्ता कारयिताऽपि न ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम्? ।।

જરા સમજીએ આ શ્લોકની રજૂઆત. જૈન દર્શન આ સમસ્ત વિરાટ વિશ્વના છ દ્રવ્યોનું અસ્તિત્વ માને છે. આ વિશ્વમાં જે કાંઇ છે તે તમામ આ છ દ્રવ્યમાં સમાવેશ પામે છે. એમાં આત્મા જીવદ્રવ્ય છે, બાકીના પાંચ અજીવદ્રવ્ય છે. એ પાંચમા પણ નજરે નિહાળી શકાય તેવું મૂર્ત અજીવદ્રવ્ય ફક્ત પુદ્ગલ છે. આપણે આપણી નજર સમક્ષ જેટલી પણ નિર્જીવ ચીજ–વસ્તુઓ નિહાળીએ છીએ એ તમામ પુદ્ગલમય છે. ચાહે એ દુકાન હો કે આલીશાન બંગલો, ચાહે એ Rolls Royals કાર હો કે ક્રોડોની કિંમતનાં હીરાજડિત આભૂષણો હો : અરે ! આપણું સ્વયંનું શરીર–એનું રૂપ–એનાં એકેક અંગપ્રત્યંગો વગેરે પણ પુદ્ગલમય છે. જ્યાં સુધી આપણા એ શરીરમાં જીવ વિદ્યમાન છે ત્યાં સુધી એમાં જીવ+પુદ્ગલની સંયુક્ત ભાગીદારી છે. બાકી એ દેહ પણ સંપૂર્ણ પુદ્ગલમય છે. જૈન દર્શન આ પુદ્ગલદ્રવ્યોમાં રમણતાને પરભાવ કહે છે.

આપણે એ પુદ્ગલોમાં–પરભાવમાં એવા આસક્ત હોઇએ છીએ કે એક તદ્દન Latest Jewelleryનો સેટ પરિધાન કરી બહાર નીકળીએ તો 'આવો કિંમતી સેટ ફક્ત મારો જ છે' આવું ગૌરવ–ગર્વ થયા વિના નહિ રહે. આસપાસમાં કોઇનો ન હોય તેવો આલીશાન અદ્યતન બંગલો આપણો તૈયાર થાય તો આપણને એ અહંકાર થવાનો જ કે 'આ હટકે બંગલો મેં બનાવ્યો છે.' 'જ્ઞાનસાર'નો ઉપરોક્ત શ્લોક કહે છે કે જ્ઞાનસિદ્ધ પુણ્યાત્માની મનઃસ્થિતિ

આવી હોય કે હું એક પણ પૌદ્ગલિક ભાવોનો કર્તા નથી. હું એકે ય પૌદ્ગલિક ભાવોનો કરાવનાર પણ નથી. એટલે 'આ મંદિર મેં નિર્મિત કરાવ્યું... આ ઉપાશ્રય મેં રચાવ્યો' આવો પણ ગર્વ મારા માટે યોગ્ય નથી. અરે! એકે ય પૌદ્ગલિક–ભૌતિક ભાવનો હું અનુમોદક પણ નથી. આવી ઉત્તમ જ્ઞાનદૃષ્ટિ જે પુણ્યાત્માની છે એ કિલષ્ટ કર્મોથી–રાગદ્વેષની કાળાશથી લેપાય નહિ.

અલબત્ત, જેમની ભૂમિકા વ્યવહારનાં સ્તરની છે એમના માટે તો ઉપરોક્ત વિષયમાં પણ પ્રશસ્ય–અપ્રશસ્યનો વિભાગ અને તેમાં પ્રશસ્યમાં અનુમોદનાદિ (ગર્વ નહિ) સ્વીકાર્ય ગણ્યા છે. અહીં જે નિરૂપણ છે તે ઉચ્ચ જ્ઞાનયોગનું સ્તર ધરાવનારને અનુલક્ષી છે. એમનો પુદ્ગલમય જગત પ્રત્યે કેવો વિરક્ત અભિગમ હોય એ જાણવું છે? તો વાંચો આ સાધકનો મજાનો પ્રસંગ :

એક સાધક કોઈ મર્મી ગુરુ પાસે સાધનાના ઉચ્ચ પાઠ શીખવા પાદવિહાર કરીને નીકળ્યો. માર્ગમાં નગર–ત્યાંનું ભવ્ય બજાર–આલીશાન મકાનો એણે પસાર કર્યા. અંતે એ સદ્ગુરુ પાસે આવ્યો. સદ્ગુરુએ એકાંત ખંડમાં એની જિજ્ઞાસા જાણી પાત્રતા ચકાસવા પ્રશ્ન કર્યો : ''તું અહીં આવી રહ્યો હતો ત્યારે તેં નગરમાં શું જોયું?'' ''ઠેર ઠેર પુદ્ગલોની જાત–જાતની સજાવટ હતી અને એને જોવા–માણવા–ખરીદવા પુદ્ગલનાં પૂતળા આમ–તેમ દોડી રહ્યા હતા.'' સદ્ગુરુએ બીજો પ્રશ્ન કર્યો : ''અત્યારે આ ખંડમાં શું થઈ રહ્યું છે?'' ''એક અજ્ઞાની આત્મા, અન્ય વિશિષ્ટ જ્ઞાની આત્મા પાસેથી જ્ઞાન ઝીલવા પ્રયત્નશીલ છે.'' કેવો વિરાગમઢ્યો ઉત્તર ! એને ન તો નગરની દુકાનોના વૈવિધ્યની–આલીશાન હવેલીઓની વિશિષ્ટતાની તમા હતી, ન તો પોતે જ્યાં ઉપસ્થિત હતો એ ખંડની રોનકની કે સદ્ગુરુની પ્રભાવશાળી દેહયષ્ટિની તમા હતી. પુદ્ગલરમણતાથી ઉપર ઊઠવાનો આ પ્રભાવ હતો. પુદ્ગલરમણતાથી ઉપર ઊઠવાની આ વૃત્તિ આત્મસાત્ કરવા કાજે શ્રીમાન આનંદઘનજી મહારાજે પણ એમના એક અધ્યાત્મપદમાં સરસ શૈલીમાં સરસ શબ્દચાબુક ફટકારી છે કે :–

**મીટ્ટીયાં ચૂન ચૂન મહેલ બંધાયા, બંદા કહે ઘર મેરા;**
**એક દિન બંદે ઊઠ ચલેગા, યહ ઘર મેરા ન તેરા..**

પુદ્ગલરમણતાથી ઉપર ઉઠવાની આવી વૃત્તિ નિર્લેપ બનવા તરફ જરૂર લઇ જાય...

કેટલાક તત્ત્વમાર્ગના અર્ધદગ્ધ જેવા જાણકારો ક્રિયાને–અનુષ્ઠાનને 'જડની ક્રિયા' કહીને માત્ર આભાસી જ્ઞાનદશામાં રમવાની વાતો કરે છે જે અંગે પૂર્વના એક લેખમાં ય ઉલ્લેખ થયો છે. આવાઓને તત્ત્વનો સમ્યગ્ બોધ કરાવવા સક્ષમ નીવડે તેવી કેટલી ય બાબતો આ નિર્લેપાષ્ટકમાં છે. આપણે એમાંની એક બાબત જોઈએ. ત્રીજા શ્લોકમાં તેઓ જણાવે છે કે :–

लिप्तताज्ञानसम्पात-प्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ।।

થોડું વિશ્લેષણ કરીએ આ શ્લોક ઉપર. જૈન દર્શનમાં બે મુખ્ય નય છેઃ (૧) દ્રવ્યાર્થિક નય અને (૨) પર્યાયાર્થિક નય. વસ્તુને જે મૂળ દ્રવ્યરૂપે નિહાળે તે છે દ્રવ્યાર્થિક નય. એને જે વર્તમાન પર્યાયરૂપે નિહાળે તે છે પર્યાયાર્થિક નય. મૂલભૂત દ્રવ્યરૂપે આત્મા કર્મથી સર્વથા અલિપ્ત છે, જ્યારે વર્તમાનના પર્યાયરૂપે એ કર્મથી લિપ્ત છે. સાધક નિર્લેપજ્ઞાનમગ્ન હોય. મતલબ કે 'નિશ્ચયદષ્ટિથી હું કર્મથી અલિપ્ત શુદ્ધાત્મા છું' આ એની જ્ઞાનમગ્ન સમજ હોય. સાથે જ 'વર્તમાનમાં હું કર્મથી લિપ્ત છું' આ પણ એને ખ્યાલ હોય. આ સાધકની તમામ ક્રિયા–અનુષ્ઠાન કર્મલિપ્ત વર્તમાન અવસ્થાના પ્રતિઘાત માટે હોય. સાર એ થયો કે કર્મથી અલિપ્ત બનવા જ્ઞાન–ક્રિયા બન્ને ઉપયોગી હોય છે. ટીકાકાર પંન્યાસ ગંભીરવિજયજી ગણિવરે આ અષ્ટકમાં એક સરસ પંક્તિ લખી છે કે ''बृहद्दोषनिवृत्तौ क्रियाया एव साधनत्वात्, ज्ञानस्य सूक्ष्मदोषविषयत्वाच्च।'' ભાવાર્થ કે મોટા મોટા–સ્થૂલ દોષોનું નિવારણ ક્રિયાનો વિષય છે અને નાનામાં નાના સૂક્ષ્મ દોષોનું નિવારણ જ્ઞાનનો વિષય છે. બન્ને દ્વારા દોષોનું સંપૂર્ણ નિવારણ થાય એટલે કર્મથી પૂર્ણ અલિપ્તતા આવે.

નિર્લેપાષ્ટકની આ બધી ઉચ્ચ બાબતોને એકદમ સ્થૂલ અને સરલ શૈલીએ જીવનમાં આત્મસાત્ કરવા માટેનો એક શબ્દ છે અનાસકિત. પૈસો–પદ–પ્રતિષ્ઠા–પરિવાર વગેરે તમામ બાબતો આત્માની અપેક્ષાએ પરભાવ છે. એના

પરની આસક્તિ–મમત્વબુદ્ધિ જેટલી અલ્પ થતી જાય એટલી નિર્લેપતા તરફ આપણી ગતિ થતી જાય. અમે આ માટે પ્રવચનોમાં એક મજાનું સૂત્ર ઘુંટાવીએ છીએ કે ''મારું મારું કરશો તો મરી જશો અને તારું તારું કરશો તો તરી જશો...''

એક વાત ખબર છે? માખી બે પ્રકારની હોઈ શકે છે. એક ગોળના આર્દ્ર–ઢીલા રવા પર બેસેલ માખી અને બીજી સાકરના ઘન–ગાંગડા પર બેસેલ માખી. સ્વાદ બન્ને પ્રકારની માખીને મળે છે. પરંતુ નોંધપાત્ર ફર્ક એ છે કે ઢીલા ગોળ પરની માખી એમાં એવી ચીપકી જાય છે કે ત્યાંથી ઊડવાની સ્વતન્ત્રતા ગુમાવી દે. જ્યારે સાકર પરની માખીને જ્યારે ઊડવું હોય ત્યારે ઊડવાની પૂર્ણ સ્વતન્ત્રતા રહે. ચીપકી ગયેલ માખી જેવી છે આસક્તિમૂઢ વ્યક્તિઓ. એ પૈસા આદિ પદાર્થોમાં આસક્ત થઈ–લેપાઈ જઈ આત્મોન્નતિનાં આકાશમાં ઊડવાની સ્વતન્ત્રતા ગુમાવી દે છે. એ ન તો પદાર્થો ત્યાગી શકે, ન તો એની મૂર્છા ત્યાગી શકે. જ્યારે સાકર પરની માખી જેવી છે ક્રમશઃ અનાસક્ત થતી જતી વ્યક્તિઓ. એ પૂર્ણ સ્વતન્ત્રતાથી આત્મોન્નતિનાં આકાશમાં ઊડી શકે છે. એ માટે એ પદાર્થોનો પણ અને એના પરની મૂર્છાનો પણ ત્યાગ કરી શકે છે. યાદ કરીએ અહીં આપણે જૈન આગમગ્રન્થ ઉત્તરાધ્યયનસૂત્રમાં આવતો નમિરાજર્ષિનો પ્રસંગ :

મિથિલાના મહારાજ્યના એ સમ્રાટ હતા. અપાર ઐશ્વર્ય–વિરાટ સામ્રાજ્ય અને અનેક સમર્પિત રાણીઓઃ બધા જ બાહ્ય પદાર્થો એમની પાસે હતા. પરંતુ એક વારની અસહ્ય દાહજ્વરની માંદગી દરમ્યાન એમને જે ચિંતનદિશા મળી એનાથી એમનો સુષુપ્ત આત્મા જાગૃત થઇ ગયો.પદાર્થો અને એના પરની મૂર્ચ્છા–આસક્તિનો ત્યાગ કરીને આત્મકલ્યાણના પંથે ચાલી નીકળવાનો એમણે દઢ નિર્ધાર કર્યો. એ સાકર પરની માખી સમા હોવાથી નિર્ધારનો એમણે ત્વરિત અમલ કર્યો. સામ્રાજ્ય–ઐશ્વર્ય–રાણીઓઃ કોઈ જ એમને પ્રતિબંધક ન બની શક્યા. તેઓ જ્યારે સર્વસ્વ ત્યાગીને મિથિલાની હદની બહાર નીકળ્યા ત્યારે દેવરાજ ઇન્દ્રે છદ્મરૂપ ધરીને નમિરાજને જાતજાતનાં પ્રશ્નો ચલિત કરવા પૂછ્યા. પરંતુ દરેકના ઉત્તરમાં એમની અનાસક્તિ મહેંકતી હતી. એમાં એક

પરીક્ષારૂપે ઇન્દ્રે દેવમાયાથી ભડકે બળતી મિથિલાનગરી દર્શાવીને પૂછ્યું : "આગ શાંત કરવા માટે તો તમે પાછા મિથિલામાં આવો?" નમિરાજે અનાસક્તિની પરાકાષ્ઠાભર્યો ઉત્તર આપ્યો કે "दह्यमानमिथिलायां, न मे दहति किञ्चन ।" "અર્થાત્ બળતી મિથિલામાં મારા આત્માનું કાંઇ બળતું નથી! આવી અનાસક્તિમાં નિર્લેપતાનાં લક્ષ્ય આબાદ સિદ્ધ થાય એમાં શી નવાઇ?

છેલ્લે એક વાત : **આસક્ત આત્મા કર્મકલંકથી લિપ્ત થાય છે... અનાસક્ત આત્મા કર્મકલંકથી અલિપ્ત થાય છે...** ◆◆◆

૧૩

# જ્ઞાનસારમાં દર્શાવાયેલ સુખ અને દુઃખની સચોટ વ્યાખ્યા : પરસ્પૃહા દુઃખનું કારણ છે ને નિસ્પૃહતા સુખનું કારણ છે ...

વિશ્વવિજેતા બનવાની ખ્વાહિશ ધરાવતો સમ્રાટ સિકંદર ભારતમાં હતો ત્યારની વાત. એણે ભારતીય સંન્યાસીઓ વિશે ઘણી દિવ્ય તેમજ સાત્ત્વિક વાતો સાંભળી હોવાથી એકાદ ઉચ્ચ સ્તરીય સંન્યાસીને મળવાની એને ખૂબ ઉત્કંઠા હતી. આવા એક સંન્યાસીની માહિતી મેળવીને સિકંદરે એમને બોલાવી લાવવા પોતાના ઉચ્ચ અધિકારીઓ પાઠવ્યા. પણ આ સંત તો ખરા અર્થમાં દુનિયાદારીથી પર હતા. એમણે સિકંદરને મળવા જવાની કોઇ ઉત્કંઠા દર્શાવી નહિ.

આખરે સિકંદર એમને મળવા જંગલમાં પહોંચી ગયો. સંતની જીવનચર્યા–ઉપદેશ વગેરેથી સિકંદર પ્રભાવિત થઇ ગયો. જતાં જતાં સિકંદરે સંન્યાસીને પૂછ્યુંઃ ‘‘આપે મારું આમન્ત્રણ કેમ ઠુકરાવ્યું? આપને કદાચ ખબર નથી. બાકી મારી મુલાકાત માટે

મોટા મોટા શ્રીમંતોથી લઈને રાજાઓ પણ તલસે છે.'' સંતે આછું સ્મિત કરતાં ઉત્તર આપ્યોઃ ''જે લોકો તારી મુલાકાત માટે તલસે છે તેઓ તારી પાસે કોઈ ને કોઈ અપેક્ષા–આશા ધરાવે છે. જ્યારે મારે તારી પાસે કોઈ અપેક્ષા–આશા નથી, પછી હું શા માટે તને મળવા તલસું? હકીકત એ છે કે તને મારી પાસેથી શાંતિની–જીવનના આદર્શો સમજવાની અપેક્ષા હતી. એથી તું મને સામે ચાલીને મળવા આવ્યો.'' સિકંદર આફ્રીન થઈ ગયો સંન્યાસીની નિઃસ્પૃહ–અપેક્ષામુક્ત વિચારસરણી પર.

સંતત્વનું અને શાંત જીવનનું એક લક્ષણ જ આ છે કે જેમાં ભલભલા ચમરબંધીની પણ કોઈ અપેક્ષા ન હોય. આવી અપેક્ષામુક્ત જીવનશૈલીના સ્વામીની આંતરિક શહેનશાહત કોઈ અલગ જ હોય. એથી જ એક કાવ્યપંકિતમાં લખાયું છે કેઃ–

**ચાહ ગઈ ચિંતા મટી, મનવા બેપરવાહ;**
**જિસકો કુછ ન ચાહિયે, વો શાહો કા શાહ.**

'જ્ઞાનસાર' ગ્રન્થસર્જક મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર આ શહેનશાહતનો અનુભવ કરાવવા કાજે બારમા અષ્ટકમાં નિસ્પૃહતાનું અદ્‌ભુત નિરૂપણ કરીને આપણી સમક્ષ પ્રસ્તુત થઈ રહ્યા છે. અમારી દૃષ્ટિએ આ બારમા અષ્ટકના દરેક શ્લોકો ખૂબ સરલ અને હૃદયસ્પર્શી છે. એથી આજના લેખમાં શક્ય તેટલા વધુ શ્લોકોનો આસ્વાદ કરાવવાનો ઉપક્રમ રહેશે.

પ્રથમ શ્લોકમાં તેઓ જે વાત ફરમાવે છે એને સમજવા આપણે એક–બે ઉદાહરણો નિહાળીએઃ ખેડૂતનાં દિમાગમાં એક વાત સ્પષ્ટ છે કે ખેતી દ્વારા મેળવવા યોગ્ય મુખ્ય બાબત ધાન્ય છે–અનાજ છે. એ કેમ વધુમાં વધુ મળે એ જ એનું લક્ષ્ય હોય. ઘાસ મળે યા ન મળે એમાં એને કોઈ રસ ન હોય... વ્યાપારીનાં દિમાગમાં એ વાત સ્પષ્ટ છે કે વ્યાપાર દ્વારા પ્રાપ્તવ્ય શ્રેષ્ઠ બાબત રૂપિયા છે. એ લાખો–ક્રોડોની સંખ્યામાં કેમ વધુ મળે એમાં જ એને રસ હોય. ગ્રાહકે એની ઓફિસે પોતાને માનપાન વધુ આપ્યું યા ઓછું આપ્યું એમાં એને કોઈ ખાસ રસ ન હોય. જેમ આ બન્નેને પોતાનું પ્રાપ્તવ્ય લક્ષ્ય એકદમ નિશ્ચિત હોય છે, તેમ સાધકને–શ્રમણને પોતાનું પ્રાપ્તવ્ય લક્ષ્ય નિશ્ચિત હોય છે. એ લક્ષ્ય છે

સ્વભાવલાભ–સ્વરૂપરમણતા–આત્મભાવમાં સ્થિરતા. એની તમામ સાધના આ લક્ષ્યને હાંસલ કરવાની હોય છે. એ હાંસલ થઈ જતું હોય તો ઘાસ જેવી બાહ્ય સ્તરીય કોઈ સ્પૃહાઓ–ઝંખનાઓ તરફ એ આકર્ષાય નહિ, બલ્કે એનાથી એ દૂર રહે. શ્રમણની આ સાધનાનું રહસ્ય માત્ર આ નાનકડા સુવાક્યમાં સમાવિષ્ટ થઈ જાય છે કે "**સ્વમાં વસ...પરથી ખસ...આટલું બસ.**" સ્વમાં વસવા કાજે પરથી–પદાર્થાદિથી ખસતો જતો સાધક નિસ્પૃહ બનતો જાય. ગ્રન્થકાર આ વાત દર્શાવતા પ્રથમ શ્લોકમાં કહે છે કે

**स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नाऽवशिष्यते ।**
**इत्यात्मैश्वर्यसम्पन्नो, निःस्पृहो जायते मुनिः ।।**

ભાવાર્થ કે સ્વભાવલાભના લક્ષ્યને વરેલ આત્મિક ઐશ્વર્યયુક્ત સાધક મુનિ નિસ્પૃહ બનતો જાય–જગતની બાહ્ય બાબતોથી નિરપેક્ષ બનતો જાય...

પાંચમા શ્લોકમાં તેઓ મજાનો વિરોધાભાસી અલંકાર દર્શાવે છે કે

**स्पृहावन्तो विलोक्यन्ते, लघवस्तृणतूलवत् ।**
**महाश्चर्यं तथाप्येते, मज्जन्ति भववारिधौ ।।**

ભાવાર્થ કે સમુદ્રમાં હલકી વસ્તુઓ તરે અને ભારે વસ્તુ ડૂબે આ નિયમ છે. પરંતુ સંસારસાગરમાં આ નિયમનું જાણે શીર્ષાસન થઈ જાય છે કે એમાં ઘાસ અને રૂથી પણ સાવ હલકા–નગણ્ય ગણાતા લાલચુઓ ડૂબી જાય છે, તરી શકતા નથી. જરા સમજીએ ગ્રન્થકારનું આ રસપ્રદ નિરૂપણ. તેઓ એમ કહે છે કે જેઓ લાલચ–અપેક્ષાઓ–ગરજ ધરાવતા હોય એનું સ્થાન સામી વ્યક્તિની નજરમાં તણખલા–ઘાસ જેટલું ય નથી રહેતું. ઘાસને હજુ લોકો પૈસા આપી ખરીદે, ગરજવાનને તો એ સામેથી આવ્યો હોય તો ય હડધૂત કરે, એટલે સ્પષ્ટ છે કે ગરજવાન વ્યક્તિ ઘાસ કરતાં ય હલકી છે. હા, એ વજનથી નહિ વ્યક્તિત્વથી હલકી છે, મનોવૃત્તિથી હલકી છે. પરંતુ આશાઓ–અપેક્ષાઓનાં કારણે આવી વ્યક્તિઓ પ્રચુર પદાર્થો–વ્યક્તિઓ પર પ્રચૂર આસક્તિ–મૂર્છા ધરીને પાપોનાં પોટલાં એવાં વજનદાર બાંધે છે કે એ સ્વયં ભારે બની સંસારસાગર તરી ન શકે, એમાં એ ડૂબી જ જાય. આ મજેદાર શ્લોક દ્વારા ગ્રન્થકાર બે નિર્દેશ કરે છેઃ તમે જેટલા ઝંખનામઢ્યા–લાલચુ રહેશો એટલા

લોકનજરમાં હલકા–હીણા ઠરશો અને એટલા જ ઝડપથી ભવસમુદ્રમાં ડૂબી પણ જશો...

ત્રીજા શ્લોકમાં તેઓ બે સરસ ઉપમાઓ પ્રયોજે છેઃ સ્પૃહાઓ–ઝંખનાઓ વિષવેલડી છે અને જ્ઞાન–સમ્યગ્ બોધ દાતરડું છે. વિષવેલડીનાં પુષ્પો–ફળો આરોગનારને જે ત્રણ નુકસાનો થાય તે ત્રણે ય નુકસાનોની આબાદ સરખામણી ઝંખનાઓરૂપી વિષવેલડી સાથે કરીને તેઓ કહે છે કે જેમ દાતરડાથી વિષવેલડીનો ઉચ્છેદ થઇ શકે, તેમ સમ્યક્ સમજરૂપ દાતરડાથી જ વિકરાળ ઇચ્છાઓરૂપ વિષવેલડીનો ઉચ્છેદ શક્ય બને. આ ઉપમા કેવી સચોટ છે એની પ્રતીતિ કરવી છે? તો વાંચો, ઉત્તરાધ્યયન નામે જૈન આગમમાં દર્શાવાયેલ મહર્ષિ કપિલ કેવલીની આ જીવનઘટનાઃ

તીવ્ર આર્થિક તંગી વચ્ચે અભ્યાસ માટે રાત–દિવસ મહેનત કરતો બ્રાહ્મણ યુવક કપિલ. કષ્ટો વેઠીને ય પંડિત બની પિતાનું રાજપુરોહિતપદ હાંસલ કરવાની એની તમન્ના હતી. પણ એનાં જીવનમાં એકાએક નવો વળાંક આવ્યો અને એના નિઃશૂલ્ક ભોજનની જ્યાં વ્યવસ્થા હતી તે શ્રેષ્ઠીની નવયુવાન દાસી સાથે એ પ્રણયના રંગે રંગાઇ ગયો. સંબંધોએ સીમા ઓળંગી અને દાસી ગર્ભવતી થઇ. ભોળા–ભલા કપિલને હવે અભ્યાસની સાથોસાથ પ્રિયતમાની સારસંભાળની અને ભાવિના આગંતુક મહેમાનની પળોજણ આવી. એ માટે રકમની આવશ્યકતા ય સર્જાઇ. ભદ્રક કપિલને અર્થોપાજનની કોઇ ગતાગમ ન હતી. આખરે પેલી દાસીએ જ એને માર્ગ દર્શાવ્યો કે નગરનો રાજા નિત્ય પ્રભાતે જે એને સર્વપ્રથમ આશીર્વાદ આપે તે બ્રાહ્મણને બે માષા જેટલું સુવર્ણ દાનમાં આપે છે. તમે કાલે એને સર્વપ્રથમ આશીર્વાદ આપી સુવર્ણદાન લઇ આવો.''

ઝંખના–અપેક્ષા–ગરજના મારવશ કપિલ સર્વપ્રથમ પહોંચી જવા અર્ધી રાત્રે નગરના રાજમાર્ગ પર દોડતો નીકળ્યો. પણ રે નસીબ ! ચોકીદારોએ એને ચોર સમજી કેદમાં પૂરી દીધો અને પ્રભાતે રાજા સમક્ષ રજૂ કર્યો. કપિલે એક પણ વાત છુપાવ્યા વિના પોતાની દાસ્તાન રાજા સમક્ષ રજૂ કરતા રાજા એની નિખાલસતા પર ખુશ થઇ ગયો. રાજાએ કહ્યુંઃ ''માત્ર બે માષા જ નહિ, તું જે માંગીશ એ આજે તને હું આપીશ. જરા ય ચિંતા કર્યા વિના માંગી લે. ''કપિલે

વિચારવાનો સમય માંગી એક ખંડમાં માંગવામાં કચાશ ન રહી જાય એ રીતે વિચારવા માંડ્યું;

'શું બે માષા સુવર્ણ માંગું? ના, ના. એમાં કાંઇ નહિ વળે, કાલે પુત્રજન્મ થશે, એનાં લાલન–પાલનનો ખર્ચ આવશે. તો પચાસ તોલા સુવર્ણ માંગું? એમાં અમારા ત્રણે યનો નિર્વાહ થઇ જશે. પણ પછી બીજો કોઇ નવો મહેમાન સંતાનરૂપે આવશે તો? વળી એ બધાને મોટા કરવા–ભણાવવા–પરણાવવાનો ય ખર્ચ આવશે. એટલે પાંચ ક્રોડ સોનૈયા જ માંગી લઉં પછી જિંદગીભરની ઝંઝટ નહિ. હા, પણ આટલું મળ્યા પછી એને સાચવીશ શી રીતે? એના માટે ચોકીદારો–સૈનિકો જોઇશે. તો પછી રાજ્ય જ માંગી લઉં. રાજાએ મને જે જોઇએ તે આપવાની હા તો કહી જ છે'... એકાએક કપિલનું વિચારવહેણ બદલાયું કે 'હું આ શું વિચારી રહ્યો છું? જેણે સહાયક થવાની બુદ્ધિથી મને માંગવાનું કહ્યું એનું સર્વસ્વ–રાજ્ય પણ લઇ લેવાની મારી કનિષ્ઠ વિચારધારાને ધિક્કાર હો. અને... લાલસાઓ? એ તો ક્યારે ય અંત પામવાની જ નથી. આવશ્યક્તાઓનાં નામે એ સતત વિકરાલ થતી જ રહેવાની છે.' આ સમ્યગ્ વિચારણા કરતાં કરતાં કપિલ વિરક્ત થઇ ગયો અને એ એક તબક્કે કશું જ ન માંગવાના નિર્ણય સાથે રાજા સમક્ષ ઉપસ્થિત થયો. એ જ નિખાલસતાથી એણે પોતે કરેલ તમામ વિચારો રાજા સમક્ષ રજૂ કરી એણે કહ્યું : ''હવે હું અપેક્ષામાત્રથી–ઝંખનામાત્રથી મુક્ત થઇને સાધુત્વ સ્વીકારી રહ્યો છું.''

આગળ જતાં સ્વયંબુદ્ધ કેવલીરૂપે જૈન ઇતિહાસમાં અમર નામના વરનાર મહર્ષિ કપિલની આ જીવનકથા એ સમજાવવા સક્ષમ છે કે જ્ઞાનના–સમ્યગ્ બોધના દાતરડાંથી ઝંખનાઓ–સ્પૃહાઓની વિષવેલડી કેવી આબાદ છેદી શકાય છે...

સ્પૃહાઓ–ઝંખનાઓનો ત્યાગ કયા સ્તર સુધી જવો જોઇએ એનો હૃદયગંમ અંગુલિ નિર્દેશ છટ્ઠા શ્લોકમાં ગ્રન્થકારે કર્યો છે. યાદ રહે કે સમૃદ્ધિ – સંસાર –સ્વજન વગેરેનો ત્યાગ કરનારને પણ યશ–કીર્તિની લાલસા નડી જતી હોય છે ઘણી વાર. એનામાં એવી સુષુપ્ત ઊંડી ઝંખના–લાલસા હોય છે; ઘણીવાર કે 'મારું ચારિત્ર–મારી સાધના–મારી વિશિષ્ટતા લોકોનાં ધ્યાનમાં

આવવી જોઈએ, લોકમાં એની પ્રશંસા થાય તો સારું.' શ્રીમદ્ યશોવિજયજી મહારાજ નિસ્પૃહતાષ્ટકના છટ્ઠા શ્લોકમાં જણાવે છે કે ''મને કેટકેટલા ભક્તો નમન કરે છે, મારી પ્રતિષ્ઠા કેવી બેજોડ છે, મારી જાતિ અને મારા ગુણો કેવા મહાન છે' આવી બધી વિચારણા દ્વારા પોતાની ખ્યાતિ–પ્રસિદ્ધિ કરવાના ખ્યાલમાત્રથી શ્રમણે–સાધકે દૂર રહેવું જોઈએ.'' યશ–કીર્તિ સામે પગલે આવે યા અપકીર્તિ સામે પગલે આવેઃ સાચો સાધક નિસ્પૃહભાવે બેયનો સમભાવે સ્વીકાર કરે, એમાં રાજીપો યા નારાજી ન દાખવે. આખર તો આ બધી પુદ્ગલની–પરભાવની જ કરામતો છે ને? એ પેલી મજાની સજ્ઝાય પંક્તિ સમી સ્થિતિ અનુભવે કે :–

**કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;**
**કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલ કી બાજી...**

જે સાધક આવી નિસ્પૃહતા આત્મસાત્ કરતો જાય એનું આંતરિક સ્તર એવું ઉચ્ચતર બનતું જાય કે એની તુલના કોઈ દુન્યવી વ્યક્તિ–શક્તિ સાથે થઈ ન શકે : ભલે ને પછી એ વ્યક્તિ ચક્રવર્તી સમ્રાટ કે દેવરાજ ઈન્દ્ર હોય. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. આ પદાર્થનું નિરૂપણ કરતાં નિસ્પૃહતાષ્ટકના સાતમા શ્લોકમાં સરસ પ્રસ્તુતિ કરે છે કે

**भूशय्या भैक्षमशनं, जीर्णं वासो वनं गृहम् ।**
**तथाऽपि निःस्पृहस्याहो, चक्रिणोऽप्यधिकं सुखम् ।।**

ભાવાર્થ કે ''શ્રમણને ભૂમિ પર શય્યા છે (જ્યારે સમ્રાટને પલંગ પરની મખમલી શય્યા છે), શ્રમણને ભિક્ષાચર્યાથી મળેલ ભોજન છે (જ્યારે સમ્રાટને મનભાવતા બત્રીશ પક્વાન્ન છે), શ્રમણને જીર્ણ–શીર્ણ વસ્ત્ર છે (જ્યારે સમ્રાટને કોટિ મૂલ્યનાં જરિયાન વસ્ત્રો છે), શ્રમણને રહેવા માટે વન છે (જ્યારે સમ્રાટને રહેવા માટે વિરાટ ભવન છે). આટલું જબરજસ્ત બાહ્ય વૈષમ્ય હોવા છતાં નિસ્પૃહ શ્રમણને જે આંતર સુખ છે એ ચક્રવર્તી સમ્રાટને પણ નથી હોતું.''

એક વિચારપ્રેરક પ્રશ્નઃ ''અમૂક આશાઓ ખરાબ અને અમૂક આશા–ઝંખના સારી, આવો કોઈ ભેદ આશાઓ–ઝંખનાઓ વચ્ચે હોઈ શકે ખરો?'' નિસ્પૃહતાષ્ટકના ચતુર્થ શ્લોકમાંથી આનો સરસ ઉત્તર મળી રહે છે. ત્યાં

ગ્રન્થકાર જણાવે છે કે 'અનાત્મરતિ'નો સંસર્ગ કરતી સ્પૃહાઓ–આકાંક્ષાઓને ચિત્તમાંથી દેશવટો આપી દેવો જોઈએ. અનાત્મરતિ એટલે જડ પદાર્થોની–પરભાવોની પ્રીતિ. જે ઈચ્છાઓનાં મૂળમાં આ જડ પદાર્થોની–પરભાવોની પ્રીતિ હોય એવી તમામ ઈચ્છાઓનો ત્યાગ ખૂબ જાગૃતિપૂર્વક–લક્ષ્યપૂર્વક કરવો જોઈએ. જેમ કે 'હું સર્વોપરિ બની જઉં... હું ટોચનો શ્રીમંત બની જઉં... મારા બધા જ હરિફોને પછાડી દઉં...' આવી આવી ઝંખનાઓ અનાત્મરતિનાં કુળની છે. એથી એનો ત્યાગ જોઈએ. એથી વિપરીત જે ઝંખનાઓ 'આત્મરતિ'નાં કુળની હોય એ ઝંખનાઓ સારી ગણીને એ ગ્રહણ કરવી જ જોઈએ. જેમ કે 'હું સર્વ જીવો સાથે મૈત્રીપરિણામ કેળવું... હું ઉત્તમ ક્ષમાભાવ આત્મસાત્ કરું... મને સંયમની પ્રાપ્તિ થાઓ'... આવી આવી ઝંખનાઓ કરવા જેવી છે. આ શુભ ઝંખનાઓ પેલી અશુભ ઝંખનાઓને દૂર કરશે અને આગળ જતાં એક ઉચ્ચતમ સ્થાયી અવસ્થા એવી આવશે કે જેમાં ઝંખનામાત્રનો અભાવ થશે. જૈન પરંપરા એને વીતરાગદશા કહે છે...

છેલ્લે માત્ર એક વાક્યમાં નિસ્પૃહતાષ્ટકના અંતિમ શ્લોકનો સાર : **સુખ અને દુઃખની સંક્ષિપ્ત વ્યાખ્યા એ છે કે પરસ્પૃહા (પારકી આશા) મહાદુઃખનું કારણ છે અને નિસ્પૃહતા મહાસુખનું કારણ છે...** ◆◆◆

## ૧૪

# બોલવું ભલે કળા છે પણ મૌન તો મહાન સાધના છે...
# જે મન-વચન-કાયાનું મૌન ધરે તે મહાત્મા મુનિ છે...

પ્રથમ નજરે સામાન્ય સાધના સમું ભાસતું મૌન કેટલીક વ્યક્તિઓ માટે કેવી કપરી કસોટીરૂપ બની જતું હોય છે એની એક રમૂજી ઘટના ક્યાંક વાંચી હતી :

લગ્નની પચીસમી 'Anniversary' નાં દિને હર્ષથી હસુ હસુ થતી પત્નીએ પતિને કહ્યું : ``આજે આપણા લગ્નના પચીસ-પચીસ વર્ષ પૂર્ણ થયા. એની ખુશાલીમાં તમે મને શી Gift આપશો?'' હકીકત એ હતી કે પત્નીના અતિશય મુખર-બોલકણા સ્વભાવથી પતિ ખૂબ કંટાળેલ હતો. એથી એણે કટાક્ષમાં કહ્યું : ``જો આજે તું સળંગ પચીસ મિનિટ મૌન રહે તો મારે તને પચીસ હજાર રૂપિયાનો સુવર્ણહાર ભેટ આપવો.'' પતિને મનોમન ખાતરી હતી કે આ પચીસ મિનિટ સળંગ મૌન રહી શકે એ બનવાનું જ નથી.

સુવર્ણહારની લાલચમાં પત્નીએ પડકાર ઝીલી લીધો અને ત્યાં ને ત્યાં જ સમયમર્યાદા નકકી કરી મૌન શરૂ કર્યું. પાંચ...દશ...પંદર...અને અઢારમી મિનિટ થઇ ત્યાં એ બોલી ઊઠીઃ ''હજુ કેટલી મિનિટ બાકી છે?'' પતિ તાળી બજાવતા બોલ્યોઃ ''બસ, બસ. શરત મુજબ તું હારી ગઇ છે. તારે તો પચીસ મિનિટ સંપૂર્ણ મૌન રાખવાનું હતું.'' પત્ની છોભીલી પડી ગઇ પોતાની બોલ્યા કરવાની આદતના આ દુષ્પરિણામથી...

કોઈ આ રીતે બોલ–બોલ કરવાની આદતથી મૌન ન ધરી શકે, તો કોઈ ચંચલતાવશ–ઉત્તેજનાત્મક વાત સાંભળતાવેંત રહી ન શકવાની આદતવશ મૌન ન રહી શકે. આવી આવી આદતો ધરાવતી વ્યક્તિઓ માટે મૌન કાફી કઠિન બની રહે. મૌનની કઠિનતાના દ્યોતક એક–બે સચોટ નિરીક્ષણો વાંચીએ : '(૧) જન્મ પછી બોલવાનું શીખતા માનવીને ફક્ત ત્રણેક વર્ષ લાગે છે, પરંતુ એ પછી ક્યાં મૌન રહેવું એ શીખતા ક્યારેક આખી જિંદગી એને ઓછી પડતી હોય છે. (૨) જીભ એવું અજબ ધારદાર શસ્ત્ર છે કે જે દીર્ઘ કાળે પણ પોતાની ધાર–તાકાત ગુમાવતું નથી. વૃદ્ધાવસ્થામાં ય જીભ તો એવી જોરાવર રહે છે.'

આ અને આવાં આવાં નિરીક્ષણો ભલે મૌનની કઠિનતા ઉજાગર કરતા હોય. કિંતુ એક વાસ્તવિકતા અફર છે કે આત્મસાધનાનાં ક્ષેત્રે મૌન ખૂબ જ અગત્યનું પરિબળ છે. એથી જ 'જ્ઞાનસાર'ગ્રન્થસર્જક મહોપાધ્યાય શ્રી યશોવિજયજીગણિવર તેરમા અષ્ટકમાં 'મૌન'નો વિષય લઇને ઉપસ્થિત થઇ રહ્યા છે. અલબત્ત, એ અષ્ટકમાં તેઓ જે 'મૌન'નું નિરૂપણ કરે છે તેનો અર્થસંદર્ભ ખૂબ વ્યાપક અને ગહરાઇ ધરાવે છે. એની આછેરી ઝલકો નિહાળીએ તો, પ્રથમ જ શ્લોકમાં તેઓ 'મૌન' શબ્દનું અર્થઘટન સંસ્કૃત વ્યાકરણ–શબ્દશાસ્ત્ર અનુસાર એકદમ સ્પષ્ટ અને મસ્ત કરે છે. સંસ્કૃત વ્યાકરણમાં 'મન્'નો અર્થ થાય છે માનવું–સ્વીકારવું. એના પરથી '**મુનિ**' શબ્દ બને. એનો મતલબ છે જગતનાં તત્ત્વોને યથાર્થ સ્વરૂપે માને–સ્વીકારે તેનું નામ મુનિ. મુનિ એટલે શ્રમણ–સાધુ. પછી એ 'મુનિ' શબ્દને વ્યાકરણનો તદ્ધિત પ્રત્યય લાગતા 'મૌન' શબ્દ તૈયાર થાય છે જેનો અર્થ છે મુનિપણું–શ્રમણ જીવન. આ રીતે, 'મૌન' શબ્દ મુનિજીવન–ચારિત્ર સાથે સંબંધિત છે એમ

'જ્ઞાનસાર' ગ્રન્થકાર તેરમા અષ્ટકના પ્રથમ શ્લોકમાં બે પૈકીની એક મહત્ત્વની પ્રસ્તુતિ કરતા જણાવે છે. સંસ્કૃત વ્યાકરણ તેમજ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી આ અર્થ એકદમ સંગત છે.

પ્રશ્ન અહીં એ થાય કે લોકપ્રસિદ્ધિ અનુસાર તો મૌનનો અર્થ બોલવું નહિ તેવો થાય છે જે આપણે પણ આ લેખની પ્રારંભિક ભૂમિકામાં અપનાવ્યો છે. જ્યારે 'જ્ઞાનસાર' દ્વારા મૌનનો અર્થસંદર્ભ શ્રમણજીવન–ચારિત્ર સાથે જોડવામાં આવ્યો છે. તો આ બે અર્થોમાં વિસંવાદ નથી? ઉત્તર એ છે કે ના, આ બે માં જરા ય વિસંવાદ નથી. જ્ઞાનસારમાં કરાયેલ 'મૌન' શબ્દનું અર્થઘટન વ્યાપક સંદર્ભનું છે જ્યારે લોકપ્રસિદ્ધિનાં 'મૌન' શબ્દનું અર્થઘટન એનાં એક અંગ જેવું–નાના સંદર્ભનું છે જે ચારિત્રના એક અંશરૂપે સમાવેશ પામે છે. જરા સમજીએ આ વાત.

જૈન પરંપરા અનુસાર ચારિત્રના–મુનિપણાનાં આઠ અંગો છે. એને જૈન પરિભાષામાં અષ્ટ પ્રવચનમાતા કહેવાય છે. એમાંનું સાતમું અંગ છે વચનગુપ્તિ. આ વચનગુપ્તિના બે પૈકીનો એક અર્થ છે સંપૂર્ણપણે બોલવું નહિ તે. એવું સંપૂર્ણ આ મૌન હોય છે કે જેમાં બોલવાનું તો નહિ જ, ઉપરાંત ઈશારાથી પણ વાત કરવાની ન હોય. આમ, લોકપ્રસિદ્ધ 'મૌન' શબ્દનો અર્થ મુનિપણાનાં–ચારિત્રજીવનનાં સાતમા અંગના એક ભાગરૂપે સરસ સમાવેશ પામી જાય છે. જ્ઞાનસારે દર્શાવેલ 'મૌન' નો અર્થ આનાથી વ્યાપક એટલે કે ચારિત્રના આઠે આઠ અંગોમાં ફેલાયેલો છે.

પ્રથમ શ્લોકમાં જ્ઞાનસારગ્રન્થકારે 'મૌન' શબ્દનો અર્થ ચારિત્ર સાથે– મુનિજીવન સાથે સંગત કરી બતાવ્યો છે તેમ સમ્યગ્દર્શન સાથે પણ સંગત કરી બતાવ્યો છે. તો તે પછીના શ્લોકોમાં એમણે નયવાદ દ્વારા દર્શન–જ્ઞાન– ચારિત્રઃ આ ત્રણ વિશિષ્ટ આત્મગુણોનો અભેદ કરી બતાવ્યો છે. આત્મામાં રુચિ એનું નામ સમ્યગ્દર્શન, આત્માની જ્ઞપ્તિ એનું નામ સમ્યગ્જ્ઞાન અને આત્મામાં રમણતા એનું નામ સમ્યક્ ચારિત્ર. આ રીતે મુનિપણારૂપ મૌનમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે ય સમાવેશ પામે છે એમ 'જ્ઞાનસાર'ગ્રન્થકાર કહે છે.

તે પછીના શ્લોકોમાં મણિનાં ઉદાહરણ દ્વારા ગ્રન્થકાર ચારિત્રનો–આત્મરમણતાનો જે મહિમા કરે છે એને આપણે એક ઉદાહરણ દ્વારા વિચારીએઃ ધારો કે એક જંગલમાં કોઈ શિકારી પંખી પકડવા ગયો છે. એ નિહાળે છે કે જંગલમાં રહેલ એક પોપટ જાણે well-trained હોય એમ બોલી રહ્યો છે કે ''શિકારી મને પકડવા આવે તો હું ઊડી જઈશ, મારે પાંજરે પુરાવું નથી.'' શિકારી નિરાશ થઈ જાય છે કે આવા જ્ઞાની–સમજદાર પોપટને પકડવો અશક્ય છે. પણ એ જેમ જેમ નજીક સરે છે તેમ તેમ પોપટમાં ઊડવાની કોઈ હિલચાલ જોતો નથી. એથી એની હિંમત વધતી જાય છે. આખરે એ પોપટની ખૂબ નજીકમાં આવી જાય છે અને એવો કસબ અજમાવે છે કે પોપટ પકડાઈને પાંજરે પુરાઈ જાય છે. શું આપણે પોપટની સતત બોલાતી વાણીમાં વ્યક્ત થતી સમજને–જ્ઞાનને વાસ્તવિક સમજ–જ્ઞાન માની શકીશું? નહિ જ. આપણે એને એવું 'પોપટીયું જ્ઞાન' કહીશું કે જેનું કોઈ ફળ નથી–પરિણામ નથી. માટે એ સમજ–એ જ્ઞાન વ્યર્થ છે. જ્ઞાનસારગ્રન્થકાર આવી જ ભૂમિકા પર મૌનાષ્ટકના પાંચમા શ્લોકમાં કહે છે કેઃ–

तथा यतो न शुद्धात्म-स्वभावाचरणं भवेत् ।<br>
फलं दोषनिवृत्तिर्वा, न तज् ज्ञानं न दर्शनम् ।।

મતલબ કે જે જ્ઞાન – જે દર્શન દ્વારા શુદ્ધ આત્મસ્વભાવમાં રમણતા ન થાય અને ફલરૂપ વિષય–કષાયાદિ દોષોથી નિવૃત્તિ–વિરામ ન થાય તે વાસ્તવમાં જ્ઞાન–દર્શન જ નથીઃ જેમ પેલું પોપટિયું જ્ઞાન વાસ્તવમાં જ્ઞાન નથી તેમ. સાચું જ્ઞાન–સાચું દર્શન તે છે કે જે આપણને આત્મરમણતાની અભિમુખ કરે, આપણા દોષોનો નાશ કરે. આમાં ગ્રન્થકારે મૌનનો–મુનિપણાનો–ચારિત્રનો ખૂબ સરસ મહિમા કર્યો છે...

હવે એક નવી અને વિચારપ્રેરક વાત જ્ઞાનસારગ્રન્થકાર સાતમા શ્લોકમાં સ્પર્શે છે. પૂર્વે નિહાળ્યું તેમ મૌનનો લોકપ્રસિદ્ધ અર્થ બોલવું નહિ તે છે. આના ઉપર શરસંધાન કરતાં શ્રીમદ્ યશોવિજયજી મ. ધારદાર વાત કરે છે કે જો બોલવું નહિ તેમાં જ મૌનની સાર્થકતા–પરિપૂર્ણતા ગણી લેવામાં આવે તો તો સૌથી મોટા મૌનવ્રતધારી વૃક્ષો ગણાશે. કેમ કે તે એવા એકેન્દ્રિય જીવો છે કે

જેમની પાસે જીભ જ નથી, માટે એ કદી એક અક્ષર સુદ્ધાં બોલતા નથી. આ કટાક્ષ દ્વારા તેઓ બહુ ગંભીર અંગુલિનિર્દેશ કરે છે કે ઉપરછલ્લો દેખાવ ધરાવતાં માત્ર વચનનાં મૌનના આધારે સાધક મોક્ષની મંઝિલ સર કરવા ચાહતો હોય તો તે એની બહુ મોટી ભૂલ પુરવાર થશે. સાચું મૌન તો અનાત્મભાવો–પરભાવો તરફ લઈ જતાં મન–વચન–કાયાના યોગોના વિરામમાં છે. જ્ઞાનસારગ્રન્થકારનો એ સાતમો શ્લોક આ છે કેઃ–

सुलभं वागनुच्चारं, मौनमेकेन्द्रियेष्वपि ।
पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम् ।।

ભાવાર્થ કે વચન–વ્યાપારના વિરામરૂપ મૌન તો પૃથ્વીકાયથી લઈને વનસ્પતિકાય સુધીના તમામ એકેન્દ્રિયોને સુલભ છે. એ મૌનનો શો મહિમા? પુદ્ગલોમાં–પરભાવોમાં મન–વચન–કાયાના યોગોની પ્રવૃત્તિ થતી અટકે તે જ ઉત્તમ–શ્રેષ્ઠ મૌન છે. મુનિત્વનાં–ચારિત્રનાં દરેક પાસાને ઝળહળાવે તેવાં મૌનના આ નિર્દેશ પર આપણે થોડું વિશ્લેષણ કરીએઃ

આપણી પાસે ત્રણ યોગો પૈકીનો એકદમ શક્તિશાળી યોગ ઉપલબ્ધ છે મનનો. મનોયોગ દ્વારા પ્રાપ્ત થતી સ્પષ્ટ–ઊંડાણભરી વિચારશક્તિ સૃષ્ટિના દરેક જીવોને મળી નથી હોતી. જૈન પરિભાષા મુજબ, જેઓ સંજ્ઞી પંચેન્દ્રિયની અવસ્થા હાંસલ કરી ચૂક્યા છે એમની જ પાસે આ વિશિષ્ટ વિચારશક્તિ હોય છે. આપણાં સહુનું સૌભાગ્ય છે કે આપણને આ અવસ્થા પ્રાપ્ત થઈ છે. હવે સાધના ખરી એ છે કે એ મનોયોગની પ્રવૃત્તિ પુદ્ગલમાં–પરભાવમાં–પાપવિચારોમાં થવી ન જોઈએ. 'આ મારો શત્રુ છે માટે હું એનો ઘાત કરી દઉં... આ મારો હરિફ છે માટે હું એને નુકસાન પહોંચાડું...આ રૂપ–આ પદાર્થો મારા મનગમતા છે. માટે મને એ યેન કેન પ્રકારેણ મળવા જ જોઈએ. મારે એના ભોગનો આનંદ લેવો છે... મારી શરીરસંપદા–સૌંદર્યસંપદા સરસ છે. એ ક્યારે ય ચાલી ન જવી જોઈએ. એમાં કાંઈ હાનિ થશે તો મારું શું થશે?' આવા આવા વિચારો કરવા તે છે પુદ્ગલમાં–પરભાવમાં પ્રવૃત્ત થતો મનોયોગ. એને સમ્યગ્ વિચારણા દ્વારા ત્યાંથી નિવારવો અને ક્ષમા–અનાસક્તિ–સામ્ય જેવા ઉત્તમ ભાવોમાં પ્રવર્તાવવો તે છે મુનિનું–સાધકનું મનોયોગનાં સ્તરનું ઉત્તમ મૌન.

આપણી પાસે બીજા ક્રમનો શક્તિશાળી યોગ છે વચનનો. જૈન પરિભાષા મુજબ, માત્ર બેઈન્દ્રિય સુધીના જીવોને જ વચનયોગ ઉપલબ્ધ છે. એમાં પણ પશુ–પંખી વગેરે તિર્યંચોને જે ભાષાશક્તિ મળે છે એ માનવી જેવી સ્પષ્ટ નથી. આપણને સુસ્પષ્ટ વચનયોગ મળ્યો છે. હવે સાધના ખરી એ છે કે આ વચનનો ઉપયોગ પરભાવપોષક બાબતોમાં ન થવો જોઈએ. કઠોર વચનો બોલવાં, અહિતકારી વચનો બોલવાં, અસત્ય વચનો બોલવા, અન્યોની નિંદા કરતાં–ચાડીચુગલી કરતાં વચનો બોલવાં, રાગ–દ્વેષ ઉત્તેજિત કરે તેવાં વચનો બોલવાંઃ આ છે પરભાવમાં પ્રવૃત્ત થતો વચનયોગ. સતત જાગૃતિપૂર્વક–ઉપયોગપૂર્વક એનું નિવારણ કરવું અને એને આત્મભાવપોષક બાબતોમાં પ્રવર્તાવવો તે છે સાધકનું વચનયોગનાં સ્તરનું ઉત્તમ મૌન.

આપણી પાસે ત્રીજો યોગ છે કાયાનો. જૈન પરિભાષા મુજબ, આ કાયયોગ દરેક જીવને સંપ્રાપ્ત થાય છે. પરંતુ દરેક જીવો એનો ઉપયોગ સાર્થકરૂપે નથી કરતા. વાઘ–સિંહ વગેરે એનો ઉપયોગ ભયાનક હિંસાખોરીમાં કરે છે, તો વિકૃત વ્યક્તિઓ એનો ઉપયોગ દુરાચાર–વ્યભિચારમાં કરે છે; સ્વાદલોલુપ વ્યક્તિઓ એનો ઉપયોગ વિવેકશૂન્યપણે અભક્ષ્યભક્ષણમાં કરે છે, તો વર્ચસ્વલોલુપ વ્યક્તિઓ એનો ઉપયોગ અન્યોને દબાવવામાં કરે છે. કાયાને આ બધી અશુભ બાબતોથી નિવારીને આત્મસાધનામાં પ્રવર્તાવવી તે છે સાધકનું કાયયોગનાં સ્તરનું ઉત્તમ મૌન. આ ત્રણે ય સ્તરનું ઉત્તમ મૌન નિહાળવા આપણે યાદ કરીએ મહામુનિ ગજસુકુમાલનો વિરલ પ્રેરક પ્રસંગઃ

ત્રિખંડાધીશ્વર શ્રીકૃષ્ણ વાસુદેવના એ લાડકવાયા લઘુબંધુ રાજકુમાર ગજસુકુમાલે બાવીશમા તીર્થેશ્વર પરમાત્મા શ્રી નેમિનાથની વૈરાગ્યવાહિની ધર્મદેશનાનું શ્રવણ કરીને ઊછળતા વૈરાગ્યથી તત્કાલ સંયમધર્મ અંગીકાર કર્યો. મોક્ષ પ્રાપ્ત કરવાની એમની તમન્ના–તાલાવેલી એવી તીવ્ર હતી કે એમણે પ્રાણાંત પરિષહો સહન કરીને ય તત્કાલ મુક્તિ પામવાનો મનોરથ કર્યો અને પ્રભુઆજ્ઞા પ્રાપ્ત કરી સ્મશાનભૂમિમાં કાયોત્સર્ગ ધ્યાન આરંભ્યું. યોગાનુયોગ એવો રચાયો કે એ નિર્જન સ્મશાનભૂમિ પાસેથી મુનિવરનો

પૂર્વાશ્રમનો શ્વશૂર સોમિલ પસાર થયો. જમાઈને અણધાર્યા દીક્ષિત નિહાળી એનો ક્રોધ આસમાનને આંબી ગયો. પોતાની દીકરીનો ભવ બગાડનાર જમાઈને અવ્વલ મંઝિલે પહોંચાડી દેવાના કાતિલ ઈરાદાથી એ પાપાત્માએ ધ્યાનસ્થ મુનિના મુંડિત મસ્તકની ચોતરફ માટીની પાળ રચી અને પછી સ્મશાનમાં પ્રજવલિત ધગધગતા અંગારા એમાં ભરી દીધા ! જાણે કે મસ્તક ધગધગતી સગડી બની ગયું.

આ પ્રાણાંત પરિષહમાં મુનિવરે મન–વચન–કાયાનું શ્રેષ્ઠ પરાકાષ્ઠાભર્યું મૌન દાખવ્યું. જાન લેવાની કોશિશ કરનાર સોમિલ માટે એમના મનોયોગમાં 'આ મારો શત્રુ છે... મને હેરાન કરનાર છે' આવો કોઈ નિમ્ન વિચાર ન આવ્યો, બલ્કે 'આ મારી મોક્ષસાધનામાં સહાયક છે... માટે મારો સાચો સ્વજન–મિત્ર છે' આવો ઉત્તમ વિચાર પ્રગટ્યો. પ્રાણાંત પીડા–અસહ્ય વેદના છતાં મુખમાંથી એક હરફ પણ એમણે ન ઉચ્ચાર્યો એ મહામુનિવરનું વચનસંબંધી મૌન હતું. તો આવી અકલ્પ્ય વેદના સહવાની ક્ષણે એમણે કાયાને તસુભાર હલાવી પણ નહિ એ ગજસુકુમાલમુનિવરનું કાયાનું મૌન હતું. આ ત્રણે ય સ્તરનાં ઉત્તમ મૌનનું પરિણામ એ આવ્યું કે તેઓ તત્કાલ અંતકૃત્ કેવલી થઈ મોક્ષગામી બન્યા... એમની સાધના સિદ્ધિને વરી.

છેલ્લે એક મસ્ત વાત : **બોલવું ભલે એક કળા છે, પણ મૌન તો મહાન સાધના છે..**

◆◆◆

## ૧૫

## ‘સા વિદ્યા યા વિમુક્તયે’ આ પ્રસિદ્ધ સૂત્ર એ સમજાવે છે કે જે આસક્તિનાં બંધનથી દૂર કરે તે જ સાચી વિદ્યા છે...

ભૌતિક વિશ્વમાં વિદ્યાનું કેવું મહત્ત્વ છે એની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ નિહાળીએ :

નાનકડા ગામમાં રહેતી વિધવા મા ઉપર શહેરમાં ભણતા યુવાન પુત્રનો તાર આવ્યો. મા તો સાવ નિરક્ષર હતી. એથી તાર વાંચવાની એની કોઇ ગુંજાયેશ ન હતી. એક યુવાન પાસે એ તાર વંચાવવા ગઇ. યુવાન તાર જોતાં રડવા માંડ્યો. એનું રુદન નિહાળી વૃદ્ધ મા સમજી ગઇ કે તારમાં પુત્રના અમંગલના–મરણના સમાચાર હશે. એથી આ યુવાન બોલી શકતો નથી, રડે છે. તાર પરત લઇ શોકાતુર હૈયે પુત્રના મૃત્યુની વાત માએ કહેવા માંડી.

એમાં એક પડોશી સુશિક્ષિત ભાઇને જિજ્ઞાસા જાગી કે ‘કોઇ જ રોગ–માંદગીના સમાચાર હતા નહિ, ત્યાં એકાએક મૃત્યુના સમાચાર ક્યાં કારણે આવ્યા?’ એમણે માજી પાસેથી તાર

વાંચવા લીધો તો વાસ્તવિકતા સાવ અલગ જ બહાર આવી. ભાઈએ માજીને કહ્યું કે ''આમાં તો દીકરો Graduate થયાના શુભ સમાચાર છે, એના મૃત્યુની વાત તમને કોણે કહી?'' માજીએ પેલો યુવાન રડ્યાનો ઘટનાક્રમ કહ્યો. યુવાનને બોલાવી ખુલાસો પુછાતાં એણે પોતાનું 'પરાક્રમ' પ્રગટ કર્યું કે ''મને ખુદને English જરા પણ આવડતું નથી. માજી મારા પર ભરોસો રાખી તાર વંચાવવા આવ્યા ત્યારે મને મારી અણઆવડત પર રડવું આવ્યું હતું કે જો મેં આ વિદ્યાની પ્રાપ્તિનો પુરુષાર્થ કર્યો હોત તો અત્યારે આ બુદ્ધુ દેખાવાનો સમય ન આવત.''

આ વિલક્ષણ ઘટના એ પુરવાર કરી જાય છે કે ભૌતિક વિશ્વમાં વિદ્યાનું કેવું મહત્ત્વ છે. પણ...સબૂર! ભૌતિક વિશ્વમાં વિદ્યાનું જેટલું મહત્ત્વ છે એનાથી અનેકગણું જબરજસ્ત મહત્ત્વ આધ્યાત્મિક વિશ્વમાં વિદ્યાનું છે. એથી 'જ્ઞાનસાર' ગ્રન્થસર્જક મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર ચૌદમા અષ્ટકમાં 'વિદ્યા' તત્ત્વની વિશિષ્ટ વાતો લઈને ઉપસ્થિત થાય છે. અલબત્ત, મૌલિક ફર્ક ભૌતિક વિદ્યામાં અને આ આધ્યાત્મિક વિદ્યામાં એ છે કે એક બાહ્ય ઐશ્વર્યનાં સાધનરૂપ છે જ્યારે બીજી અભ્યંતર ઐશ્વર્યનાં સાધનરૂપ છે. જ્ઞાનસારગ્રન્થકાર જે વિદ્યાતત્ત્વનું નિરૂપણ કરે છે તે માત્ર ને માત્ર આધ્યાત્મિક વિશ્વની વિદ્યાનું છે. કેમ કે ગ્રન્થકારને મન ફકત અભ્યંતર ઐશ્વર્યનું મૂલ્ય છે, બાહ્ય ઐશ્વર્ય એમને મન કોઈ વિસાતમાં નથી.

વિદ્યાષ્ટકના પ્રથમ શ્લોકમાં તેઓ આધ્યાત્મિક વિશ્વની એ વિદ્યાનાં અને તેની પ્રતિપક્ષી અવિદ્યાનાં લક્ષણ પ્રસ્તુત કરે છે કે ''અનિત્ય–અશુચિ અને પરકીય પુદ્ગલાદિ પદાર્થોમાં નિત્યતા–શુચિતા અને સ્વકીયતાની બુદ્ધિ ધરવી એ અવિદ્યા છે. જ્યારે સર્વત્ર તત્ત્વબુદ્ધિ ધરવી તે વિદ્યા છે.'' જરા વિશ્લેષણ કરીએ એમની આ ગહન પ્રસ્તુતિનું.

ચશ્મા જ્યારે લાલ યા પીળા રંગના લગાવાયા હોય ત્યારે વ્યક્તિને સામેના તમામ પદાર્થો લાલ યા પીળા રંગના જ દેખાય. ભલે ને એ સામેના પદાર્થોનું વાસ્તવિક રૂપ એવું જરાય ન હોય, તો ય ચશ્માનાં કારણે પરિસ્થિતિ આવી જ સર્જાય. બરાબર એ જ રીતે વ્યક્તિની વિચારદષ્ટિ પર જ્યારે અવિદ્યાના ચશ્મા

ચડેલા હોય ત્યારે એને પણ પદાર્થોનું દર્શન વાસ્તવિકતાથી સાવ વિપરીત થાય. જેમ કે (૧) ધન–સ્વજન વગેરે સર્વ પર પદાર્થોનો સંગમ અનિત્ય છે. ક્યારે એ વિનિષ્ટ થઇ જશે એની કોઇ સચોટ આગાહી થઇ શકતી નથી. આમ છતાં આપણે એને નિત્ય–કાયમી સમજીએ છીએ. એટલે જ જ્યારે એકાએક ક્રોડો રૂ. ગુમાવવાની ક્ષણો આવે કે જુવાનજોધ સ્વજનોનું મૃત્યુ આવે ત્યારે આપણે કારમો વલોપાત કરીએ છીએ. (૨) શરીર અશુચિ તત્ત્વોથી નિર્મિત થયું હોવાથી અશુચિમય છે. છતાં આપણે એમાં એવી શુચિતાની બુદ્ધિ ધરાવીએ છીએ કે એ જરા પણ મલિન–પ્રસ્વેદગ્રસ્ત થાય તો તુર્ત એની સ્વચ્છતાની મથામણ કરીએ છીએ અને એમાંથી જરાક રુધિર વહે તો ખૂબ ચિંતાગ્રસ્ત થઇ જઇએ છીએ. અલબત્ત, યોગ્ય કાળજી લેવી અલગ વાત છે અને આસક્તિભરી મથામણ અલગ વાત છે. આપણે બહુધા આસક્તિભરી મથામણમાં રાચીએ છીએ. (૩) શરીર–સ્વજન–સંપત્તિ આદિ આત્માથી ભિન્ન–પરભાવો છે. છતાં એની સાથે મારું શરીર–મારા સ્વજનો–મારી સંપત્તિ આ રીતનું મમત્વ આપણે બેહદ વિકસાવી દઇએ છીએ. આપણી વિચારદૃષ્ટિ પર ચડેલ અવિદ્યાના ચશ્મા આપણને આ અવાસ્તવિક દર્શન કરાવે છે.

શું કરી શકાય વાસ્તવિક દર્શન માટે? ઉત્તર એનો તે છે કે જેમ શ્વેત કાચના ચશ્મા લગાવવાથી પદાર્થો વાસ્તવિક વર્ણના દેખાય, તેમ વિદ્યાના ચશ્મા લગાવવાથી તે તે પદાર્થોનું વાસ્તવિક દર્શન થાય. સ્વયં ગ્રન્થકાર અષ્ટકના વિવિધ શ્લોકો દ્વારા તે તે પદાર્થોની અનિત્યતા–અશુચિતા અને પરકીયતાનાં દર્શન કરાવવારૂપે વિદ્યાના ચશ્માની વાસ્તવિક સામર્થ્યાનુભૂતિ કરાવે છે. આપણે એનું ક્રમશઃ આચમન કરીએ.

અષ્ટકના ત્રીજા શ્લોકમાં વિદ્યા દ્વારા થતું પદાર્થઅનિત્યતાનું દર્શન તેઓ આ રીતે રજૂ કરે છે કે :–

तरङ्गतरलां लक्ष्मी-मायुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनुध्याये-दभ्रवद् भङ्गुरं वपुः ।।

ગ્રન્થકાર કહે છે કે સંપત્તિ તરંગ જેવી તરલ–જલ્દી વિનષ્ટ થઇ જાય તેવી છે. સરોવર–નદી વગેરેનાં જલમાં એકાદ કાંકરી પડે અને તરત નાનકડું વર્તુળ

રચાય એને કહેવાય છે તરંગ. આ તરંગનું અસ્તિત્વ એકાદ ક્ષણ પૂરતું હોય છે. પછી એ વિખરાઇ જાય. લક્ષ્મી–સંપત્તિ પણ આ તરંગ જેવી ક્ષણસ્થાયી છે. ગઇ કાલના ક્રોડપતિને આજે રોડપતિ કે ગઇ કાલના ભવનવાસીને આજે વનવાસી થઇ જતાં નિહાળીએ ત્યારે આ નિર્દેશ એકદમ સાર્થક લાગે છે. હા, લક્ષ્મી પુણ્યને વરેલી હોવાથી વ્યક્તિના પુણ્યોદયના સમયમાં એ દીર્ઘ કાળ ટકી રહેતી પણ જોવા મળે. કિંતુ એનાથી એને નિત્ય હરગિજ ન માની શકાય. કાં તો પુણ્ય પરવારે ત્યારે યા તો જીવન પરવારે ત્યારે એ સંપત્તિનો સાથ–સંગાથ છૂટી જ જતો હોવાથી એ અનિત્ય છે.

આ શ્લોકમાં બીજો અનિત્ય – ક્ષણસ્થાયી ભાવ દર્શાવાયો છે આયુષ્ય. ગ્રન્થકાર કહે છે કે આયુ અને વાયુ બન્ને ચંચલ–અસ્થિર છે. વાયુ જેવું અસ્થિર આપણું આયુષ્ય ક્યારે સમાપ્ત થઇ જાય એનો અંદાજ પણ બાંધી ન શકાય. ઘણી વાર આપણી આસપાસમાં આપણે એવી ઘટનાઓ નિહાળીએ છીએ કે જેમાં નખમાં ય રોગ ન ધરાવનાર જુવાનજોધ વ્યક્તિ એકાએક ચક્કર ખાઇને કાયમ માટે ઢળી પડે. ત્યાં આયુષ્યની ક્ષણભંગુરતા તુર્ત નજરે તરી આવે. આપણે આ સંદર્ભમાં નિહાળીશું આ જ 'જ્ઞાનસાર' ગ્રન્થની ટીકામાં અન્યત્ર પંન્યાસ ગંભીરવિજયજીએ દર્શાવેલ એક શાસ્ત્રીય કથાનકઃ

મગધ દેશની સુવપ્રાનગરીના રાજા વજ્રજંઘ અને રાણી ધારિણીનો યુવાન પુત્ર સુભાનુ. યૌવન–ઐશ્વર્ય–રૂપસામ્રાજ્ઞી રાણીઓ વગેરે સર્વ ભૌતિક સુખો એની પાસે ઉપલબ્ધ હતા. એક વાર એ પરિવાર સાથે તૃતીય તીર્થંકર સંભવનાથ પ્રભુની ધર્મદેશનામાં ગયો. પ્રભુની વૈરાગ્યવર્ષિણી અમોઘ ધર્મદેશનાની એનાં અંતસ્તલમાં એવી પ્રબળ અસર ઝિલાઇ કે એને ત્યાં ને ત્યાં દીક્ષા સ્વીકારવાના અત્યંત તીવ્ર મનોરથો પ્રગટ્યા. એણે સમવસરણમાં જ રાણીઓની સંમતિ લઇ તત્કાલ સંયમપંથે ડગ ભરવા માંડ્યા. ભાવિના વિલક્ષણ ભેદ જાણનાર પ્રભુએ પણ એને તત્કાલ દીક્ષા માટે પ્રોત્સાહન આપ્યું અને વિધિપૂર્વક વ્રતોચ્ચારણ સાથે દીક્ષાપ્રદાન થયું.

પણ... આ શું? દીક્ષા થતાંની સાથે જ સુભાનુમુનિનું આયુષ્ય તત્ક્ષણ પૂર્ણ થયું અને એ કાલધર્મ (દેહાંત) પામ્યા. એના માતા–પિતાને આ સમાચાર

મળતાં એ દોડી આવ્યા અને કરુણ કલ્પાંત કરવા લાગ્યા. અનિત્યતામાં નિત્યતાની અવિદ્યાના અંજામરૂપે એ તીવ્ર શોક–સંતાપ સર્જાયો હતો. એવામાં એક તેજસ્વી દેવ પ્રગટ થયો. એણે રાજા–રાણીને કહ્યું : ‘‘હું જ તમારો ગત જન્મનો પુત્ર સુભાનુ છું. ક્ષણવારના સંયમધર્મના પ્રભાવે હું દેવલોકમાં ઉત્પન્ન થયો છું. જો તમને પુત્રનું શરીર ઈષ્ટ છે તો તે તમારી સમક્ષ મોજૂદ છે અને એનો આત્મા ઈષ્ટ છે તો હું તમારી સમક્ષ છું. હવે શોક શેનો?’’ માતા–પિતાએ વલોપાતભર્યો ઉત્તર આપ્યોઃ ‘‘આ નિષ્પ્રાણ દેહ પર અમને પુત્રત્વનો પ્રેમ પ્રગટતો નથી.’’ દેવે સરસ રજૂઆત કરી : ‘‘તમારો પ્રેમહેતુ જ અજ્ઞાનમૂલક છે. કેમ કે પુત્રત્વ અનિત્ય પર્યાય છે ઈત્યાદિ.’’ આખર માતા–પિતા પ્રતિબુદ્ધ થઈ શોકમુક્ત બન્યા.

પૂર્વોક્ત શ્લોકમાં ત્રીજા અનિત્ય ભાવરૂપે દર્શાવાયું છે શરીર. ગ્રન્થકાર કહે છે કે આકાશમાં ઘટાટોપ જામેલ વાદળાં જેમ ક્ષણવારમાં વિખરાઈ જાય–નષ્ટ થઈ જાય તેમ બલવાન યુવાન શરીર પણ ક્ષણવારમાં સાવ નષ્ટ થઈ જાય. સુભાનુકુમારનાં ઉદાહરણમાં આપણને એ સ્પષ્ટ પ્રતીત થાય છે. આ ઉપરાંત Paralysis-Brain hemmorhage જેવા રોગોનાં આક્રમણમાં શરીર ક્ષણવારમાં મૃતક જેવું નિષ્ક્રિય–શૂન્ય થઈ જાય છે તે પણ એની ક્ષણભંગુરતાનું જ દ્યોતક છે. તત્ત્વબુદ્ધિ–વિદ્યા એ છે કે શરીર–સંપત્તિ વગેરે અનિત્ય ભાવોમાં અનિત્યતાની દૃષ્ટિ કેળવવી. જેથી એના સંયોગમાં આસક્તિ ન જામે અને વિયોગમાં આર્તધ્યાન–શોક ન જામે. એ જ રીતે આત્મા વગેરે પદાર્થોમાં નિત્યત્વની દૃષ્ટિ કેળવવી. જેથી આત્મકલ્યાણનું લક્ષ્ય મુખ્ય બને...

હવે વિચારીએ અશુચિતા. ગ્રન્થકાર કહે છે કે શરીર એવું વિલક્ષણ છે કે શુચિ–સ્વચ્છ પદાર્થોને ય અશુચિ બનાવી દે. જે ઈસ્ત્રીટાઈટ વસ્ત્રો કબાટમાં વીશ દિવસ સુધી સ્વચ્છ રહેતા હોય એ જ વસ્ત્રો શરીરના સંપર્કમાં રહ્યા પછી વીશ કલાક પણ સ્વચ્છ રહી શકતા નથી. જે Perfume bottle માં સુગંધીદાર રહે એ જ Perfume શરીરના સંપર્ક પછી પ્રસ્વેદમાં પલટાઈ જતા જરા ય વાર લાગતી નથી. આ શરીરને સતત સ્નાન–Powder-Lipstick વગેરેથી

સજાવવું એ એક પ્રકારની મૂઢતા જ છે. પુનઃ સ્પષ્ટતા કે જરૂરી સ્વચ્છતા અલગ વાત છે અને આસક્તિભરી સજાવટની ધૂન અલગ વાત છે. ગ્રન્થકાર કહે છે કે આ રીતે સાચી શુચિતા પ્રાપ્ત થતી નથી. સાચી શુચિતા માટે આત્માને નિર્મલ-શુચિ બનાવવાનું લક્ષ્ય કેળવવું જોઈએ એમ તત્ત્વબુદ્ધિ-વિદ્યા સમજાવે છે. એનો મસ્ત ઉપાય કલ્પનાશીલ શબ્દોમાં પ્રસ્તુત કરતાં જ્ઞાનસારગ્રન્થકાર પાંચમો શ્લોક આ ફરમાવે છે કેઃ-

यः स्नात्वा समताकुण्डे, हित्वा कश्मलजं मलम् ।
पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ।।

શ્લોક કહે છે કે જો શ્રેષ્ઠ શુચિતા-પવિત્રતા પ્રાપ્ત કરવી છે તો સમતાના કુંડમાં સ્નાન કરો, Swimming bath માં નહિ. એ સ્નાન દ્વારા પાપકર્મજન્ય આત્મમાલિન્ય ઘસી ઘસીને દૂર કરો અને અંતરાત્મદશા કેળવતા જશો તો પછી પુનઃ કર્મમાલિન્ય જામી નહિ શકે. આ જ રીત છે સાચી શુચિતાની-પવિત્રતાની પ્રાપ્તિની. આ જ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે એમના 'અધ્યાત્મસાર' ગ્રન્થમાં સમતાકુંડમાં સ્નાન કરવાના ત્રણ મજેદાર લાભો દર્શાવ્યા છે કે એનાથી (૧) વાસનાનાં-વિકારોનાં વિષ દૂર થાય (૨) ક્રોધના-આવેશના તાપ દૂર થાય અને (૩) ઉદ્ધતાઈના મલ દૂર થાય. સાચી શુચિતા-પવિત્રતા પ્રાપ્ત કરાવતું સમતાસ્નાન કેવું અદ્ભુત લાભદાયી છે તે આ નિર્દેશથી પણ સમજાય છે...

ત્રીજી અને અંતિમ વિચારણા અવિદ્યાસંબંધી એ છે કે તે પરાયા પદાર્થોને પોતીકા માને છે. એ હદે વ્યક્તિ સ્વજન-સંપત્તિ આદિને પોતીકા માને છે કે એના વિના ન એને ચેન મળે છે કે ન એને પોતાનું અસ્તિત્વ સંભવિત લાગે છે. અવિદ્યાનાં કારણે સર્જાતી આ અનાત્મીય પદાર્થોમાં આત્મીય બુદ્ધિ આખર સાધક માટે બંધનરૂપ બની એને દુર્ગતિ તરફ ઘસડી જાય. ગ્રન્થકાર આ સંદર્ભમાં છટ્ઠા શ્લોકમાં સરસ કલ્પના આ કરે છે કેઃ-

आत्मबोधो नवः पाशो, देहगेहधनादिषु ।
यः क्षिप्तोऽप्यात्मना तेषु, स्वस्य बन्धाय जायते ।।

ભાવાર્થ કે આપણે જ્યારે રસ્સી વગેરે બંધન (ગાળિયો) કૂતરા વગેરે તરફ ફેંકીએ ત્યારે એ પશુ વગેરે બંધાય અને રસ્સી ફેંકનાર આપણે મુક્ત રહીએ. પણ પરપદાર્થોમાં આત્મીયતાની બુદ્ધિરૂપ આ બંધન એવું વિલક્ષણ છે કે એમાં બંધન ફેંકનાર ખુદ બંધાઈ જાય છે. આસક્તિઆદિજન્ય કર્મોથી બંધાઇને આપણે દુર્ગતિના મહેમાન બની જઈએ. માટે તત્ત્વબુદ્ધિરૂપ વિદ્યા કહે છે કે પરપદાર્થોમાં કદી આત્મીયતાની બુદ્ધિ ન રાખો.

છેલ્લે એક વાત : सा विद्या या विमुक्तये **આ પ્રસિદ્ધ સૂત્ર એ જ સમજાવે છે કે જે આસક્તિ આદિનાં બંધનથી મુક્ત કરે એ જ સાચી વિદ્યા છે ...** ◆◆◆

## ૧૬

# હંસનો વિવેક ક્ષીર અને નીરનું વિભાગીકરણ કરે ... મુનિહંસનો વિવેક આત્મા અને દેહનું વિભાગીકરણ કરે ...

દરેક બાબતને માત્ર તર્કના ત્રાજવે તોલવાનું વલણ ધરાવતો એક નાસ્તિકતાવાદી યુવાન કોઈ સંત પાસે પહોંચી ગયો. એણે વાતવાતમાં સંતને ઘમંડી સૂરે કહ્યું : ‘‘આત્મા જેવી કપોલકલ્પિત વાત કરવાનું બંધ કરો. એના પર જ તમે લોકો સ્વર્ગ–નર્ક–મોક્ષ જેવા હવાઈ મહેલ બાંધો છો. જો આત્મા હોય તો મને એ આંખ સામે– પ્રત્યક્ષ બતાવો. તો જ હું એને માનું. કારણ કે હું તર્કપ્રધાન વ્યક્તિ છું. શ્રદ્ધા સાથે મને કોઈ લેવા–દેવા નથી.’’

સંત શ્રદ્ધાપ્રધાન હોવા છતાં તર્કમાં ય પૂરા માહેર હતા. એમણે લાંબી દલીલો કર્યા વિના વાતવાતમાં યુવાન પર સીસમના દંડનો જોરદાર પ્રહાર કર્યો. પ્રહાર એવો સખત હતો કે યુવાન ક્ષણભર બેવડ વળી ગયો અને એનાં મુખમાંથી ચીસ નીકળી ગઈ. સંત તરફ ગુસ્સાભરી નજરે જોતા એણે કહ્યુંઃ ‘‘આ

તે કેવી રમત કરો છો તમે? મને એવો જોરદાર માર લાગ્યો છે કે એ સહન ન થાય. સંત થઈને તમે આવી મસ્તી કરો છો?''

મંદ મંદ સ્મિત કરતા સંતે ઉત્તર આપ્યો :''ભાઈ ! હું નથી માનતો કે તને માર લાગ્યો છે અને એ માર સહન નથી થતો. ક્યાં છે માર? તારી પાસે માર હોય તો મને એ આંખ સામે–પ્રત્યક્ષ બતાવ. તો જ હું માર છે એમ માનું.'' યુવાન ચિલ્લાયોઃ ''અરે! કેવી બેવકૂફીભરી વાત કરો છો તમે? માર કાંઈ રમકડાની જેમ હાથમાં પકડીને બતાવી ન શકાય. એ તો અનુભૂતિની બાબત છે.'' સંતે તુર્ત યુવાનના શબ્દો પર જ તર્કનું શરસંધાન કર્યું : ''બસ, આ મારની જેમ આત્મા પણ હાથમાં પકડીને બતાવી ન શકાય. એ માત્ર અનુભૂતિનો વિષય છે. મૃતદેહમાં સુખ–દુઃખ વગેરે કોઈ અનુભૂતિ નથી. કેમ કે એમાં આત્મા નથી. જ્યારે જીવંત દેહમાં સુખ–દુઃખાદિ અનુભૂતિ છે. કેમ કે એમાં આત્મા છે. આ સ્પષ્ટપણે અનુભવાતી બાબત એ પુરવાર કરે છે કે આત્મા નામનું તત્ત્વ છે જ.'' યુવાન ચૂપ થઈ ગયો આ જડબેસલાખ તર્કથી...

આત્મતત્ત્વને સ્વીકારનાર પ્રબુદ્ધજનો બહુ તર્કબદ્ધ રીતે આ પ્રસ્તુતિ કરે છે કે :–

યः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।
संसर्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ।।

ભાવાર્થ કે જે મન–વચન–કાયાના યોગો દ્વારા કર્મોનું ઉપાર્જન કરે છે, કર્મોના ફલરૂપ સુખ–દુઃખનું સંવેદન–અનુભૂતિ કરે છે, કર્મપરવશ સંસારભ્રમણ કરે છે અને તેવી યોગ્યતા વિકસે તો સુખ–દુઃખ–સંસાર વગેરેનો ક્ષય કરી નિર્વાણપદ–મોક્ષ પામી શકે તે છે આત્મા. આ સિવાય આત્માનું અન્ય કોઈ લક્ષણ નથી. નિહાળી શકાય છે કે આ કડીબદ્ધ પ્રસ્તુતિમાં સંતના પેલા પ્રત્યુત્તરમાંનો તર્ક પણ સમાવેશ પામી જાય છે.

પણ... સબૂર! આત્માના અસ્તિત્વનો સ્વીકાર ભલે મહત્ત્વની બાબત હોય. પરંતુ એનાથી ય અધિક મહત્ત્વની બાબત છે દેહ અને આત્માના ભેદજ્ઞાનનો ઊઘાડ થવો. વર્તમાનમાં આપણે કે આપણા જેવા તમામ સંસારવર્તી જીવો જે અવસ્થામાં છે તે અવસ્થામાં દેહ અને આત્માનું સંમિશ્રણ

છે, કર્મ અને આત્માનું સંમિશ્રણ છે. પરસ્પરમાં એકમેકની હદે સંમિશ્રિત થઇ ગયેલ એ તત્ત્વોમાં, સમજણથી લઇને આચરણનાં સ્તરે ભેદજ્ઞાન પ્રગટાવવા માટે જોઇએ વિવેક. એથી 'જ્ઞાનસાર'ગ્રન્થસર્જક મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર પંદરમા અષ્ટકમાં વિવેકનું ખૂબ માર્મિક નિરૂપણ કરે છે. શબ્દશાસ્ત્ર મુજબ 'વિવેક'નો અર્થ છે વિભાગીકરણ. સારા–નરસાનો ભેદ કરવો એ જેમ વિવેક છે તેમ તે તે તત્ત્વોનો યથાર્થ ભેદ કરવો એ પણ વિવેક છે.

યાદ રહે કે દૂધનો ઘડો અને જલનો ઘડો અલગ હોય ત્યારે દૂધ અને જલનો ભેદ કરવો સરલ છે. પરંતુ એક જ ઘડામાં દૂધ અને જલ બન્ને પરસ્પર મિશ્રિત કરી દેવાયા હોય ત્યારે એ બેનો ભેદ કરવો ખરેખર દુઃશક્ય બની જાય. આપણા જેવા તો એ કરી જ ન શકે. હા, હંસને એ વિરલ વિશેષતા વરી હોય છે કે એની સમક્ષ જલમિશ્રિત દૂધ ધરાય તો એ એમાંથી માત્ર દૂધ ગ્રહણ કરી જલને જુદું તારવી દે. હંસનો આવો વિવેક–આવું વિભાગીકરણ વર્યું હોવાથી એને વિવેકનું શિરમોર પ્રતીક ગણવામાં આવે છે.

સાધનાજગતમાં સતત પ્રગતિ કરી રહેલ સાધક મુનિ પણ આ હંસની જેમ વિરલ વિવેક ધરાવે. હંસ જો પરસ્પર મિશ્રિત દૂધ–જલનું વિભાગીકરણ કરતો વિવેક ધરાવે છે, તો મુનિરૂપી હંસ પરસ્પર મિશ્રિત કર્મ અને આત્માનું વિભાગીકરણ કરવારૂપ લોકોત્તર શ્રેષ્ઠ વિવેક ધરાવે. એથી જ્ઞાનસારગ્રન્થકાર મુનિને હંસની ઉપમા આપીને પ્રથમ શ્લોકમાં ઉપરોક્ત ભાવને પ્રસ્તુત કરે છે કે :–

**कर्म जीवं च संश्लिष्टं, सर्वदा क्षीरनीरवत् ।**
**विभिन्नीकुरुते योऽसौ, मुनिहंसो विवेकवान् ।।**

કર્મ અને આત્માનું વિભાગીકરણ કરી આત્માને સર્વથા કર્મમુક્ત કરવો એ લક્ષ્ય છે, તો એ લક્ષ્ય સુધી પહોંચવાનો એક રાજમાર્ગ દેહ અને આત્માનું ભેદજ્ઞાન કરાવતો વિવેક છે. સામાન્યપણે દરેક વ્યક્તિ 'દેહ અને આત્મા અલગ છે' આવો વિવેક ધરાવતી નથી હોતી. ભૂતકાલના અગણિત જન્મો એવા વ્યતીત થયા છે કે જેમાં 'દેહ અને આત્મા એક જ છે' એવી ગલત સમજ એકદમ દઢ હોય. અરે ! આ જન્મમાં સદ્ગુરુના સંસર્ગથી સમજણરૂપે દેહ અને આત્મા

અલગ હોવાનું સ્વીકારાયા બાદ પણ આપણો વ્યવહાર કેટલી ય વાર દેહ અને આત્મા એક હોવા જેવો રહે છે. એક સરલ ઉદાહરણ આ અંગે વિચારીએઃ 'મારી દુકાન–મારું ઘર' આવા વાક્યપ્રયોગોમાં દુકાન–ઘર આદિ પદાર્થ અલગ અને એનો માલિક અલગ હોવાનું પ્રતીત થાય છે. ત્યાં ક્યારે ય આપણે 'હું દુકાન – હું ઘર' આવો અભેદદર્શક વાક્યપ્રયોગ કરતા નથી. જ્યારે દેહ અંગે આપણે ભેદદર્શક અને અભેદદર્શક બન્ને જાતના વાક્યપ્રયોગ કરીએ છીએ. જેમ કે 'મારું શરીર હવે કામ કરતું નથી' આ વાક્યમાં શરીર અલગ અને એનો માલિક આત્મા અલગ પ્રતીત થાય છે, તો 'મને હવે સારું નથી' આ વાક્યમાં શરીર અને આત્માનો અભેદ પ્રતીત થાય છે.

આ રીતે, સમજણનાં સ્તરે દેહ અને આત્મા અલગ હોવાનું સમજાયા બાદ પણ વ્યવહારનાં સ્તરે આપણે કેટલીક વાર બન્નેને એક ગણી લઈએ છીએ. કિંતુ ખરી કરુણતા એ છે કે આસક્તિનાં સ્તરે તો આપણે દેહ અને આત્મા અલગ છે એવો વિવેક લગભગ કરી શકતા નથી. આસક્તિ આપણી એવી જામ હોય છે કે દેહને Cancer થાય – Paralysis થાય ત્યારે આપણે, આપણું બધું જ હણાઈ ગયું હોય – હરાઈ ગયું હોય એવી દીનતા–લાચારી અનુભવીએ છીએ. ત્યારે એવો વિવેક પ્રગટવો અતિ મુશ્કેલ બની રહે છે કે 'શરીર અને આત્મા અલગ છે. શરીરને રોગ થાય એમાં મારું અર્થાત્ આત્માનું કાંઈ લુંટાઈ જતું નથી.' જ્ઞાનસારગ્રન્થકાર આવા જ સંદર્ભમાં દ્વિતીય શ્લોકમાં લખે છે કે :–

देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।
भवकोट्यापि तद्भेद-विवेकस्त्वति दुर्लभः ।।

ભાવાર્થ કે 'દેહ એ જ આત્મા' આવો અવિવેક તો અનંત ભવપરંપરામાં સદાય સુલભ રહ્યો છે. મહત્ત્વની વાત એ છે કે દેહ અને આત્મા વચ્ચેના ભેદનો વિવેક ક્રોડો ભવો પછી પણ પ્રાપ્ત થવો દુર્લભ–અતિ દુર્લભ છે. જેઓએ આવો વિવેક આત્મસાત્ કર્યો હોય એ દેહની આસક્તિથી કેવા ઊપર ઊઠે એ જાણવું છે ? તો વાંચો આ જૈન પરંપરાની અદ્ભુત ઘટનાઃ

પરમાત્મા મહાવીરદેવની ધર્મદેશના સાંભળીને સમ્રાટ શ્રેણિકના પુત્ર મેઘકુમારને સંયમ સ્વીકારવાના મનોરથો પ્રગટ્યા. રાજવી ઐશ્વર્ય અને અનેક

રૂપરમણી રાણીઓનો સંસર્ગ સ્વેચ્છાએ ત્યજીને એણે ઉલ્લસિતભાવે સંયમ સ્વીકાર્યો. પરંતુ પ્રથમ જ રાત્રિએ દેહની સુખશીલતામાં અવરોધક બને તેવી કસોટી સમી ઘટનાથી એ વિચલિત થઇ ગયા. રાજવી જીવનશૈલીમાં જે સુખસાહ્યબી સાંપડી હતી એનું સ્મરણ થઇ આવ્યું અને 'આવું કષ્ટ જીવનભર શી રીતે સહન થશે' એ વિચારે પારોઠનું પગલું ભરવા તૈયાર થઇ ગયા. જાણે કે 'દેહ અને આત્મા જુદા છે' આ તથ્ય સમજણનાં સ્તરથી આચરણનાં સ્તર પર સ્થિર રહી ન શક્યું. દેહની આસક્તિએ એમાં અવરોધ સર્જ્યો.

પરંતુ પ્રભાતે પ્રભુમહાવીરદેવે હૃદયવેધી બોધ આપતાં એમની તમામ સુખશીલતા–શિથિલતા દૂર થઇ ગઇ અને સત્ત્વ પરાકાષ્ઠાએ પ્રદીપ્ત થયું. દેહ અને આત્માના ભેદનો વિવેક આચરણના સ્તરે એ હદે પ્રસર્યો કે એમાં દેહની આસક્તિ ધરમૂળથી ખતમ થઇ ગઇ. એમણે પ્રભુનાં શ્રીમુખે સાધનાને ધારદાર બનાવતો નિયમ સ્વીકાર્યો કે ''શરીરનાં કોઇ પણ અંગમાં પીડા–રોગ થાય ત્યારે હું એની સારવાર નહિ કરાવું, બલ્કે એને સમતાથી–આત્મમસ્તીથી સહન કરીશ. માત્ર જીવદયા–યતનામાં સહાયક થતી આંખમાં કોઇ તકલીફ થાય તો આંખના ઉપચારની છૂટ.'' આ પ્રતિજ્ઞા આજીવન અણિશુદ્ધ પાળીને તેઓ સદ્‌ગતિ પામી સિદ્ધગતિ તરફ આગળ વધ્યા. ક્યાં રાજકુમારનું વૈભવી જીવન અને ક્યાં રોગની સારવાર પણ ન કરાવવાનું વૈરાગી જીવન!! દેહાત્મભેદના દુર્લભ વિવેકનું આ વંદનીય પરિણામ હતું.

ના, આવી ઘટનાઓ માત્ર ભૂતકાલીન અને ધર્મગ્રન્થોના પેજમાં સચવાયેલી જ ન માનશો. આજે પણ કેટલા ય જૈન શ્રમણ–શ્રમણી ભગવંતો એવા છે કે જે દેહાત્મભેદનો વિવેક વિસ્મયજનક હદે આત્મસાત્ કરી ચૂક્યા હોય છે. Cancer વગેરે જીવલેણ રોગોને એ પૂર્ણ પ્રસન્નતાથી એવા સહન કરે કે જાણે એમને અને દેહને કાંઇ લાગતું–વળગતું જ ન હોય. 'જે દેહ છે તે હું નથી અને હું છું તે દેહ નથી' આ એમને વરેલી ઉત્તમ અવસ્થા છે...

હવે વિચારીએ એક મજેદાર વાત અંતિમ આઠમા શ્લોક સાથે સંલગ્ન થાય તેવી. આ સૃષ્ટિમાં પરિવર્તનના ત્રણ પ્રકારો કલ્પી શકાયઃ કાળકૃત પરિવર્તન, કર્મકૃત પરિવર્તન અને કૌવતકૃત પરિવર્તન. થોડું વિશ્લેષણ કરીએ આ ત્રણે ય પરિવર્તન ઉપર.

**(૧) કાળકૃત પરિવર્તન :-** જે પરિવર્તનમાં કાળનો પ્રભાવ પ્રબળ પ્રતીત થાય તેને કહેવાય કાળકૃત પરિવર્તન. સંપૂર્ણપણે માતાને પરવશ નાનકડું શિશુ માતા–પિતાદિને સર્વ સુરક્ષા–સુવિધા આપી શકે તેવો સક્ષમ યુવાન બની જાય એ કાળકૃત પરિવર્તન છે, તો સક્ષમ યુવાન પોતે સ્વયં વસ્ત્રપરિધાન–ભોજનાદિ આવશ્યક પ્રવૃત્તિઓ ય ન કરી શકે એ હદની પરવશતા લાવી દેતી વૃદ્ધાવસ્થા ય કાળકૃત પરિવર્તન છે. સાવ ખાટી લીલી લીલી નાનકડી કેરી (મરવા) પીળી પીળી બની ખટમધુર રસથી છલકાઇ જાય એ કાળકૃત પરિવર્તન છે, તો પાકી ગયેલ એ કેરી ઉપયોગમાં આવ્યા વિના પડી પડી સડી જાય એ પણ કાળકૃત પરિવર્તન છે. શીતઋતુમાં ઠંડી અને ગ્રીષ્મઋતુમાં ગરમી કાળકૃત પરિવર્તન છે, તો વર્ષાઋતુમાં વર્ષા પણ કાળકૃત પરિવર્તન છે. આ પરિવર્તનમાં આપણો કોઇ હિસ્સો ખાસ નથી હોતો. કાળની જ કરામત હોય છે.

**(૨) કર્મકૃત પરિવર્તન :-** આ જન્મનો ચક્રવર્તી નરકેસરી આગામી જન્મમાં નરકેશ્વરી બની નર્કની દારુણ દુર્ગતિમાં ધકેલાઇ જાય એ કર્મકૃત પરિવર્તન છે, તો ગત જન્મમાં હજારોનાં નયનોમાં છવાઇ જાય એવું સૌંદર્ય ધરાવતી વ્યક્તિ આ જન્મમાં નજર કરવી ય ન ગમે તેવો કુરૂપતાનો ભંડાર બની જાય એ ય કર્મકૃત પરિવર્તન છે. ગઇ કાલે જેને કોઇ પિછાણતું ન હતું એનાં નામના આજે ચોતરફ સિક્કા પડે એ કર્મકૃત પરિવર્તન છે, તો ગઇ કાલે જે બુદ્ધિનો બારદાન જણાતો હતો એ આજે બુદ્ધિનો બાદશાહ જણાવા માંડે એ ય કર્મકૃત પરિવર્તન છે. આ પરિવર્તનમાં કર્મ મુખ્ય ભૂમિકા ભજવે છે. અલબત્ત, એ કર્મ પણ જીવનની શુભાશુભ પ્રવૃત્તિનું પરિણામ હોવાથી એટલે અંશે એની ભૂમિકા ગણાય ખરી.

**(૩) કૌવતકૃત પરિવર્તન :-** કૌવત એટલે પોતાની તાકાત–પુરુષાર્થ. ગહન તત્ત્વજ્ઞાન વગેરેમાં કશી જ સમજ ન પડતી હોય એવી વ્યક્તિ સતત દિન–રાતની જહેમતથી એ વિષયમાં નિષ્ણાત બની જાય એ કૌવતકૃત પરિવર્તન છે, તો અઢળક બદીઓ–વ્યસનોની શિકાર બનેલ વ્યક્તિ સખત પુરુષાર્થ દ્વારા તમામ બદીઓથી મુક્ત થઇ જાય એ કૌવતકૃત પરિવર્તન છે. આ પરિવર્તનમાં વ્યક્તિનો પુરુષાર્થ–જહેમત મુખ્ય ભાગ ભજવે છે.

જ્ઞાનસાર ગ્રન્થકાર જાણે કે આ કૌવતકૃત પરિવર્તન દ્વારા સાધકને કર્મોરૂપી શત્રુનો ઉચ્છેદ કરવાનું આહ્વાન કરતા હોય અને એમાં વિવેકની મહત્તા પ્રતિષ્ઠિત કરતા હોય એમ આઠમો શ્લોક આ જણાવે છે કેઃ–

संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।
धृतिधारोल्बणं कर्म-शत्रूच्छेदक्षमं भवेत् ।।

મતલબ કે સંયમ શસ્ત્ર છે તો વિવેક એ શસ્ત્રની ધાર ઉત્તેજિત કરનાર સરાણ છે. વિવેકસરાણ વડે, ઉપસર્ગો સામે ટકી રહેવારૂપ સ્થિરતાની ધાર તીક્ષ્ણ બનાવનાર મુનિ–સાધક સંયમશસ્ત્ર દ્વારા કર્મરૂપ શત્રુને મૂલથી ખતમ કરી શકે છે.

આવો, જ્ઞાનસાર ગ્રન્થકારની આ વિવેકવાણીને આપણે કૌવતનાં સ્તરે લઇ જઇ શ્રેષ્ઠ કૌવતકૃત પરિવર્તન આત્મસાત્ કરીએ... ◆◆◆

# ૧૭

# કદાગ્રહી વ્યક્તિ
# સાચો ધર્મ પામી ન શકે ...
# મધ્યસ્થ વ્યક્તિ
# સાચો ધર્મ પામ્યા વિના ન રહે ...

'જ્ઞાનસાર' ગ્રન્થસર્જક મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર ગ્રન્થના સોળમા અષ્ટક રૂપે એક એવો અદ્‌ભુત વિષય આપણને ભેટ ધરી રહ્યા છે કે જેને યથાર્થ આત્મસાત્ કરવાથી સાધકની સાધના શિખરગામી બને. વિષય છે **મધ્યસ્થતા.** ભલે ને સાધક આચારસંપન્ન હોય અને જ્ઞાનસંપન્ન પણ હોય. કિંતુ જો એ મધ્યસ્થભાવમાં રમી ન શકતો હોય તો એની સાધના ઉચ્ચ લક્ષ્યો સર ન કરી શકે.

શી છે આ અધ્યાત્મજગતની મધ્યસ્થતા? એ 'જ્ઞાનસાર' ગ્રન્થની જ્ઞાનવાણીમાં નિહાળતા પૂર્વે, તેની ભૂમિકારૂપે વ્યાવહારિક ઉદાહરણ વિચારીએ: ધારો કે એક વિવાદમાં બે પક્ષ પડી ગયા હોય, બન્ને પક્ષના ઠેકેદારો પોતપોતાના પક્ષનાં સમર્થનમાં ધારદાર દલીલો કરતા હોય અને યેન કેન પ્રકારેણ પોતાની વાત સાચી ઠેરવી અન્યોને નિરુત્તર કરતા હોય. આ

પરિસ્થિતિમાં કોઇ બુદ્ધિશાળી મધ્યસ્થ વ્યક્તિને એ વિવાદનું નિરાકરણ શોધવાનું અપાયું હોય અને એ મધ્યસ્થભાવે તેની રજૂઆત કરે. તો આપણે કઇ વાતને વજૂદ આપીશું? ઝનૂની ઠેકેદારોની કદાગ્રહી દલીલોને? કે મધ્યસ્થ વ્યક્તિની રજૂઆતને? ઉત્તર સ્પષ્ટ છે કે આપણે તટસ્થ વ્યક્તિની વાતને જ વજૂદ આપીશું. કારણ કે એ વ્યક્તિમાં મધ્યસ્થતા છે. એમ સામાન્યપણે કહી શકાય કે જે મધ્યસ્થ છે એ સાર ગ્રહણ કરી શકે છે અને એની જ વાત વિશ્વસનીય બની શકે છે.

પણ...સબૂર! આ વ્યાવહારિક મધ્યસ્થતા કરતા ય અધ્યાત્મજગતની મધ્યસ્થતા મહાન છે–મૂઠી ઊંચેરી છે. બની શકે કે વ્યાવહારિક જગતની મધ્યસ્થ વ્યક્તિ પોતે કોઇ પક્ષ તરફ ઢળેલ નથી એવી Image જાળવવા સચ્ચાઇના બદલે ક્યારેક બાંધછોડને થોડી અગ્રતા આપી સર્વમાન્ય વિકલ્પ શોધે. જ્યારે અધ્યાત્મ જગતની મધ્યસ્થતા આવાં વલણમાં અટવાતી નથી. એ મધ્યસ્થતાનું મસ્ત નિરૂપણ કરતાં 'માધ્યસ્થ્યાષ્ટક'ના પ્રથમ શ્લોકમાં ગ્રન્થકાર ફરમાવે છે કે :–

स्थीयतामनुपालम्भं, मध्यस्थेनान्तरात्मना।
कुतर्ककर्करक्षेपै-स्त्यज्यतां बालचापलम्।।

તેઓ કહે છે કે ન રાગ રાખીને કોઇ મત–પંથની તરફેણ કરો, ન દ્વેષ રાખી એનો વિરોધ કરો. બલ્કે રાગ–દ્વેષ ત્યજી અંતઃકરણપૂર્વક મધ્યસ્થતા રાખી આત્મકલ્યાણકારી ધર્મમાં સ્થિર થાઓ. કઇ હદની મધ્યસ્થતા? તો લખ્યું ક્યાં ય ઉપાલંભ–ઠપકો–આંગળીચીંધણું ય ન થઇ શકે એવી હદની મધ્યસ્થતા ધરીને સ્થિર થાઓ. આનાથી એ સ્પષ્ટ થયું કે સૌને ખુશ રાખવા તત્ત્વની બાબતોમાં બાંધછોડ કરતી મધ્યસ્થતા અધ્યાત્મવિશ્વમાં ઇષ્ટ નથી, બલ્કે વિશુદ્ધ આશયથી તત્ત્વનિર્ણય કર્યા બાદ એમાં નિષ્ઠાપૂર્વકની સ્થિરતા–દઢતા રાખતી મધ્યસ્થતા ઇષ્ટ છે.

આવા મધ્યસ્થ મહાનુભાવની મજાની વિશેષતા શ્લોકના ઉત્તરાર્ધમાં રજૂ થઇ છે. બાળકની એક ચંચલ આદત હોય છે કે સામે સરોવર હોય અને બાજુમાં કાંકરા હોય તો એ વિના કારણે કાંકરો ફેંકતો રહીને સરોવરમાં વિક્ષેપ–ડહોળાણ

કર્યા કરે. એમાં એને મજા આવે. કેટલાક તથાકથિત તત્ત્વજ્ઞાનીઓ આવા હોય. પોતાનાથી વિપરીત માન્યતાના પક્ષોને પછડાટ આપવા એ કુતર્કોના, બુદ્ધિના વ્યભિચાર જેવી દલીલોના કાંકરા ફેંકી ફેંકીને પોતાની મહત્તા પુરવાર કરવા મથે. મધ્યસ્થ મહાનુભાવને આવી બાલિશતા ન શોભે. એથી ગ્રન્થકાર કહે છે કે આવી બાલસહજ ચંચલતા ત્યજી દો. ટીકાકાર પં. ગંભીરવિજયજી ગણિવરે ચંચલત્વ માટે લખ્યું છે કે ''स्वयशोजयलाभाय समातुरत्वम् ।'' મતલબ કે પોતાના યશ–વિજયની તડપન આ ચપલતાનો ઉદ્ભવ કરે છે. મધ્યસ્થ જ્ઞાની જિજ્ઞાસુને સાચો તત્ત્વબોધ આપે ખરા. પરંતુ ઉપરોકત તડપનથી જ્યાં–ત્યાં વિવાદો ઊભા કરવાની બાલિશતા ન કરે.

મધ્યસ્થ વ્યક્તિનાં અને કદાગ્રહી વ્યક્તિનાં વલણમાં કેવું આસમાન–જમીનનું અંતર હોય તે આ અષ્ટકના બીજા શ્લોકમાં સરસ પ્રતિબિંબિત થાય છે કે :–

मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ।।

ગ્રન્થકાર કહે છે કે યથાર્થ તત્ત્વગ્રાહિણી યુક્તિ ગાય છે, મધ્યસ્થ વ્યક્તિનું મન વાછરડું છે; તો કદાગ્રહી વ્યક્તિનું મન બંદર (વાંદરુ) છે. વાછરડું ગાયની પાછળ પાછળ જાય, જ્યારે બંદર ગાયનું પૂછડું જોરથી પકડી એને પરાણે પોતાના તરફ ખેંચવાની કોશિશ કરે. બરાબર આ જ રીતે મધ્યસ્થ વ્યક્તિ યુક્તિસંગત વાતને અનુસરેઃ પછી ભલે એ વાત સ્વમતની હોય કે અન્ય મતની હોય. જ્યારે કદાગ્રહી વ્યક્તિ પોતાના મતને સાચો પુરવાર કરવા મારી–મચડીને પણ યુક્તિને પોતાના તરફ ખેંચવાની કોશિશ કરે. કેવો પ્રભુત્વભર્યો અને પ્રતીતિભર્યો ફર્ક દર્શાવ્યો છે ગ્રન્થકારે મધ્યસ્થ વ્યક્તિનાં અને કદાગ્રહી વ્યક્તિનાં વલણ અંગે.

માત્ર વલણમાં જ નહિ, વર્તનમાં પણ પાયાનો ફર્ક હોય છે આ બે વ્યક્તિત્વોનાં. મધ્યસ્થ વ્યક્તિ પોતાને પ્રાપ્ત થયેલ તત્ત્વનો શ્રદ્ધાભર્યો આશ્રય કરે, પણ અન્યોનાં તિરસ્કાર વિના. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો

ગુજરાતની અસ્મિતાના આદ્ય ઉદ્ગાતા મહાન જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યની આ અદ્ભુત જીવન ઘટના :

ગુર્જરેશ્વર સમ્રાટ સિદ્ધરાજ જયસિંહ હેમચન્દ્રાચાર્યથી ખૂબ પ્રભાવિત હતા. કિંતુ એ શૈવમતાનુયાયી હતા. સમ્રાટે એકદા પાટણથી સોમનાથપાટણ સુધીનો પદયાત્રા સંઘ યોજ્યો. ઈર્ષ્યાળુ તત્ત્વોએ સમ્રાટની કાનભંભેરણી કરી કે ''તમારા આ સંઘમાં હેમચન્દ્રાચાર્ય નહિ આવે. કેમ કે તેઓ ચુસ્ત જૈનમતાનુયાયી છે.'' પરંતુ સહુના આશ્ચર્ય વચ્ચે સિદ્ધરાજની વિનંતિ હેમચન્દ્રાચાર્યે સ્વીકારી અને સંઘમાં તેઓ સાથે રહ્યા. પેલા વિરોધી તત્ત્વોએ હવે નવી ભંભેરણી કરી કે ''જૈનાચાર્ય હોવાના નાતે તેઓ શિવમંદિરનાં દર્શને તો નહિ જ આવે.'' પરંતુ હેમચન્દ્રાચાર્ય ઠેઠ મંદિરના ગર્ભગૃહ સુધી આવ્યા અને હાથ જોડી આ ભાવની સ્વ–રચિત સ્તુતિ પણ બોલ્યા કે ''સંસારભ્રમણનાં બીજરૂપ રાગ–દ્વેષ વગેરે દોષો જેમણે ક્ષીણ કરી દીધા છે તે ભગવંતને અમારાં નમન હો : ભલે ને એમનું નામ બ્રહ્મા–વિષ્ણુ–શંકર કે જિનેશ્વર કોઈ પણ હોય. અમને એની કોઈ નિસબત નથી.'' સમ્રાટ ઔર પ્રભાવિત થઈ ગયા હેમચન્દ્રાચાર્યના આ મધ્યસ્થ અભિગમથી. આ ઘટનામાં એક તરફ હેમચન્દ્રાચાર્યનો પોતાને સંપ્રાપ્ત સમ્યગ્ દેવતત્ત્વ પર લગાવ દેખાય છે, તો બીજી તરફ અન્યો અંગે જરા ય તિરસ્કાર નથી દેખાતો.

આવું બીજું ઉદાહારણ વિચારીએ આ જ જ્ઞાનસારગ્રન્થના સર્જક મહોપાધ્યાય યશોવિજયજી મહારાજનું અને તે પણ આ જ અષ્ટકના સાતમા શ્લોકમાં એમણે વ્યક્ત કરેલ પોતાની વિચારધારારૂપે. એમાં તેઓ જણાવે છે કેઃ–

स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमम् ।<br>
न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ।।

મતલબ કે 'આ અમારા ધર્મના શાસ્ત્રો છે' માટે રાગદશાથી અમે જૈન શાસ્ત્રોનો આશ્રય કરતા નથી, તો 'આ અન્ય ધર્મના શાસ્ત્રો છે' માટે દ્વેષદશાથી અન્ય દર્શનીય શાસ્ત્રોનો અમે ત્યાગ કરતા નથી. અમે મધ્યસ્થ દષ્ટિ ધરીને યુક્તિયુક્ત આગમો ગ્રહણ કરીએ છીએ અને એના કરતાં વિપરીતથી દૂર રહીએ છીએ...કેવી તટસ્થ અને સહૃદય વિચારધારા છે આ.

જૈન દર્શનની મધ્યસ્થદષ્ટિ સમજાવતો એક શાસ્ત્રીય પદાર્થ હજુ એક ઉદાહરણરૂપે જોઈએ. જૈન દર્શન માને છે કે મોક્ષે જવા માટે સૌથી મુખ્ય બાબત, ઉપર ઉપરના ગુણસ્થાનોની પ્રાપ્તિરૂપ વિકાસ છે. જેઓ આ ગુણવિકાસ કરે તેઓ મોક્ષે જાય. જેઓએ જૈન શ્રમણનો વેષ પરિધાન કર્યો હોય તેઓ આ ગુણવિકાસ કરીને મોક્ષે જઈ શકે, તેમ અન્ય દર્શનીય વેષ ધરનાર પણ જો તેવો ગુણ વિકાસ કરે તો મોક્ષે જઈ શકે. પહેલા પ્રકાર માટે જૈન દર્શનમાં 'સ્વલિંગસિદ્ધ' શબ્દપ્રયોગ છે, તો બીજા પ્રકાર માટે 'અન્યલિંગસિદ્ધ' શબ્દ પ્રયોગ છે. જૈન દર્શન આ રીતે જે, અન્ય ધર્મપરંપરાના બાહ્યાચાર હોય ત્યાં ય મોક્ષની શક્યતા દર્શાવે છે એ એની અદ્ભુત મધ્યસ્થ દષ્ટિનું દ્યોતક છે. જૈન દર્શન ભાવને–આત્મવિશુદ્ધિને પ્રાધાન્ય આપે છે. સ્વયં જ્ઞાનસારગ્રન્થકારે પણ આવું જ વિધાન એક ગુજરાતી કૃતિમાં કર્યું છે કેઃ–

**જૈન ભાવજ્ઞાને સબમાંહિ, શિવસાધન સદ્દહીએ;**
**નામ-વેશશું કાજ ન સીઝે, ભાવ ઉદાસે રહીએ...**

ઉપરોક્ત ત્રણે ય નિરૂપણો એ દર્શાવી જાય છે કે જૈન દર્શન સાધકની મધ્યસ્થ દષ્ટિનું ઘડતર કરે છે અને જૈન દર્શનને ખરા અર્થમાં આત્મસાત્ કરનાર મહાનુભાવોમાં મધ્યસ્થ દષ્ટિનો જબરજસ્ત ઊઘાડ થાય છે...

અત્યાર સુધી આપણે માધ્યસ્થ્યાષ્ટકનાં માધ્યમે જે મધ્યસ્થતાની વિચારણા કરી તે સૈદ્ધાંતિક–શાસ્ત્રીય વિચારધારાસંબંધી મધ્યસ્થતા હતી. હવે આ અષ્ટકના ચતુર્થ શ્લોકમાં દર્શાવાયેલ એવી મધ્યસ્થતા નિહાળીશું કે જેને આપણે સમતા–સમાધિની પ્રાપ્તિ કરાવે તેવી મધ્યસ્થતા કહી શકીએઃ ધારો કે કોઈ હિતશત્રુ વ્યક્તિ જાણી–બુઝીને આપણને લાખો રૂ.ની નુકસાનીમાં ઉતારી દે કે ઘણી બધી રીતે એ આપણને નડ્યા જ કરે. તો આપણે એના પ્રત્યે કેવી પ્રતિક્રિયા ધરાવીએ? ચોક્કસપણે જ દ્વેષના પક્ષની. આપણે પ્રતિશોધરૂપે એને નુકસાન કરીએ યાવત્ હાથ–પગ સલામત ન રહે એવી મારપીટ પણ કરીએ. હવે ધારો કે કોઈ વ્યક્તિએ આપણને વિના વ્યાજે મોટી રકમની લોન આપી સહાય કરી હોય અને એ વ્યક્તિ કોઈ ભ્રષ્ટાચારના કિસ્સામાં સપડાઈ આપણી જુબાની પર સજા યા છૂટકારો પામવાની હોય તો

આપણે એ સમયે કેવી પ્રતિક્રિયા ધરાવીએ? ચોક્કસપણે જ રાગની–તરફેણની જ. ભલે ને આપણે એણે ખોટું કર્યાનું જાણતા હોઈએ તો ય એનાં અહેસાનજન્ય રાગવશ ગલત સાક્ષી આપવાનું જોખમ લઈએ. આમ, બન્ને પરિસ્થિતિમાં મનનાં ત્રાજવાનું પલ્લું ક્રમશઃ દ્વેષના પક્ષે નમે ને રાગના પક્ષે નમે. એ મધ્યસ્થ ન રહે, પક્ષપાતી રહે.

ભલે કદાચ વ્યવહારજગતની દૃષ્ટિએ ઉપરોક્ત બે પ્રતિક્રિયા યોગ્ય ગણાય. પરંતુ અધ્યાત્મજગતની દૃષ્ટિએ આ પ્રતિક્રિયાઓ અયોગ્ય ગણાય. અધ્યાત્મજગત તો શત્રુ ને મિત્ર, સહુ પર નિષ્પક્ષતા–મધ્યસ્થતા રાખવાનું સૂચવે છે. કેમ કે રાગ–દ્વેષરૂપ પક્ષપાતિતા વ્યક્તિને આત્મિક દૃષ્ટિએ ભયંકર નુકસાન કરે. આનો નિર્દેશ કરતા ગ્રન્થકાર ચતુર્થ શ્લોકમાં આમ જણાવે છે કેઃ–

स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः ।
न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ।।

ભાવાર્થ કે જે જે પરિસ્થિતિ–સંયોગો વગેરેમાં સામી વ્યક્તિએ આપણને નુકસાનો કે લાભ કર્યા છે તે તે પરિસ્થિતિ–સંયોગો તેણે પૂર્વકૃત કર્મો દ્વારા ઉપાર્જિત કર્યા છે અને પોતાના આ નુકસાન–લાભરૂપ કર્મોનું ફળ પણ તેઓ ભોગવનાર છે. આવું વિચારીને મધ્યસ્થદૃષ્ટિવંત મહાનુભાવ તેમના પર દ્વેષ કે રાગ–અણછાજતી Fever ન કરે. (ખાસ ધ્યાનમાં લેવું કે ઉપકારીઓના ઉપકાર સામે કૃતજ્ઞતા દાખવવી અલગ બાબત છે અને અણછાજતી Fever રૂપ રાગ કરવો અલગ બાબત છે.) આ રીતે રાગ–દ્વેષ ન રાખનાર વ્યક્તિ આસાનીથી સમતામાં–સમાધિમાં લીન થઈ સાધનાનું સર્વોચ્ચ શિખર પણ સર કરી શકે. આની પ્રતીતિ કરવા આપણે અતિ સંક્ષેપમાં મેતાર્ય મહામુનિનો પ્રસંગ યાદ કરીએ :

ક્રોડાધિપતિ શ્રીમંતમાંથી શ્રમણ બનેલ આ નખશીખ વૈરાગી મેતાર્ય મુનિને એક સોનીએ ગેરસમજથી ચોર માની લઈ માલ પરત મેળવવા પ્રાણાંત પરિષહ–પીડા કરી. મુનિના મસ્તકે કચકચાવીને લીલી વાધર બાંધી એણે મુનિને તડકામાં ઊભા રાખ્યા. જેમ જેમ વાધર સુકાતી ગઈ તેમ–તેમ મુનિના મસ્તકની નસો ફાટવા માંડી. આ પ્રાણાંત પીડામાં એમણે મધ્યસ્થ=

રાગદ્વેષરહિત અવસ્થા જાળવીને પોતાના કર્મોનો દોષ વિચાર્યો, સોનીનો નહિ. સજઝાયકારે એમની મનઃસ્થિતિ વર્ણવતા આ પંક્તિ લખી કેઃ–

"આતમ નિંદે આપણો જી, સોનીનો શો દોષ?"

પરિણામ એ આવ્યું કે મેતાર્યમુનિ તત્કાલ કેવલી બની સિદ્ધપદના શિખરે આરૂઢ થયા.

છેલ્લે એક વાત : કદાગ્રહી વ્યક્તિ સાચો ધર્મ પામી ન શકે... મધ્યસ્થ વ્યક્તિ સાચો ધર્મ પામ્યા વિના ન રહે.... ◆◆◆

## ૧૮

# સમસ્યાઓનો ભય શક્તિને કુંઠિત બનાવે... સમસ્યાઓનું ભાન શક્તિને ધારદાર બનાવે...

જીવનમાં જો આપણે ડગલે ને પગલે ભય–ડરનો અનુભવ કરતા હોઈએ તો એમ જરૂર સમજી લેવાનું કે એ આપણાં જીવનનું ઘણું નુકસાનકારક પરિબળ Minus point બની રહેશે. કારણ કે ભય–ડરનાં કારણે આપણી કેટકેટલી શક્તિઓ–વિશેષતાઓ કુંઠિત થઇ જવાની–વ્યકત જ ન થવાની વ્યાપક સંભાવનાઓ છે.

ધારો કે એક વિદ્યાર્થીમાં અભ્યાસ કરવાની ખંત અને પદાર્થો ગ્રહણ કરી શકે તેવી વિશદ બુદ્ધિ ય છે. પરંતુ જો એનામાં ભય–ડર હશે તો પરીક્ષાના પેપર લખવાના સમયે એ મુંઝાઇ જઇને–ગુંચવાઇ જઇને કોઇ સચોટ ઉત્તરો લખી નહિ શકે... માની લો કે એક વ્યક્તિમાં બોલવાની છટા–તે તે વિષયની ઊંડાણથી રજૂઆત કરાય તેવો અભ્યાસ વગેરે વિશેષતાઓ છે. આમ છતાં જો તે સભાક્ષોભ અનુભવતી હશે–ભીડથી ડરતી હશે તો એ

વક્તારૂપે કામિયાબ નહિ નીવડી શકે... ધારો કે એક વ્યક્તિ વ્યવસાયની આટીઘૂંટીની ભરપૂર સમજ ધરાવે છે–બજારની રૂખ પરખવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ જો એ સતત નુકસાનીનો ડર અનુભવતી હશે તો કોઈ મોટો વ્યાપાર ખેડી શકશે નહિ.

આ અને આવી આવી અન્ય બાબતો એ પુરવાર કરી જાય છે કે ભય કેવી ભયંકર ખતરનાક બાબત છે. અરે! કરુણ કમાલ તો એ છે કે ભીરુવૃત્તિનાં કારણે વ્યક્તિ ઘણી વાર જ્યાં ભયની સંભાવના ન હોય ત્યાં ય ભયનું સર્જન કરી બેસતી હોય છે. ખબર છે પેલી રમૂજકથા?

ગામમાં પધારેલ સંત પાસે જઈને એક યુવાને પોતાની વ્યથા–કથા કહી કે ''જીવનમાં બીજી બધી રીતે તો જાણે શાંતિ છે. જરૂર પૂરતી આવક છે,તો જરૂરથી વધુ મેળવવાનો લોભ નથી. પરંતુ તકલીફ મોટી એ છે કે મારી નોકરી બાજુના ગામમાં છે. સાંજે પરત આવતા અંધારું થઈ જાય છે અને માર્ગમાં વચ્ચે એક સ્મશાન આવે છે. જ્યારે હું ત્યાંથી પસાર થઉં ત્યારે મારો જીવ તાળવે ચોંટી જાય છે કે સ્મશાનના કોઈ ભૂત–પ્રેત મને વળગી જશે તો? આગળ–પાછળ થઈ રોજ એક કલાક હું આ રીતે ભયથી થરથરું છું. ગામમાં ક્યાં ય આ પગારની નોકરી મળે તેમ ન હોવાથી હું એ છોડી શકતો નથી, મને લાગે છે કે આ ડરમાં જ હું ક્યાંક ઊકલી જઈશ''. કરુણાશીલ સંતે એને એક તાવીજ આપતા કહ્યુંઃ ''આ સાથે રાખવાથી ભૂત–પ્રેત કદી પાસે ય નહિ ફરકે. પણ ધ્યાન રાખજે કે તાવીજ માત્ર એક જ વાર સિદ્ધ થાય છે. જો એ ખોવાઈ જશે તો ભાવિમાં અન્ય કોઈ ઉપાય નથી.''

બાર માસ બાદ સંત પુનઃ એ ગામમાં આવ્યા ત્યારે દુઃખી દુઃખી યુવાન તાવીજ પરત આપવા આવ્યો. સંતે વિસ્મિત નજરે યુવાન તરફ નિહાળ્યું તો એણે પોતાની કરમકથા કહીઃ ''બાપજી! આ તાવીજ મળ્યા પછી શરૂઆતમાં તો હું ખૂબ ખુશીમાં રહ્યો કે હવે મને ભૂત–પ્રેત કાંઈ કરશે નહિ. હું પેલા સ્મશાન પાસેથી પણ ચિંતા વિના ગમનાગમન કરતો હતો. પણ થોડા દિવસો બાદ મારા મન–મગજ પર એ વિચારોનું ભૂત સવાર થઈ ગયું કે ''આ તાવીજ ખોવાઈ જશે, તો પછી હું કાયમ પરેશાન થઈશ.' રાત–દિવસ હવે મને આ તાવીજ ખોવાઈ

જવાનો ભય સતાવે છે. ખરું કહું તો બાપજી! પહેલા મને ચોવીશ કલાકમાં ફક્ત એક કલાક ભય સતાવતો હતો. હવે મને ચોવીશ કલાક ભય સતાવે છે. માટે હું આ તાવીજથી છૂટકારો મેળવવા ઇચ્છું છું.''

જેની વૃત્તિમાં ભીરુતા–ડર છે એનાં જીવનમાં ભયોની ભૂતાવળો આવી આવી રચાઇ શકે છે. એટલે જ નિર્ભય બનવાની વાત વ્યવહારજગતમાં મહત્ત્વની ગણાય છે, તો અધ્યાત્મજગતમાં પણ મહત્ત્વની ગણાય છે. જૈન દર્શનની વાત કરીએ તો ત્યાં પરમાત્મા તીર્થંકરદેવો માટે 'અભયદયાણં' વિશેષણ આપીને તેઓને અ–ભયદશાના દાતારૂપે બિરદાવાયા છે. આ અભય–નિર્ભયદશાની કેટલીક મજેદાર વાતો પ્રસ્તુત કરી છે 'જ્ઞાનસાર' ગ્રન્થના સત્તરમા નિર્ભયાષ્ટકમાં મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે. અષ્ટકના પ્રથમ શ્લોકમાં જ તેઓ અધ્યાત્મદૃષ્ટિએ નિર્ભયતાની પ્રાપ્તિના બે મહત્ત્વનાં કારણો પ્રસ્તુત કરતા જણાવે છે કેઃ–

यस्य नास्ति परापेक्षा, स्वभावाद्वैतगामिनः ।
तस्य किं न भयभ्रान्ति-क्लान्तिसन्तानतानवम् ।।

ભાવાર્થ કે જે સાધકને પરપદાર્થોની અપેક્ષા નથી અને સ્વભાવદશા સાથે સાયુજ્ય છે તે સાધકને ભયની ભ્રાંતિજનિત દુઃખપરંપરાની અલ્પતા શું ન થાય? થાય જ. અહીં ગ્રન્થકારે બે વાત પર ભાર આપ્યો છેઃ (૧) પરપદાર્થોની અપેક્ષાનો ત્યાગ. અને (૨) સ્વભાવદશાની ઉપેક્ષાનો ત્યાગ. તકલીફ ત્યાં છે કે આપણે સંતોષ–નિર્લોભતારૂપ આત્મદશાની–સ્વભાવદશાની સરેઆમ ઉપેક્ષા કરી છે અને પરપદાર્થો–બાહ્ય ભાવોની જાલિમ અપેક્ષાઓ રાખી છે. એથી જ ચિત્તમાં ભયની ભૂતાવળો જામી છે જેનામાં અધ્યાત્મદૃષ્ટિનો ઉઘાડ થયો છે એવા તત્ત્વચિંતકો તાર્કિક રીતે એ પુરવાર કરી શકે છે કે પરપદાર્થમાત્રમાં કોઇ ને કોઇ ભયના ઓછાયા–પડછાયા છે જ. પછી એ પદાર્થો પાછળ દોડનારને ભય ઘેરી વળે એમાં શી નવાઇ? યાદ કરીએ આપણે મહાત્મા ભર્તૃહરિને. શૃંગાર અને વૈરાગ્ય જેવા પરસ્પર વિરોધી વિષયો પર સો–સો શ્લોકોના શતક રચનાર એ મહાનુભાવે સંસારનું વાસ્તવિક સ્વરૂપ અનુભવ્યા

પછી, પરપદાર્થો પર છવાયેલા ભયના ઓથારને ભોગે રોગભયં...૦ 'શ્લોકમાં આબેહૂબ રજૂ કર્યા છે. આપણે એને સંક્ષેપમાં નિહાળીએ.

તેઓ કહે છે કે (૧) ભોગમાં સુખ માનીને એની પાછળ દોડશો તો ત્યાં ય રોગનો ભય છે. કેમ કે અતિ ભોગ રોગની આમન્ત્રણપત્રિકા છે. (૨) ઉચ્ચ સુખી કુલની ઝંખનાઓ કરતા હો તો ત્યાં ય સમજી લેજો કે આયુષ્યનો અંત આવતાવેંત ત્યાંથી ગમે ત્યાં ફંગોળાઇ જવાનો ભય છે. (૩) સંપત્તિની ઝંખના રાખતા હો તો ત્યાં રાજસત્તા (અને ચોર-ઠગ) વગેરેનો ભય છે (૪) પદ-પ્રતિષ્ઠાદિ દ્વારા મળતા માનપાનને ઝંખતા હો તો ત્યાં એ ચાલી જાય ત્યારે સર્જાતી દીનતાનો-લાચારીનો ભય છે. (૫) સત્તા-સામ્રાજ્યને ઝંખતા હો તો સમજજો કે ત્યાં શત્રુઓનો-વિરોધીઓનો ભય છે. (૬) સૌંદર્યમાં સુખ માની એને ઝંખતા હો તો ત્યાં દુરાચારના માર્ગે લઇ જતા વિજાતીય પાત્રોનો ભય છે (૭) શાસ્ત્રો ભણીને પંડિતની ખ્યાતિ વરવા ચાહતા હો તો ત્યાં પરસ્પર વાદ-ચર્ચાઓની ઝડી વરસવાનો ભય છે (૮) ગુણવાન બનીને સારી વ્યક્તિરૂપે કીર્તિ વરવા ઝંખતા હો તો ત્યાં અન્યોને હીણા ચીતરવામાં માહેર દુર્જનોનો ભય છે (૯) મજબૂત-સક્ષમ દેહ ઝંખતા હો તો ત્યાં કાળરાજાનો ભય છે. આ નવ પદાર્થોના નવ ભયો શ્લોકની ત્રણ પંક્તિમાં દર્શાવીને મહાત્મા ભર્તૃહરિ અંતમાં આ મસ્ત પંક્તિ લખે છે કે ''सर्वं वस्तु भयान्वितं भुवि नृणां, वैराग्यमेवाभयम्।'' મતલબ કે આ સંસારમાં દરેક પરપદાર્થ ભયના ઓથારથી ઘેરાયેલ છે. એક માત્ર વૈરાગ્ય જ અ-ભયરૂપ છે.

ભર્તૃહરિની આ પ્રસ્તુતિને એનાથી ય અલ્પ શબ્દોમાં વધુ અસરકારક રીતે રજૂ કરતા 'જ્ઞાનસાર' ગ્રન્થકાર લખે છે કેઃ-

भवसौख्येन किं भूरि-भयज्वलनभस्मना ।
सदा भयोज्झितं ज्ञान-सुखमेव विशिष्यते ।।

કલ્પનાશીલતાની શાહીમાં કલમની પીંછી ઝબોળીને વાસ્તવિકતાનું ચિત્ર ઉપસાવતા ગ્રન્થકાર કહે છે કે પરપદાર્થજન્ય તમામ સુખો વાસ્તવમાં સુખ છે જ નહિ. એ તો છે ભયની આગમાંથી સર્જાયેલી રાખ. રાખથી શરીર ચોળીને ખુશી

થનારા જો અક્કલહીન ગણાય, તો ભયાગ્નિથી ઘેરાયેલ પદાર્થસુખની રાખથી ખુશી થનાર પણ અક્કલહીન જ ગણાય ને ? સાચું સુખ તો આત્મરતિ તરફ લઇ જતું જ્ઞાનસુખ છે જેને ભયની એક લકીર પણ અડી-નડી શકતી નથી. 'જ્ઞાનસાર' ગ્રન્થકાર સ્વભાવદશા તરફ લઇ જતા જે જ્ઞાનસુખને ભયમુક્ત કહે છે એને ભર્તૃહરિ અ-ભયસ્વરૂપ વૈરાગ્ય કહે છે.

હવે એક નવી વાત. સામાન્યપણે વ્યવહારજગતમાં સંપત્તિ-અલંકારો વગેરે ભયનું મહત્ત્વનું કારણ બને છે. જેમ કે ગેરકાયદે એકત્ર કરેલ બેનંબરી રૂપિયા વ્યક્તિએ છુપાવવા પડે છે, તો Texથી બચવા કિંમતી અલંકારો આદિ અન્યોનાં નામે મૂકવા પડે છે. એમાં જો એની પોલ પકડાય તો વ્યક્તિએ ભયના માર્યા ભાગવું પડતું હોય છે, તો જેલથી બચવા રાતોરાત પરદેશ રવાના થઇ જવું પડતું હોય છે. આ સંદર્ભને લક્ષ્યમાં રાખી 'જ્ઞાનસાર' ગ્રન્થકાર તૃતીય શ્લોકમાં સંસ્કૃતભાષાની દૃષ્ટિએ પ્રાસભર્યા શબ્દપ્રયોગો સાથે સાધક મુનિને ઉદ્દેશી મસ્ત વાત કરે છે કે :-

न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेःस्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ।।

ભાવાર્થ કે હે સાધક મુનિ, તારી પાસે એવી તો કોઇ ચીજ નથી કે જે લોકનજરથી છુપાવવી પડે-અન્યત્ર મૂકી દેવી પડે-છોડી દેવી પડે કે આપી દેવી પડે. તું તો જ્ઞાનદૃષ્ટિથી જગતના તત્ત્વોને માત્ર જાણે છે (એમાં રાગ-દ્વેષ કરતો નથી). તેથી તારે તો કોઇ ભય હોય જ નહિ. ગોપ્ય-આરોપ્ય-હેય-દેય-સ્થેય-જ્ઞેય જેવા અનુપ્રાસમઢ્યા સંસ્કૃત શબ્દોની સંપદા આ શ્લોકમાં વેરાયેલી છે, તો એથી ય અધિક ચડિયાતી વિચારસંપદા એમાં વેરાયેલી છે જે તે જ અનુપ્રાસભર્યા શબ્દોમાંથી આવિર્ભાવ પામી શકે એમ છે. અષ્ટકના અન્યાન્ય શ્લોકોમાં પણ ગ્રન્થકારે અધ્યાત્મનો ઊઘાડ કરતી જ્ઞાનદૃષ્ટિ દ્વારા નિર્ભય બનવાનો નિર્દેશ કર્યો છે. આપણે પરંપરાએ એના સાર તરફ લઇ જતી ત્રણ બાબતો આત્મસાત્ કરી નિર્ભય બનવા પ્રયત્નશીલ બનીએ. એ ત્રણ બાબતો છે આઃ

(૧) **નિર્દુષ્ટતા :-** જે વ્યક્તિના આચારો ધાર્મિક–સામાજિક–નૈતિક દૃષ્ટિએ નિષિદ્ધ હોય એ વ્યક્તિને કહેવાય દુષ્ટ. આવી દૂષિત વ્યક્તિને પોતાના કરતૂતો બદલ ભયભીત રહેવું પડે એ સમજી શકાય તેમ છે. જેનામાં આવી કોઇ દુષ્ટતા નથી એને નિર્ભયતા આસાનીથી સાંપડી શકે છે. સાર એ થયો કે જીવન એવું ઉત્તમ–આંગળી ય ન ચીંધી શકાય એવું બનાવો જેથી કોઇ પણ વાર ડરવાનો સમય ન આવે. કેવું હોય નિર્દુષ્ટ જીવન? એની ઝલક પામવા આપણે નિહાળીએ અમે જ્યાંથી આ લેખ લખી રહ્યા છીએ તે આબુ–દેલવાડાતીર્થના વિશ્વવિખ્યાત 'વિમલવસહિ' જિનાલયના સર્જક દંડનાયક વિમલશાહની યુવાનીનો પ્રસંગ :

જીવનના પ્રારંભિક તબક્કે હજુ જ્યારે સૌભાગ્યનો સૂર્ય પ્રકાશિત થયો ન હતો ત્યારે વિમલશાહ ભટેવર ગામની સીમમાં પશુઓ ચરાવતા હતા. લસલસતું યૌવન, સૌંદર્યમંડિત દેહ અને વાઘ સાથે બાથ ભીડે એવું શૌર્ય ધરાવતા વિમલની સામે સ્વર્ગમાંથી ઊતરી આવેલ અપ્સરા હોય તેવી નવયૌવના આવી. મધ્યાહ્નનું પૂર્ણ એકાંત હતું અને સામે ભલભલા યોગીના યોગ તોડાવે એવી રૂપસુંદરી હતી. અધૂરામાં પૂરું એણે આપમેળે લટકા–ઝટકા સાથે ભોગનું ઇજન આપતી વાતો આદરી હતી. પરંતુ નવયુવાન વિમલ નિર્દુષ્ટ જીવનનો આદર્શ સામે રાખી જરા ય ચારિત્રચ્યુત ન થયા. થોડી જ વારમાં દૃશ્ય બદલાયું અને નવયૌવનાનાં સ્થાને અંબિકાદેવીએ પ્રગટ થઇને કહ્યું : ''વિમલ ! મારી પરીક્ષામાં તું પાર ઊતર્યો છે. માટે હું તને ત્રણ વિશિષ્ટ વરદાન અને સમૃદ્ધિ આપું છું.'' બસ, ત્યારથી વિમલના નસીબ આડેનું પાંદડું દૂર થયું. એ ગુર્જર રાષ્ટ્રના શૂરવીર દંડનાયક બન્યા અને આગળ જતાં આબુ–દેલવાડાના વિશ્વવિખ્યાત વિમલવસહિ જિનાલયોના નિર્માતા બન્યા. નિર્દુષ્ટ જીવનનો આ પ્રતાપ–પ્રભાવ હતો...

(૨) **નિરપેક્ષતા :-** સંસારની સફરમાં કેટલી ય વાર એવું બનતું હોય છે કે જેના માટે આપણે મહત્ત્વનો ભોગ આપ્યો હોય એમના તરફથી અવસરે યોગ્ય સહાય ન મળે. આપણે એની સહાયની અપેક્ષા રાખીને એના સહારે વિપત્તિની

વૈતરણી તરવાના વિચારોમાં હોઈએ ત્યારે સહાય ન મળતા ભયભીતતા પ્રગટે. એના બદલે નિરપેક્ષતા કેળવીએ તો સિંહ સમી નિર્ભયતા આવે અને એકલપંડે વિપત્તિઓ સામે બાથ ભીડવાનું સત્ત્વ ખીલે.

(૩) **નિર્લેપતા :-** સંસાર એનું નામ છે કે જ્યાં ઘણી બધી ઘટનાઓ અણધારી અને અણગમતી બને. એ સમયે જો વધુ Involvement રહે તો એ ઘટનાઓ ભયભીત બનાવે. એનાં સ્થાને 'જે કુદરતને મંજૂર હશે એ થશે'ની નિર્લેપ ખુમારી હોય તો આપણે નિર્ભયપણે અડગ ટકી રહીએ.

છેલ્લે એક વાત : **સમસ્યાઓનો ભય શક્તિને કુંઠિત બનાવે... સમસ્યાઓનું ભાન શક્તિને ધારદાર બનાવે ...** ◆◆◆

## ૧૯

# તમે જો તમારા વિશે મૌન રહેશો તો તમારા ગુણો તમારા માટે બહુ સરસ બોલી શકશે ...

લોકડાયરાનો મજાનો માહોલ હતો, હકડેઠઠ મેદની લોકકવિઓને માણવા એકત્ર થઇ હતી. એમાં એક પ્રખ્યાત લોકકવિએ પોતાનો ક્રમ આવ્યો ત્યારે લોકગીત રજૂ કરતા પૂર્વે બે–ત્રણ વાક્યોની ભૂમિકા કરી :''રશિયાના પ્રમુખે ખાસ આગ્રહ કરીને મારો કાર્યક્રમ મોસ્કોમાં યોજ્યો ત્યારે મેં જે ગીત ગાયું હતું એ રજૂ કરું છું.'' શ્રોતાઓને આ ભૂમિકા બિનજરૂરી લાગી. છતાં પહેલી વાર હતું માટે એમણે આ શબ્દો ક્ષન્તવ્ય ગણ્યા. એ લોકકવિને કુલ પાંચ ગીત ગાવાના હતા.

બીજું ગીત શરૂ કરતાં પૂર્વે ય એમણે ભૂમિકા કરી કે ''હવે જે ગીત હું સંભળાવીશ એ રશિયાના કાર્યક્રમોમાં ઠેર ઠેર લોકપ્રિય બન્યું હતું. એના માટે ઘણી વાર Once more થતું હતું '' શ્રોતાઓ હવે સમસમી ગયા. ત્રીજા ગીત પૂર્વે જ્યાં એ ભૂમિકા બોલવા ગયા કે ''રશિયામાં...'' ત્યાં જ શ્રોતાગણમાંથી એકે

ધારદાર Comment કરી કે ''વારંવાર રશિયા–રશિયા કરો છો તો ત્યાં જ કાયમ રહી જવું હતું ને? અહીં અમારા માથે શું કામ ઝિંકાણા છો?'' સમગ્ર મેદનીમાં હાસ્યનું મોજું ફરી વળ્યું અને લોકકવિનો ચહેરો ઝંખવાણો પડી ગયો.

આ માર્મિક રમૂજી દૃષ્ટાંત એ સમજાવી જાય છે કે સ્વપ્રશંસા ક્યારેક કેવું પ્રત્યાઘાતી Reaction સર્જે છે. એક વાસ્તવિકતા એ છે કે લગભગ દરેક વ્યક્તિને સ્વપ્રશંસા ખૂબ પસંદ હોય છે. કહેવત તો ત્યાં સુધી કહે છે કે ''खुशामत खुदाको भी प्यारी है।'' અલબત્ત, આ ઉક્તિમાં અતિશયોક્તિ છે. કેમ કે ખુદા અર્થાત્ પ્રભુ તો પ્રશંસા–નિંદાથી પર હોય છે. પણ એનો સાર એ તારવી શકાય કે ભલભલા સંતો–મહંતો પણ સ્વપ્રશંસાથી બચી શકતા નથી ઘણી વાર. એથી જ એક સ્તવનપંક્તિમાં લખાયું છે કે ''करत प्रशंसा सब मील अपनी'' આ સ્વપ્રશંસાના ધખારામાંથી જ ઘણી વાર 'પોતે બીજા કરતાં કેવા મહાન છે' એ પુરવાર કરવા કાજે પરનિંદાનો દુર્ગુણ પ્રવેશતો હોય છે.

આ દૂષણને ડામવા માટે 'જ્ઞાનસાર'ગ્રન્થના અઢારમા અષ્ટકમાં ગ્રન્થકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે 'અનાત્મપ્રશંસા' અર્થાત્ સ્વપ્રશંસાત્યાગનો વિષય લઈ ખૂબ અસરકારક પ્રસ્તુતિ કરી છે. અષ્ટકના પ્રથમ શ્લોકમાં જ તેઓ ચિત્તને ચમત્કૃત કરી દેતી રજૂઆત કરતા આ શ્લોક લખે છે કેઃ–

गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ।
गुणैरेवासि पूर्णश्चेद्, कृतमात्मप्रशंसया ।।

ભાવાર્થ કે હે સાધક ! જો તું દાન–તપ–બ્રહ્મચર્ય–પરોપકારાદિ ગુણોથી પૂર્ણ નથી તો તારે આત્મપ્રશંસા–પોતાની વડાઈ કરવાની જરૂર જ ક્યાં છે? અને કદાચ ધારી લે કે તું આવા આવા અનેક ગુણોથી પૂર્ણ હોય તો ય તારે આત્મપ્રશંસા–સ્વમહત્તા દર્શાવવાની શી જરૂર છે? જરા સમજીએ સ્વપ્રશંસાપ્રેમી સાધકને સાણસીની જેમ બે ય બાજુથી ભીંસમાં લેતી આ મસ્ત રજૂઆત.

ધારો કે આપણામાં ઉદારતા–નમ્રતા જેવા બે–ચાર ગુણો છે તો ય એનાથી પ્રશંસાની અભિલાષા રાખવાની જરૂર નથી. કેમ કે ગુણો જૂજ છે અને દોષોના

ઢગના ઢગ છે. વળી જે ઉદારતાદિ ગુણો આપણામાં છે એ પણ ટોચ કક્ષાના નથી. આપણા કરતાં અન્યોમાં એ જ ગુણો વધુ ઉત્તુંગ નિહાળવા મળી શકે. જો વાસ્તવિકતા આ જ છે તો પછી આપણે આપણા જૂજ–બહુ અલ્પ અને સામાન્ય સ્તરના ગુણોની પ્રશંસા કરાવવાની અપેક્ષાની જરૂર? હવે ધારો કે આપણામાં લોકવ્યવહારમાં અનુભવાતા બધા જ ગુણો છે અને એ પણ ટોચ કક્ષાના છે તો ય આપણે એની પ્રશંસાની અપેક્ષા રાખવાની જરૂર નથી. કારણ કે એ ગુણો જ સ્વયં, આપણને લોકહૃદયમાં પ્રતિષ્ઠિત કરી દેશે. યાદ રાખવા જેવું છે આ સંદર્ભમાં એક વાક્ય કે "**અત્તરની શીશીને** Advertisement **ની જરૂર નથી હોતી.**" કેમ કે એની સુવાસ જ એની આપોઆપ ખ્યાતિ બક્ષે છે.

જેને સ્વપ્રશંસાની લહાય હોય છે એને ચાર મોટાં નુકસાનો થઇ શકે છે. એક, વધુ પડતી સ્વપ્રશંસાથી નવા નવા ગુણોની પ્રાપ્તિ અવરોધાય છે. કેમ કે એનાથી સાધકનું લક્ષ્ય ગુણપ્રાપ્તિનું નહિ, સ્વપ્રશંસાનું બની જાય. બે, પોતાની ખામી–દોષો તરફ ઉપેક્ષા રહે. કેમ કે પ્રશંસાજન્ય અહંકાર વ્યક્તિને પોતાના દોષો જ ન જોવા દે. ત્રણ,અન્યોના ગુણો નિહાળવાની ને એની પ્રશંસાની વૃત્તિ ન પ્રગટે. કેમ કે સ્વપ્રશંસા વ્યક્તિને સ્વકેન્દ્રિત બનાવે. ચાર, અન્યોના દોષોને જોવાની Highlight કરવાની વૃત્તિ જામે. કેમ કે એને અન્યોને હીણા દર્શાવવામાં જ રસ રહે. આવાં આવાં નુકસાનોથી બચાવવા 'જ્ઞાનસાર' ગ્રન્થકારની પ્રથમ શ્લોકની પેલી સાણસી જેવી પકડ ધરાવતી પ્રસ્તુતિ એકદમ ઉપકારક છે.

અષ્ટકના દ્વિતીય શ્લોકમાં તેઓ બીજી સરસ કલ્પના રજૂ કરે છે કે આત્મકલ્યાણ એક વૃક્ષ છે, દયા–વૈરાગ્ય–જ્ઞાન–નમ્રતા–પરોપકારાદિ ગુણો એનાં મૂળ છે; તો સ્વપ્રશંસા પાણીનો ધોધમાર પ્રવાહ છે. મૂળસ્થાને ધોધમાર જલપ્રવાહ વિસ્તરતો રહે તો મૂળ બહાર દેખાવા માંડે અને સરવાળે એ શિથિલ–ઢીલા થઇ વૃક્ષનું અસ્તિત્વ જોખમમાં લાવી દેઃ સૃષ્ટિમાં આ નજરે નિહાળાતો ક્રમ છે. જે સ્વપ્રશંસાપ્રેમી સાધક છે એ સામેથી ચાહે છે કે પોતાના ગુણોરૂપી મૂળ સહુને દેખાયા કરે. પરિણામ? પરિણામ એ આવે કે સાધકનાં આત્મકલ્યાણરૂપ વૃક્ષનું અસ્તિત્વ જ જોખમાઇ જાય. 'જ્ઞાનસાર' ગ્રન્થકાર આ કલ્પનાના અંતે

મસ્ત પ્રશ્ન પૂછે છે કે આ રીતે વૃક્ષનું અસ્તિત્વ જોખમાવીને તું કયું ફળ પામી શકીશ : 'फलं किं समवाप्स्यसि ?'

આ અષ્ટકનો ત્રીજો શ્લોક અમારો ખૂબ Favorite છે. એના અર્થઘટનમાં જતા પૂર્વે એક–બે ભૂમિકારૂપ વાક્યો જોઈએઃ જે સીડી ઊપર ચડાવી દે છે એ જ સીડી નીચે પણ ઉતારી શકે છે, જે દોરડું ઊપર લઇ જઇ શકે છે એ જ દોરડું નીચે પણ ઉતારી શકે છે. ગુણો પણ કઈ રીતે આવા જ છે? એની હૃદયંગમ પ્રસ્તુતિ 'જ્ઞાનસાર' ગ્રન્થકાર આમ કરે છે કે :–

आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ।
अहो स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ।।

તેઓ કહે છે કે ગુણો એવી રશ્મિ=દોરી જેવા છે કે એને પ્રશંસાદિ દ્વારા અન્યો પકડે તો એમનું હિત થાય–એ આત્મ કલ્યાણની દષ્ટિએ ક્યાંના ક્યાં ઉપર પહોંચી જાય. પણ જો ગુણોની એ દોરી વ્યક્તિ સ્વપ્રશંસાદિ દ્વારા પોતે જ પકડે તો આત્મહિતની દષ્ટિએ એ ક્યાંની ક્યાં નીચે પહોંચી જાય. ગુણો એના એ જ. એની પ્રશંસા અન્ય કરે છે કે આપણે સ્વયં, એના પર એ ઉન્નતિકારક યા અવનતિકારક તે નક્કી થાય. કેવી કમાલભરી રજૂઆત છે આ !!

સ્વપ્રશંસા આ રીતે અવનતિકારક હોવાથી જ સાચા સજ્જનો–સંતો સ્વપ્રશંસાને આત્મઘાતતુલ્ય ગણી એને કાયમી ત્યાજ્ય માને છે. ખબર છે 'મહાભારત' યુદ્ધ સમયની પેલી ઘટના? રાજા જયદ્રથને સાંજ સુધીમાં ખતમ કરવાની પ્રતિજ્ઞા કરનાર ધનુર્ધર અર્જુને શ્રીકૃષ્ણની મુત્સદ્દીગીરીથી એ પ્રતિજ્ઞા અખંડ પાળી જયદ્રથને એ સાંજે ખતમ તો કર્યો, પરંતુ એ પૂર્વે ઉત્તેજનાવશ–આવેગવશ યુધિષ્ઠિરે અર્જુનના ગાંડીવ ધનુષ્યની ટીકા કરતાં ધર્મસંકટ સર્જાયું. અર્જુનની પ્રતિજ્ઞા હતી કે જે ગાંડીવ વિશે એલફેલ બોલે એનો વધ કરવો. એક તરફ ક્ષત્રિયવીરની પ્રતિજ્ઞા અને બીજી તરફ પ્રાણપ્રિય વડીલબંધુઃ શું કરવું એ અર્જુનને સમજાતું ન હતું. ત્યાં શ્રીકૃષ્ણે ઉપાય દર્શાવ્યોઃ''અર્જુન! તું યુધિષ્ઠરનો તિરસ્કારવચનો દ્વારા તેજોવધ કર. એથી તારી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ જશે. કેમ કે રાજાઓ માટે તો તેજોવધ જ સાચો વધ છે.' અર્જુને એ રીતે કરી પ્રતિજ્ઞા પૂર્ણ કરી.

એ પછી લાગણીવશ અર્જુને ઘોષણા કરી કે ''પિતાતુલ્ય વડીલબંધુનો તિરસ્કારરૂપ વધ કરીને મેં અક્ષમ્ય અપરાધ કર્યો છે. માટે એના પ્રાયશ્ચિત્તરૂપે મારે આત્મહત્યા કરવી છે.'' સમગ્ર પાંડવસૈન્યમાં હાહાકાર થઇ ગયો. કેમ કે હજુ 'મહાભારત'નાં યુદ્ધે કોઈ એક પક્ષ તરફ વિજયની વરમાળા લંબાવી ન હતી. એમાં જો મુખ્ય આધારરૂપ અર્જુન મોત વહોરે તો પાંડવસેનાનો નાશ નિશ્ચિત થઇ જાય. ખુદ યુધિષ્ઠિર સહિતના હિતસ્વીઓ અર્જુનને નિર્ણય બદલવા સમજાવી રહ્યા. કિંતુ એ નિર્ણયનો તત્કાલ અમલ કરવા મક્કમ હતો. આખરે ત્યારે પણ શ્રીકૃષ્ણે મુત્સદ્દીગીરીના ઉપયોગથી અર્જુનને સમજાવ્યું કે ''તું અત્યારે અમારી સામે જાતની પ્રશંસા–આત્મશ્લાઘા કર. કારણ કે સજ્જનો માટે સ્વપ્રશંસા આત્મહત્યા જેટલી જ ભયાનક બાબત છે. આમ કરવાથી આત્મહત્યા કરવાનો તારો નિર્ણય પણ બર આવશે અને યુદ્ધમાં પાંડવસેનાને તારા જેવાનો આધાર ગુમાવવો નહિ પડે.'' અંતે સૌના આગ્રહથી અર્જુને આ રીતે પોતાનો નિર્ણય અમલી કર્યો...

ધ્યાનથી વિચારીશું આ ઘટના, તો એમાંથી એ તથ્ય સ્પષ્ટ સમજાશે કે સજ્જનો માટે આત્મપ્રશંસા આત્મહત્યા જેવી જ ખતરનાક નુકસાનકારી છે. માટે સજ્જન–સંસ્કારી વ્યક્તિએ સ્વપ્રશંસાથી દૂર જ રહેવું જોઇએ. આત્મપ્રશંસાથી બચવાનો એક અફલાતૂન ઉપાય કલ્પનાભરી શૈલીમાં દર્શાવતા 'જ્ઞાનસાર' ગ્રન્થકાર ચોથો શ્લોક આ ફરમાવે છે કે :–

उच्चत्वदृष्टिदोषोत्थ-स्वोत्कर्षज्वरशान्तिकम् ।
पूर्वपुरुषसिंहानां, भृशं नीचत्वभावनम् ।।

તેઓ એ ભાવની રજૂઆત કરે છે કે સ્વપ્રશંસા એક જ્વર–તાવ છે. એવો તાવ કે જે ન્યૂમોનિયા–ટાઇફોઇડ વગેરે તાવ કરતા ય ખતરનાક નુકસાન કરે. દરેક તાવમાં કોઈ એક કારણ હોય છે. એનાથી એ તાવ વકરતો જાય. સ્વપ્રશંસારૂપ તાવનું ય આવું એક કારણ છે. એનું નામ છે જાતને મહાન માની લેવાની વૃત્તિ. જેમ કે 'હું જ્ઞાનથી મહાન છું... હું તપથી મહાન છું...હું ચારિત્રથી મહાન છું...હું સત્તા–ઐશ્વર્યથી મહાન છું'...આવી આવી મહત્તાની વૃત્તિ સ્વપ્રશંસારૂપ તાવનું કારણ છે. આ વૃત્તિમાંથી એ તાવ પ્રગટે છે ને જામે છે. દરેક તાવને દૂર કરવાની દવા હોય, તેમ આ સ્વપ્રશંસારૂપ તાવને દૂર કરવાની ય દવા

છે. એ દવા છે તે તે બાબતમાં આપણાથી ચડિયાતા મહાનુભાવો સાથે જાતને સરખાવી આપણી ન્યૂનતાનું વારંવાર ચિંતન કરવું. એનાથી જાતનું અભિમાન દૂર થશે અને સરવાળે સ્વપ્રશંસાની વૃત્તિ ય દૂર થશે.

ઉદાહરણરૂપે, જ્ઞાનનું અભિમાન જાગે ત્યારે નિત્ય એક હજાર શ્લોક કંઠસ્થ કરનાર મહાન પૂર્વાચાર્ય શ્રી બપ્પભટ્ટિસૂરીશ્વરજી મ.ને સ્મરણમાં લાવવા.. તપનું અભિમાન હોય તો દીક્ષા બાદ આજીવન છ્યાશી વર્ષ અખંડ આયંબિલ કરનાર દર્ભાવતીરત્ન પૂર્વાચાર્યપ્રવર શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.નું સ્મરણ કરવું.. ચારિત્રનો અહં જાગે ત્યારે અત્યુચ્ચ ચારિત્રનું પાલન કરનાર સ્થૂલભદ્રસ્વામીને સ્મૃતિમાં લાવવા.. સત્તા–ઐશ્વર્યનું અભિમાન જાગે ત્યારે માનવીય જીવનમાં સર્વોચ્ચ સત્તા–ઐશ્વર્ય હાંસલ કરવા છતાં એને સ્વેચ્છાએ ત્યાગી સંયમી બનેલ ભરત ચક્રવર્તી વગેરેનું સ્મરણ કરવું. આ એવું અક્સીર ઔષધ છે કે એનું વારંવારનું આસેવન કરવાથી સ્વપ્રશંસાનો જ્વર અવશ્ય દૂર થઇ જાય. કેવી સરસ કલ્પના અને કેવો સરસ ઉપાય દર્શાવ્યો છે જ્ઞાનસારગ્રન્થકારે આ શ્લોકમાં!!

સ્વપ્રશંસાથી મુક્તિ માટે આ અઢારમા અષ્ટકમાં આવી અનેક મજાની પ્રસ્તુતિ છે. આપણે સ્વપ્રશંસાથી પ્રત્યક્ષ–પરોક્ષ પણ દૂર રહેવા કાજે ત્રણ બાબતો આત્મસાત્ કરીએ : (૧) ક્યાં ય મહત્તા દર્શાવવાની કોશિશ ન કરવી. એમાંથી જ સ્વપ્રશંસાના ધખારા જાગે છે. આ માટે ખાસ પેલી પંક્તિ યાદ કરવી કે ''लघुतामें प्रभुता बसी, प्रभुतासे प्रभु दूर...'' (૨) કોઇ કાર્ય માટે આપણે ખૂબ મોટો ભોગ આપ્યો હોય તો ય એનાં ગાન આપણે કરવાની જરૂર નથી. ''हीरा मुखसे ना कहे, लाख हमारा मोल'' આ ઉક્તિ માનસપટમાં સ્થિર રાખવી. અન્યો દ્વારા એ ભોગની–સેવાની પ્રશંસા કરાવવાના પેંતરા પણ ન રચવા. સારી અને સત્ય વાતની કદર આપોઆપ થશે. (૩) કદાચ આપણી સેવા વગેરેની પ્રશંસા ન થાય તો ય સ્વસ્થ રહેવું. એમ વિચારવું કે પ્રશંસા પામવા નહિ, પુણ્ય પામવા મેં આ સુકૃત કર્યું છે.

છેલ્લે એક મસ્ત સુવાક્ય : **તમે જો તમારા વિશે મૌન રહેશો તો તમારા ગુણો તમારા માટે વધુ સરસ બોલી શકશે ...** ◆◆◆

## ૨૦

# બાહ્યદૃષ્ટિ વ્યક્તિને બાહરી વિશ્વમાં ભટકાવે... તત્ત્વદૃષ્ટિ વ્યક્તિને ભીતરી વિશ્વમાં સ્થિર કરે...

ધારો કે સામે એક સરસ મજાનું Box હોય, એના પરનું Packing સોનેરી ચમક–દમક ધરાવતું હોય, મખમલી એનું પોત હોય અને એના પર Designing Work પણ બહુ સરસ હોય. તો બને એવું કે પ્રથમ જ નજરે વ્યક્તિનું મન ત્યાં આકર્ષાઈ જાય.

પણ સબૂર ! જે બાળક જેવી સામાન્ય દૃષ્ટિ ધરાવનાર હોય એ જ વ્યક્તિ Packingની જોરદાર ઝાકઝમાળથી અંજાઈને એને ખરીદી લેવા અધીરી થઈ જાય. જે વ્યક્તિ વિશેષ દૃષ્ટિ ધરાવે છે એ વ્યક્તિ માત્ર ઉપરની ઝાકઝમાળથી અંજાઈ નહિ જાય. એ Packingની ભીતરમાં રહેલ માલની પૂરી ચકાસણી કરશે કે અંદરનો સુવર્ણહાર ભેળસેળયુક્ત છે કે સો ટચનો શુદ્ધ? ભીતરની મોતીમાળાના મોતી દોષની છાંટયુક્ત છે કે બેદાગ? અને એ પછી જ એ વિશેષ દૃષ્ટિ ધરાવનાર વ્યક્તિ માલની

ખરીદી કરવા તૈયાર થશે. મહદંશ વ્યક્તિઓ આ વિશેષ દષ્ટિ અપનાવીને જ વ્યવહાર કરતી હોય છે.

આ એમ દર્શાવે છે કે વ્યવહારજગતમાં પણ વિશેષ દષ્ટિ અપેક્ષિત છે. જે વ્યક્તિ સામાન્ય દષ્ટિથી માલ ખરીદવાનું પગલું ભરે એ લોકોમાં મૂર્ખ ઠરે ને જે વ્યક્તિ ઉપરોક્ત વિશેષ દષ્ટિથી વ્યવહાર કરે એ સમાજમાં શાણી ઠરે.

જે વાત વ્યવહારજગતમાં છે એ જ વાત અધ્યાત્મજગતમાં પણ છે. ત્યાં પણ જરા શબ્દાંતરે આવી બે પ્રકારની દષ્ટિ દર્શાવાઈ છે. એક છે બાહ્યદષ્ટિ અને બીજી છે તત્ત્વદષ્ટિ. જે દષ્ટિ સંસારના પદાર્થો વગેરેનું, અરે! ધર્મી સુદ્ધાનું પણ, ઉપલક નજરથી મૂલ્યાંકન કરે એને કહેવાય બાહ્યદષ્ટિ અને જે દરેક બાબતનું ભીતરમાં જઈને મૂલ્યાંકન કરે એને કહેવાય તત્ત્વદષ્ટિ. 'જ્ઞાનસાર' ગ્રન્થકાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર એ ગ્રન્થના ઓગણીશમા અષ્ટકમાં આ બન્ને દષ્ટિની રજૂઆત કરીને અલગ અલગ પ્રતિપાદનો દ્વારા સાધકને એ અનુરોધ કરે છે કે અધ્યાત્મક્ષેત્રે આગળ વધવા કાજે જીવનમાં તત્ત્વદષ્ટિ અપનાવવી આવશ્યક છે. આવો, આપણે માણીએ તત્ત્વદષ્ટિ બનવાનો અનુરોધ કરતી 'યશોવાણી'ની ઝલકોઃ

ઓગણીશમા અષ્ટકના પ્રથમ શ્લોકમાં તેઓ જૈન દર્શનનો એક શાસ્ત્રીય પદાર્થ ગૂંથીને પોતાની પ્રસ્તુતિ કરે છે. જૈન દર્શન કહે છે કે આત્મા અરૂપી છે અર્થાત્ વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિથી રહિત છે, જ્યારે પુદ્ગલો તમામ રૂપી છે એટલે કે વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિથી યુક્ત છે. શરીર–સંપત્તિ–મકાનાદિ સર્વ બાહ્ય પદાર્થો આ પુદ્ગલમય છે. 'જ્ઞાનસાર' ગ્રન્થકાર આ શાસ્ત્રીય પદાર્થના આધારે પ્રથમ શ્લોકમાં સરસ વાત કરે છે કે બાહ્ય દષ્ટિ (=ચર્મચક્ષુ) રૂપી છે માટે બાહ્યદષ્ટિ જીવો માત્ર રૂપાળા–આકર્ષક શરીર–બંગલા વગેરેમાં મોહાય છે. જ્યારે તત્ત્વદષ્ટિ જ્ઞાનમય હોવાથી અરૂપી છે. માટે એ અરૂપી આત્મામાં લીન રહે છેઃ જાણે કે રૂપીનો રૂપી સાથે મેળ અને અરૂપીનો અરૂપી સાથે મેળ!!

શબ્દાનુપ્રાસ સાથે ગ્રન્થકારે બહુ અદ્ભુત વાત કરી દીધી છે સાધકને કે જો તું સાધનાજગતમાં પ્રગતિ કર્યા પછી ય કો' રૂપરૂપના અંબાર સમી સુંદરીને

નિહાળી એનાં રૂપથી અભિભૂત થઈ જતો હોય તો સમજજે કે તારી સાધના તકલાદી છે–પોલાદી નથી. જો તું તારાં શરીરસૌષ્ઠવ પર મુસ્તાક હોય–એનાથી ગર્વિષ્ઠ હોય તો સમજજે કે તારી સાધના પરિણામદાયી નથી. જો તું તારાં કે અન્યના ઓફિસ–બંગલા–રાચરચીલાથી ખુશી–મસ્તી અનુભવતો હોય તો યાદ રાખજે કે હજુ તારામાં તત્ત્વદૃષ્ટિનો ઊઘાડ થયો નથી. સાચા સાધકની આ ત્રણે અને એથી ય આગળ દરેક રૂપી પૌદ્‌ગલિક આકર્ષક પદાર્થોને નિહાળવાનો તરીકો સાવ અલગ હોય. એમાં બાહ્ય ચમકને પ્રાધાન્ય ન હોય, માત્ર અભ્યંતર વાસ્તવિકતાને જ નજરમાં રખાય. સ્વયં ગ્રન્થકાર ઉપરોક્ત ત્રણ ઉદાહરણરૂપ બાબતોને નિહાળવાની તત્ત્વદષ્ટા પુણ્યાત્માની શૈલી ત્રણ અલગ–અલગ શ્લોકોમાં દર્શાવે છે.

તેમાં સૌંદર્યમંડિત લલનાને નિહાળવાની તત્ત્વદષ્ટાની શૈલી અંગે તેઓ જણાવે છે કે :–

बाह्यदृष्टेः सुधासार-घटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु सा साक्षाद्, - विण्मूत्रपिठरोदरी ।।

ભાવાર્થ કે જે માત્ર ચર્મચક્ષુ–બાહ્યદૃષ્ટિ જ ધરાવે છે એને મન સુંદર સ્ત્રી જાણે કે અમૃત જેવા સારભૂત પદાર્થોમાં રચાઈ હોય એવી ભાસતી હોય છે. મતલબ કે આ જગતનો શ્રેષ્ઠ સાર સ્ત્રી જ છે એમ એ નિહાળે. જ્યારે તત્ત્વદૃષ્ટિ ધરાવતા પુણ્યાત્મા એમ વિચારે કે આ તો માત્ર ઉપરની–Packingની ચમક છે. બાકી સત્ય વાસ્તવિકતા એ છે કે તે સુંદરી વિષ્ટા–મૂત્રાદિ અશુચિ પદાર્થોની હાંડી જેવી જ છે. જ્યારે દૃષ્ટિ  આ રીતની કેળવાય ત્યારે કેવું પ્રેરક પરિવર્તન આવી શકે એ જાણવું છે? તો વાંચો તુલસીદાસ અને રત્નાવલિની આ સત્ય ઘટના :

ગોસ્વામી તુલસીદાસ એમની પત્ની રત્નાવલિ પ્રત્યે એવા બેહદ આસક્ત હતા કે એનો એક રાત્રિનો વિરહ પણ એ સહી ન શકતા. એમની આંખોમાં સતત રમતું રત્નાવલિનું રૂપ–બાહ્ય Packing એમને એવો અહેસાસ કરાવતું હતું કે જાણે એમના માટે સમગ્ર સંસારમાં સાર માત્ર રત્નાવલિ જ છે. રત્નાવલિને ખુદને તુલસીદાસની આ બેહદ આસક્તિ ખટકતી હતી. એક વાર રત્નાવલિ

કાર્યવશ પિતૃગૃહે ગઈ હતી અને રાત્રે પરત આવવાની હતી. પરંતુ વરસાદની હેલી વરસતી હોવાથી એ ત્યાં જ રોકાઈ ગઈ.

રત્નાવલિ વિના વ્યાકુળ તુલસીદાસ રાત્રે શ્વશુરગૃહે જવા નીકળ્યા. માર્ગમાં નદી આવતી હતી તો મુશલધાર વર્ષા વચ્ચે જોખમ ખેડીને એમણે એને ય તરીને પાર કરી. શ્વશુરગૃહે પહોંચ્યા ત્યારે દ્વાર બંધ હતા તો લટકતા નાગના સહારે એ ઉપરની મંઝિલે પહોંચ્યા. પોતાના દેહસૌંદર્ય પર તુલસીદાસનું આ પાગલપન નિહાળી વિદુષી રત્નાવલિએ તુલસીદાસની વાસનામય બાહ્યદષ્ટિને જોરદાર ઝટકો આપતા આ પંક્તિ ઉચ્ચારી કેઃ–

अस्थि-चरममय देह मम, ता में जैसी प्रीत ।
वैसी जो रघुवीरमें, ता तें होत न भीत ।।

મતલબ હાડ–ચામ–માંસથી ભરેલ મારા વિનશ્વર દેહમાં શું આ પાગલ પ્રીત તમે ધરો છો? અગર જો આવી જ પ્રીત રામચન્દ્રજીમાં પ્રગટી જાય તો તમને સંસારનો કોઈ ભય જ ન રહે. ક્યારેક કોઈ શબ્દો શકવર્તી પરિવર્તનનું નિમિત્ત બની જતા હોય છે. આ શબ્દોએ તુલીદાસની બાહ્યદષ્ટિને જાણે કે બીડી દઈ તત્ત્વદષ્ટિનો એવો ઊઘાડ કર્યો કે એમનો રત્નાવલિ પ્રત્યેનો રાગ ઓસરી ગયો અને જીવનમાં કામના બદલે રામનું સામ્રાજય સ્થપાઈ ગયું. એમણે 'રામચરિતમાનસ' નામે જગવિખ્યાત ગ્રન્થ લખ્યો અને તેઓ સંત તુલસીદાસરૂપે વિખ્યાત થયા.

તત્ત્વદષ્ટિના ઉઘાડથી પ્રબળ વૈરાગ્યની આ કમાલ સર્જાય છે...

ઘણી વાર વ્યક્તિને ખુદને પોતાનાં દેહસૌંદર્ય પર ગર્વ હોય છે. વ્યક્તિ સ્ત્રી હોય યા પુરુષઃ કુદરતે જો એને છૂટા હાથે સૌંદર્યદાન કર્યું હોય અને યુવાવસ્થામાં એનો નિખાર જબરજસ્ત હોય ત્યારે બાહ્ય દષ્ટિ ધરાવનાર વ્યક્તિને પોતાનાં એ સૌંદર્ય પર આસાનીથી અભિમાન જાગે. હા, બની શકે કે સ્ત્રી–પુરુષોમાં દેહયષ્ટિનું એ આકર્ષણ અલગ અલગ સ્તરનું હોય. નવયુવાન સ્ત્રીને 'સાગના સોટા' જેવી કાયાના અભરખા હોય, તો નવયુવાન પુરુષને Six pack body જમાવવાના અભરખા હોય. આખર આ બધો શરીરકેન્દ્રિત બાહ્યદષ્ટિનો અભિગમ છે.

તેઓ આ અભિગમ તોડી નાંખે તેવો તત્ત્વદષ્ટા આત્માનો શરીર પ્રત્યેનો અભિગમ દર્શાવે છે કે આખર આ સોહામણું શરીર છે શું? કૃમિઓ–કીડાઓના કુલથી આકુલ–વ્યાપ્ત સ્થાન છે. જાણે કે એ કીડાઓનું નિવાસસ્થાન ન હોય! ગ્રન્થકારના શબ્દો છે 'कृमिकुलाकुलम्' કેન્સરની પરાકાષ્ઠાએ વ્યક્તિના દેહમાં કીડા ખદબદતા હોય અને દેહ પરથી પરસેવો ખરે તેમ એમાંથી કીડા ખરતા નિહાળાય ત્યારે ગ્રન્થકારના આ શબ્દોનો આપણને સંપૂર્ણ સાક્ષાત્કાર થાય. ઠેઠ શૈશવથી જોવા મળતો શરીર સાથેનો કૃમિઓનો આ નાતો જ્યારે રોગોની ક્ષણોમાં વિકરાલરૂપે બહાર આવે ત્યારે દર્શકને કમકમાટી આવી જાય એવો માહોલ રચાઈ જતો હોય છે.

ગ્રન્થકાર આવી વાસ્તવિકતા તરફ અંગુલિનિર્દેશ કરવા દ્વારા એક તરફ આપણો દેહ પ્રત્યેનો ગર્વ–અહં ઓગાળવાનો પ્રયાસ કરે છે, તો બીજી તરફ એ રીતનો અંગુલિનિર્દેશ પણ કરે છે કે દેહ જ્યાં સુધી રોગોથી–કીટકોથી અશક્ત થઈ ગયો નથી ત્યાં સુધી એનો વધુમાં વધુ ઉપયોગ ધર્મઆરાધના માટે કરી લેવો. નહિ તો જર્જરિત દેહથી પછી કોઈ મહાન ધર્મઆરાધના નહિ થઈ શકે. જૈન આગમગ્રન્થ 'દશવૈકાલિક' સૂત્રમાં આવો નિર્દેશ એક ગાથા દ્વારા બહુ સ્પષ્ટપણે કરાયો છે કે ''જ્યાં સુધી વૃદ્ધાવસ્થાએ દેહ પર ડેરા–તંબુ તાણ્યા નથી, જ્યાં સુધી રોગોએ દેહને ઘેરી લીધો નથી અને જ્યાં સુધી ઈન્દ્રિયશક્તિઓ ક્ષીણ થઈ ગઈ નથી ત્યાં સુધીમાં ધર્મસાધના શ્રેષ્ઠ રીતે કરી લો''...

સ્ત્રીસૌંદર્યનાં આકર્ષણથી અને દેહસૌષ્ઠવના અહંથી દૂર લઈ જતી ગ્રન્થકારે દર્શાવેલ આ વિચારણાઓ બાદ હવે વિચારીએ બંગલા–ઓફિસ–રાચરચીલા વગેરે પ્રત્યેનો તત્ત્વદષ્ટા પુણ્યાત્માનો અભિગમ. આ અષ્ટકનો એક શ્લોક ગ્રન્થકાર આમ ફરમાવે છે કે :–

ग्रामारामादि मोहाय, यद्दृष्टं बाह्यया दृशा ।
तत्त्वदृष्ट्या तदेवान्त-र्नीतं वैराग्यसम्पदे ।।

શ્લોકનાં કથનને સમજવા એક સરલ ઉદાહરણ વિચારીએઃ અમે અમદાવાદથી મુંબઈ તરફ ચાલીને જતા હોઈએ ત્યારે Highway પરનો

Milestone અમને મુંબઈ કેટલું દૂર છે એ દર્શાવે. Milestone પસાર કર્યા બાદ અમે અમદાવાદ સન્મુખ રહીને એ જ Milestone જોઈએ તો એ અમને અમદાવાદ કેટલું દૂર છે એ દર્શાવે. Milestone એનો એ જ, કિંતુ એને નિહાળવાની શૈલી બદલાય એટલે પરિણામ સાવ અલગ મળે. બસ, આ જ વાત સમૃદ્ધિ-મકાન વગેરે અંગે છે કે બાહ્યદષ્ટિવંત આત્મા એને નિહાળી નિહાળીને ગાઢ આસક્તિ અનુભવે, જ્યારે તત્ત્વદષ્ટિવંત આત્મા એના ભાવિ પર્યાયોનો-એની વિનાશિતાનો વિચાર કરીને વૈરાગ્ય પામે.

જેમ કે એ વિચારે કે 'આજે જે આલીશાન બંગલો છે એને એક સમયે ખંડેર બની જતા વાર નહિ લાગે. આજે જે બંગલાના પરિસરમાં લીલોછમ બગીચો છે એને કાલે ઉજ્જડ-ભેંકાર વન બની જતા વાર નહિ લાગે.' આ જ સંદર્ભમાં એક તાજો અનુભવેલ નિર્દેશ કરું તો, આ લેખ લખાય છે એના પૂર્વદિવસે અમે ઇડરનગરના પર્વત પરના શાંતિનાથબાવનજિનાલયની યાત્રા કરી. પર્વત ઊતરવાના માર્ગે ત્યાંના પૂર્વકાલીન રાજાઓનો રાજમહેલ છે. આજે એ એવી ભેંકાર-ખંડેરદશામાં છે કે એ કૂતરાં-બિલાડા જેવા પ્રાણીના નિવાસરૂપે અને ગરીબ પ્રજાની શૌચક્રિયામાં જ વપરાય છે. ક્યાં એક સમયનો અધિકારીવર્ગથી ઉભરાતો રાજમહેલ અને ક્યાં આજની એની બદતર દશા!! આવું દરેક સમૃદ્ધિમાં બની શકે છે એમ વિચારીને તત્ત્વદષ્ટા પુણ્યાત્મા પુણ્યથી પ્રાપ્ત થયેલ સંપદાને પણ વૈરાગ્યનું કારણ બનાવે. યાદ આવે અહીં 'પ્રશમરતિ' ગ્રન્થનું વચન કે ''क्षणविपरिणामधर्माः मर्त्यानामृद्धिसमुदयाः सर्वे'' ભાવાર્થ કે માનવીની તમામ ઋદ્ધિ-સમૃદ્ધિઓ ક્ષણમાં વિપરિણામ-વિકૃતિ પામી શકે એવી હોય છે. પછી એમાં મોહ શા માટે ? ગર્વ શા માટે ?

તત્ત્વદષ્ટા પુણ્યાત્માની આવી આવી અનેક વાસ્તવિક અને વૈરાગ્ય તરફ લઇ જતી વિચારધારાઓ ઓગણીશમા અષ્ટકમાં ગ્રન્થકાર શ્રીમદ્ યશોવિજયજી મહારાજે દર્શાવી છે. આપણે એના પ્રાથમિક સારરૂપે ત્રણ બાબતો જીવનમાં વૈચારિક સ્તરે આત્મસાત્ કરીએ તો જીવન આર્તધ્યાનમુક્ત-સ્વસ્થ બની રહેશે અને ભાવિમાં તત્ત્વદષ્ટિનો વધુ ઉત્તમ ઉઘાડ થશે. એ ત્રણ બાબતો સંક્ષેપમાં આ છેઃ

(૧) દરેક સમૃદ્ધિ વિપરિણામી અને વિનાશી છે. કાં તો એ સર્વથા નષ્ટ થઇ શકે છે, કાં તો એમાં દીઠા ન ગમે એવા વિકૃત ફેરફાર આવી શકે છે. માટે એના પર તીવ્ર આસક્તિ નથી રાખવી. બલ્કે 'આ પણ બદલાઇ જશે' આવો સ્વસ્થ–મસ્ત અભિગમ રાખવો છે. (૨) મમતામયી મા હો, પ્રિય પત્ની હો કે વહાલસોયા સંતાન હોઃ સહુથી એક દિવસ વિખૂટા થવાનું છે. કાં તો એ મને મૂકીને જશે, કાં તો હું એમને મૂકીને જઇશ. માટે એમના પર પણ ગાઢ આસક્તિ નથી રાખવી. માત્ર આદરબુદ્ધિ–કર્તવ્યબુદ્ધિ રાખવી છે. (૩) કાયા કાચની નકશીયુક્ત હાંડી સમી છે. ચાહે તેવી રમણીય એ દેખાયઃ તો ય કાચી ક્ષણમાં નષ્ટ થઇ શકે છે, રોગગ્રસ્ત થઇ શકે છે. માટે હવાઇ ખ્વાબોમાં રાચવા કરતાં કોઇ પણ રોગાદિ અવસ્થાની સંભાવના નજર સમક્ષ રાખી હાયવોયમુક્ત–શાંત રહીશ.

છેલ્લે એક વાત : **બાહ્યદૃષ્ટિ વ્યક્તિને બાહરી વિશ્વમાં ભટકાવે... તત્ત્વ-દૃષ્ટિ વ્યક્તિને ભીતરના વિશ્વમાં સ્થિર કરે ...** ◆◆◆

## ૨૧

# બાહ્ય સમૃદ્ધિ વ્યક્તિને માત્ર સુવિધા આપી શકે... અભ્યંતર સમૃદ્ધિ જ વ્યક્તિને સાચું સુખ આપી શકે...

ગામબહારના વૃક્ષ નીચે બેસી એક ભિક્ષુએ જીવનભર ભીખ માંગી હતી. એની નજર માર્ગ પર જતાં–આવતાં વટેમાર્ગુઓ પર રહે અને એમની પાસે પાંચ–દશ પૈસા માંગે. એનું સમગ્ર જીવન આ ભિક્ષાવૃત્તિ પર વ્યતીત થયું હતું.

પણ...એના મૃત્યુના જૂજ દિવસો બાદ એક કમાલ સર્જાઈ. ગામની એક વ્યક્તિને સ્વપ્ન આવ્યું કે ભિક્ષુક જ્યાં બેસતો હતો એ જ ભૂમિમાં મૂલ્યવાન નિધાન છે. માત્ર થોડું અંદર ઊતરતા એ મળી જશે. એ વ્યક્તિએ સ્વપ્નસંકેત મુજબ તે ભૂમિની અંદર થોડું ખોદકામ કર્યું અને એને ખરેખર ક્રોડોની કિંમતનો ખજાનો મળી ગયો. વાયુવેગે ગામમાં આ વાત ફેલાઈ ગઈ અને ત્યારે સહુનાં મુખમાં એ જ શબ્દો હતા કે ‘‘બિચારો ભિક્ષુક ! નસીબ એનું પાંગળું. એથી આજીવન એ જ ભૂમિ પર રહ્યો તો ય બહાર નજર રાખી અહીં–તહીંથી માત્ર પાઈ–પૈસો જ પામ્યો. થોડો

અંદર ઊતર્યો હોત તો એ ક્રોડોની સમૃદ્ધિનો માલિક બની જાત.''

બસ, આ દૃષ્ટાંતના ભિક્ષુક જેવી જ વાત આપણી છે. બહાર અહીં–તહીં દૃષ્ટિ દોડાવીને આપણે જે ભૌતિક સમૃદ્ધિ એકત્ર કરીએ છીએ એનું વસ્તુતઃ મૂલ્ય પેલા ભિક્ષુને મળેલા પાઈ–પૈસા જેવું છે. એના બદલે અન્તર્દૃષ્ટિ ખોલી અધ્યાત્મદશા કેળવીએ તો એનાથી એવી આંતર સમૃદ્ધિ ઉપલબ્ધ થાય કે જેની સામે પેલું ક્રોડોનું નિધાન પણ કોડી જેવું મૂલ્યહીન ઠરે. આ પદાર્થને સમજાવતાં 'જ્ઞાનસાર'ગ્રન્થકાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર વીશમા સર્વસમૃદ્ધિઅષ્ટકના પ્રારંભે લખે છે આ શ્લોક કે :–

बाह्यदृष्टिप्रचारेषु, मुद्रितेषु महात्मनः ।
अन्तरेवावभासन्ते, स्फुटाः सर्वाः समृद्धयः ।।

ભાવાર્થ કે 'હે સાધક મુનિ ! જો તું ભૌતિક સમૃદ્ધિમાં પાગલપન દાખવીને આમ–તેમ ભટકતી બાહ્યદૃષ્ટિના પ્રસારને સ્થગિત કરી દે–અટકાવી દે તો તારી ભીતરમાં જ તને સર્વ ઉત્કૃષ્ટ સમૃદ્ધિઓ પ્રગટ દૃશ્યમાન થશે, ઉપલબ્ધ થશે.' એ ભીતરી સમૃદ્ધિ બાહ્ય ભૌતિક સમૃદ્ધિની તુલનાએ બેશક અત્યંત ઉત્કૃષ્ટ–શ્રેષ્ઠ છે. કારણ કે બાહ્ય સમૃદ્ધિ પૌદ્‌ગલિક છે, જ્યારે અભ્યંતર સમૃદ્ધિ આત્મિક છે. બાહ્ય સમૃદ્ધિનું દાન અન્યોને કરવામાં તત્ક્ષણ – દેખીતી તો તેમાં હાનિ છે, જ્યારે આત્મિક સમૃદ્ધિનું દાન અન્યોને કરવામાં ઉભયપક્ષે વૃદ્ધિ જ વૃદ્ધિ છે. બાહ્ય સમૃદ્ધિ તિજોરીમાં તાળાં લગાવીને સુરક્ષિત રાખવા છતાં ચોરાઈ શકે છે, જ્યારે આ અભ્યંતર સમૃદ્ધિ સરાજાહેર હોવા છતાં ચોરાઈ શકતી નથી. અને...સૌથી મોટો ફર્ક એ છે કે આસક્તિ–પાપપ્રવૃત્તિમાં નિમિત્તતાદિ દ્વારા બાહ્ય સમૃદ્ધિ ઘોર અધઃપતનનું કારણ બની રહે છે, જ્યારે અભ્યંતર સમૃદ્ધિ માત્ર ને માત્ર આત્મકલ્યાણનું કારણ બની રહે છે. હા, એમાં શ્લોક જણાવે છે તેમ શર્ત એટલી જ કે બાહ્યદૃષ્ટિ–બહિર્મુખતા સ્થગિત કરીને ભીતરમાં–આત્મસાધનામાં ઊંડા ઊતરવું જોઈએ.

સર્વસમૃદ્ધિઅષ્ટકના એ પછીના શ્લોકોમાં 'જ્ઞાનસાર' ગ્રન્થકાર જે એક પછી એક મસ્ત કલ્પનાઓ પ્રસ્તુત કરે છે એમાં ઊડીને આંખે વળગે એવી વાત નિહાળાય છે જૈન દર્શનનો ઉદાર અભિગમ. આ અષ્ટકમાં, સાધક મહાત્માને

તીર્થંકરપદ પણ દૂર નથી એમ અંતે લખાયું છે. કિંતુ એ પૂર્વે સાધક મુનિના આત્મૈશ્વર્ય સાથે ઈન્દ્ર–શેષનાગ–શંકર–શ્રીકૃષ્ણ–બ્રહ્મા જેવી વિભૂતિના ઐશ્વર્યની રસપ્રદ સરખામણી થઈ છે. અ–જૈન દર્શનોમાં જેઓ દેવરૂપે–પ્રભુરૂપે પ્રતિષ્ઠિત છે તે મહાનુભાવોની આદરપૂર્વક જૈન ગ્રન્થોમાં સરખામણી કરવી એ ઉદાર અભિગમ વિના શક્ય ન બને. સર્વસમૃદ્ધિઅષ્ટકમાં જે આ ઉદારતા નિહાળાય છે તે 'જ્ઞાનસાર' ગ્રન્થકારને નહિ, એથી ય આગળ જૈન દર્શનને આભારી છે.

એ શ્લોકોમાં નજરે તરી આવે તેવી અન્ય બાબત છે ગ્રન્થકારની ત્રણ વિશિષ્ટ શક્તિ. એ છે શબ્દશક્તિ, શાસ્ત્રબોધશક્તિ અને કલ્પનાશક્તિ. શ્રીમદ્ યશોવિજયજીની શબ્દશક્તિ એવી સમૃદ્ધ છે કે એક જ શ્લોકમાં એવા શબ્દો રજૂ કરે જે બે ય સંદર્ભમાં સાર્થક ઠરે. એક ઉદાહરણ વિચારીએ તો, આ અષ્ટકના છટ્ઠા શ્લોકમાં તેઓએ શ્રીકૃષ્ણ અને મુનિના ઐશ્વર્યની સરસ સરખામણી કરતા એક શબ્દપ્રયોગ કર્યો છે 'नरकच्छिदः'. શ્રીકૃષ્ણપક્ષે આનો અર્થ થાય છે નરકાસુરનો નાશ કરનાર, તો મુનિપક્ષે એનો અર્થ થાય છે નરકગતિનો નાશ કરનાર. એક જ શબ્દના આ રીતના બે સંપૂર્ણ સાર્થક અર્થસંદર્ભો ગ્રન્થકારની શબ્દશક્તિની કમાલ છે. આવી જ એમની શાસ્ત્રબોધશક્તિ છે. જેથી તેઓ ઐશ્વર્યસરખામણીમાં મુનિપક્ષે જે ગુણો પ્રસ્તુત કરે છે એ માત્ર સ્થાનપૂર્તિ જેવા નહિ, બલ્કે મુનિનાં–સાધકનાં જીવનનાં અગત્યનાં પરિબળો જેવાં છે. એની એક ઝલક આપણે હમણાં જ નિહાળીશું. અને... કલ્પનાશક્તિ? એ તો ગ્રન્થકારે આ અષ્ટકના એકેક શ્લોકમાં કાબિલેદાદ પ્રસ્તુત કરી છે. આપણે સ્થળ સંકોચવશ અહીં દરેક શ્લોકોની કલ્પનાને સ્પર્શી શકતા નથી. પરંતુ ઝલકરૂપ એક શ્લોક નિહાળીએ. અષ્ટકનો બીજો શ્લોક ગ્રન્થકાર આ રચે છે કેઃ–

समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ।।

દેવરાજ ઈન્દ્ર અને મુનિરૂપી ઈન્દ્રની સરખામણી કરતા આ શ્લોકમાં ચાર રસાળ કલ્પનાઓ છે : (૧) દેવરાજ ઈન્દ્ર નંદનવનનો માલિક હોય છે જેમાં

આરામ લેવાથી એને શાંતિ–પ્રસન્નતા–આહ્લાદની અનુભૂતિ થાય. તો એ જ રીતે મુનિરૂપી ઈન્દ્ર પણ સમાધિ નામે નંદનવનના માલિક હોય છે જેમાં આરામ લેતા રહી તેઓ સદાય શાંતિ–પ્રસન્નતા–આહ્લાદ અનુભવે છે. કોઈ ગમે તેવા શબ્દો કહી જાય કે કોઈ નુકસાન કરી જાય તો ય મુનિની ચિત્તપ્રસન્નતા અકબંધ રહે છે તે આ સમાધિરૂપી નંદનવનના આરામનો પ્રભાવ છે. (૨) ઈન્દ્ર પાસે વજ્ર નામે એવું કાતિલ શસ્ત્ર છે જે પર્વતોના પણ ચૂરેચૂરા કરી દે. તો મુનીરૂપી ઈન્દ્ર પાસે ધૈર્યરૂપી વજ્ર એવું કાતિલ છે કે જે પરિષહજન્ય દીનતાઓના–વ્યાકુળતાઓના પર્વતોના ચૂરેચૂરા કરી દે. મુનિ કદાપિ પરિષહો વચ્ચે દીનતા–વ્યાકુળતા ન અનુભવે એનું કારણ આ ધૈર્ય નામે વજ્ર છે (૩) ઈન્દ્રને જીવનસંગિની હોય છે શચી જે એનાં જીવનમાં સ્નેહની મહેંક ફેલાવે છે. તો મુનિરૂપી ઈન્દ્રની જીવનસંગિની હોય છે સમતારૂપી શચી જે એનાં જીવનમાં મધ્યસ્થતાની મહેંક ફેલાવે છે. પરિસ્થિતિ ભલે અનુકૂળ યા પ્રતિકૂળ હો, મુનિ સદા ય સમભાવમાં – મધ્યસ્થપણે રહે. (૪) ઈન્દ્રને નિવાસરૂપે ઋદ્ધિવંત મહાવિમાન હોય છે જેમાં એ આજીવન રહે. તો મુનિરૂપી ઈન્દ્ર પાસે જ્ઞાનરૂપી મહાવિમાન હોય છે જેમાં એ આજીવન રહે. ''જ્ઞાનાદિગુણયુતાનામ્'' જેવાં વિશેષણો એટલે જ તો મુનિ માટે લખાયા છે. આ ચારે ય ગુણો એ દર્શાવે છે કે તે સ્થાનપૂર્તિના શબ્દો નથી, બલ્કે મુનિની સાધનાનાં અગત્યનાં પરિબળો છે.

ચારે ય કલ્પનાશીલ ઉપમાઓ વિચારીશું તો એમ પ્રતીત થશે કે કેવી સર્વથા સંગત Perfect રજૂઆત છે. આમાં પ્રથમ કલ્પનામાં જે 'સમાધિ'ની વાત કરાઈ છે તે મુનિનાં જીવનમાં, વિપરીત સ્થિતિ વચ્ચે ય કેવી ઝળકતી રહે એ જાણવું છે ? તો વાંચો અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ દિવંગત યુગદિવાકર આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજનો આ મસ્ત જીવનપ્રસંગ...

ઈ.સ. ૧૯૪૬. તે વર્ષે આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ. કચ્છના નાના–મોટા પ્રત્યેક તીર્થોની પગપાળા યાત્રા માટે એ પ્રદેશમાં પધાર્યા હતા. અમારા ગુરુદેવ પ્રૌઢપ્રભાવશાલી દિવંગત આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. ની દીક્ષાનું એ પૂર્વવર્ષ હતું. તેઓ ત્યારે બાલમુમુક્ષુ સેવંતીકુમારરૂપે તેઓની સાથે હતા. શ્રમણો તો નવ સાથે હતા. પણ ઝડપી ગતિનાં કારણે ધર્મસૂરિદાદા અને સેવંતીકુમાર : બન્ને

સાથે વિહાર કરે. પૂર્વગામથી સૌથી છેલ્લા વિહાર અને સામે ગામ સૌથી પ્રથમ પ્રવેશ : આ એમનો નિત્ય ક્રમ રહેતો.

એક સાંજની વાત. મોથારા ગામથી વિહાર કરી સણોસરા ગામે જવાનું હતું. નિત્યક્રમાનુસાર આ. ધર્મસૂરીશ્વરજી મ. સેવંતીકુમાર સાથે સૌથી છેલ્લા નિસર્યા. ગામબહાર પહોંચ્યા ત્યાં બે માર્ગ દેખાયા. સૂમસામ સીમ હતી. માત્ર ત્યાં કૂવાકાંઠે એક વિધર્મી સ્ત્રી પાણી ભરતી હતી. ગુરુદેવે એને સણોસરાનો માર્ગ પૂછ્યો. પેલી સ્ત્રી અકારણ સંતોની દ્વેષી હતી. એથી એણે પૂરી ઠાવકાઈથી જાણી–બૂઝીને ગલત માર્ગ બતાવી દીધો. એની વાત પર વિશ્વાસ રાખી ગુરુદેવે ઝડપથી એ માર્ગે ચાલવા માંડ્યું. એક–બે–ત્રણ અને પાંચ કિલોમીટરે તો માર્ગ સાવ બંધ થવા આવ્યો. સામે માત્ર ઝાડી ઝાંખર હતા. એવામાં દૂર–દૂરથી એક ખેડૂતે સાદ કરી જણાવ્યું કે ''અહીં કોઈ માર્ગ છે જ નહિ, સણોસરા જવા માટે ફરી મોથારાના પાદર સુધી જઈ ત્યાંથી બીજો માર્ગ લેવો રહેશે, તે સિવાય કોઈ વિકલ્પ નથી.'' મોથારા પહોંચવા સુધીનો કુલ દશ કિ.મી. નો વ્યર્થ ફેરો અને તે પછી સણોસરાનો આઠ કિ.મી. નો વિહાર : એ દિવસે ગુરુદેવની તથા સેવંતીકુમારની કપરી કસોટી થઈ. રાત્રે અંધારું પણ ખૂબ થઈ ગયું. કિંતુ તો ય ગુરુદેવનાં મનમાં, જાણી–બુઝીને ત્રાસ આપનાર એ વિધર્મી સ્ત્રી પર કોઈ આક્રોશ ન જાગ્યો. એમણે સેવંતીકુમારને માત્ર એટલું જ કહ્યું કે ''હશે, આજે આપણાં ભાગ્યમાં આ રીતનો ફેરો લખાયો હશે...'' આવો સ્વસ્થ પ્રતિભાવ ત્યારે જ આવી શકે, જ્યારે સમાધિનો ભાવ જ્વલંત હોય. ક્યાં ''**ઊઠ્યા ત્યારથી ઉપાધિ**'' ની સરેરાશ વ્યક્તિની જીવનશૈલી અને ક્યાં '**સમસ્યામાં ય સમાધિ**'ની સંતોની જીવનશૈલી !

ઉપરોક્ત શ્લોકને આપણે વિસ્તારથી વિચાર્યો. તો હવે એક–બે શ્લોક એ રીતે વિચારીએ જેના માત્ર એક અંશનો અહીં ઉલ્લેખ હોય. જેમ કે ચતુર્થ શ્લોકમાં ગ્રન્થકારે મુનિને નાગરાજ શેષનાગ સાથે સરખાવ્યા છે. ત્યાં વિવિધ પૈકી એક તુલના આમ કરાઈ છે કે શેષનાગ પાસે નવ અમૃતકુંડ હોય છે, તો મુનિ પાસે બ્રહ્મચર્યની નવ વાડરૂપ નવ અમૃતકુંડ છે. જૈન શ્રમણાચાર મુજબ મુનિનું બ્રહ્મચર્ય–ચારિત્ર એવું હોવું જોઈએ કે જે નવ વાડથી નિર્મલ હોય. શેષનાગ અને મુનિ : બન્નેને નવના અંકનાં માધ્યમે સંલગ્ન કરી ગ્રન્થકારે

કલ્પનાશીલતાની સાથોસાથ શ્રમણના ઉચ્ચ ચારિત્રને બહુ ખૂબીપૂર્વક બિરદાવ્યું છે... આ જ રીતે પાંચમા શ્લોકમાં ગ્રન્થકારે શંકર અને શ્રમણની સરસ સરખામણી કરી છે. એની વિવિધ પૈકી એક તુલના આમ કરાઈ છે કે શંકર વૃષભ ઉપર વિરાજે છે. તો શ્રમણ વિવેકરૂપી વૃષભ ઉપર વિરાજે છે. શ્રમણની દરેક પ્રવૃત્તિમાં વિવેક ડગલે ને પગલે ઝળહળતો હોય. જૈન શ્રમણાચારનો એક ઉલ્લેખ આગમમાં એવો મળે છે કે શ્રમણ ભિક્ષા માટે ગૃહસ્થના ઘરે ગયા હોય અને ત્યાં અન્ય ધર્મી સાધુ–સંત કે ભિક્ષુ ભિક્ષા લેવા પ્રવેશ્યા હોય તો જૈન શ્રમણે અંદર જવું નહિ ને ગૃહસ્થ જુએ એ રીતે ઊભા ન રહેવું. આટલો વિવેક એ એટલે રાખે કે પોતાનાં કારણે અન્યોને ભિક્ષાપ્રાપ્તિમાં વિક્ષેપ ન થાય. શ્રમણના આ દેદીપ્યમાન વિવેકને ગ્રન્થકારે 'विवेकवृषभस्थितः' કલ્પના દ્વારા સરસ બિરદાવ્યો છે.

આપણે આ અષ્ટકમાં પ્રસ્તુત થયેલ શ્રમણની સર્વ સમૃદ્ધિને હાલ તુર્ત ભલે પ્રાપ્ત ન કરી શકીએ. પરંતુ આ ચિંતનના સારરૂપ ત્રણ સમૃદ્ધિ તો અવશ્ય પ્રાપ્ત કરીએ : (૧) જીવનમાં પ્રતિકૂળતાઓ–સમસ્યાઓ આવી પડે ત્યારે અસ્વસ્થ – નાસીપાસ થઈ જવાના બદલે સમાધિ–સ્વસ્થતા જાળવવી. સમાધિની આ સમૃદ્ધિમાં એક તાકાત છે કે એ સમસ્યાઓને શાંત ચિત્તે ઉકેલવામાં સહાયક થશે. અને કદાચ સમસ્યા–પ્રતિકૂળતા દૂર ન થાય એવી હશે તો એ તમને અંદરથી તૂટી જવા નહિ દે–ટકાવી રાખશે. (૨) ચારિત્રનું સ્તર ઉચ્ચ રહે એ લક્ષ્ય રાખવું. Picture - T.V. Serial થી લઈને Pornography સુધીનાં માધ્યમો વિકૃતિ ઠાલવવા જયાં તૈયાર જ છે એવા આ યુગમાં ચારિત્ર અંગે–સદાચાર અંગે વ્યક્તિગત જાગૃતિ–સંકલ્પ અત્યંત આવશ્યક છે. ચારિત્રની સમૃદ્ધિ નહિ હોય તો વ્યક્તિનો પગ ગલત કુંડાળામાં પડી જતાં વાર નહિ લાગે. (૩) વાણીથી લઈને વર્તન સુધીના દરેક તબક્કે વિવેકની સમૃદ્ધિ આત્મસાત્ કરવી. કેમ કે વિવેક વિનાની વાણી–વિવેક વિનાનું વર્તન વ્યક્તિની ગરિમાને લાંછન લગાવી દે છે.

છેલ્લે એક વાત : **બાહ્ય સમૃદ્ધિ વ્યકિતને માત્ર સુવિધા આપી શકે ... જયારે અભ્યંતર સમૃદ્ધિ વ્યકિતને સાચું સુખ આપી શકે ...** ◆◆◆

२२

# જીવનને સમાધિમગ્ન રાખવા માટે મજાનું સૂત્ર : સુખની યાદ છોડો અને દુઃખની ફરિયાદ છોડો !

આ વિશ્વની Superpower મહાસત્તા કઇ? અમેરિકા–ચીન કે રશિયા? ના, રાજનીતિજ્ઞો ભલે આ કે આના જેવા કોઇ સમર્થ દેશને વિશ્વની Superpower મહાસત્તા માને. પરંતુ તાત્ત્વિક ભૂમિકાએ વિચારીએ તો આ સચરાચર સમગ્ર વિશ્વની સર્વકાલીન ભૌતિક Superpower મહાસત્તા એક જ છે અને તે છે 'કર્મ' મહાસત્તા. ભલે ને જગત જેને Superpower માનતું હતું તે સિકંદર–શાહજહાં કે હિટલર વગેરે સત્તાધીશો હો : કર્મસત્તા સામે એમને પણ મજબૂર થઇને ઝુકવું પડ્યું છે.

જે રાવણે ઇન્દ્ર નામે મહાસમર્થ વિદ્યાધર રાજવી પાસે લંકાની શેરીઓની સંજવારી કઢાવી હતી એ જ રાવણને કર્મસત્તાએ જોરદાર થપાટ મારી ત્યારે એને રણમાં રોળાઇને ખતમ થઇ જવું પડ્યું હતું, તો 'સોયની એક તસુ જેટલી ભૂમિ પણ પાંડવોને નહિ આપુ' તેવો હુંકાર કરનાર મદોન્મત્ત

દુર્યોધનને કર્મસત્તાએ જબરજસ્ત આંચકો આપ્યો ત્યારે સર્વસ્વ ગુમાવીને કુરુક્ષેત્રની ભૂમિમાં એને કણસતાં કણસતાં મરવું પડ્યું હતું. વિશ્વભરમાં જેનું રૂપસૌંદર્ય સર્વશ્રેષ્ઠ ગણાતું હતું તે ચક્રવર્તી સનતકુમારને કર્મસત્તાની લાલ આંખ થતાં ઘડીના છટ્ઠા ભાગમાં સત્તર સત્તર ભયાનક રોગોના ભોગ બનવું પડ્યું હતું, તો રામચન્દ્રજી અને પાંડવો જેવી ઉત્તમ વિભૂતિઓને કર્મસંયોગવશ દીર્ઘકાલીન વનવાસ વેઠવો પડ્યો હતો.

કર્મસત્તા જ્યારે રૂઠે છે ત્યારે જેમ ભલભલી હસ્તીઓની હસ્તી નેસ્તનાબૂદ કરી દે છે તેમ એ કર્મસત્તા જ્યારે રીઝે છે ત્યારે સાવ મામૂલી–મુફલીસ વ્યક્તિઓને એ મહત્ત્વની બનાવી દે છે, બેવકૂફને ય બાહોશ બનાવી દે છે. રૂઠેલી કર્મસત્તાને જૈન તત્ત્વજ્ઞાનની પરિભાષામાં અશુભ કર્મનો ઉદય કહેવાય છે, તો રીઝેલી કર્મસત્તાને જૈન પરિભાષામાં શુભ કર્મનો ઉદય કહેવાય છે. આ બન્ને પ્રકારના કર્મોના ઉદયનું–પરિણામનું ચિંતન કરવું તેને કહેવાય છે કર્મવિપાકનું ચિંતન. 'જ્ઞાનસાર' ગ્રન્થના સર્જક મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર એ ગ્રન્થના એકવીશમાં અષ્ટકમાં પ્રસ્તુત કરે છે આ કર્મવિપાકનું મસ્ત ચિંતન. અલબત્ત, એ અષ્ટકમાં એમણે મુખ્યત્વે અશુભ કર્મોના ઉદયથી થતાં નુકસાનોના નિર્દેશરૂપ કર્મવિપાકનું ચિંતન કર્યું છે. છતાં એના પ્રથમ શ્લોકમાં તેઓએ શુભ અને અશુભ બન્ને પ્રકારના કર્મોના ઉદયનો વિપાક દર્શાવીને, એ સમયે સાધકે કેવો અભિગમ દાખવવો જોઈએ એનું અફલાતૂન માર્ગદર્શન આપ્યું છે. એ પ્રથમ શ્લોકમાં તેઓ લખે છે કે :–

दु:खं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः ।
मुनिःकर्मविपाकस्य, जानन् परवशं जगत् ।।

જરા સમજીએ આ શ્લોકના વિચારસ્ફુલિંગને. સામાન્યતઃ એમ બને છે કે દુઃખોની ઝંઝાઝડી વરસે, અણધારી આફતો ઉપરાઉપરી લમણે ઝિંકાય અને જિંદગીની સરલ રફ્તાર Everest ના આરોહણ જેવી દુર્ગમ બની જાય ત્યારે માનવી નાસીપાસ–નિરાશ થઈ જઈ દીનતાનો–લાચારીનો અનુભવ કરે છે. અરે! ક્યારેક તો એ હતાશાની પરાકાષ્ઠાએ આત્મહત્યા સુધી ય પહોંચી જતો હોય છે. એથી વિપરીત સફલતા સામેથી લલાટતિલક કરવા આવે, અણધાર્યો

આર્થિક લાભ થાય, કલ્પનાતીત સામાજિક પ્રતિષ્ઠાદિ મળે ત્યારે માનવી અહંકારનો–ગર્વિષ્ઠતાનો અનુભવ કરે છે. અરે! ક્યારેક તો એ 'હું જ બધું છું' આવા કાતિલ કેફમાં રમતો થઈ જાય. એકવીશમા અષ્ટકનો પેલો પ્રથમ શ્લોક ત્યારે સરસ–સચોટ માર્ગદર્શન આપે છે કે 'સુખ–દુઃખ સફલતા–નિષ્ફલતા આખર તો શુભ–અશુભ કર્મોના પરિણામસ્વરૂપ છે' આવી સમજ કેળવીને સાધક પુણ્યાત્મા–શ્રમણ દુઃખ આવે ત્યારે દીન–લાચાર થઈ જતો નથી અને સુખ આવે ત્યારે અહંકારી બની જતો નથી. કર્મવિપાક ચિંતનનાં માધ્યમે સુખ–દુઃખમાં સ્વસ્થતા જાળવી રાખવાનો આ અભિગમ એવો અદ્‌ભૂત છે કે જે વ્યક્તિને આત્મહિતની દૃષ્ટિએ નુકસાનકારી આર્તધ્યાનથી તો બચાવે જ, ઉપરાંત બાહ્ય દૃષ્ટિએ પણ વ્યક્તિને સ્વસ્થ–તનાવમુક્ત બનાવી રાખે...

એક વાત ખબર છે ? દુઃખ કરતાં ય સુખ વધુ ખતરનાક પુરવાર થતું હોય છે એમ શાસ્ત્રકારોનું અને ચિંતકોનું પણ મન્તવ્ય છે. કારણ કે દુઃખમાં વ્યક્તિ મહદંશે પ્રભુસ્મરણાદિમાં જોડાઈ જાય છે અને એ સમયમાં જીવનના કઠોર બોધપાઠ મેળવીને ઘડાય છે–નમ્ર બને છે. જ્યારે સુખના સમયમાં સાર્વત્રિક સફળતા મળતી હોય ત્યારે વ્યક્તિ મહદંશે અભિમાની–અન્યોને ન ગણકારનાર–જાતને સર્વશક્તિમાન માની મિથ્યા ભ્રમમાં રાચનાર બની જાય છે. અતિશય સુખ–સફલતામાં મહાલનાર વ્યક્તિઓને કર્મસત્તા જ્યારે કારમી પછડાટ આપે ત્યારે એમની હાલત કેવી કફોડી થઈ જાય એનો સરસ નિર્દેશ કરતાં ગ્રન્થકાર આ અષ્ટકનો બીજો શ્લોક આ ફરમાવે છે કે :–

येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।
तैरहो कर्मवैषम्ये, भूपैर्भिक्षापि नाप्यते ।।

ભાવાર્થ કે જેમની આંખના એક ઈશારામાત્રથી સેવકો–સૈનિકો પર્વતોના પણ ભુક્કે ભુક્કા બોલાવી દે તેવા મહાસામર્થ્યશાલી સમ્રાટોને જ્યારે કર્મસત્તાની સણસણતી અવળી થપ્પડો પડે ત્યારે ભીખ માંગતા ય પેટ ભરવાના ફાંફા થઈ જાય છે! ગ્રન્થકારની આ વાતને અક્ષરશઃ સાર્થક થતી નિહાળવી હોય તો વાંચો ફ્રાન્સના ભાગ્યવિધાતા તરીકે પંકાયેલ નેપોલીયન બોનાપાર્ટ તથા હિંદુસ્તાનના છેલ્લા મોગલ બાદશાહ બહાદુરશાહ 'ઝફર'ના પરિવારજનોના આ પ્રસંગોઃ

એક સામાન્ય વિધવા માતાના પુત્રમાંથી અનેક યુદ્ધોના વિજેતા પરાક્રમી સમ્રાટ સુધીની સફર ખેડનાર નેપોલીયનના દિમાગમાં સફલતાની રાઈ એ હદે ભરાઈ ગઈ હતી કે એ ઘણી વાર જાહેરમાં બોલતો : ''હું એક જ ઈશારો કરીશ ત્યાં ફ્રાન્સની મશહૂર આલ્પ્સ પર્વતમાળાના પર્વતોએ મારા માર્ગમાંથી હટી જવું પડશે.'' મતલબ કે મારી પાસે એવી સૈન્યતાકાત છે જે મારો માર્ગ રુંધનાર આલ્પ્સ પર્વતોના ય ભુક્કા બોલાવી દેશે. આવો તોતિંગ અહંકાર રાખનાર નેપોલીયન પર કર્મસત્તાનો કરડો કોરડો વિંઝાયો અને એ 'વોટર લૂ'ના યુદ્ધમાં પરાજિત થયો. એના શત્રુઓએ એને કેદ કરી સેંટ હેલીના ટાપુ પર આજીવન એકાકી કારાવાસમાં રાખવાનો નિર્ણય કર્યો.

બંદીવાન નેપોલીયનને ટાપુ ઉપર લઈ જવાતો હતો એ માર્ગ એકદમ સાંકડો હતો. સામસામે બે વ્યક્તિ આવી જાય તો એકે બાજુમાં ઉતરવું જ પડે એટલો નાનકડો કેડીમાર્ગ એ હતો. અચાનક એવું બન્યું કે સામેથી એક મજૂર સ્ત્રી માથે ભારો લઈને આવતી દેખાઈ. એ એકદમ નજીક આવી ત્યારે નેપોલીયને આદતવશ કહ્યુંઃ ''બાઈ ! તું માર્ગની નીચે ઊતરી જા. હું નેપોલીયન છું.'' બાઈએ ધરાર ન ખસતાં ધારદાર ઉત્તર આપ્યોઃ ''તું ગમે તે હો એમાં મારે શું? ભાર મારા માથે છે, તારા માથે તો કોઈ ભાર નથી. માટે તારે જ નીચે ઊતરવું પડશે.'' નેપોલીયનને ચૂપચાપ નીચે ઊતરવું પડ્યું. રે ! જે નેપોલીયન આંખના એક ઈશારે સમગ્ર પર્વતમાળા હટાવી દેવાની શેખી કરતો હતો એ, કર્મની થપ્પડ પડી ત્યારે સામાન્ય સ્ત્રીને ય બાજુ પર ન હટાવી શક્યો...

હવે નિહાળીએ બહાદુરશાહ 'ઝફર'ના સ્વજનોની વાત. ઈ.સ. ૧૮૫૭ની ક્રાંતિ પાશવી તાકાતના જોરે બ્રિટીશરોએ નિષ્ફળ બનાવી. એ પછી બાદશાહ બહાદુરશાહને રંગૂનમાં આજીવન કારાવાસ મોકલી દેવાયા અને એમની ઘણી સંપત્તિ હડપ કરી લઈ બ્રિટીશરોએ એમના પરિવારજનોને નિરાધાર કરી દીધા. શાહી સભ્યોને કોઈ વ્યવસાય–ધંધાની આવડત તો ન હતી. એથી ન છૂટકે પેટ ભરવા એ દિલ્હીની શેરીઓમાં–ગલીઓમાં ભીખ માંગવા નીકળતા હતા. જે દિલ્હીમાં એમણે શાહી સત્તા માણી હતી એ જ દિલ્હીમાં કર્મસત્તાએ એમની આ હદે હીલના કરી હતી! જ્ઞાનસારગ્રન્થકારે કર્મસત્તાની ભયાનક તાકાત વર્ણવતા

બીજા શ્લોકમાં જે પર્વતોનો અને ભિક્ષાનો ઉલ્લેખ કર્યો છે તે ઉપરોક્ત બન્ને પ્રસંગોમાં અક્ષરશઃ પ્રતિબિંબિત થાય છે...

ગ્રન્થકારે ચતુર્થ શ્લોકમાં કર્મસત્તાની વિષમતાને–વિચિત્રતાને ઊંટની પીઠની વિષમતા સાથે સરખાવી છે. જોઈ તો છે ને ઊંટની પીઠ? એ એટલી વિષમ–ઊંચી–નીચી હોય છે કે એના પર એક ચીજ વ્યવસ્થિત ન રહી શકે. 'ઊંટના અઢારે વાંકા' ઉક્તિ પરથી જ સમજાઈ જાય છે કે એના શરીરના અન્ય વિભાગોની જેમ પીઠ પણ ટેઢી–વાંકી હોય છે. કર્મોની વિષમતા આ ઊંટની પીઠ જેવી વિષમ–ટેઢી છે. એ ક્યારેક ચડાવી દે તો ક્યારેક પછાડી દે, એ ક્યારેક વિદ્વાનશિરોમણિ બનાવી દે તો ક્યારેક મૂર્ખશિરોમણિ બનાવી દે, ક્યારેક દૃષ્ટિસંપન્ન બનાવી દે તો ક્યારેક દૃષ્ટિહીન બનાવી દે, ક્યારેક ભરપૂર આરોગ્યમય બનાવી દે તો ક્યારેક રોગોનું ઘર બનાવી દે, ક્યારેક ક્રોધી બનાવી દે તો ક્યારેક કામી બનાવી દે, ક્યારેક સુંદર દેહસૌષ્ઠવ આપે તો ક્યારેક 'ઊંટના અઢાર વાંકા' જેવો દેહ આપે, ક્યારેક દીર્ઘાયુષ્ય આપે તો ક્યારેક જન્મતાવેંત મૃત્યુ આપે, ક્યારેક ઉચ્ચ કુલ આપે તો ક્યારેક નિમ્ન કુલ આપે, ક્યારેક દરેક બાબતે અંતરાયવિહોણું સામર્થ્ય દે તો ક્યારેક દરેક બાબતે અંતરાય સર્જે. કર્મોની આ વિષમતા પર એક હિંદી કાવ્યપંક્તિ સરસ રજૂઆત કરે છે કે : –

ये कर्मनकी लख लीलामें, लाखो हुवे कंगाल ।
चडती-पडती हसती-रोती, टेढी इसकी चाल ।।

ઊંટની પીઠ જેવા આ વિચિત્ર કર્મો દ્વારા કવચિત્ અનુકૂળતાઓ ય સર્જાય તો પણ એમાં મુગ્ધ થવા જેવું કાંઈ નથી એમ દર્શાવતા જ્ઞાનસાર ગ્રન્થકાર એ જ ચતુર્થ શ્લોકમાં પ્રશ્ન કરે છે કે ''का रतिस्तत्र योगिनः?'' મતલબ કે કર્મવિપાકના જ્ઞાતા યોગીજનોએ–સાધકોએ એવી અનુકૂળતાઓમાં ય રાગ શા માટે કરવો? ન જ કરવો.

જૈન દર્શનમાં કર્મોના મુખ્ય આઠ પ્રકાર છે. પરંતુ એમાં સૌથી ખતરનાક કર્મ છે મોહનીય. દારુનું પાન જેમ વ્યક્તિમાં પાગલપન–ઉન્માદ ઉત્પન્ન કરે છે, એમ આ મોહનીય કર્મ આત્મામાં અલગ પ્રકારનું ભયાનક પાગલપન ઉત્પન્ન કરે છે.

એનાથી ભયંકર આત્મિક નુકસાનો થાય. આ મોહનીય કર્મ કઇ હદનું નુકસાન કરે એનું એક ઉદાહરણ આપતા ગ્રન્થકાર પાંચમા શ્લોકમાં જણાવે છે કે : –

आरूढाः प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसार-महो दुष्टेन कर्मणा ।।

જરા સમજીએ આ શ્લોકની વાત. જૈન પરંપરાની સાધનાનું ઉત્કૃષ્ટ લક્ષ્ય વીતરાગતાનું છે. દરેક ભગવંતો પહેલા આ વીતરાગતાનું શિખર સર કરે, તે પછી એ બે ઘડીથી ય અલ્પ સમયમાં કેવલજ્ઞાની ભગવાન બને અને તેઓ એ જ ભવના અંતે મોક્ષમાં પ્રતિષ્ઠિત થાય. એમને એક પણ નવો જન્મ કરવો ન પડે. વીતરાગતા કેટલી મહાન બાબત છે તે આનાથી સમજાય છે.

પણ...સબૂર ! આ વીતરાગતા ય બે પ્રકારની છેઃ (૧) મોહનીય કર્મના ક્ષયથી મળે તે અને (૨) મોહનીય કર્મને શાંત કરવાથી મળે તે. પ્રથમ પ્રકારની વીતરાગતા શ્રેષ્ઠ છે. કેમ કે એ ઉપરોક્ત ક્રમે તે જ જન્મમાં મોક્ષ અપાવે. પરંતુ બીજા પ્રકારની વીતરાગતામાં બે ઘડીથી અલ્પ સમયમાં મોહનીય કર્મનું તોફાન શરૂ થઇ જાય અને એ એવું ખતરનાક બને કે તે પુણ્યાત્માને એ અનંત ભવો સુધી પણ સંસારમાં પરિભ્રમણ કરાવી શકે. (ઉપશાંત મોહ) વીતરાગતાનું શિખર સર કરનારને ય મોહનીય કર્મ અનંત ભવો રખડપટ્ટી કરાવી શકે છે આવું નિરૂપણ જ એ સમજાવી જાય છે કે મોહનીય કર્મ કેવું કાતિલ નુકસાનકારક છે.

મોહનીય કર્મ હો કે બાકીના સાત પ્રકારના કર્મ હોઃ આપણો અભિગમ એના બંધ સમયે હોવો જોઇએ **સાવધાની**નો. 'પાપકર્મો તીવ્રભાવે કરીશ તો એનાથી મને ભાવિમાં કેવી નુકસાની સહવી પડશે ?' આવી સતત વિચારણા કરવી તે છે સાવધાની. મોહનીય સિવાયના કર્મોના ઉદયમાં અભિગમ રાખવો **સમતા**નો. આપત્તિ–અંતરાય વગેરે આવે ત્યારે હાયવોય ન કરવી એ છે સમતા. તો મોહનીય કર્મના ઉદય સમયે અભિગમ રાખવો **સમજણ**નો. ક્રોધ–કામ વગેરેના ઉદય–નિમિત્તો સમયે સમજણને વધુ ગાઢ બનાવીએ તો એનાથી બચવું સુશક્ય બને.

છેલ્લે એક વાત એકવીશમા અષ્ટકના પ્રથમ શ્લોકના સંદર્ભમાં : **સુખની યાદ છોડો અને દુઃખની ફરિયાદ છોડો ...**

◆◆◆

# ૨૩

## સાગરને ગમે ત્યાંથી
## ચાખો તો એ ખારો જ લાગે ...
## સંસારને ગમે ત્યાંથી
## માણો તો એ દુઃખમય જ લાગે ...

વ્યક્તિ – વસ્તુ કે વિષય ભલે એક જ હોય. પરંતુ એને નિહાળનારની કક્ષા અલગ–અલગ હોય તો, એની એ જ બાબત માટે એમના દષ્ટિબિંદુ અલગ જ રહેવાના. ઉદાહરણરૂપે એક યુવાન સ્ત્રીને એનું નાનકડું સંતાન નિહાળશે તો એને એમાં વહાલસોયી માતા દેખાશે, એને એનો પતિ નિહાળશે તો એને એમાં પ્રેમાળ પત્ની દેખાશે અને એને એના પિતા નિહાળશે તો એમાં એને વાત્સલ્યપાત્ર દીકરી દેખાશે.

બસ...આ જ રીતે સંસાર ભલે એનો એ જ હોય, પરંતુ એને નિહાળનાર જો સરેરાશ – સામાન્ય કક્ષાની વ્યક્તિઓ હશે તો એ સંસારની કેટલીક ઝાકઝમાળથી અંજાઈ એને રાગનું પ્રબળ નિમિત્ત બનાવશે અને જો એને નિહાળનાર તત્ત્વજ્ઞાની વ્યક્તિ હશે તો એ સંસારની વરવી વાસ્તવિકતાઓ વિચારી એને વિરાગનું પ્રબળ નિમિત્ત બનાવશે. ફર્ક અહીં એ સમજવાનો છે કે

યુવાન સ્ત્રીનાં ઉદાહરણમાં એને નિહાળનાર પુત્ર–પતિ–પિતાનું દષ્ટિબિંદુ સત્ય ઠરે છે. કેમ કે એમની સંબંધકક્ષા તે પ્રકારની વાસ્તવિક છે. જ્યારે સંસારને નિહાળનાર સરેરાશ વ્યક્તિ અને તત્ત્વજ્ઞાની વ્યક્તિ પૈકી માત્ર તત્ત્વજ્ઞાની વ્યક્તિનું જ દષ્ટિબિંદુ સત્ય છે. કેમ કે સરેરાશ વ્યક્તિનું દષ્ટિબિંદુ ઉપરછલ્લી બાબતો પર આધારિત અજ્ઞાનમૂલક છે, જ્યારે તત્ત્વજ્ઞાની વ્યક્તિનું દષ્ટિબિંદુ નક્કર વાસ્તવિકતા પર આધારિત જ્ઞાનમૂલક છે. આવો, આ લેખમાં આપણે તત્ત્વજ્ઞાની મહાત્માની દષ્ટિએ સંસારનું વાસ્તવિક અને પ્રબળ વૈરાગ્યપ્રેરક સ્વરૂપ નિહાળીએ 'જ્ઞાનસાર'ગ્રન્થના બાવીશમા અષ્ટકના માધ્યમે.

આ બાવીશમા અષ્ટકમાં જ્ઞાનસારગ્રન્થકાર મહોપાધ્યાય યશોવિજયજી–ગણિવરે સંસારને સાગરની ઉપમા આપી સંસારની અલગ અલગ વરવી વાસ્તવિકતાઓને સાગરની વાસ્તવિકતા સાથે અદ્‌ભુત રીતે–સચોટપણે સરખાવી છે અને એના દ્વારા આત્માર્થી સાધકના અંતરમાં પ્રબળ વૈરાગ્યનું નિર્માણ કરવાનો મજબૂત પ્રયાસ કર્યો છે. સાગર સાથે સામ્ય ધરાવતી બાર–બાર વાતો ગ્રન્થકારે અષ્ટકના પ્રથમ પાંચ શ્લોકોમાં એવી લીધી છે કે જેના પર મહિનાઓ સુધી પ્રવચનો થઈ શકે. કિંતુ આપણે અહીં આ એક જ લેખમાં બાવીશમું અષ્ટક વિચારવાનું હોવાથી એ બાર બાબતોનો માત્ર ઉલ્લેખ, એમાંની ફક્ત બે–ત્રણ બાબતો પર વિચારવિસ્તાર, અને એ પછીના એક–બે શ્લોકોનો નિર્દેશ કરીશું.

સંસારને સાગર સાથે સરખાવતાં 'જ્ઞાનસાર'ગ્રન્થકાર કહે છે કે (૧) સંસાર અતિ અગાધ–ઊંડો છે. (૨) એનું અજ્ઞાનરૂપી વજ્રમય તળિયું અત્યંત દઢ છે. (૩) સંસારસમુદ્રમાં ઠેર ઠેર દુઃખોના પર્વતો છે. (૪) એમાં વિચરવાના માર્ગો અતિ વિકટ છે.(૫) સંસારસમુદ્રમાં કષાયોરૂપી ઊંડા ઊંડા ખતરનાક પાતાળકળશો છે. (૬) એ પાતાળકળશો ભયાનક તૃષ્ણાઓ – લાલસાઓથી ખળભળતા રહે છે. (૭) એનાથી સંસારસમુદ્રમાં ચિત્તના સંકલ્પ–વિકલ્પોરૂપી ભરતી આવે છે.(૮) આ સમુદ્રમાં કામરૂપી વડવાનલ સતત પ્રજ્વલિત રહે છે. (૯) એ ભયંકર રોગોરૂપી મત્સ્યોથી અને શોકરૂપી કાચબાથી વ્યાપ્ત છે. (૧૦) ત્યાં દુર્બુદ્ધિ–પાપમતિની વીજળીઓ ચમકે છે. (૧૧) ત્યાં ઈર્ષ્યાના વાવાઝોડાં ફુંકાય છે. (૧૨) એ સમુદ્રમાં દ્રોહની–વિશ્વાસઘાતની ગર્જનાઓ થયા કરે છે.

આ બાર સરખામણીમાં એક બાબત છે દુઃખરૂપી પર્વતોની. જાણકારો કહે છે કે સમુદ્રમાં કેટલાય સ્થાન એવા હોય છે જેમાં વિશાલ ખડકાળ પર્વતો હોય. ત્યાં ઉપર પાણી હોવાથી અણજાણ ખલાસી જો એ વિસ્તારમાં નાવ હંકારે તો પેલા પર્વતો સાથે અથડાઈને એની નાવ તૂટી જાય. સંસારસમુદ્રમાં ય ઠેર ઠેર દુઃખોરૂપી પર્વતો છે જે પેલા ભેદી સામુદ્રિક પર્વતોની જેમ વ્યકિતનાં જીવનને તહસ–નહસ તિતર–બિતર કરી મૂકે. દુઃખો કઇ વ્યક્તિનાં જીવનમાં નથી, ભલા ? ગરીબનાં જીવનમાં મુખ્યત્વે શારીરિક દુઃખો હોય છે, તો અમીરનાં જીવનમાં મુખ્યત્વે માનસિક દુઃખો Tension નાં દુઃખો હોય છે; કોઈને આર્થિક સમસ્યાઓ વિકરાલ હોય છે, તો કોઈને રોગોની સમસ્યાઓ વિકરાલ હોય છે. જૈન શાસ્ત્રોમાં છટ્ઠી અને સાતમી નર્કના જીવો માટે આવું વિધાન મળે છે કે અત્યંત દીર્ઘ આયુષ્ય ધરાવતાં ત્યાંના દરેક જીવોને જન્મથી મૃત્યુપર્યંત પાંચ ક્રોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોર્યાશી રોગો પરાકાષ્ઠાએ પરેશાન કરે છે. રે ! રોગોના દુઃખોની આ કેવી કાતિલ સમસ્યા ? અરે ! ક્યારેક તો આ દુઃખો કલ્પનામાં ય ન આવે એવા કરુણ આકસ્મિક મૃત્યુરૂપે લમણે ઝિંકાય છે. ખબર છે આ તાજી જ અખબારોમાં આવેલ દારુણ ઘટના ?

વડોદરાની નિકટના ગામનો એક ગરીબ પરિવાર. માતા–પિતાએ શક્તિથી ઉપરવટ જઈ તેજસ્વી દીકરીને અભ્યાસ કરાવ્યો અને દીકરીએ રાત–દિવસ સખત જહેમત કરી H.S.C. ની પરીક્ષાઓ આપી. છેલ્લું પરીક્ષાપેપર આપી દીકરી છકડામાં બેસી વડોદરાથી પોતાના ગામ તરફ પરત જઈ રહી હતી. National Highway પર પૂરપાટ દોડી રહેલ છકડાના ચાલકે એકાએક કોઈ કારણસર જોરદાર Break લગાવતા પેલી દીકરી સંતુલન ગુમાવીને ખુલ્લા છકડામાંથી નીચે રોડ ઉપર પડી ગઈ. બરાબર એ જ ક્ષણે પાછળથી એક Truck ધસમસતી આવી અને એ દીકરી ઉપર એવી રીતે ફરી વળી કે એના દેહના ટુકડેટુકડા થઈ જવા સાથે એનું પ્રાણપંખેરુ ત્યાં જ ઊડી ગયું. ગરીબ માતા–પિતાને આ સમાચાર મળતાં એ પથ્થરને ય પીગળાવે એવું હૈયાંફાટ રુદન કરી રહ્યાં. દીકરીને કારમા મોતનું દુઃખ ને માતા–પિતાને કારમા શોકસંતાપનું દુઃખ.

જ્ઞાનસાર ગ્રન્થકારે એટલે જ તો આ બાવીશમા અષ્ટકના પ્રથમ શ્લોકના ઉત્તરાર્ધમાં લખ્યુ છે કે ''रुद्धा व्यसनशैलौघैः पन्थानो०'' ભાવાર્થ કે જ્યાં દરેક સંચારમાર્ગો ભયંકર દુઃખોના પર્વતોથી અવરોધાયા છે તેવો સમુદ્ર છે આ સંસાર...

બીજા શ્લોકમાં સરખામણીની એક બાબત છે કષાયોરૂપી પાતાળકળશોની. જૈન શાસ્ત્રોમાં મળતા શાશ્વત લવણસમુદ્રવર્ણન સાથે આ સરખામણીનો સંબંધ છે. લવણસમુદ્રમાં ચાર દિશામાં ચાર એવા પાતાળકળશો છે જે એક લાખ યોજન ઊંડા છે અને પાણી–વાયુથી ભરેલ છે. એ સિવાય નાના પાતાળકળશો સાત હજાર આઠસો ચોર્યાશી છે. એમાંનો પવન ખળભળે એટલે લવણસમુદ્રમાં ભયંકર મોજાંઓ ઊછળે. જ્ઞાનસારગ્રન્થકારે યથાર્થ સામ્ય દર્શાવ્યું કે તૃષ્ણાઓ–ઝંખનાઓના વાયુ ઉછાળીને ક્રોધાદિ કષાયોના પાતાળકળશો સંકલ્પ–વિકલ્પોના અને તેને અનુરૂપ ગલત પ્રવૃત્તિઓના ભયાનક તોફાનો સર્જે છે.

આપણે આ સંદર્ભમાં નજર કરીએ આધુનિક યુગના દુર્યોધન જેવા હિટલરનાં જીવન તરફ. પહેલાં ત્યાં એ ઝંખનાઓના વાયુ ખળભળ્યા કે ''હું બ્રિટીશ સામ્રાજ્યને નામશેષ કરી દઉં – શત્રુ દેશોનો સફાયો કરી દઉં.'' પછી કષાયોના પાતાળકળશોએ વિશ્વયુદ્ધનાં તોફાનો એવા સર્જ્યાં કે હિટલર ખુદ નેસ્તનાબુદ થઈ કમોતે મર્યો. માત્ર હિટલરનાં જીવનમાં જ નહિ, દરેકનાં જીવનમાં આ જ ક્રમ રહે છે કે પહેલા અફાટ તૃષ્ણાઓ–ઈચ્છાઓ, પછી એમાંથી ઘર્ષણો અને અંતે તોફાનો.

'જ્ઞાનસાર' ગ્રન્થકારે ત્રીજા શ્લોકની સરખામણીમાં એક બાબત દર્શાવી છે કામ–વાસનારૂપી વડવાનલની. ગેસની આગ–ચૂલાની આગ–ભઠ્ઠીની આગ વગેરે અનેક પ્રકારો આગના ગણી શકાય. પરંતુ એમાં સૌથી ખતરનાક પ્રકારની આગ બે છે. : દાવાનલ અને વડવાનલ. જંગલમાં પ્રગટતી અને સેંકડો–હજારો વૃક્ષોને 'સ્વાહા' કરી જતી આગને કહેવાય છે દાવાનલ. એ વ્યાપક ઘણી અને બુઝાય મહામુશ્કેલીથી. કિંતુ એનાથી ય ખતરનાક આગ છે સમુદ્રની જેને કહેવાય છે વડવાનલ. આ આગની વિ–લક્ષણતા એ છે કે તે પાણીમાં પ્રગટે

અને જેમ જેમ પાણી મળે તેમ તેમ વૃદ્ધિ પામે. પાણી આ આગ માટે ‘ઈંધન’ નું કાર્ય કરતું હોવાથી જ ત્રીજા શ્લોકમાં એના માટે ‘‘સ્નેહેન્ધનઃ’’ વિશેષણ અપાયું છે. ગ્રન્થકારે આ વિશેષણ પણ દ્વિઅર્થી પ્રયોજ્યું છે. કેમ કે સ્નેહનો એક અર્થ છે પાણી અને બીજો અર્થ છે રાગ–આકર્ષણ. વડવાનલ જેમ સ્નેહ (=પાણી) થી વધે છે તેમ કામાગ્નિ પણ સ્નેહ (=રાગ)થી વધે છે. અને...જીવનનું ધનોતપનોત કાઢી નાંખવાની નુકસાની આ કામરૂપી અગ્નિ એવી કરે છે કે એની સામે વડવાનલની નુકસાની પાણી ભરે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ માલવપતિ મુંજરાજાની કરુણ કહાનીઃ

શૂરવીર મહારાજા મુંજે એના વિરોધી રાજા તૈલપ પર આક્રમણ કરી તૈલપને પરાજિત કર્યો. પણ ઉદારતાથી એનું રાજ્ય મુંજે પરત આપ્યું. એ પછી તો એવું બનવા માંડ્યું કે નાના મોટા દરેક વાંધામાં મુંજરાજ તૈલપ પર આક્રમણ કરી એને હરાવે. આ રીતે છ–છ વાર એણે તૈલપને પરાજિત કર્યો. કિંતુ દરેક યુદ્ધમાં ધાર્યું થતું નથી હોતું. એથી સાતમી વારનાં આક્રમણમાં મુંજ હારી ગયો. આજ સુધી અપમાનિત થતા તૈલપે જરાય ઉદાર થયા વિના મુંજને પોતાના કારાગારમાં કેદ કરીને રાખ્યો. મુંજની દેખરેખ અને એની હિલચાલ પર નજર રાખવાનું કાર્ય તૈલપે સોંપ્યું પોતાની બાળવિધવા બહેન મૃણાલિનીને.

મુંજ સૌંદર્યસભર દેહ અને રસિક દિલ ધરાવતો રાજા હતો, તો મૃણાલિની અતૃપ્ત નારી હતી. ધીમે ધીમે બન્ને એકમેકના પ્રેમપાશમાં એવા બંધાઈ ગયા કે તમામ મર્યાદાઓ ઓળંગાઈ ગઈ. બન્ને વ્યભિચારમાં ગળાડૂબ ડૂબી ગયા. આ તરફ મુંજના ભત્રીજા રાજા ભોજે ગુપ્તપણે એવી સુરંગ બનાવી કે જે મુંજને તૈલપના રાજ્યની બહાર સહીસલામત પહોંચાડી દે. સૈનિકો ગુપ્તપણે મુંજ સુધી આવી ગયા અને તત્કાલ પલાયન થવા જણાવ્યું. પણ રે કામની લીલા ! મૃણાલિનીમાં લુબ્ધ મુંજે એને ય પોતાની સાથે આવવા આમન્ત્રણ આપ્યું. ચાલાક અને સ્વાર્થી મૃણાલિનીએ વિચાર્યું કે મુંજ જો માલવદેશમાં પહોંચી જશે તો ત્યાં અન્ય રાણીઓ મળી જતાં મારી ઉપેક્ષા કરશે. એથી સાથે જવામાં સાર નથી. એ અલંકારનો દાબડો લેવા જવાનું બહાનું કાઢી ત્યાંથી તૈલપરાજ પાસે ગઈ અને સમગ્ર કાવતરાનો પર્દાફાશ કરી દીધો.

ક્રોધાંધ બની ગયેલ તૈલપે તત્કાલ મુંજને બેડીઓમાં જડી કારાગૃહમાંથી હટાવી દીધો. એણે સતત સાત દિવસ પોતાની રાજધાનીના ઘરે ઘરે બંદીવાન મુંજ પાસે ભીખ મંગાવી એના અહંકારના ચૂરેચૂરા કર્યા અને પછી હાથીના પગ તળે કચડાવીને મુંજને કમોતે માર્યો. ભીખ માંગવાના એ સાત દિવસોમાં કવિહૃદયી મુંજે કાવ્યો દ્વારા જે હૈયાવરાળ ઠલવી છે એ વાંચતા હર કોઈ સંવેદનશીલ વ્યક્તિની આંખોમાં અશ્રુ ઊભરાઈ જાય. માત્ર એક જ કડી એની ટાંકીએ કે :–

इत्थीपसंग मत को' करो, थीयविलास दुःखपुंज ।
घर घर जिणे नचावीयो, जिम मक्कड तिम मुंज ।।

સંસારસમુદ્રમાં ભડકે બળતો કામરૂપી વડવાનલ કેવી કારમી ખાનાખરાબી સર્જી શકે છે એ રાજા મુંજની આ ઘટનામાં પ્રતિબિંબિત થાય છે.

જે સંસારરૂપ સમુદ્રમાં આવી આવી બાર બાર વિચિત્રતાઓ–વિષમતાઓ છે એના પર જ્ઞાની–આત્મહિતકાંક્ષી સાધક મુનિને માત્ર વૈરાગ્ય જ હોય, રાગ જરાય નહિ. એથી જ તે આવા સંસારને સામે પાર જવા ખરા હૃદયથી અભિલાષા ધરે. આ જ વાત 'જ્ઞાનસાર' ગ્રન્થકાર પાંચમા શ્લોકમાં આ પંક્તિ દ્વારા દર્શાવે છે કે ''तस्य सन्तरणोपायं, सर्वयत्नेन काङ्क्षति''

સંસારસાગરને સામે પાર લઈ જાય તેવા આરાધનાયોગોરૂપ ઉપાયો તો ધર્મશાસ્ત્રો અનેક દર્શાવે છે. પરંતુ આ અષ્ટકના છટ્ઠા શ્લોકમાં ગ્રન્થકાર એક મજાના ઉપાય પર ભાર આપતા ફરમાવે છે કે :–

तैलपात्रधरो यद्वद्, राधावेधोद्यतो यथा ।
क्रियास्वनन्यचित्तः स्याद्, भवभीतस्तथा मुनिः ।।

આ શ્લોકમાં બે ઉદાહરણ અપાયા છે : (૧) તૈલપાત્રધરનું અને (૨) રાધાવેધ કરનાર ધનુર્ધારીનું. પ્રથમ ઉદાહરણનો સંક્ષિપ્ત સાર એ છે કે રાજાએ ફાંસીની સજામાફી માટે અપરાધીને એ કડક શરત કહી હતી કે 'છલોછલ તેલપાત્ર લઈ પૂરા નગરમાં ફરવું અને જો એક બુંદ પણ ન ઢળે તો તારી ફાંસીની સજા માફ.'' અત્યંત એકાગ્ર થઈ એણે એ શરત પૂર્ણ કરી સજામુક્તિ મેળવી હતી. બીજા ઉદાહરણમાં અર્જુન જેવા ધનુર્ધરની વાત છે જે અત્યંત એકાગ્રતાથી

કઠિન રાધાવેધ સિદ્ધ કરે છે. ગ્રન્થકાર આ બે ઉદાહરણ દ્વારા જણાવે છે કે આવી જ અનન્ય એકાગ્રતા રાખી ધર્મક્રિયાઓ કરવાથી સંસારમુક્તિનું લક્ષ્ય આસાનીથી પ્રાપ્ત થઈ શકે. આજના જે આધુનિક ધર્મચિંતકો ધર્મક્રિયાનો છેદ ઉડાડે છે એમના માટે ગ્રન્થકારની આ વાત દીવાદાંડી સમી છે...

છેલ્લે સંસાર અને સાગરનું સામ્ય દર્શાવતી એક મસ્ત કલ્પનાઃ **સાગરને ગમે ત્યાંથી ચાખો તો એ ખારો જ લાગશે... સંસારને ગમે ત્યાંથી માણો તો એ દુઃખમય જ લાગશે...**

◆◆◆

## ૨૪

# સંસારી અને સંયમી વચ્ચેનો મસ્ત તફાવત : લોકમાં રમે તે સંસારી ને શ્લોકમાં રમે તે સંયમી

ધર્મનું – સાધનાનું ક્ષેત્ર ખરેખર તો નિતાંત આત્મ–કલ્યાણનું છે. એથી જાગૃત સાધકની નાની યા મોટી દરેક પ્રવૃત્તિનો સંબંધ પ્રત્યક્ષ યા પરોક્ષપણે આત્મકલ્યાણ સાથે જ હોય. આ આત્મકલ્યાણ માટે જ તો સાધક થવા ઈચ્છુક મુમુક્ષુ પુણ્યાત્મા સ્નેહના સરોવર સમો પરિવાર ત્યજે છે, સમૃદ્ધિથી છલકાતું ઘર ત્યજે છે અને ઉચ્ચ સાંસારિક કારકીર્દિ ત્યજે છે.

પણ ...સબૂર ! ઘણી વાર એવું બને છે કે જાગૃતિપૂર્વક–સમ્યક્ સમજપૂર્વક સર્વ સંગનો–સંસારનો ત્યાગ છતાં કોઈ સાધક મુનિ આત્મકલ્યાણના મૂળ લક્ષ્યથી અન્યત્ર ફંટાઈ જઈ એવી પ્રવૃત્તિઓ કરે કે જે સરવાળે આત્મકલ્યાણમાં બાધક બને. ઉદાહરણરૂપે છે લોકટોળાં એકત્ર થાય તેવી લાલસા અને લોકોમાં પોતાની છાપ સતત ઉચ્ચ બની રહે તેવી અભીપ્સા. જૈન પરિભાષાનુસાર આને કહેવાય લોકસંજ્ઞા. લોકટોળાં–

ભક્તવર્ગનો વ્યાપ વધારવા એ દોરા–ધાગા કરવા, જ્યોતિષવિદ્યા દ્વારા સાંસારિક કાર્યો કરાવી આપવાં જેવી શાસ્ત્રનિષિદ્ધ પ્રવૃત્તિઓ કરે. તો લોકોમાં પોતાની છાપ ઉચ્ચ બનાવવા પોતાની નાની–મોટી વિશેષતાઓની પ્રચારલીલા ચલાવવી, પોતાની ખામીઓ છુપાવવાનો દંભ કરવો વગેરે અનુચિત પ્રવૃત્તિઓ કરે. લોકસંજ્ઞામાંથી પ્રગટતી આ બધી વૃત્તિ–પ્રવૃત્તિ સાધક મુનિને અવશ્યપણે આત્મકલ્યાણથી દૂર લઈ જનાર નીવડે.

વૈરાગ્યપૂર્વક સ્વજન–સમૃદ્ધિ આદિનો ત્યાગ કરનાર સાધક આ અને આવી આવી લોકસંજ્ઞાનો ભોગ ન બને તે કાજે 'જ્ઞાનસાર' ગ્રન્થના ત્રેવીશમા અષ્ટકમાં લોકસંજ્ઞાત્યાગની માર્મિક પ્રસ્તુતિ કરી છે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે. અષ્ટકના પ્રથમ જ શ્લોકમાં ગ્રન્થકાર પોતાનું કથન બહુ સ્પષ્ટ પ્રતિપાદિત કરે છે કે :–

प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलङ्घनम् ।
लोकसञ्ज्ञारतो न स्याद्, मुनिर्लोकोत्तरस्थिति : ।।

અશુદ્ધાત્મામાંથી શુદ્ધાત્મા અને સિદ્ધાત્મા બનવાની સમગ્ર યાત્રાને જૈન દર્શન ચૌદ ગુણસ્થાનકોરૂપે દર્શાવે છે. આત્માની અધ્યવસાયજન્ય આ વિવિધ અવસ્થાઓ પૈકી છટ્ઠું ગુણસ્થાન એ જ પ્રાપ્ત કરી શકે કે જે ભાવસાધુત્વની સ્પર્શના પામે. આવું ભાવસાધુત્વ એટલે વાસ્તવિકપણે સંસારરૂપ દુર્ગમ પર્વત ઉલ્લંઘી જવાની પ્રક્રિયા. આ વિશિષ્ટતા યાદ કરાવીને ગ્રન્થકાર આ પ્રથમ શ્લોકમાં સાધક શ્રમણને કહે છે કે હે શ્રમણ! છટ્ઠા ગુણસ્થાનની ઉચ્ચ ભૂમિકા સર કરનાર તારી અવસ્થા તો લોકોત્તર – દુનિયાથી ઘણી ઉપર– શ્રેષ્ઠ છે. તારે લોકસંજ્ઞાના કીચડમાં જરા ય મશગુલ થવા જેવું નથી. જાણે કે એક સાચા હિતચિંતક જ્ઞાની ગુરુ સમગ્ર સાધકજગતને વત્સલ માર્ગદર્શન આપતા હોય એવું આ પ્રથમ શ્લોકમાંથી ધ્વનિત થતું લાગે.

અચ્છા વિદ્વાન અને સંયમી સાધકો ય જો લોકસંજ્ઞામાં તણાઈ જાય તો આત્મકલ્યાણથી કેવી દૂર ફંટાઈ જાય એ જાણવું છે ? તો વાંચો આ રમૂજી મર્મકથા :

એક મહાન ગણાતા સંતને મોટા સમ્રાટે પોતાનાં રાજભવનમાં ભોજન માટેનું નિમન્ત્રણ આપ્યું. સંત વિદ્વાન અને મહાન ભલે હતા. પરંતુ લોકસંજ્ઞાથી પૂરા ગ્રસ્ત હતા. એમણે સમ્રાટને પૂરેપૂરા પ્રભાવિત કરી દેવાનું વિચાર્યું જેથી સમ્રાટ પર એમની ઉમદા છાપ ઊપસે. જે દિવસે એ રાજભવનમાં પધાર્યા એ દિવસે એમણે ભોજન પૂર્વે ખૂબ દીર્ઘ સમય પ્રભુ પ્રાર્થનાઓ છંદબદ્ધ ગાઈ. સમ્રાટ સંતની ભક્તિથી ઝૂમી ઊઠ્યો. તે પછી સંત અને સમ્રાટ સાથે ભોજન કરવા બેસ્યા. ત્યાં પણ સમ્રાટને પ્રભાવિત કરવાની તક ઝડપી સંતે તમામ મિષ્ટાન્ન વગેરે ત્યાગી એકદમ અલ્પ ભોજન કર્યું. સંતના વૈરાગ્ય અને ત્યાગ પર સમ્રાટ પુનઃ ઝૂમી ઊઠ્યો.

યથાસમયે સંત એમની કુટિરે જવા નીકળ્યા ત્યારે સમ્રાટ એમને ઠેઠ કુટિર સુધી વળાવવા આવ્યો. છેલ્લા નમન કરી સમ્રાટ કુટિરથી રાજભવન તરફ જવા હજુ તો નીકળ્યો ત્યાં એના કાને ગુરુ–શિષ્યનો સંવાદ અથડાયો. સંત શિષ્યને કહી રહ્યા હતા : ''આજે તો સમ્રાટને પ્રભાવિત કરવા દેખાવ પૂરતું જ ભોજન કર્યું હતું. મને ભૂખ કકડીને લાગી છે. જા, ભિક્ષા લઈ આવ.'' શબ્દો સાંભળતા જ સમ્રાટના અંતરમાં ઉપસેલી સંતની છબી તુર્ત કડડભૂસ થઈ ગઈ. ખિન્ન સમ્રાટે પાછા ફરી સંતને માર્મિક કટાક્ષ સંભળાવ્યો : ''મહાત્માજી! તો પછી પ્રાર્થના પણ આપ ફરી જ કરી લેજો. કેમ કે ભોજન જેમ મને પ્રભાવિત કરવા અલ્પ કર્યું હતું, તેમ પ્રાર્થના પણ મને પ્રભાવિત કરવા જ આપે દીર્ઘ કરી હશે.'' સંતની હાલત 'કાપો તો લોહી ન નીકળે' એવી થઈ ગઈ.

'સ્વભાવ છુપાવીને પ્રભાવ બતાવે એ સંસારી અને પ્રભાવ છુપાવીને સ્વભાવ બતાવે એ સંત.' આ વ્યાખ્યાનું જાણે અહીં શીર્ષાસન થઈ ગયું અને એનું કારણ હતું લોકસંજ્ઞા ...

લોકસંજ્ઞાથી પીડાતા સાધકો ઉચ્ચ ધર્મસાધના પણ આત્મકલ્યાણ માટે નહિ, માત્ર લોકોની પ્રશંસા–વાહવાહી પામવા માટે કરતા હોય છે. એમનાં આ વલણને હાસ્યાસ્પદ ઠેરવતા જ્ઞાનસારગ્રન્થકાર અષ્ટકના બીજા શ્લોકમાં મર્મભેદી કટાક્ષ કરે છે કે :–

**यथा चिन्तामणिं दत्ते, बठरो बदरीफलैः ।**
**हहा जहाति सद्धर्मं, तथैव जनरञ्जनैः ।।**

ભાવાર્થ કે જેમ કોઈ ચિંતામણિરત્નને નહિ પરખનાર મૂર્ખ ગમાર ચણીબોર લેવા માટે ચિંતામણિરત્ન આપી દે, તેમ મૂર્ખ સાધક લોકરંજન–લોકપ્રશંસા કમાવવા માટે ધર્મને – ધર્મની મર્યાદાઓને છોડી દે છે. આ તેજાબી શબ્દોમાં ગ્રન્થકાર આત્મકલ્યાણકર ધર્મસાધનાને ચિંતામણિરત્નની સાથે સરખાવે છે કે જેનું મૂલ્ય–મહિમા લૌકિક દષ્ટિએ સર્વોત્તમ – શ્રેષ્ઠ છે. જ્યારે લોકરંજનને એ ચણીબોર સાથે સરખાવે છે કે જેનું મૂલ્ય લૌકિક દષ્ટિએ ખાસ કંઈ નથી. લોકોત્તર દષ્ટિએ ધર્મસાધનાનું મૂલ્ય એવું ઉત્કૃષ્ટ છે કે એની સામે લોકપ્રશંસા જેવી બાબત સાવ તુચ્છ છે : જેમ ચિંતામણિરત્ન સામે ચણીબોર તુચ્છ છે એમ : !!

આમ છતાં એવું બને છે કે લોકસંજ્ઞાગ્રસ્ત સાધક ધર્મપ્રવૃત્તિઓને લોકપ્રિયતા રળવાનું સાધન બનાવ્યે જ રાખે. પૂર્વોક્ત સંતના દષ્ટાંતમાં નિહાળ્યું તેમ, એ વૈરાગ્યનો આભાસ રચશે તો પણ લોકોને આંજી દેવા–પ્રભાવિત કરવા માટે હશે. એ સચોટ પ્રવચનો આપશે તો પણ જનતાની વાહ વાહ મેળવવા હશે. અરે ! વર્ષો સુધી શાસ્ત્રાભ્યાસ કરીને એ લોક–સંજ્ઞાગ્રસ્ત મુનિ વિદ્વાન પણ બનશે તો ય એનું લક્ષ્ય ચર્ચાઓ–વિવાદોમાં સર્વોપરિતા હાંસલ કરવાનું હશે. વૈરાગ્ય – વ્યાખ્યાનશક્તિ–વિદ્વત્તા જેવા સદ્‌ગુણો ય લોકસંજ્ઞાનું ઝેર ભળતા કેવા પ્રદૂષિત થઈ જાય છે તે ઉપરોક્ત વિધાનોમાં પ્રતિબિંબિત થાય છે. દષ્ટિનો સમ્યગ્ ઊઘાડ થાય ત્યારે લોકસંજ્ઞાગ્રસ્ત સાધકનું કબૂલાતનામું કેવું હોય એ ગુર્જર 'રત્નાકરપચ્ચીશી' ની આ કડીમાં સરસ અભિવ્યક્ત થાય છે કે :–

**ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,**
**ને ધર્મના ઉપદેશ રંજન લોકનાં કરવા કર્યા;**
**વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?**
**સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું...**

લોકસંજ્ઞા દંભના અને શિથિલતાનાં આવાં નુકસાનો કરતી હોવાથી એનાથી મુક્ત બનવા, અષ્ટકના ત્રીજા શ્લોકમાં ગ્રન્થકાર મજાની કલ્પના કરે છે કે લોકસંજ્ઞા ધસમસતો પ્રવાહ ધરાવતી મહાનદી છે. કોઈપણ નદીના

પ્રવાહની સાથે તરનારા 'અનુસ્રોતગામી' કહેવાય અને સામે પ્રવાહે તરનારા 'પ્રતિસ્રોતગામી' કહેવાય. ગ્રન્થકાર કહે છે કે લોકસંજ્ઞા મહાનદીના ધસમસતા પ્રવાહની દિશામાં તણખલાની જેમ તરનારા અનુસ્રોતગામી જનો તો આ દુનિયામાં કોણ નથી હોતા ? લગભગ બધા જ સરેરાશ જનો હોય છે. એકમાત્ર આત્માર્થી સાધક મુનિવરો એવા હોય છે કે જે મરજીવા તરવૈયાની જેમ પ્રતિસ્રોતગામી બની સામે પૂરે તરે. મતલબ કે એ લોકસંજ્ઞાથી–લોકોની વાહવાહી મેળવવાની લાલસાથી દૂર રહી માત્ર આત્મકલ્યાણની વૃત્તિથી પ્રવર્તે : પછી ભલે ને એમ કરવા જતાં એને લોકચાહના ન પણ મળે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય કે આ રીતે લોકની પરવા કર્યા વિના રહીએ તો ક્યાંક આચાર–વિચારથી એકલા રહી જવાનો–અત્યલ્પ રહી જવાનો સમય આવે એનું શું ? ગ્રન્થકાર આનું સમાધાન પાંચમા શ્લોકમાં સરસ આપે છે કે સન્નિષ્ઠ ધર્મસાધકોએ અલ્પ રહી જવાનો કે એકલા પડી જવાનો ભય ન રાખવો. કારણ કે જેમ લૌકિક વિશ્વમાં શાકભાજી વગેરેના વ્યાપારી ઘણા અને રત્નોના વ્યાપારી અત્યલ્પ હોય છે, તેમ લોકોત્તર વિશ્વમાં લોકપ્રવાહમાં તણાનારા આભાસી સાધકો ઘણા અને સાચા આત્માર્થી સાધકો અલ્પ જ હોય છે. ''स्तोका हि रत्नवणिजः, स्तोकाश्च स्वात्मसाधकाः'' આ પાંચમા શ્લોકના ઉત્તરાર્ધની પંક્તિ છે.

અલબત્ત, ગ્રન્થકારના આ શબ્દોની ઓથ લઈ ધર્મક્ષેત્રના કોઈ ઠેકેદાર વિદ્વાનો પોતાનો કક્કો જ સાચો ઠેરવવાની કોશિશ કરે કે 'અમે ભલે એકલા યા અલ્પ છીએ, પણ સાચા આરાધકો અમે જ છીએ' તો એ પણ ગલત છે. કારણ કે 'જ્ઞાનસાર' ગ્રન્થના ટીકાકાર ભગવંતે ટીકામાં સ્પષ્ટ અર્થ કર્યો છે કે ''लोकोऽशास्त्रज्ञजनसमूहः'' મતલબ કે અહીં લોકનો અર્થ છે શાસ્ત્રરહસ્યથી અજ્ઞાન જનતા. આવા લોકની દરકાર શાસ્ત્રીય વિષયમાં ભલે ન કરાય. પરંતુ જે તત્ત્વજ્ઞ વિશાલ વર્ગ છે એની તાત્ત્વિક વાતને ય સ્વમતાગ્રહ ખાતર અવગણીને 'રત્નવ્યાપારી તો ઓછા જ હોય' જેવી દલીલ થાય તો એ નિતાંત કદાગ્રહ જ ગણાય. વસ્તુતઃ સાચા આત્માર્થી સાધકનું લક્ષણ એ છે કે એ 'મારું તે સાચું' નહિ, 'સાચું તે મારું'નો અભિગમ રાખે. 'ઝવેરીઓ અલ્પ, તેમ સાચા આત્માર્થી ય અલ્પ' એ પંક્તિનાં અનુસંધાનમાં આ સ્પષ્ટતા ખાસ સમજવા જેવી છે.

હજુ એક ઓર સ્પષ્ટતા. ધર્મનિંદા થાય તેવી બાબતો હોય ત્યારે તો અશાસ્ત્રજ્ઞ જનસમૂહરૂપ લોકની પણ દરકાર કરવી જ રહે. એ સ્થિતિમાં આત્માર્થી સાધકે 'અમને લોકની કોઈ તમા નથી' આવું વલણ ન દાખવાય. ત્યારે એણે પણ લોકવિરુદ્ધથી દૂર રહેવું જોઈએ. લોકસંજ્ઞાત્યાગનાં અનુસંધાનમાં આ સમજણ પણ સાધક માટે અતિ આવશ્યક છે...

સાતમા શ્લોકમાં ગ્રન્થકારે એક અદ્‌ભુત માર્ગદર્શક શબ્દપ્રયોગ કર્યો છે કે ધર્મસાધના 'આત્મસાક્ષીક' હોવી જોઈએ. આત્મસાક્ષીક ધર્મસાધના એ કે જેમાં આત્મા સાખ પૂરે. એ સાધનામાં રહેલ ક્ષતિઓ–ખામીઓ તરફ ધ્યાન દોરે. ફલશ્રુતિરૂપે સાધના વધુ ને વધુ કે આત્મશુદ્ધિ કરનારી બની રહે. લોકસાક્ષીક સાધના એ કે જેમાં લોકો સાખ પૂરે. ગ્રન્થકાર પ્રસન્નચન્દ્રરાજર્ષિ અને ચક્રવર્તી ભરતદેવનાં ઉદાહરણ ટાંકીને કહે છે કે આત્મકલ્યાણની સાધનામાં લોકસાક્ષી છેતરામણી છે–જરા ય મહત્ત્વની નથી. પ્રસન્નચન્દ્રરાજર્ષિની જે સમયની સાધનાની સમ્રાટ શ્રેણિકે ભરપૂર પ્રશંસા કરી એ સમયપૂરતાં તો એ શ્રમણ અધોગતિમાં લઈ જાય એવી પરિણતિ ધરાવતા હતા. એથી વિપરીત અરીસાભવનમાં વિરાજેલ ચક્રવર્તી ભરતની ભીતરી સાધનાની એક હરફ પણ પ્રશંસા એકે ય વ્યક્તિએ કરી ન હતી. છતાં તેઓ તે જ ક્ષણોમાં કેવલજ્ઞાન પામ્યા.

આ સાતમા શ્લોકસહિત સમગ્ર અષ્ટકના સારરૂપે સંયમી કે સંસારી, દરેક વ્યક્તિએ એ સાર જીવનસાત્‌ કરવો કે નાની યા મોટી ધર્મસાધના આત્મસાક્ષીએ કરવી, લોકપ્રશંસા કે વટ પાડવા માટે નહિ. આ સંદર્ભમાં અમે અહીં યાદ કરીશું અમારા નિશ્રાવર્તી સાધ્વીજી તત્ત્વહિતાશ્રીજીને. એમણે ગત ચાતુર્માસમાં એક પણ બિયાસણા વિના સળંગ પાંચસો આયંબિલ પૂર્ણ કર્યા. એ દરમ્યાન અનેક કડક નિયમો સાથે મુંબઈથી કચ્છ અને કચ્છથી મુંબઈ સુધીની પગપાળા વિહારયાત્રા તેઓએ કરી. અમે સ્વાભાવિક જ આવા કઠિન તપની સમાપ્તિએ એક મહોત્સવનો પ્રસ્તાવ કર્યો. સાધ્વીજીએ અત્યંત વિનયથી ઈન્કાર કર્યો કે ''સાહેબજી! આત્મ–વિશુદ્ધિ માટેના આ તપમાં જરા ય લોકપ્રશંસા ભળે તેવી ઈચ્છા નથી. કાંઈ જ ન કરાવો.'' અંતે એમની વાત

સ્વીકારીને માત્ર અંતિમદિને સંઘમાં સામૂહિક પાંચસો આયંબિલ કરાવ્યા. એમાં પણ નિમિત્તરૂપે પોતાનું નામ Black board પર ન લખાય એવી એમણે ભાવના દર્શાવી..

છેલ્લે લોકસંજ્ઞાત્યાગસંદર્ભમાં શ્રમણને ઉપયોગી એક મસ્ત સૂત્રઃ **લોકમાં રમે તે સંસારી... અને શ્લોકમાં રમે તે સંયમી ...** ◆◆◆

## ૨૫

# માનવને પથદર્શક છે ચક્ષુ ... સાધકને પથદર્શક છે શાસ્ત્ર...

પરદેશમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરી રહેલ સ્વામી વિવેકાનંદને ત્યાંની યાન્ત્રિક ક્રાંતિથી આંજી દેવા માટે એક અત્યાધુનિક કતલખાને આગ્રહપૂર્વક પરાણે લઈ જવાયા. ત્યાં એમને એવાં યાન્ત્રિક સાધનો બતાવાયાં કે જ્યાં માત્ર ચંદ મિનિટમાં એક જીવતી–જાગતી ભેંસની કતલ થાય, એના રુધિર–માંસ વગેરે જુદા થાય અને અલગ અલગ ચૌદ પેકેટ એના તૈયાર થઇ જાય. પરદેશી ઈજનેરોએ એ પછી ગર્વિષ્ઠ નજરે પૂછ્યુંઃ ''તમારા ભારતમાં આવી પ્રગતિ જોવા મળે ખરી ?''

વિવેકાનંદે માર્મિક અને ધારદાર ઉત્તર આપ્યોઃ ''એક જીવંત ભેંસને ચૌદ વિભાગમાં વહેંચી દેતા તમારા આ યન્ત્રોથી હું જરા ય પ્રભાવિત નથી થયો. હા, તમે જો ચૌદ વિભાગો એકત્ર કરી એક જીવંત ભેંસનું એમાંથી નિર્માણ કરી શકતા હોત તો હું જરૂર પ્રભાવિત થાત.'' પરદેશી ઈજનેરો સ્તબ્ધ થઈ ગયા

વિવેકાનંદના આ મર્મકથનથી. યાદ આવે આ સંદર્ભમાં એક મસ્ત વિધાન કે ''હાથની કેમ મારી શકાય એવાં શસ્ત્રો વિજ્ઞાને બનાવ્યા છે, જ્યારે કીડીને ય કેમ બચાવી શકાય તેવાં શાસ્ત્રો આપણા આર્ષપુરુષોએ બનાવ્યા છે''...

શાસ્ત્ર કેવી મહાન–અદ્‌ભુત બાબત છે એ ઉપરોક્ત ઘટના અને વિધાનમાંથી સરસ સમજાય છે. ખ્યાલમાં રહે કે જે અહિંસાના માપદંડના આધારે શાસ્ત્રનો મહિમા પ્રસ્તુત થયો છે એ અહિંસાનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરૂપણની દૃષ્ટિએ જૈન શાસ્ત્રો ખરેખર અત્યુત્તમ છે. ઉપરાંત કર્મ–આત્મા–મોક્ષ વગેરે અતીન્દ્રિય તત્ત્વોનાં નિરૂપણની દૃષ્ટિએ પણ એ બેમિસાલ છે. એથી જ 'જ્ઞાનસાર' ગ્રન્થના ચોવીશમા અષ્ટકમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર રજૂ કરે છે 'શાસ્ત્ર' ને. આત્મકલ્યાણના અર્થી સાધક માટે શાસ્ત્ર કેટલું મહત્ત્વપૂર્ણ પરિબળ છે એ દર્શાવવા માટે અષ્ટકના પ્રથમ જ શ્લોકમાં ગ્રન્થકાર ખૂબ રસપ્રદ પ્રસ્તુતિ કરે છે કે:

चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ॥

આ શ્લોકમાં તેઓ ચાર અલગ અલગ પ્રકારના ચક્ષુથી–નેત્રથી પદાર્થોને નિહાળનાર ચાર વ્યક્તિત્વો રજૂ કરે છે કે (૧) ચર્મચક્ષુથી પદાર્થદર્શન કરનારા સહુ કોઈ મનુષ્યો છે. જો ચર્મચક્ષુ–આંખ ન હોય તો આપણે કાંઈ જ પ્રત્યક્ષ ન જોઈ શકીએ. (૨) જૈન પરંપરા કહે છે કે દેવલોકના દેવો અવધિજ્ઞાનરૂપી ચક્ષુનાં બળે દૂર–સુદૂરના પદાર્થોને એકદમ પ્રત્યક્ષવત્ જોઈ શકે છે (૩) સિદ્ધભગવંતો એટલે મોક્ષમાં વિરાજમાન પરમાત્માઓ. એ કેવલજ્ઞાન–કેવલદર્શનથી સમગ્ર વિશ્વને નિહાળે. આ કેવલજ્ઞાન–કેવલદર્શન એમના સમગ્ર અસ્તિત્વમાં ફેલાયેલ હોવાથી તેઓ સર્વતઃ–ચોતરફ ચક્ષુ ધરાવનાર હોય છે અને (૪) આત્માર્થી સાધુઓ શાસ્ત્રચક્ષુ ધરાવતા હોય છે... ચાર ચક્ષુની આ મજાની રજૂઆત દ્વારા તેઓ એ નિર્દેશ કરે છે કે શ્રમણ સાધકે ડગલે ને પગલે શાસ્ત્રની દૃષ્ટિથી ચાલવું: જેમ સરેરાશ બાબતોમાં આપણે સહુ ચર્મની દૃષ્ટિના ઉપયોગથી ચાલીએ છીએ તેમ. શાસ્ત્રની દૃષ્ટિથી પ્રવર્તવા માટે સર્વપ્રથમ તો શાસ્ત્રોનું અધ્યયન જોઈએ. આ વાત લક્ષ્યમાં રાખીને જ જૈન શ્રમણોની આદર્શ

આચારસંહિતામાં શ્રમણને નિત્ય કુલ પંદર કલાકનો શાસ્ત્રસ્વાધ્યાય કરવાનું જણાવાયું છે. અલબત્ત આજના કાળમાં આમાં થોડી બાંધછોડ ભલે દેખાતી હોય, તો ય ખૂબ શાસ્ત્રસંગ રાખનાર શ્રમણો આ કાળમાં ય નિહાળવા–જાણવા મળે છે. આપણે એની એક–બે આછી ઝલકો જોઈએઃ

* અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ યુગદિવાકર આ.ભ. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જ્યારે દીક્ષાના પ્રારંભિક વર્ષોમાં અધ્યયનરત હતા ત્યારે, કર્મગ્રન્થોમાં સૌથી કઠિન ગણાતા પંચમકર્મગ્રન્થનો સટીક અભ્યાસ સમયબદ્ધ પૂર્ણ કરવા એમણે નિયમ કર્યો હતો કે એ અભ્યાસ સંપૂર્ણ ન થાય ત્યાં સુધી દૂધ વાપરવાનો ત્યાગ. માત્ર ચૌદ વર્ષના દીક્ષાપર્યાયમાં એમણે અઢળક શાસ્ત્રોના અભ્યાસ ઉપરાંત સ્વયં છ હજાર શ્લોકપ્રમાણ નૂતન સંસ્કૃત ગ્રન્થનું નિર્માણ કર્યું હતું...

* અમારા યશનામી ગુરુદેવ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.વિજયસૂર્યોદય–સૂરીશ્વરજી મહારાજ. અભ્યાસકાળમાં સતત ૪૭ દિવસ નિત્ય અઢાર કલાકનો સખત અભ્યાસ કરીને એમણે ૪૭ દિવસમાં ૨૩ ગહન સંસ્કૃત ગ્રન્થો તૈયાર કર્યા હતા, તો જીવનના ૭૯મા વર્ષે તેઓએ સંસ્કૃત સુમંગલાટીકાગ્રન્થનો દશહજાર શ્લોકપ્રમાણ ગુજરાતી અનુવાદ કર્યો હતો...

અષ્ટકના ત્રીજા શ્લોકના પૂર્વાર્ધમાં, 'શાસ્ત્ર' શબ્દને બે ભાગમાં વિભક્ત કરી નિરુક્તાર્થ દ્વારા 'શાસ્ત્ર'ની સરસ વ્યાખ્યા કરતા ગ્રન્થકાર લખે છે કે :–

शासनात् त्राणशक्तेश्च, बुधैःशास्त्रं निरुच्यते ।

જરા સમજીએ આ સંસ્કૃત પંક્તિનું રહસ્ય. 'શાસ્ત્ર' શબ્દને વિભક્ત કરીએ તો એમાંના 'शास्' નો અર્થ સંસ્કૃત ભાષા મુજબ થાય છે શાસન કરવું–નિયન્ત્રણ કરવું અને 'त्र' (મૂળ ધાતુ त्रा)નો અર્થ છે રક્ષણ કરવું. 'શાસ્ત્ર' આ બન્ને કાર્યો આસાનીથી કરે છે. ગલત માર્ગે દોડવા જતાં હાથીને અંકુશ અને ઘોડાને લગામ જેમ અનુશાસિત કરે છે–નિયન્ત્રિત કરે છે એમ શાસ્ત્રો રાગ–દ્વેષના ગલત માર્ગે દોટ મૂકવા બેતાબ બની ગયેલ આરાધક પર અનુશાસન કરી એને અટકાવે છે. રણમેદાનમાં યુદ્ધ કરવા ગયેલ યોદ્ધાને બાણોની વર્ષા વચ્ચે ય સુરક્ષિત રાખવાનું કાર્ય જેમ કવચ કે ઢાલ કરે છે તેમ શાસ્ત્રો વિષય–કષાયનાં

ગલત નિમિત્તો વચ્ચે ય સાધકની પરિણતિને સુરક્ષિત રાખી શકે છે. માટે નિરુક્તાર્થાનુસાર 'શાસ્+ત્ર=શાસ્ત્ર' અર્થ એકદમ સંગત છે.

સત્ય ઘટનાઓની એરણ પર આ વ્યાખ્યા ચકાસીએ તો એ સો ટકા સત્ય પુરવાર થશે. યાદ કરીએ આપણે સમર્થ શાસ્ત્રકાર પૂર્વાચાર્યભગવંત હરિભદ્રસૂરીશ્વરજી મહારાજને. એમના અત્યંત તેજસ્વી અને મેધાવી બે શિષ્યોની હત્યા પ્રતિસ્પર્ધી વિધર્મી ઠેકેદારો દ્વારા કરાતાં એમની સમત્વસાધનાનું સંતુલન ખોરવાઇ ગયું. એ સમર્થ મન્ત્રવેત્તા હતા. મન્ત્રબળે વિધર્મી ૧૪૪૪ વ્યક્તિઓને મોતની શિક્ષા આપવા એ સજ્જ થયા. ત્યાં જ એમના ગુરુદેવે પાઠવેલ ક્રોધનાં કારમા આત્મિક નુકસાનો દર્શાવતી ચરિત્રકથાગાથાઓ વાંચતા એમની ગલત વિચારણા પર નિયન્ત્રણ આવ્યું– Break લાગી. એમણે એકેયને કોઇ સજા ન કરી અને એ ગલત વિચારોના માનસિક પ્રાયશ્ચિત્તરૂપે ૧૪૪૪ નવા ગ્રન્થો = રચવાનો નિર્ણય કર્યો. આ છે શાસ્ = શાસનનું–નિયન્ત્રણનું સચોટ ઉદાહરણ. તો પૂર્વલેખોમાં જેમની ઘટના આલેખાઈ ચૂકી છે તે મહામુનિ સ્થૂલિભદ્ર છે ત્ર=રક્ષણનું સચોટ ઉદાહરણ. રાજનર્તકી કોશાનાં ભવનમાં સતત કામોત્તેજક વાતાવરણમાં વસવાટ છતાં જિનવચનસ્મરણરૂપ શાસ્ત્રબખ્તરના સથવારે એ મહામુનિ સ્થૂલભદ્ર કામબાણથી જરા ય વીંધાયા નહિ. એ નખશિખ નિર્વિકાર રહી શક્યા. આત્માર્થી આરાધકને ગલત માર્ગે જતાં અટકાવનાર અને કુનિમિત્તો વચ્ચે સતત રક્ષા કરનાર આ 'શાસ્ત્ર'ને એટલે જ તો સન્નિષ્ઠાથી સતત અનુસરવાની વાત ગ્રન્થકાર કરે છે...

પાંચમા શ્લોકમાં ગ્રન્થકાર શાસ્ત્રને દીપકની ઉપમા આપી દિલ–દિમાગમાં આસાનીથી વસી જાય એવો તર્ક રજૂ કરે છે. રાત્રિના સમયમાં કે અંધકારમય સ્થાનમાં જ્યારે કોઇ જરૂરી પદાર્થ દેખાતો ન હોય તો એની પ્રાપ્તિ માટે આપણે શું કરીએ ? ચોક્કસ જ આપણે ત્યારે પહેલા દીવો પ્રગટાવીએ–Light કરીએ. પછી એના સહારે તે પદાર્થ મેળવીએ. અદૃષ્ટ એટલે કે નહિ દેખાતા પદાર્થ માટે જે પદ્ધતિ અનુસરીએ છીએ એ જ પદ્ધતિ અદૃષ્ટ અર્થાત્ પ્રત્યક્ષ નહિ દેખાતા આત્મા–પુણ્ય–પાપ–દેવલોક–નર્કલોક–બંધ–મોક્ષ વગેરે અતીન્દ્રિય તત્ત્વો

માટે ય અનુસરવી જોઈએ કે એના બોધ માટે–એની પ્રાપ્તિ માટે શાસ્ત્રરૂપી દીપકનો સહારો લેવો. શાસ્ત્રદીપકના સહારે ઉપરોક્ત અતીન્દ્રિય તત્ત્વોનો બોધ પામી ભૂતકાલમાં અગણિત આત્માઓએ શ્રેયના શિખરો સર કર્યા છે. 'જ્ઞાનસાર' ગ્રન્થકાર કહે છે કે જેઓ શાસ્ત્રદીપકનો સાથ લીધા વિના સ્વમતિથી આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થોને પામવાની કોશિશ કરે છે એ ડગલે–પગલે સ્ખલના–ભ્રમણામાં અટવાઈને સરવાળે ખેદ–ક્લેશ સિવાય કાંઇ પામતા નથીઃ ''प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे'' આ એમના શબ્દો છે.

આત્માર્થી સાધક સંસારી હો કે સંયમી, ગ્રન્થકારની ઉપરોક્ત બાબત જો એ હૈયે સ્થિર કરી દે તો એનાં જીવનમાં શાસ્ત્રનું સ્થાન નિશ્ચિત આવી જાય. અમે માનીએ છીએ કે આત્માર્થી વ્યક્તિએ પોતાની કક્ષા અનુસારનાં શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઈએ, જો તેવી ક્ષમતા કે પુરુષાર્થ ન હોય તો સદ્‌ગુરુનાં પ્રવચનોરૂપે શાસ્ત્રોનું શ્રવણ કરવું જોઈએ; અને સમયભોગ આપવો વગેરે તત્પરતાના અભાવે શ્રવણ શક્ય ન હોય તો કમસે કમ શાસ્ત્રો પ્રત્યે બહુમાન ભાવ–આદર તો હોવો જોઈએ. આજે New Generation ની પ્રજામાં જાણે Fashion ચાલી છે કે જેમાં એની ચાંચ પણ ડૂબતી નથી એવાં શાસ્ત્રો માટે Out of Date-Humbug જેવા અભિપ્રાયો વગર વિચાર્યે–વગર અભ્યાસે આપ્યા કરે. આવાઓની હાલત ક્યારેક કેવી કફોડી થઇ જતી હોય એ જાણવું છે ? તો વાંચો આ રમૂજ કથાઃ

બસ અર્ધો કલાક વિલંબથી આવવાની હોવાથી Bus-stand પરની ભીડમાં એક કાકા ખૂણા પર બેસી રામાયણનો ગ્રન્થ વાંચવા માંડ્યા. ભીડમાંના એક નવરાધૂપ યુવાને આંટા લગાવતા લગાવતા કાકા પાસે જઇ કુતૂહલથી પૂછ્યુંઃ''શું વાંચો છો તમે આ?'' ''રામાયણ.'' ''છટ્, આવા બાબા આદમના જમાનાના ગ્રન્થો વાંચવાનો શો મતલબ? આજે દુનિયા એ ઝડપથી આગળ વધે છે કે અહીં આજની નવી શોધ આવતીકાલે જૂની ગણાઇને ભુંસાઇ જાય છે. ત્યાં તમે આવા પુરાણા ગ્રન્થો વાંચો છો? આવા ગ્રન્થો તો Out of date કહેવાય.''

કાકા કોઈ પ્રત્યુત્તર આપ્યા વિના મૌન રહ્યા. થોડી વારે બસ આવતાં તુર્ત લોકો એક સાથે બસમાં દાખલ થવા પડાપડી કરવા માંડ્યા. ત્રાસી ગયેલ કંડક્ટરે બસ ચલાવવા સૂચના કરતાં ડ્રાયવરે બસ દોડાવી. ત્યારે કેટલાક બસમાં આવી ગયા હતા, તો કેટલાક રઝળી પડ્યા હતા. જે યુવાને કાકાની ઠેકડી ઉડાડી હતી એ બસમાં હતો અને એની પત્ની બહાર રહી ગઇ હતી. એ વ્યગ્ર થઇ ગયો હતો. તક જોઈને કાકાએ ઠાવકાઈથી યુવાનને કહ્યું: ''તેં જો રામાયણ વાંચી હોત તો આજે તને આ રામાયણ ન નડત.'' ઉશ્કેરાઇ ગયેલ યુવાને કાકાને કહ્યું: ''કેવી બેવકૂફીભરી વાત કરો છો તમે ? રામાયણ વાંચી હોત તો શું મારી પત્નીને બસમાં પ્રવેશ મળી જાત ?'' કાકાએ ઠંડે કલેજે ઉત્તર આપ્યો: ''ભઈલા, મેં હમણાં જ રામાયણમાં રામજીએ ગંગાનદી પાર કરી એ પ્રસંગ વાંચ્યો. એમાં લખ્યું છે કે રામજીએ સીતાને પહેલા નાવમાં બેસાડી અને પછી પોતે નાવમાં બેઠા. તેં જો આ વાંચ્યું હોત તો પહેલા તારી પત્નીને બસમાં બેસાડી પછી તું બેઠો હોત. રામાયણ ન વાંચ્યું એટલે તને એ ન સૂઝ્યું ને ન સૂઝ્યું માટે આ રામાયણ થઇ..'' યુવાન સ્તબ્ધ થઇ ગયો કાકાના આ ધારદાર કટાક્ષથી.

આપણે કમ સે કમ આ બેજવાબદાર યુવાનની જેમ ધર્મગ્રન્થો–શાસ્ત્રો પ્રત્યે અનાદરભર્યા–તિરસ્કારભર્યા અભિગમથી અવશ્ય દૂર રહીએ અને ક્રમશઃ અભિરુચિ– શ્રવણ–અધ્યયન સુધી જઈએ...

અષ્ટકના અંતિમ શ્લોકમાં ગ્રન્થકાર, કેવા મહાયોગી પરમપદ–મોક્ષ પામે તે દર્શાવતા શાસ્ત્રને કેન્દ્રમાં રાખી ચાર વિશેષણ ફરમાવે છે કે જે (૧) શાસ્ત્રજ્ઞાતા હોય (૨) શાસ્ત્રાધારે ઉપદેશ આપનાર હોય (૩) એકમાત્ર શાસ્ત્રદષ્ટિને વરેલા હોય અને (૪) (યથાશક્ય) શાસ્ત્રોક્ત આચારોનું પાલન કરતા હોય તેઓ પરમપદ પામે. અહીં એ ખાસ સમજવું કે શાસ્ત્રજ્ઞ એટલે શાસ્ત્રના રહસ્યાર્થના જ્ઞાતા. માત્ર શબ્દાર્થ પકડીને ચાલનારા કેટલીક વાર શાસ્ત્રના નામે સંઘર્ષ ઊભા કરી એવી ભયંકર કુસેવા કરે છે કે એમનાં કારણે ઘણો વર્ગ ધર્મવિમુખ થઇ જાય. એટલે અહીં શાસ્ત્રજ્ઞનો અર્થ શાસ્ત્રોના રહસ્યાર્થના જ્ઞાતા સમજવો. આવા જ્ઞાતા યથાર્થ ઉપદેશક બને.

આ બે ગુણો પ્રગટાવવા સતત શાસ્ત્ર તરફ જ દષ્ટિ કેળવવાની વાત જણાવાઈ છે. અને... આ બધું જ હોવા પછી શાસ્ત્રોક્ત આચારો જીવનમાં ન હોય તો કોરું શાસ્ત્રજ્ઞાન ન તારે એ સમજાવવા શાસ્ત્રોક્ત આચારપાલનનો નિર્દેશ કરાયો છે. તેવા ઉચ્ચ ક્ષયોપશમના અભાવે પહેલી ત્રણ વિશેષતા ન હોય તો ય ગીતાર્થ સદ્ગુરુની છાયામાં રહી શાસ્ત્રોક્ત આચારપાલન દ્વારા ય સાધક પુણ્યાત્મા મુક્તિ વરી શકે છે. મોક્ષપ્રાપ્તિ માટે મહાન ઉપકારી શાસ્ત્રો માટે આપણે જરૂર કહીશું કે :– **શાસ્ત્રો તો સંસારથી સિદ્ધિ તરફ લઈ જતાં માર્ગોનો સચોટ માહિતીસભર નકશો છે ...** ◆◆◆

## ૨૬

## મન જો આસક્ત છે તો
## સમગ્ર વિશ્વ પરિગ્રહરૂપ છે ...
## મન જો અનાસક્ત છે તો
## સમગ્ર વિશ્વ અપરિગ્રહરૂપ છે ...

આકાશમાં પરિભ્રમણ કરતા મંગળ–બુધ વગેરે ગ્રહો નવની સંખ્યામાં હોવાનું આપણે ભલે માનતા હોઈએ. પરંતુ જૈન શાસ્ત્રો કહે છે કે નવ તો પ્રસિદ્ધ ગ્રહો છે. બાકી કુલ ગ્રહો અઠ્યાશી છે. શબ્દરમત કરીએ તો આકાશમાં જેમ શનિગ્રહ–રાહુગ્રહ આદિ ગ્રહો છે તેમ આપણાં અંતરનાં આકાશમાં ય આગ્રહ–સંગ્રહ–વિગ્રહ વગેરે ગ્રહો છે.

પણ ...સબૂર ! 'જ્ઞાનસાર' ગ્રન્થના પ્રણેતા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર 'જ્ઞાનસાર'ના પરિગ્રહત્યાગ નામે પચીશમા અષ્ટકના પ્રારંભે જ બહુ મહત્ત્વનો નિર્દેશ કરે છે કે અંતર આકાશે પરિભ્રમણ કરતા આંતરિક દોષરૂપ ગ્રહોમાં સૌથી ખતરનાક તાકાતવાન છે 'પરિગ્રહ'. આકાશી ગ્રહો કરતા આ પરિગ્રહ અનેક રીતે વિ–લક્ષણ છે. એમાંની ત્રણ વિ–લક્ષણતાનો કલ્પનાશીલ ઉલ્લેખ કરતા ગ્રન્થકાર અષ્ટકનો

પ્રથમ શ્લોક આ ફરમાવે છે કેઃ–

न परावर्तते राशे-र्वक्रतां जातु नोज्झति ।
परिग्रहग्रहः कोऽयं, विडम्बितजगत्त्रयः ।।

મહોપાધ્યાયજી મસ્ત કલ્પનાઓ કરતાં પ્રથમ એ વાત એ કરે છે કે મંગલ–બુધ હો કે રાહુ–કેતુ હોઃ દરેક ગ્રહો રાશિપરાવર્તન કરે છે, જન્મનક્ષત્રથી ચતુર્થ–અષ્ટમાદિ સ્થાને રહેલ રાશિનું પરાવર્તન કરે છે. પરંતુ આ પરિગ્રહ ક્યારે ય જાણે રાશિપરાવર્તન કરતો જ નથી. કાયમ માટે જન્મનક્ષત્ર સાથે એ અમીટ જામી ગયો હોય એમ એની અસરો વ્યક્તિમાં આજીવન પ્રગાઢપણે ઝિલાતી રહે છે... બીજી વાત એ છે કે ગ્રહ વક્રી હોય તો ય એ અમૂક સમય–માસ કે વર્ષપર્યંત જ પીડા કરે, પછી એમાં પરિવર્તન આવે. જેમ કે શનિગ્રહ વક્રી હોય તો વ્યક્તિને એની પનોતી સાડા સાત વર્ષ પર્યંત નડે. પછી વ્યક્તિ શનિની દુષ્ટ અસરમાંથી મુક્ત થઇ જાય. કિંતુ પરિગ્રહ એવો વિલક્ષણ ગ્રહ છે કે એ કદી પોતાની વક્રતા ત્યજતો નથી. એ હરહંમેશ એની પકડમાં રહેલ વ્યક્તિને નડ્યા–કનડ્યા જ કરે.

અને...ત્રીજી વાત મહત્ત્વની એ છે કે આ પરિગ્રહ નામે વિચિત્ર ગ્રહ એક–બે વ્યક્તિને નહિ, બલ્કે લગભગ ત્રણે ય લોકના તમામ જીવોને વિડંબણા–દુઃખ આપે છે. શું અજ્ઞ કે શું પ્રાજ્ઞ, શું સામાન્ય કે શું વિખ્યાત, શું ગરીબ કે શું અમીર, શું રંક કે શું રાય : સૌને આ પરિગ્રહ નામે ગ્રહ ખતરનાક હેરાનગતિ કરે છે. એક વાત ખબર છે ? સામાન્ય દૃષ્ટિથી વિચારતા એમ લાગે કે પરિગ્રહની પરેશાની–સંપત્તિની લાલસા ગરીબ–રંક જનોને હોય, જેને ભરપૂર પ્રાપ્તિ થઇ છે એને એટલી લાલસા ન હોય. પરંતુ આ વિચારણા ગલત છે–ખોટી છે. વાસ્તવિકતા એ છે કે જેમને સંતોષ નથી એવા શ્રીમંતોને પરિગ્રહની પીડા અત્યંત વિકરાળ–અત્યંત ખતરનાક બનીને કનડતી હોય છે. ખબર છે પેલું ધારદાર કટાક્ષવાક્ય ? એ કહે છે કે **"મંદિરની બહાર ઊભેલ ભિક્ષુક ફક્ત પાંચ રૂપિયા માંગે છે. પરંતુ મંદિરની અંદર ઊભેલ સફારીસજ્જ ભિક્ષુક (અર્થાત્ શ્રીમંત) પચાસ લાખ રૂપિયા માંગે છે! અને... તો ય કરુણતા એ છે કે પચાસ લાખ મળ્યા પછી પણ એને તૃપ્તિ નથી હોતી."**

જેની ભીતરમાં અસંતોષની આગ જ્વાળામુખીની જેમ સતત લબકારા મારતી હોય એ વ્યક્તિ રાજાધિરાજ હોય તો ય પરિગ્રહની વિડંબણા એને કેવી સતાવે એ જાણવું છે ? તો વાંચો જૈન ઈતિહાસની આ લોભલાલસાનો સાક્ષાત્કાર કરાવતી ઘટનાઃ

છ ખંડનું વિરાટ સામ્રાજ્ય અને છન્નું ક્રોડ ગામ પર એકચક્રી આધિપત્ય ધરાવતો ચક્રવર્તી સમ્રાટ સુભૂમ. એને એક વાર એવો વિચાર આવ્યો કે 'મારા જેવા ચક્રવર્તી સમ્રાટો તો આજ પૂર્વે અનેક થઈ ગયા છે. એ દરેક પાસે છ ખંડનું સામ્રાજ્ય હતું. હું અ–દ્વિતીય ત્યારે ગણાઉં કે જ્યારે મારું સામ્રાજ્ય સાત–આઠ ખંડ સુધી વિસ્તરે. માટે મારે આજ પર્યંત કોઈએ ન કર્યું હોય એવું સાતમો ખંડ જીતવાનું સાહસ કરવું જોઈએ.' એણે જ્યારે મન્ત્રીશ્વરોને આ વિચાર જણાવ્યો ત્યારે મન્ત્રીઓએ શાણપણભરી સલાહ આપી કે 'દરેક ચક્રવર્તી છ ખંડ સુધી જ સામ્રાજ્ય સ્થાપી શકે આ કુદરતના ક્રમને ઉલટાવવામાં સાર નથી. જે પામ્યા છો એ અઢળક છે તો પછી વધુ લોભ શા માટે ?'

પરંતુ લોભગ્રસ્ત અને અહંગ્રસ્ત સુભૂમે એ શાણી સલાહ ન સ્વીકારી. એણે ચમત્કૃતિ જેવા ચર્મરત્ન પર વિરાટ સૈન્યની વ્યવસ્થા કરી અને સેવક યક્ષદેવોને એ ઉઠાવી અપાર–અફાટ લવણ સમુદ્ર પાર કરાવવાની આજ્ઞા કરી. યક્ષોએ આજ્ઞા મુજબ કાર્ય તો આરંભ્યું. પણ અંતે જે ભવિતવ્યતા હતી તે જ થયું. સખત પરિશ્રમથી શ્રાંત દરેક દેવને એક સાથે–એક સમયે એવો વિચાર આવ્યો કે 'થોડી ક્ષણો માટે હું આ બોજથી મુક્ત બનું!' એક જ સમયે દરેક દેવે આ વિચારનો અમલ કર્યો અને સુભૂમ ચક્રવર્તી સૈન્ય સાથે લવણ સમુદ્રમાં જલસમાધિસ્થ થઈ ગયો. એને સાતમા ખંડનું સામ્રાજ્ય તો પ્રાપ્ત ન થયું, કિંતુ કારમી પરિગ્રહલાલસાવશ સાતમી નર્ક જરૂર મળી. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' ગ્રન્થમાં આ ઘટનાનો ઉલ્લેખ શ્લોકાર્ધમાં કરતા આ પંક્તિ લખી છે કે ''सुभूमो ब्रह्मदत्तश्च, सप्तमं नरकं गतौ.''

પરિગ્રહ–સંપત્તિની લાલસા ચક્રવર્તી જેવા રાજાધિરાજની કેવી બૂરી વલે કરે એ આ સુભૂમચક્રવર્તીની ઘટનામાં સરસ પ્રતિબિંબિત થાય છે...

પરિગ્રહ નામનો ઉપરોક્ત ખતરનાક ગ્રહ હમણાં જણાવ્યું તેમ અજ્ઞ–પ્રાજ્ઞ વગેરે દરેક સ્તરની વ્યક્તિઓને તો નડે જ છે. કિંતુ એથી ય આગળ વધીને એ

સંસાર ત્યજી સંયમી બનનાર મુનિજનોને–સંન્યાસીઓને ય કનડગત કરી શકે છેઃ જો એ મુનિ કે સંન્યાસી ત્યાગ–વૈરાગ્યના લક્ષ્યથી ચલિત થઇ જાય તો. અમે ઘણી વાર પ્રવચનો દરમ્યાન હળવી શૈલીમાં કહીએ છીએ કે ''સંસારના ક્ષેત્રે જેની પાસે સંપત્તિ ન હોય એની કિંમત નથી હોતી અને સંયમનાં ક્ષેત્રે જેની પાસે સંપત્તિ હોય એની કિંમત નથી હોતી.'' આ વાક્યના ઉત્તરાર્ધનો મર્મ એ છે કે સંયમ સ્વીકાર્યા પછી મુનિના–સંન્યાસીનાં જીવનમાં કોઇ પણ પ્રકારના પરિગ્રહને સ્થાન ન હોવું જોઇએ. આ જ વાતને ખૂબ વજનદાર રીતે રજૂ કરતા જ્ઞાનસારગ્રન્થકાર પરિગ્રહત્યાગાષ્ટકનો તૃતીય શ્લોક આમ પ્રસ્તુત કરે છે કે :–

यस्त्यक्त्वा तृणवद् बाह्य-मान्तरं च परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत्त्रयी ।।

ભાવાર્થ કે જે આત્માર્થી સાધક બાહ્ય–અભ્યંતર સર્વ પરિગ્રહને તણખલાની જેમ આસાનીથી ત્યાગી ઉદાસીનભાવમાં સ્થિર રહે છે એના ચરણોની સેવા કરવા જગત આખું તત્પર રહે છે. આ શ્લોકમાં બાહ્ય–અભ્યંતર ઉભય પરિગ્રહનો ઉલ્લેખ છે. બાહ્ય પરિગ્રહ એટલે ? પ્રત્યક્ષ નજરે તરી આવતો સોનું–રૂપું–હીરા–પૈસા–મકાન–બંગલા–પરિવાર વગેરેનો સંગ્રહ. એનો ત્યાગ આવશ્યક હોવાથી જ દરેક સંયમાર્થી આરાધક સંયમ સ્વીકારતા પૂર્વે આ સર્વ બાહ્ય પરિગ્રહોનો ત્યાગ અચૂક કરે. પણ...પછી એટલામાત્રથી કાર્ય સિદ્ધ નથી થતું. એની સાથે અભ્યંતર પરિગ્રહનો ત્યાગ પણ અતિ આવશ્યક રહે છે. અભ્યંતર પરિગ્રહ એટલે? તે તે સુવર્ણ–રજત વગેરે ઉપર આસક્તિનો–મૂર્છાનો અભાવ. વ્યક્તિ સુવર્ણ વગેરે આસાનીથી ત્યજી શકે છે, પરંતુ એના પર આસક્તિનો અંશ ન રહે–મૂર્છાનો લેશમાત્ર ન રહે એવી આંતર અવસ્થા સર કરવામાં કાફી કઠિનતા અનુભવે છે. જે સાધક આ બાહ્ય–અભ્યંતર બન્ને પરિગ્રહથી મુક્ત થઇ ઉદાસીન રહે એ માન–સન્માનાદિથી નિરપેક્ષ હોય તો ય જગત આપોઆપ એને નવાજવા તત્પર રહે એમ ગ્રન્થકાર જણાવે છે.

ગ્રન્થકારે અહીં ઉદાસીનતાની વાત કરી એ ધ્યાનાકર્ષક છે. વ્યવહારજગતમાં આપણે ઉદાસીનતાનો અર્થ સમજીએ છીએ Moodless બની જવું–ગમગીન બની જવું. વસ્તુતઃ ઉદાસીનતા શબ્દનો આ Perfect અર્થ નથી. સંસ્કૃત ભાષા મુજબ उद् નો અર્થ છે ઊંચે અને आसीन નો અર્થ છે

બેસેલ. જે સાધક રાગ–દ્વેષની વિભાવનાઓથી ઉપર ઊઠીને એકદમ ઊંચે વિરાજતો હોય, રાગ–દ્વેષની લાગણીથી પર રહેતો હોય એને કહેવાય વાસ્તવિક અર્થમાં ઉદાસીન. સંપત્તિ વગેરેના અને તેની ઉપરના રાગમાત્રથી દૂર રહી જે ખરા અર્થમાં ઉદાસીન હોય એને કહેવાય ખરેખરો નિષ્પરિગ્રહી આરાધક. આવા નિષ્પરિગ્રહી સાધકનું મનોજગત કેવું હોય એ જાણવું છે? તો વાંચો આ મસ્ત ઘટના :

વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશેલ એક ધર્મશ્રદ્ધાશીલ દંપતીએ નિર્ણય કર્યો કે હવે સંસારની પળોજણથી આસ્તે આસ્તે મુક્ત થઇ સંન્યસ્ત તરફ આગળ વધવું. પ્રથમ તબક્કે એ ઘર ત્યાગીને ગામ બહાર નિર્જન સ્થાનમાં કુટિર બનાવી રહેવા ગયા. વૈરાગ્ય એવો હતો કે દંપતી હોવા છતાં બન્નેએ રહેવાની કુટિર સાવ અલગ રાખી હતી. દિવસભર શાસ્ત્રવાચન–જાપસાધના એ કરે અને જરૂર ન હોય તો પરસ્પર વાત પણ ટાળે. બન્નેને પ્રભાતે નદીસ્નાન કરવા જવાનો માર્ગ એક રહેતો. એથી ત્યાં ક્યારેક મળવાનું થઇ જાય.

એક દિવસની વાત. સ્નાન કરીને આવી રહેલ પતિએ માર્ગની વચ્ચે સુવર્ણહાર પડેલ જોયો. થોડો ઉજાસ થઇ ગયો હતો એથી હાર સ્પષ્ટ દેખાતો હતો. પતિએ વિચાર્યું કે ‘મને તો હવે આવા હારનો કોઇ મોહ નથી. પરંતુ હમણા પાછળથી પત્ની આવશે ને એ આ હાર નિહાળશે તો સ્ત્રીસ્વભાવવશ એ અલંકારનું આકર્ષણ અનુભવ્યા વિના રહેશે નહિ, માટે ધૂળથી આ હાર આચ્છાદિત કરી દઉં.’ પતિ આ કરતા હતા ત્યાં પાછળથી આવી ચડેલ પત્નીએ પૂછ્યુંઃ ‘‘આ શું કરો છો તમે?’’ પતિએ નિખાલસતાથી પોતે વિચારેલ વાત કહી. ત્યારે પત્નીએ જે ઉત્તર આપ્યો એ અંતરના આરસ પર અંકિત થઇ જાય એવો હતો. એણે પતિને કહ્યું : તમે ભલે માનતા હો કે હું સુવર્ણહાર પર ધૂળ ઢાંકું છું. કિંતુ હું તો માનું છું કે તમે ધૂળ પર ધૂળ ઢાંકો છો.’’

જે સાધક બાહ્ય જ નહિ, અભ્યંતર પરિગ્રહથી પણ મુક્ત હોય તેનું મનોજગત આવું ઉચ્ચતમ=ઉદાસીન હોય...

જે સાધક બાહ્ય પરિગ્રહ ત્યાગ્યા પછી અભ્યંતર પરિગ્રહથી અર્થાત્ મૂર્છાથી મુક્ત થાય નહિ કે મુક્ત થવાનો પુરુષાર્થ ન કરે તેના માટે મહોપાધ્યાય ભગવંત બહુ ચોટદાર શબ્દોમાં ધારદાર વાત પ્રસ્તુત કરે છે કે :–

चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।
त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो नहि निर्विषः ।।

જૈન પરંપરામાં શ્રમણ માટે એક શબ્દપ્રયોગ છે નિર્ગ્રન્થ. નિર્ગ્રન્થ એટલે ગ્રન્થિરહિત–ગાંઠરહિત. શ્રમણનાં જીવનમાં બાહ્ય–અભ્યંતર પરિગ્રહરૂપ કોઈ ગ્રન્થિ–ગાંઠ ન જ હોવી જોઈએ. આ વાત સમજાવતી વેળાએ ગ્રન્થિ શબ્દનો અર્થ ટીકાકાર પંન્યાસ શ્રી ગંભીરવિજયજી ગણિવરે આ કર્યો છે કે ''ग्रन्थो धनभोगशरीरादिषु ममत्वं मूर्छारूपं सङ्ग्रहो वा'' હવે ધારો કે શ્રમણ બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરી બાહ્યથી નિર્ગ્રન્થ થાય, પરંતુ ભીતરમાં આસક્તિ–મૂર્છાની ગ્રન્થિ પ્રબળ જામેલી રાખે તો? તો આવી નિર્ગ્રન્થતાની કોઈ કિંમત નથી. ઉપરોક્ત શ્લોકમાં ગ્રન્થકાર માર્મિક ઉદાહરણ આપે છે કે ''સર્પ કાંચળી ઉતારે એટલા માત્રથી નિર્વિષ ગણાતો નથી, એમ બાહ્ય પરિગ્રહના ત્યાગમાત્રથી સાચી નિર્ગ્રન્થતા પ્રગટતી નથી.'' તાત્પર્યાર્થ એ છે કે સર્પના મુખમાંથી ઝેરની કોથળી દૂર કરાય તો જ એ જેમ નિર્વિષ ગણાય, તેમ અંતરમાંથી મમત્વ–મૂર્છા દૂર કરાય તો જ શ્રમણ નિર્ગ્રન્થ ગણાય.

એ પછીના એક શ્લોકમાં ગ્રન્થકારે મજાની ચર્ચા છેડી છે કે સાધક શ્રમણ ચારિત્રોપયોગી વસ્ત્ર–પાત્ર–પુસ્તકાદિ ઉપકરણ રાખે એ પરિગ્રહ કહેવાય કે નહિ? એમણે તર્કપૂર્વક એ પ્રતિપાદન કર્યું છે કે ધર્મોપકરણ તો નિષ્પરિગ્રહતારૂપ દીપકને સ્થિર ટકાવી રાખવામાં સહાયક છે. એ પરિગ્રહરૂપ ન જ કહેવાય... અષ્ટકના અંતિમ શ્લોકમાં ગ્રન્થકાર શબ્દના થોડા જ ફર્ક સાથે પરિગ્રહ–અપરિગ્રહની સરસ વાત કરે છે કે :–

मूर्छाच्छन्नधियां सर्वं, जगदेव परिग्रहः ।
मूर्छया रहितानां तु, जगदेवाऽपरिग्रहः ।।

ભાવાર્થ કે જેઓ મૂર્છા–મમતા–આસક્તિથી યુક્ત છે એમની પાસે કાંઈ ન હોય તો ય સમગ્ર જગત એમના માટે પરિગ્રહરૂપ પુરવાર થાય છે અને જેઓ મૂર્છા–મમતાથી મુક્ત છે એમની પાસે ઘણું બધું હોય તો ય સમગ્ર જગત એમના માટે અપરિગ્રહરૂપ પુરવાર થાય છે...

આપણે કેવા બનવા પુરુષાર્થી બનીશું? મૂર્છાયુક્ત કે મૂર્છામુક્ત? ◆◆◆

૨૭

# શાસ્ત્રજ્ઞાન તો આત્મસાક્ષાત્કારનું દિગ્દર્શન કરાવે ... સ્વાનુભૂતિ જ આત્મસાક્ષાત્કારની સફર કરાવે ...

ગોળની ઉત્પત્તિપ્રક્રિયાની રજેરજ માહિતી આપતું પુસ્તક વાંચી જવાથી આપણને ગોળ અંગે લગભગ બધી જાણકારી મળી શકે, ગોળ નજરે નિહાળવાથી એનું કદ–વર્ણ વગેરેની માહિતી મળી શકે. પરંતુ આ જાણકારી અને આ નિરીક્ષણથી શું ગોળના માધુર્યનો–સ્વાદનો વાસ્તવિક 'અનુભવ' થઇ શકે? નહિ જ. કારણ કે માહિતી અલગ બાબત છે અને અનુભવ અલગ બાબત છે. ગોળના સ્વાદનો વાસ્તવિક અનુભવ પ્રાપ્ત કરવો હોય તો એ ગોળનો જીભ દ્વારા રસાસ્વાદ કરવો જોઇએ. આ રસાસ્વાદ જ ગોળનાં માધુર્યનો વાસ્તવિક અનુભવ કરાવી શકે.

જે વાત ગોળનાં ક્ષેત્રે છે એ જ વાત અધ્યાત્મનાં ક્ષેત્રે છે. શાસ્ત્રોનું જ્ઞાન ભલે ને ચાહે તેવું મેળવવામાં આવે, પરંતુ એ શાસ્ત્રજ્ઞાનથી–ચર્ચાઓથી આત્માની અનુભૂતિ ન થઇ શકે. કારણ કે શાસ્ત્રજ્ઞાન અલગ બાબત છે અને સ્વાનુભૂતિ અલગ

બાબત છે. અનુભવ એવું ઉત્તમ તત્ત્વ છે કે એના માટે 'જ્ઞાનસાર' ગ્રન્થકાર પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે એક સ્વતન્ત્ર અષ્ટક રચીને એનું મહિમાગાન કર્યું છે. એ છે છવીશમું અનુભવાષ્ટક. અષ્ટકના પ્રારંભે જ શાસ્ત્રજ્ઞાન અને સ્વાનુભૂતિ વચ્ચે ભેદ દર્શાવતા ગ્રન્થકાર ઉદાહરણસહિત પ્રથમ શ્લોક આ ફરમાવે છે કે :–

सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ।
बुधैरनुभवो दृष्टः, केवलार्कारुणोदयः ।।

જૈન દર્શન જે પંચ જ્ઞાનની પ્રરૂપણા કરે છે તેમાં શ્રુતજ્ઞાન બીજા ક્રમાંકે છે અને કેવલજ્ઞાન પાંચમા ક્રમાંકે–સર્વોચ્ચ કક્ષાએ છે. આગમોથી લઇને તમામ શાસ્ત્રો શ્રુતજ્ઞાનસ્વરૂપ હોય છે. જ્યારે કેવલજ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી પ્રગટતું સર્વોત્તમ અને શાશ્વતસ્થાયી જ્ઞાન છે. અનુભવદશા નથી શ્રુતજ્ઞાન કે નથી કેવલજ્ઞાન. એ શ્રુતજ્ઞાનથી ઉપરની કક્ષાની અને કેવલજ્ઞાનથી પૂર્વકક્ષાની વિશિષ્ટ અવસ્થા છે. 'યોગદષ્ટિ સમુચ્ચય' ગ્રન્થમાં, ૧૪૪૪ ગ્રન્થના કર્તા પૂજ્યપ્રવર સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ નિર્દેશ કરતા લખ્યું છે કે ''मतिश्रुतयोरुत्तरभावी केवलादव्यवहितपूर्वभावी प्रकाशोऽनुभवः'' ભાવાર્થ કે મતિ–શ્રુતજ્ઞાનથી ઉપર અને કેવલજ્ઞાનથી અંતરરહિત પૂર્વસ્થિત પ્રકાશનું નામ અનુભવ છે.

'જ્ઞાનસાર'ગ્રન્થકાર આ અનુભૂતિની અવસ્થાને ઉદાહરણથી સમજાવતા શ્લોકમાં જણાવે છે કે સન્ધ્યા જેમ દિવસ અને રાત્રિથી અલગ સમયખંડ છે, તેમ અનુભવદશા શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનથી અલગ છે. વહેલી પ્રભાતની સન્ધ્યા નિહાળીએ તો, ત્યાં રાત્રિ પૂર્ણ થઇ ગઇ છે અને હજુ સૂર્યોદય થયો ન હોવા છતાં લાલિમા તો પથરાઇ જ ગઇ છે. બસ, આ લાલિમા પથરાઇ જવા જેવી અવસ્થા છે અનુભૂતિની. ગ્રન્થકારના શબ્દો છે ''केवलार्कारुणोदयः'' મતલબ કે કેવલજ્ઞાનરૂપી સૂર્યના ઉદય પૂર્વેની અરુણોદયાવસ્થા એટલે જ અનુભવદશા.

કેવી હોય આ અનુભૂતિની અવસ્થા? એનું યત્કિંચિત્ શબ્દચિત્ર દોરતા શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ લખે છે કે ''यथार्थवस्तुस्वरूपोपलब्धि-

परभावारमण-तदास्वादनैकत्वमनुभवः'' મતલબ કે (૧) જગતના પદાર્થોમાં રાગ–દ્વેષ ભેળવ્યા વિના એનું યથાર્થ જ્ઞાન (૨) આત્મભિન્ન ભાવોમાં રમણતાનો ત્યાગ અને (૩) આત્મભાવમાં તલ્લીન રમણતાઃ આને કહેવાય છે અનુભવદશા.

આ અનુભવદશાનું સામર્થ્ય દર્શાવતા 'જ્ઞાનસાર'ગ્રન્થકાર અષ્ટકના બીજા શ્લોકમાં જણાવે છે કે : –

व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शनमेव हि ।
पारं तु प्रापयत्येको,-ऽनुभवो भववारिधेः ।।

અમે જ્યારે વિહાર–પદયાત્રા કરીને ગામ–પરગામ વિચરતા હોઈએ ત્યારે માર્ગની જાણકારીના અભાવે ઘણી વાર રહેવાસીઓને માર્ગ પૂછીએ. એ અમને દિશા બતાવે–વળાંકોની સમજ આપે–બહુ બહુ તો ગામ સુધી પહોંચવાની નિશાની આપે. પરંતુ એ કાંઈ હાથ પકડી અમને પરગામ સુધી મૂકી ન જાય. બસ, દિશાસૂચનની આ જે ભૂમિકા રહેવાસીની છે એ જ ભૂમિકા સંસારપાર થવાના ક્ષેત્રે શાસ્ત્રોની હોવાનું ઉપરોક્ત શ્લોક જણાવે છે. એ કહે છે કે સંસારક્ષયની સાધનામાં તમામ શાસ્ત્રોની ભૂમિકા દિશાસૂચન કરવાની છે. રાગ–દ્વેષનો ક્ષય કેવી રીતે થાય? પરભાવવિમુખતા શી રીતે પ્રગટે? સ્વરૂપરમણતા કેવી રીતે વિકસે? એના સંકેતમાત્ર–દિશાસૂચનમાત્ર જ શાસ્ત્રો કરે. સાધકનો હાથ પકડીને એને સંસારને સામે પાર લઈ જવાની ક્ષમતા–સામર્થ્ય તો વિશુદ્ધ અનુભવદશામાં છે. એથી જ ત્રીજા શ્લોકમાં ગ્રન્થકાર કહે છે કે ''અતીન્દ્રિય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મની પ્રાપ્તિ વિશુદ્ધ અનુભવથી જ થાય. વિશુદ્ધ અનુભવ ન હોય તો શાસ્ત્રોની સેંકડો ચર્ચાઓ કરીને ય પરબ્રહ્મની–શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ કરી શકાતી નથી.''...

પાંચમા શ્લોકમાં ગ્રન્થકાર કલ્પનાશીલ ઉપમા સાથે મજાની પ્રસ્તુતિ કરે છે કે :–

केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।
विरलास्तद्रसास्वाद-विदोऽनुभवजिह्वया ।।

ગ્રન્થકાર કહે છે કે શાસ્ત્રજ્ઞાન જાણે કે ખીર છે, તો કલ્પના–તર્કબુદ્ધિ કડછી છે અને અનુભવ જીભ છે. ધારો કે એક ગૃહિણી ચૂલા પરની ખીરને માત્ર

કડછીથી હલાવ્યા જ કરશે તો શું એને ખીરનો રસાસ્વાદ પ્રાપ્ત થશે ? ના. તો એ જ રીતે જે તર્કવાદીઓ–બુદ્ધિવાદીઓ તર્કથી શાસ્ત્રોની માત્ર ચર્ચાઓ જ કર્યા કરશે એમને પણ શાસ્ત્રરૂપ ખીરનો રસાસ્વાદ પ્રાપ્ત નહિ થઇ શકે. એ રસાસ્વાદ માટે તો અનુભવરૂપી જીભ આવશ્યક રહેશે. ખબર છે પેલું નાનકડું માર્મિક દૃષ્ટાંત ?

અધ્યાત્મનાં ક્ષેત્રે અતલ ઊંડાણ સુધી ગયેલ એક શ્રેષ્ઠ સાધક પાસે કોઇ બૌદ્ધિક વ્યક્તિએ આવીને કહ્યું: ''હું આત્મા વિશે ઘણું જાણું છું. ખૂબ ગહરાઇમાં હું ગયો છું. તમે મારી વાતો સાંભળશો તો એ તમને ખૂબ ઉપયોગી થશે.'' સાધકે રસ દર્શાવતા પેલી વ્યક્તિએ એક કલાક સુધી દીર્ઘ ભાષણ કર્યું. અહીં–તહીંથી વાંચેલ શાસ્ત્રોની પંક્તિઓ રજૂ કરી એના પર ધારદાર તર્કો રજૂ કર્યા. એક કલાકે એ વ્યક્તિએ વિરામ લીધો અને અહંકારની છાંટ સાથે પૂછ્યું:''કેવી લાગી મારી વાતો ?'' મર્મી સાધકે સંક્ષિપ્ત છતાં ધારદાર કટાક્ષસભર ઉત્તર આપ્યો: ''આ તો તમે જ્યાં–ત્યાંથી વાંચેલ વાતોનું વમન કર્યું (ઊલટી કરી). આમાં તમારી વાત–તમારી અનુભૂતિ તો જરા ય દેખાઇ જ નહિ.'' પેલી વ્યક્તિ સ્તબ્ધ થઇ ગઇ સાધકનાં આ સચોટ નિરીક્ષણથી...

હા, તો કેવલ બૌદ્ધિક ચર્ચાઓ–તર્કો પર અવલંબન રાખનારની સ્થિતિ આવી હોય છે. એથી જ લાગે છે કે ગ્રન્થકારે આપેલ કડછીની ઉપમા એકદમ સાર્થક છે.એ શાસ્ત્રો વાંચી જાય ખૂબ, પણ એનો વાસ્તવિક રસાસ્વાદ ન માણી શકે. ગંભીર વિચારણા કરીએ તો આ ઉપમાસભર શ્લોકમાં ગ્રન્થકારે ઘણી બધી રહસ્યપૂર્ણ વાતો એક સાથે દર્શાવી દીધી છે. સંક્ષેપમાં એ નિહાળીએ તો તેઓ કહે છે કે (૧) શાસ્ત્રજ્ઞાન પણ મહત્ત્વનું છે. એથી જ એને ખીરની ઉપમા અપાઇ છે. જો ખીર જ નહિ હોય તો જીભ એનો રસાસ્વાદ માણી શકશે ક્યાંથી ? (૨) તર્કની–બુદ્ધિની પણ અમૂક હદ સુધી આવશ્યકતા છે. જો કડછી ન હોય તો ખીર બળી જાય એમ અર્થનિર્ણય તરફ લઇ જતી તર્કશક્તિ–બુદ્ધિ ન હોય તો શાસ્ત્રોનાં વાચન પછી ય કાંઇ મળી ન શકે. (૩) સૌથી અગત્યની વાત એ છે કે ખીર બની જાય પછી કડછી હલાવ્યા કરવાની ન હોય, એનો આસ્વાદ માણવાનો હોય–પાન કરવાનું હોય. એમ અર્થનિર્ણય થઇ જાય પછી જિંદગીભર શાસ્ત્રોની ચર્ચાના આટા–પાટાઓમાં રમવાનું ન હોય, બલ્કે

અનુભૂતિ તરફ આગળ વધવાનું હોય. રાગ–દ્વેષથી ઉપર ઊઠીને સ્વરૂપરમણતા સિદ્ધ કરવા તરફ લક્ષ્ય કેન્દ્રિત કરવાનું હોય. આ રીતે, આ શ્લોકમાં ગ્રન્થકારે ઘણી બધી બાબતોનો એક સાથે સરસ સમન્વય કરવાપૂર્વક તેની સીમા–મર્યાદા પણ દર્શાવી દીધી છે.

હિંદુ પરંપરામાં બ્રહ્મને અદ્વૈત મનાયો છે. આ વાતનો સમન્વય કરતા છટ્ઠા શ્લોકમાં ગ્રન્થકાર નિર્દ્વન્દ્વ બ્રહ્મ અને નિર્દ્વન્દ્વ અનુભવની પ્રસ્તુતિ કરે છે કે : –

पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ।
कथं लिपिमयी दृष्टि-र्वाङ्मयी वा मनोमयी ।।

ગ્રન્થકારે શ્લોકમાં નિર્દ્વન્દ્વ શબ્દનો પ્રયોગ બે વાર કર્યો છે. દ્વન્દ્વ એટલે બબ્બે બાબતો. રાગ–દ્વેષ, કામ–ક્રોધ, હર્ષ–શોક, રતિ–અરતિ, સુખ–દુઃખ વગેરે વિભાવપરિણામરૂપ અનેક બબ્બે બાબતોને કહેવાય દ્વન્દ્વ. શુદ્ધ ચૈતન્યરૂપ બ્રહ્મ  એટલે કે આત્મા નિર્દ્વન્દ્વ છે–ઉપરોક્ત તમામ દ્વન્દ્વોથી રહિત છે. ગ્રન્થકાર કહે છે કે આવા નિર્દ્વન્દ્વ આત્માને જોવા કાજે નિર્દ્વન્દ્વ અનુભવ જ ઉપયોગી બને. 'અનુભવ' એવી ઉત્કૃષ્ટ અવસ્થા છે કે જ્યાં રાગ–દ્વેષ કામ–ક્રોધ  વગેરે દ્વન્દ્વો વિલીન થઇ ગયા હોય. જો નિર્દ્વન્દ્વ અનુભવની પ્રાપ્તિ ન થઇ હોય તો નિર્દ્વન્દ્વ આત્માને પામી શકાય નહિઃ પછી ભલે ને આપણી પાસે લિપિમયી–વાણીમયી કે મનોમયી દષ્ટિ હોય. ગ્રન્થોમાં રહેલ અક્ષરો છે લિપીમયી દષ્ટિ, વચનરૂપે ઉચ્ચારાતી શાસ્ત્રવાતો છે વાણીમયી દષ્ટિ અને માનસિક ચિંતન છે મનોમયી દષ્ટિ. આ ત્રણમાંથી એકે ય દષ્ટિ નિર્દ્વન્દ્વ આત્માનું દર્શન કરાવી ન શકેઃ જો નિર્દ્વન્દ્વ અનુભવ ન હોય તો. આ છે ગ્રન્થકારની વાત.

ભીતરી નિર્દ્વન્દ્વ અવસ્થામાં ક્રમશઃ આગળ વધવું હોય તો બાહ્ય દ્વન્દ્વોથી –સાંસારિક ઉપાધિઓથી દૂર થતા જવું જોઇએ. બાહ્ય જંજાળોથી–દ્વન્દ્વોથી સતત વ્યસ્ત –ત્રસ્ત રહીએ અને ભીતરી દ્વન્દ્વોથી મુક્ત થવાનાં સ્વપ્ન સેવીએ તો એ લગભગ અશક્યપ્રાયઃ છે. ખબર છે પેલી મજાની પ્રેરક કથા ?

વિશાલ સામ્રાજ્યનો સ્વામી રાજા ભવ્ય રાજમહેલમાં વસતો હતો, રાજકાજની સેંકડો સમસ્યાઓમાં વ્યસ્ત હતો અને છતાં વચ્ચે વચ્ચે સમય

કાઢીને સંતો–સંન્યાસીઓ–વિદ્વાનો સાથે નિર્દ્વન્દ્વ આત્માની–સાચી શાંતિની ચર્ચાઓ કરતો હતો. એની ફરિયાદ એ હતી કે 'આટઆટલા વિદ્વાનો–સંન્યાસીઓ સાથે ચર્ચા કર્યા પછી ય એને સાચી આત્મિક શાંતિની–નિર્દ્વન્દ્વતાની પ્રાપ્તિ થતી નથી.' એક મર્મી સંતે રાજાને બરોબર બોધપાઠ આપવાનું વિચાર્યું.

એ મુજબ એક રાત્રે તેઓ રાજમહેલની અગાશી પર ચડી ગયા અને અર્ધી રાત્રે જોર જોરથી પગ પછાડતાં આમ–તેમ દોડવા માંડ્યા. શય્યામાં પોઢેલ રાજા આ ધડબડાટી સાંભળીને ચોંકી ઊઠ્યો. એણે ચોકીદારોને અગાશી પરથી ચોરને પકડી લાવવા ફરમાન કર્યું. ચોકીદારો ઉપરથી સંતને પકડી લાવ્યા. ધર્મી રાજાએ વિવેકથી કહ્યુંઃ ''અરે મહાત્મન્, અર્ધી રાત્રે મહેલની અગાશી પર તમે શું કરતા હતા?'' સંતે ઉત્તર આપ્યોઃ''મારું ઊંટ ખોવાઈ ગયું હતું. એ શોધવા અગાશીમાં દોટ મૂકતો હતો.'' રાજાને સંત પાગલ લાગ્યા. એ ખડખડાટ હસતા બોલ્યોઃ ''અરે, અગાશી પર તે કાંઈ ઊંટ મળતું હશે?'' સંતે તુર્ત તક જોઈને ઘા કર્યો : ''તો પછી રાજન્ ! રાજમહેલમાં રહ્યા રહ્યા તે કાંઈ નિર્દ્વન્દ્વ શાંતિ મળતી હશે?'' શરમિંદા થઈ ગયેલ રાજાને હવે સમજાયું કે ભીતરી નિર્દ્વન્દ્વતા તરફ જવા માટે સર્વપ્રથમ બાહ્ય ઉપાધિઓથી–દ્વન્દ્વોથી દૂર થવું જરૂરી છે...

અનુભવાષ્ટકના અંતિમ શ્લોકમાં ગ્રન્થકાર શાસ્ત્રોને અનુભવ તરફ લઈ જતાં માધ્યમરૂપે જણાવતા લખે છે કેઃ–

अधिगत्याऽखिलं शब्द-ब्रह्म शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यं परं ब्रह्मा-ऽनुभवेनाऽधिगच्छति ।।

ભાવાર્થ કે શાસ્ત્રરૂપી ચક્ષુ દ્વારા શબ્દબ્રહ્મને સર્વતઃ પામીને સાધક મુનિ અનુભવદશા થકી વિશુદ્ધ આત્મસ્વરૂપ સ્વયંસંવેદ્ય પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. સાર એ થયો કે ઉત્કૃષ્ટ અનુભવદશા પ્રાપ્ત કરવા માટે શાસ્ત્ર કેટલેક અંશે જરૂર સહાયક બને છે...

છેલ્લે એક વાત : **શાસ્ત્રજ્ઞાન તો આત્મસાક્ષાત્કારનું દિગ્દર્શન કરાવે... સ્વાનુભૂતિ જ આત્મસાક્ષાત્કારની સફર કરાવે...** ◆◆◆

## ૨૮

# ભોગલાલસામાં રમતા જીવો સંસારમાં ભમે છે ... યોગસાધનામાં રમતા જીવો સંસારને તરે છે ...

ભોગ અને યોગ. વર્ણની દૃષ્ટિએ વિચારીએ તો એમાં માત્ર એક જ વર્ણનો–અક્ષરનો ફર્ક છે. પરંતુ અર્થની દૃષ્ટિએ વિચારીએ તો એ બેમાં આસમાન–જમીનનો ફર્ક છે. ભોગ માત્ર ભૌતિક સાધનો પર આધારિત હોય છે, જ્યારે યોગ આધ્યાત્મિકતા પર આધારિત હોય છે. ભોગનું કેન્દ્રબિંદુ માત્ર બાહ્ય આનંદ છે, જ્યારે યોગનું કેન્દ્રબિંદુ અભ્યંતર આનંદ છે. ભોગ સાધનપરસ્ત છે, યોગ સાધનાપરસ્ત છે. ભોગનો અતિરેક વ્યક્તિને તન–મનથી ખતમ કરે, જ્યારે યોગની સતત સાધના તન–મનને વિશુદ્ધિનાં ઉત્તરોત્તર વિશુદ્ધ શિખરો પર લઈ જાય. ભોગનો અતિરેક કેવી વિષમતા નોંતરે એ જાણવું છે? તો વાંચો આ મજાની રમૂજકથાઃ

લાડવા પ્રત્યે પાગલપનની હદનો Craze ધરાવતા એક બ્રાહ્મણને એક વાર કોઈ યજમાને ભોજન માટે આમંત્રણ આપ્યું.

એમાં વળી વાતવાતમાં બ્રાહ્મણને ખબર પડી ગઇ કે ભોજનમાં મુખ્ય વાનગીરૂપે લાડવા છે. સ્વાદલોલુપ બ્રાહ્મણે મનોમન નક્કી કરી લીધું કે 'યજમાનના ઘરે મારે માત્ર લાડવા પર જ હાથ જમાવવો છે.' નિર્ધારિત દિવસે બ્રાહ્મણ યજમાનનાં ઘરે પહોંચી ગયો અને જરા પણ સંકોચ–શરમ રાખ્યા વિના એણે લાડવા પર હાથ જમાવી દીધો. અન્ય કોઈ પણ વાનગી વિના માત્ર લાડવા આરોગતા બ્રાહ્મણને જોઈ યજમાનને અનુચિત તો લાગ્યું. પરંતુ એ સરલ–વિવેકી હોવાથી એણે ચૂપચાપ બ્રાહ્મણની ફરમાઇશ પ્રમાણે લાડવા પીરસ્યા કર્યા.

આકંઠ પેટ ભરાઇ જતા છેલ્લે બ્રાહ્મણે મોદકભોજનને વિરામ આપ્યો. પરંતુ વધુ પડતા ભારે ભોજનનાં કારણે બ્રાહ્મણની હાલત એક ડગલું ય ચલાય નહિ એવી થઇ ગઇ. એ આકુલ–વ્યાકુલ થઇ યજમાનના જ ઘરે ચત્તાપાટ પડ્યો. ગભરાયેલ યજમાને વિચાર્યું કે કશું અઘટિત બને તે પૂર્વે આને એનાં ઘરે પહોંચાડવામાં સલામતી છે. તત્કાલ માણસો બોલાવી બ્રાહ્મણને ખાટલામાં સુવડાવ્યો અને ચાર માણસો એ ખાટલો ઊંચકી ભરબજારે નીકળ્યા. લોકો કુતૂહલથી આ વિચિત્ર 'પાલખી' જોવા ટોળે વળ્યા. એવામાં એક દુકાનદારે પાંચ–સાત હવાબાણ હરડે લઇ દોડી આવતા કહ્યું: ''વધુ પડતા ગેસથી આ તકલીફ થઇ લાગે છે. તમે આ પાંચ–સાત હવાબાણ હરડે લો તો થોડી રાહત થશે.'' બ્રાહ્મણે ખાટલામાં પડ્યા પડ્યા જ બૂમ લગાવી: 'અરે! આ પાંચ–સાત હરડેની જગ્યા હોત તો હું અર્ધો લાડુ વધારે ન વાપરી જાત!' દુકાનદારને હસવું કે રડવું એ જ ન સમજાયું.....

વ્યક્તિ આવી આવી અતિરેકભરી કારમી ભોગલાલસાઓથી મુક્ત બને અને યોગ તરફ વળે એ માટે જ્ઞાનસારગ્રન્થકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર સત્તાવીશમા અષ્ટકમાં યોગના વિષય પર પ્રકાશ પાથરે છે. શબ્દશાસ્ત્ર અને અધ્યાત્મની દૃષ્ટિએ યોગની એકદમ સચોટ વ્યાખ્યા કરતા તેઓ પ્રથમ શ્લોક આ ફરમાવે છે કે :–

**मोक्षेण योजनाद् योगः, सर्वोऽप्याचार इष्यते ।**
**विशिष्य स्थानवर्णार्था-ऽलम्बनैकाग्र्यगोचरः ।।**

સંસ્કૃત ભાષા મુજબ 'યોગ' શબ્દનો અર્થ થાય છે સંબંધ–જોડાણ. ગ્રન્થકારે આ શબ્દાર્થ પર સંધાન કરી મજાની વ્યાખ્યા કરી છે કે મોક્ષ સાથે આપણો સંબંધ–જોડાણ અનંતર યા પરંપર કરી આપે એનું નામ યોગ. આ સચોટ વ્યાખ્યા દ્વારા તેઓએ એ પુરવાર કરી આપ્યું કે યોગનો સંબંધ આધ્યાત્મિકતા સાથે છે. આજે જે રીતે 'યોગ'નું વ્યાપારીકરણ થઈ રહ્યું છે તેમાં ફક્ત શારીરિક સ્વાસ્થ્ય અને બહુ બહુ તો માનસિક શાંતિને પ્રાધાન્ય અપાય છે, એથી આગળ કાંઈ નહિ. અરે! આ વ્યાપારીકરણે તો 'યોગ' શબ્દને મરડીને 'યોગા' બનાવી દીધો છે.

ગ્રન્થકાર આ મર્યાદાથી ઉપર ઊઠીને 'યોગ'નું દિગ્દર્શન એના મુખ્ય હેતુને પ્રાધાન્ય આપવા દ્વારા કરાવે છે. એની સાથે જ બીજી વિશેષતા એમની એ છે કે તેઓ ધર્મક્રિયાથી શરૂ કરીને ઠેઠ ઉપરનાં સ્તર સુધીમાં યોગનો વિચારવિસ્તાર કરે છે. તેઓ યોગના પ્રથમ પાંચ પ્રકાર આ દર્શાવે છેઃ (૧) સ્થાન (૨) વર્ણ (૩) અર્થ (૪) આલંબન અને (૫) એકાગ્રચિત્તતા. એમાં પ્રથમ છે સ્થાન. તે તે ધર્મક્રિયા કરતી વેળાએ જે જે મુદ્રામાં રહેવાનું વિધાન કરાયું છે તે તે મુદ્રા યથાવત્ કરવી તેને કહેવાય સ્થાન. જેમ કે કાઉસ્સગ્ગ કાયોત્સર્ગમુદ્રામાં કરવો– ચૈત્યવંદનના પ્રણિધાનસૂત્ર મુક્તાશુક્તિમુદ્રામાં કરવા–વંદન જિનમુદ્રામાં કરવા વગેરે. યોગાચાર્યો યોગના પ્રારંભે જે 'આસન' પ્રયોગ દ્વારા શારીરિક સ્થિરતાની વાત કરે છે એ આ 'સ્થાન' નામના યોગપ્રકારમાં સમાવેશ પામી જાય છે... બીજો પ્રકાર છે વર્ણ . ધર્મક્રિયામાં ઉચ્ચારાતા સૂત્રો શુદ્ધિ–સંપદાદિના ખ્યાલપૂર્વક બોલાય તો એ છે 'વર્ણ' નામનો બીજો યોગપ્રકાર. આ બન્ને ક્રિયાત્મક યોગ હોવાથી ગ્રન્થકારે આ બન્ને ભેદને 'કર્મયોગ' તરીકે ઓળખાવ્યા છે.

બાકીના ત્રણ પ્રકાર બોધમય અને શુદ્ધાત્મતત્ત્વની સંવેદનામય હોવાથી એને ગ્રન્થકાર 'જ્ઞાનયોગ' તરીકે દર્શાવે છે. એમાં પ્રથમ છે પૂર્વોક્ત પાંચ પૈકી ત્રીજા ક્રમનો યોગપ્રકાર 'અર્થ.' બોલાતા સૂત્રોના અર્થનું ચિંતન કરવું તે છે 'અર્થ' નામે યોગ... પ્રભુપ્રતિમા વગેરે બાહ્ય શુભ આલંબનોમાં ચિત્તને સ્થિર કરવું એને કહેવાય 'આલંબન' નામે ચોથો યોગપ્રકાર... અને સાતત્યપૂર્વકની

તન્મયતાનાં કારણે તેવા બાહ્ય આલંબનો વિના જ નિર્વિકલ્પ સમાધિમાં મગ્ન બનવું તેને કહેવાય છે એકાગ્રતા નામનો પાંચમો યોગપ્રકાર. તેને અનાલંબન યોગ પણ કહેવાય છે... આ રીતે, ધર્મક્રિયારૂપ કર્મયોગથી આરંભીને જ્ઞાનયોગના ઉત્કૃષ્ટ પ્રકારરૂપ અનાલંબન યોગ સુધીનો નિર્દેશ પ્રથમ તથા બીજા શ્લોક દ્વારા ગ્રન્થકારે કર્યો છે.

આ પાંચેયના ચાર–ચાર પેટાભેદો વગેરેનું નિરૂપણ કરતા ગ્રન્થકાર ત્રીજો–ચોથો શ્લોક આ પ્રસ્તુત કરે છે કે :–

कृपा-निर्वेद-संवेग,-प्रशमोत्पत्तिकारिणः ।
भेदाः प्रत्येकमत्रेच्छा,-प्रवृत्तिस्थिरसिद्धयः ।।
इच्छातद्वत्कथाप्रीतिः, प्रवृत्तिः पालनं परम् ।
स्थैर्यं बाधकभीहानिः, सिद्धिरन्यार्थसाधनम् ।।

પૂર્વોક્ત દરેક યોગોના અવાંતર ચાર પ્રકારમાં પહેલો છે ઈચ્છાયોગ. ઈચ્છાયોગ તે છે કે જેમાં પોતાની તેવી ઉત્તમ સાધના શક્ય ન હોય તો ય એના માટે તીવ્ર ઈચ્છા હોય અને એટલે જ જેમનામાં તેવી સાધના ઝળહળતી હોય તેમની કથા–વાત સાંભળવામાં પ્રીતિ–આદર હોય. જેમ કે ઈચ્છાયોગ ધરાવતી વ્યક્તિ માસક્ષમણ ભલે કરી ન શકે. પરંતુ તેની તીવ્ર ઈચ્છા એ માસક્ષમણ કરવાની હોય અને જેઓ એ કરતા હોય એમની વાતો–પ્રશંસા સાંભળવામાં એને તીવ્ર પ્રીતિ રહે.. બીજો છે પ્રવૃત્તિયોગ. એમાં ઈચ્છાથી એક કદમ આગળ વધી, સ્વયં તે તે અનુષ્ઠાન પ્રબળ–પરમ ઉદ્યમપૂર્વક આચરવાની વાત હોય. જેમ કે એ માસક્ષમણના તપસ્વીની અનુમોદનાથી–પ્રીતિથી વિરમી ન જાય, બલ્કે આગળ વધી સ્વયં માસક્ષમણ કરે...ત્રીજો છે સ્થિરતાયોગ. તે તે અનુષ્ઠાનોમાં બાધક બનતા અતિચારાદિ દોષોનો ભય પણ નષ્ટ થઈ જાય, બાહ્ય–અભ્યંતર ચંચળતાનું નામ–નિશાન જયાં ન રહે તેને કહેવાય સ્થિરતાયોગ. જેમ કે એ માસક્ષમણ એવી પ્રબલ નિશ્ચલતાથી કરે કે કયાં ય અવરોધનો ભયમાત્ર–સંભાવનામાત્ર ન રહે.. અને ચોથો છે સિદ્ધિયોગ. તે તે અનુષ્ઠાન એને એવું સિદ્ધ થઈ જાય કે એના ઉપદેશથી–અસ્તિત્વમાત્રથી અન્યોને તેની પ્રાપ્તિ થઈ જાય. જેમ કે માસક્ષમણના સિદ્ધયોગીને એ એવું ઉપલબ્ધ હોય કે એનાં આલંબનમાત્રથી અનેકોને એ તપ સહજ પ્રાપ્ત થાય...

આ ઈચ્છાદિ ચાર યોગોના ચાર વિશિષ્ટ ફળ ગ્રન્થકારે ઉપરોક્ત શ્લોકમાં આ દર્શાવ્યા છેઃ (૧) જીવો પ્રત્યે કરુણા (૨) સંસાર પ્રત્યે નિર્વેદ એટલે કે તીવ્ર કંટાળો (૩) મોક્ષ પ્રત્યેની તીવ્ર અભિલાષારૂપ સંવેગ અને (૪) વિષયો–કષાયોની ઉપશાંતિરૂપ પ્રશમ. આ ચારે યનું વિસ્તૃત વર્ણન તો અહીં શક્ય નથી. પરંતુ એમાંના એકમાત્ર નિર્વેદની તીવ્રતાની ઝલક કાલ્પનિક કથા દ્વારા નિહાળીએઃ

એક રાજ્યના રાજાનાં હૈયે કરુણા–દયા એવી છલકાતી હતી કે એ અવાર–નવાર રાજ્યના કારાગૃહની મુલાકાત લે અને કેદીઓને કોઈ વાસ્તવિક તકલીફ હોય તો એમાં રાહત આપે. માનવીય અભિગમ રાજાને એમ સમજાવતો હતો કે ક્યારેક સંયોગવશ ગુનો કરી બેસનાર પ્રત્યે ય ક્રૂર–નિર્દય વલણ ન રાખવું. આ ક્રમમાં એક વાર રાજાએ કેદખાનાની મુલાકાત લીધી. પહેલી કોટડીના કેદીએ તક ઝડપી રાજાને ફરિયાદ કરી કે ''અહીંની રોટલીમાં લોટ વધુ છે કે રેતી, એ નક્કી થઈ શકતું નથી. મહેરબાની કરી મારી આ નિત્યની ભોજનતકલીફ દૂર કરી આપો તો સારું.'' દયાળુ રાજાએ તુર્ત એની તકલીફ દૂર કરવાનો આદેશ કર્યો.

બીજી કોટડીના કેદીએ રાજાને મચ્છરોના ભયંકર ત્રાસની ફરિયાદ કરી, તો ત્રીજી કોટડીના કેદીએ ભયંકર વિષમ ભૂમિ પર સૂવા માટે સામાન્ય સુવિધા ય ન મળતી હોવાની ફરિયાદ કરી. રાજાએ એમની સમસ્યા ધ્યાનમાં લઈ બન્નેને ક્રમશઃ મચ્છરદાનીની અને પથારીની સુવિધાઓ અપાવી. હવે રાજા આવ્યા ચોથી કોટડીમાં. ત્યાંનો કેદી સાચે જ સજ્જન હતો. સંયોગવશ આચરેલ ગુનાનાં કારણે એને વધુ પડતી મોટી જેલની સજા થઈ હતી. એની એકમાત્ર અને અદમ્ય ઈચ્છા એ હતી કે જેલની આ કલંકિત જિંદગીથી છૂટવું. એને એ ય ખબર હતી કે આ માટેની સુપ્રીમ સત્તા રાજા જ છે. એ ચાહે તો બધું જ કરી શકે. આથી એ કેદીએ રાજા સમક્ષ પોતાની આપવીતી હૃદયસ્પર્શી રીતે રજૂ કરીને એ જ પ્રાર્થના કરી કે ''મને તો આ કેદ જ સૌથી મોટી તકલીફરૂપ છે. મને એમાંથી મુક્ત કરાવો.'' એનું નસીબ જોર કરતું હશે. એથી રાજાએ એની પ્રાર્થના સ્વીકારી લીધી અને એ ખરેખર જેલમુક્ત થઈ ગયો!

ધ્યાનથી વિચારીશું આ દૃષ્ટાંત, તો એ સમજાશે કે ચોથા કેદીને જેલ પ્રત્યે તીવ્ર નિર્વેદ–ભારોભાર કંટાળો હતો. માટે જ એ રાજા સમક્ષ કેદમુક્તિ માંગવાની

હિંમત કરી શક્યો. બસ, આ જ રીતે સાધક યોગીને ઈચ્છાદિ યોગોના પ્રભાવે સંસાર પ્રત્યેનો તીવ્ર નિર્વેદ ફલરૂપે પ્રાપ્ત થાય. આવી જ ઉત્કટતા બાકીના ત્રણ ફળ અંગે ય સમજવી..

યોગના પ્રકારોમાં હજુ એક સ્તર આગળ વધતા ગ્રન્થકાર સાતમા શ્લોકમાં પૂર્વોક્ત દરેક યોગોને હજુ નવા ચાર પ્રકારમાં વિભક્ત કરતા ફરમાવે છે કે : –

प्रीतिभक्तिवचोऽसङ्गैः, स्थानाद्यपि चतुर्विधम् ।
तस्मादयोगयोगाप्ति,-र्मोक्षयोगः क्रमाद् भवेत् ।।

એક વાર પુનઃસ્મરણ કરી લઈએ કે યોગના મૂળ પાંચ પ્રકાર સ્થાન વગેરે છે. તે દરેકને ઈચ્છાયોગાદિ ચાર પ્રકારમાં વિભક્ત કરતા કુલ વીશ પ્રકાર થયા. અને... હવે તે વીશને નવા ચાર પ્રકારમાં વિભક્ત કરીએ એટલે યોગના એંશી પ્રકાર થશે. આ નવા ચાર પ્રકારમાં પ્રથમ છે પ્રીતિયોગ. પ્રીતિનો અર્થ છે આદર. જે ધર્માનુષ્ઠાન હૃદયના ઊંડા આદરપૂર્વક થાય તેને કહેવાય પ્રીતિયોગ. 'જ્ઞાનસાર' પર ટીકા સર્જનાર પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મ. એની વ્યાખ્યામાં આ પંક્તિ લખે છે કે ''उक्तानुष्ठानं परमादरपरः करोतीति प्रीत्यनुष्ठानम्'' બીજો છે ભક્તિયોગ. તે તે અનુષ્ઠાનો મન–વચન–કાયાની વર્ધમાન વિશુદ્ધિપૂર્વક થાય ત્યારે તે બને છે ભક્તિયોગ. ટીકાકારની વ્યાખ્યાપંક્તિ આ છે કે ''अभ्युत्थानादिसन्मानपरः सन् विशुद्धतरयोगेन करोति तद् भक्त्यनुष्ठानम्''... ત્રીજો છે વચનયોગ. વચન એટલે વીતરાગ પરમાત્માના ઉપદેશવચનો–આગમો. આ આગમાનુસારી આચરણાને કહેવાય વચનયોગ. ટીકાકર્તા એની વ્યાખ્યામાં આ પંક્તિપ્રયોગ કરે છે કે ''आगमोक्तानुसारेण वचनप्रवृत्तिं करोति तद् वचनानुष्ठानम्...'' ચોથો છે અસંગયોગ. જેમ કુંભાર દંડથી ચાકડો ઘુમાવે ને પછી દંડ વિના સહજતાથી ચાકડો ઘૂમે તેમ અતિશય સાત્મ્યથી શાસ્ત્ર વિના પણ શાસ્ત્રથી અવિરુદ્ધ અનુષ્ઠાન થાય તે છે અસંગયોગ... આ રીતના કુલ એંશી યોગો આખર આત્માને મોક્ષનો યોગ કરાવે છે.

છેલ્લે એક મજાની વાત : ભોગલાલસામાં રમતા જીવો સંસારમાં ભમે છે... અને યોગસાધનામાં રમતા જીવો સંસારને તરે છે ... ♦♦♦

# ૨૯

# જૈન શ્રમણ એવો શ્રેષ્ઠ ભાવયજ્ઞ કરે છે કે જયાં બ્રહ્મચર્યના અગ્નિમાં વિકારોનાં કાષ્ઠ હોમાઈ જાય ...

જૈન પરંપરાનો ધર્મ અહિંસાપ્રધાન છે. એની પ્રરૂપણાઓમાં ડગલે ને પગલે અહિંસાનું પાલન ઝળહળતું હોય છે. એથી જ જૈન શ્રમણોના પાક્ષિક સૂત્રમાં આ શ્રમણધર્મ માટે એક વિશેષણ પ્રયોજાયું છે ''अहिंसालक्खणस्स''. મતલબ કે તે ધર્મનું મુખ્ય લક્ષણ અહિંસા છે. જેમ દિવસ અને રાત, આ બે વચ્ચે મેળ ન હોય. તેમ શ્રમણ અને હિંસા, આ બે વચ્ચે ય મેળ ન હોય.

આથી સ્વાભાવિક જ છે આ અહિંસાપ્રધાન ધર્મપરંપરામાં પશુબલિયુક્ત યજ્ઞનું વિધાન ન જ હોય. આમ છતાં 'જ્ઞાનસાર' ગ્રન્થકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર ગ્રન્થના અટ્ઠાવીશમા અષ્ટકમાં નિયાગ અર્થાત્ યજ્ઞનું વિધાન કરે છે. અલબત્ત, એમાં જૈન પરંપરાની ધર્મમર્યાદાનું અણિશુદ્ધ અનુસરણ છે. એમાં ત્રણ ધ્યાનાકર્ષક વિશેષતા છેઃ (૧) મુખ્યત્વે જૈન શ્રમણને ઉદ્દેશી જ્ઞાનરૂપ ભાવયજ્ઞની રજૂઆત

એમાં હોવાથી હિંસાનું ત્યાં નામનિશાન નથી. જ્યાં પ્રાસંગિક ગૃહસ્થોચિત પ્રભુપૂજારૂપ યજ્ઞની વાત કરાઈ છે ત્યાં ય પંચેન્દ્રિય જીવોની હિંસાને લેશ પણ સ્થાન નથી. (૨) ઉપનિષદો જેમ યજ્ઞને રૂપક તરીકે સરસ પ્રતિપાદિત કરે છે તેમ જ્ઞાનસારગ્રન્થકારે પણ આ અષ્ટકમાં યજ્ઞની વાતને રૂપક તરીકે મસ્ત પ્રતિપાદિત કરી છે. (૩) યજ્ઞનાં વિધાનમાં વપરાયેલ શબ્દોનો જ આ રૂપકનાં પ્રતિપાદનમાં ઉપયોગ કરીને ગ્રન્થકારે વૈચારિક–આચારિક દૃષ્ટિએ ભિન્નતા ધરાવતી ધર્મપરંપરા પ્રત્યે ય એક પ્રકારનું સમન્વયદર્શક ઔદાર્ય ઝળકાવ્યું છે. અષ્ટકના પ્રથમ શ્લોકમાં તેઓ આ રીતના ભાવયજ્ઞનું વિધાન કરતા કહે છે કે :–

य: कर्म हुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यानध्याय्यया ।
स निश्चितेन यागेन, नियागप्रतिपत्तिमान् ।।

યજ્ઞમાં જાજવલ્યમાન અગ્નિ હોય, એમ અહીં–આ ભાવયજ્ઞમાં નિર્વિકાર ચૈતન્યરૂપ બ્રહ્મ એ પ્રદીપ્ત અગ્નિ છે. યજ્ઞમાં વેદઋચાઓ હોય, એમ આ યજ્ઞમાં ધર્મધ્યાનાદિરૂપ ઋચાઓ છે. યજ્ઞમાં પશુઓ હોમવાના હોય, તો આ ભાવયજ્ઞમાં આઠ કર્મોરૂપ પશુનો બલિ આપવાનો છે. પ્રથમ શ્લોકમાં ગ્રન્થકાર આવી અદ્‌ભુત મસ્ત રૂપકપ્રરૂપણા કરીને કહે છે કે આવા નિશ્ચિત=ઉત્તમ આત્મપરિણામરૂપ યાગ=પૂજા દ્વારા શ્રમણ નિયાગનો=ભાવયજ્ઞનો સ્વીકાર કરનાર હોય છે. યજ્ઞ માટે વપરાતા શબ્દોનો પ્રયોગ અને છતાં અહિંસાની અણિશુદ્ધ મર્યાદાની રજૂઆત કરીને ગ્રન્થકારે ઉત્તમ સૌહાર્દભરી કમાલ કરી છે. ઉત્તરાધ્યયનસૂત્ર નામે જૈન આગમમાં ય કાંઈક આવી રજૂઆત અલગ શબ્દોથી આમ કરાઈ છે કે ''પાંચ સંવરથી યુક્ત, જીવન–મરણ પ્રત્યે નિરભિલાષી, દેહની મમતાથી પણ રહિત, પવિત્ર, દેહાધ્યાસત્યાગી મુનિવરો કર્મનો જય–ક્ષય કરનાર શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.''

આપણે યાદ કરીએ આ અનુસંધાનમાં મહાન જૈન રાજર્ષિ પ્રસન્નચન્દ્ર–મુનિવરની વાત. પૂર્વાવસ્થાના રાજવી આ પ્રસન્નચન્દ્રે રાજસમૃદ્ધિ ત્યાગીને પ્રભુમહાવીરદેવ સમક્ષ દીક્ષા સ્વીકારી હતી. દેહની મમતાનો એમણે એ હદે ત્યાગ કર્યો હતો કે તેઓ એક પગે ઊભા રહી સૂર્યની આતાપના સહન કરવાપૂર્વક કાયોત્સર્ગ કરતા હતા. એ દરમ્યાન દૂતનાં વચનોનાં નિમિત્તે એમની

વિચારધારા–આત્મપરિણતિ અવળા માર્ગે ફંટાઇ જતાં જોરદાર આત્મિક નુકસાન થાય એવી પરિસ્થિતિ સર્જાઇ. પરંતુ થોડી જ ક્ષણોમાં એ આત્મકલ્યાણાર્થી મુનિવર સાવધ થઇ ગયા અને એમણે એ જ કાયોત્સર્ગ અવસ્થામાં કર્મોને ભસ્મસાત્ કરતો આ ભાવયજ્ઞ આરંભ્યો.

એ મુનિવરે ત્યાં નિર્વિકાર ચૈતન્યરૂપ બ્રહ્મનો અગ્નિ દેદીપ્યમાન કર્યો. હવે એમનાં મનમાં પુત્રમોહ જેવા કોઇ વિકારો–વિભાવો બચ્યા ન હતા. એમણે ધર્મધ્યાનરૂપ વેદઋચાઓને ત્યાં સ્થાન આપ્યું. હવે એમનું ધ્યાન–લક્ષ્ય પુત્રને રાજ્ય પરત અપાવવાનું ન રહ્યું. માત્ર ધર્મધ્યાનનું અને આગળ જતા શુક્લધ્યાનનું ત્યાં સ્થાન હતું. એમણે પેલા બ્રહ્મરૂપ અગ્નિમાં ચાર ભયાનક ઘાતીકર્મોરૂપ પશુઓને હોમવા માંડ્યા. એ હદે એમણે આ ઘાતીકર્મોનો હોમ કર્યો કે તે જ ક્ષણોમાં કેવલજ્ઞાની બની ગયા, તે જ જન્માંતે એમણે મોક્ષ નિશ્ચિત કરી લીધો! સ્વયં પરમાત્મા મહાવીરપ્રભુએ ધર્મદિશનામાં એમના માટે કહ્યું કે તેઓ હવે ઘાતીકર્મમુક્ત સર્વજ્ઞ સર્વદર્શી કેવલી બની ગયા છે. આ છે જૈન શ્રમણનો મહાન ભાવયજ્ઞ અને આ છે કર્મોનો હોમ–કર્મોનું ભસ્મીકરણ.

આવા જ ભાવયજ્ઞમાં જૈન શ્રમણનો રસ હોવો જોઇએ તેવો નિર્દેશ કરતા બીજા શ્લોકમાં ગ્રન્થકાર જણાવે છે કેઃ–

पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव ।
सावद्यैः कर्मयज्ञैः किं, भूतिकामनयाऽविलैः ।।

યજ્ઞ બે પ્રકારનાં છેઃ એક જ્ઞાનયજ્ઞ અર્થાત્ ભાવયજ્ઞ છે. એ પાપોનો–કર્મોનો નાશ કરનાર છે અને નિષ્કામ એટલે કે કોઇ પણ કામનાથી–લાલસાથી રહિત છે. હમણાં જ રાજર્ષિ પ્રસન્નચન્દ્રમુનિનાં ઉદાહરણમાં આપણે આ નિહાળ્યું કે તેઓએ ઘાતીકર્મોનો ધ્વંસ કર્યો હતો અને રાજ્ય પરત અપાવવા જેવી કોઇ પણ કામના તેમનામાં ન હતી. કેમ કે તેઓ જ્ઞાનયજ્ઞમાં–ભાવયજ્ઞમાં રત હતા–મગ્ન હતા... બીજો છે કર્મયજ્ઞ. જેમાં સાવદ્ય=પાપ બંધાવનાર પશુહિંસાદિ છે અને એ સંપત્તિ–સમૃદ્ધિની કામનાથી ખરડાયેલ છે. ગ્રન્થકાર આત્માર્થી સાધકને કહે છે કે જો તારે આત્મકલ્યાણ કરવું છે તો તું પાપમુક્ત નિષ્કામ જ્ઞાનયજ્ઞમાં–ભાવયજ્ઞમાં જોડાઇ જા. હિંસાદિ પાપમય અને સાંસારિક આકાંક્ષાસભર કર્મયજ્ઞની તારે શી જરૂર છે? આ છે ગ્રન્થકારના બીજા શ્લોકનું હાર્દ.

અહીં વિચારપ્રેરક મુખ્ય બાબતો બે છે. એક એ કે સાધકની સાધના અહિંસક રહેવી જોઈએ. જૈન દર્શન શ્રમણાચારમાં અહિંસાને કેવું ઉત્કટ પ્રાધાન્ય આપે છે તે એક પદાર્થ દ્વારા નિહાળીએ. શ્રમણો રાત્રે એમના નિવાસસ્થળ–ઉપાશ્રયમાં કાર્યવશ ગમનાગમન કરે ત્યારે એમને દંડાસન નામે એક ઉપકરણ દ્વારા અવશ્ય ભૂમિપ્રમાર્જના કરવી રહે. કારણ એ કે રાત્રે અંધકારમાં કીડી–મચ્છર જેવા ક્ષુદ્ર જંતુઓ પગ નીચે કચડાઇ જાય તો પાપ લાગે. એ જીવોની રક્ષા–અહિંસા માટે આ દંડાસનનો ઉપયોગ છે. હવે ધારો કે એક શ્રમણ રાત્રે દંડાસન વિના ચાલ્યા અને યોગાનુયોગ એક પણ ક્ષુદ્ર જીવ પગ નીચે કચડાયો નહિ. તો શું એ શ્રમણને હિંસાનો દોષ લાગે ? જૈન શાસ્ત્રો કહે છે હા. કારણ કે એ શ્રમણે, જીવદયાનો ઉત્કટ ભાવ ન હોવાથી દંડાસન લીધા વિના ચાલવાનો પ્રમાદ કર્યો. માટે જીવદયાની પરિણતિના અભાવે વાસ્તવિક હિંસા ન થવા છતાં એમને ચોક્કસપણે હિંસાદોષ લાગે. આ જ મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરે 'અધ્યાત્મસાર' ગ્રન્થમાં આ પદાર્થ પ્રસ્તુત કરતા પંક્તિ લખી છે કે 'शरीरी म्रियतां मा वा, ध्रुवं हिंसा प्रमादिनः' આ રજૂઆત એ સમજાવવા સક્ષમ છે કે જૈન પરંપરામાં અહિંસાનું પ્રાધાન્ય કેવું ઉત્કટ છે.

બીજી વિચારપ્રેરક મુખ્ય બાબત પૂર્વોક્ત શ્લોકમાં છે નિષ્કામ સાધના. નિષ્કામ એટલે કોઈ પણ ભૌતિક–સાંસારિક આકાંક્ષાથી રહિત. જો આ શૈલી સ્થિર ન હોય તો સાધક પણ આકાંક્ષાઓ–લોકૈષણાથી ભરપૂર થઇ જઇ બહિર્મુખતામાં રાચતો થઇ જાય. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ માર્મિક કટાક્ષકથાઃ

ગંગાકિનારે વીશ વર્ષ સાધના કરીને એક સંતે જલ પર સ્થલની જેમ ચાલવાની સિદ્ધિ મેળવી. પણ એ પછી તે લોકૈષણાની–વાહવાહીની લાલચમાં ફસાઇ ગયા. એથી સિદ્ધિને પ્રસિદ્ધિનું માધ્યમ બનાવી લોકોની સામે ચાલતા ચાલતા ગંગાના એક કિનારાથી બીજા કિનારે જાય. 'તમાશાને તેડું ન હોય' એમ આ ચમત્કાર જોવા લોકભીડ એકત્ર થવા માંડી. જેમ જેમ ટોળાં મોટાં થાય તેમ તેમ સંત વધુ ને વધુ પોરસાય–ગર્વિષ્ઠ થાય. એક વાર એ કિનારે કોઈ મર્મી વિચારક આવ્યો. એણે આ તમાશો–સંતની બહિર્મુખતા વગેરેનું નિરીક્ષણ કર્યું અને સંતને માર્ગ ચીંધવાનું એણે નક્કી કર્યું.

સંત જ્યારે એકલા પડ્યા ત્યારે એ સંત પાસે બેસ્યો. વાતવાતમાં સંતે એને પૂછ્યુંઃ "કેવી લાગી મારી સિદ્ધિ?" તક જોઈને પેલા વિચારકે સોગઠી મારીઃ "મહાત્માજી! મને લાગે છે કે તમારા વીશ વર્ષ પાણીમાં ગયા." ચમકી જઇને સંતે પૂછ્યુંઃ"કેમ?" "કારણ કે ગંગાના આ કિનારેથી સામા કિનારે જવામાં મને ફક્ત વીશ પૈસાનું ભાડું લાગે છે. આટલી મામુલી બાબત માટે તમે જિંદગીના વીશ વર્ષ વાપરી દીધા. એથી તમારા એ વીશ વર્ષ પાણીમાં જ ગયા કહેવાય ને? ખરેખર તો તમારી સાધના ગંગાના સામા કિનારે જવાની નહિ, સંસારના સામા કિનારે પહોંચવાની હોવી જોઇએ." સંતની સાન ઠેકાણે આવી ગઇ..

આ નિષ્કામભાવ ઉપરાંત અહિંસાની પ્રધાનતા હોવાથી જૈન પરંપરામાં પશુહિંસામય યજ્ઞનું વર્જન તો છે જ. પરંતુ, એથી ય આગળ જૈન શ્રમણ માટે તો પરમાત્માની દ્રવ્યપૂજાનો પણ નિષેધ છે. આ વાત પ્રસ્તુત કરતા અષ્ટકના ચતુર્થ શ્લોકમાં ગ્રન્થકાર કહે છે કેઃ–

ब्रह्मयज्ञः परं कर्म, गृहस्थस्याऽधिकारिणः ।
पूजादि वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ।।

આ શ્લોક કહે છે કે જૈન ગૃહસ્થ માટે વીતરાગ પરમાત્માની દ્રવ્યપૂજા બ્રહ્મયજ્ઞ છે અને સંસારત્યાગી શ્રમણો માટે સ્તુતિસ્તોત્રપઠન–આજ્ઞાપાલનાદિ બ્રહ્મયજ્ઞ છે. આજે પણ જૈનોમા ંઆ પરંપરા મજબૂત છે કે સંસારી–ગૃહસ્થ જૈનો પ્રભુની દ્રવ્યપૂજા અવશ્ય કરે જ. જ્યારે શ્રમણો દ્રવ્યપૂજા બિલકુલ ન કરે, માત્ર ભાવપૂજા કરે. આ ભાવપૂજા, દ્રવ્યપૂજા કરતા બેશક ચડિયાતી–શ્રેષ્ઠ છે. એથી જ કલિકાલ–સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે વીતરાગ સ્તોત્રમાં લખ્યું છે કે "વીતરાગ પરમાત્માની દ્રવ્યપૂજા કરતાં પણ એમની આજ્ઞાનું પાલન પરમ–શ્રેષ્ઠ ભક્તિ છે."

શ્રમણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવ હિંસાના ય પાપોનું પચ્ચક્ખાણ ધરાવે છે. માટે એમને ઉપરોક્ત રીતે દ્રવ્યપૂજાના ય નિષેધ સાથે માત્ર જ્ઞાનરૂપ બ્રહ્મયજ્ઞનું વિધાન કરાયું છે. આની સામે સંસારી ગૃહસ્થ જૈનને એટલી સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ– હિંસાના પાપોનાં પચ્ચક્ખાણ શક્ય નથી બનતા. કેમ કે સંસારની સર્વ પ્રવૃત્તિમાં એને સંલગ્ન રહેવાનું હોય છે. એથી એને સ્થૂલ જીવહિંસાદિનાં

પાપોનાં પચ્ચક્ખાણ હોય છે. એની ભૂમિકા આ હોવાથી એને દ્રવ્યપૂજારૂપ બ્રહ્મયજ્ઞનું વિધાન છે. આ દ્રવ્યપૂજામાં ય પંચેન્દ્રિય જીવહિંસારૂપ મોટો દોષ તો બિલકુલ નથી જ. જે અત્યલ્પ–નહિવત્ દોષ છે તે પણ અનુબંધમાં નિર્દોષ જ છે. જૈન શાસ્ત્રકારોએ આની ચર્ચા સ્વરૂપહિંસા–હેતુહિંસા–અનુબંધહિંસારૂપે વિસ્તારથી કરીને જૈન ગૃહસ્થ માટે દ્રવ્યપૂજાની અધિકૃતતા યુક્તિપૂર્વક પુરવાર કરી છે. એ ચર્ચા દીર્ઘ હોવાથી અહીં માત્ર એનો નામનિર્દેશ કર્યો છે...

અષ્ટકના અંતિમ બે શ્લોકમાં ગ્રન્થકાર જાણે સમન્વયદષ્ટિની પરાકાષ્ઠાએ જતા હોય તેમ શ્રમણને બ્રાહ્મણની ઉપમા આપે છે. આ શ્રમણરૂપ બ્રાહ્મણનાં વિશિષ્ટ લક્ષણો દર્શાવતા તેઓ લખે છે કે :–

ब्रह्मण्यर्पितसर्वस्वो, ब्रह्मदृग् ब्रह्मसाधनः ।
ब्रह्मणा जुह्वदब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ।।
ब्रह्माध्ययननिष्ठावान्, परब्रह्मसमाहितः ।
ब्राह्मणो लिप्यते नाघै-र्नियागप्रतिपत्तिमान् ।।

બ્રાહ્મણ શબ્દ બ્રહ્મ પરથી બન્યો હોવાથી ગ્રન્થકાર બ્રહ્મ શબ્દના અલગ અલગ અર્થો કરી શ્રમણરૂપ બ્રાહ્મણના આઠ સરસ લક્ષણો દર્શાવે છે કે મુનિ (૧) બ્રહ્મ=શુદ્ધ ચૈતન્યરૂપ આત્મસ્વભાવમાં સર્વસ્વ સમર્પિત કરનાર હોય (૨) બ્રહ્મ=શ્રુતજ્ઞાનરૂપ દષ્ટિ ધરાવનાર હોય (૩) બ્રહ્મ=મોક્ષની પ્રાપ્તિની સાધના કરનાર હોય. (૪) બ્રહ્મ=શુદ્ધ તપ દ્વારા બ્રહ્મચર્યરૂપ અગ્નિમાં કામવિકારો હોમી દેનાર–ખતમ કરી દેનાર હોય. (૫) નવ પ્રકારની બ્રહ્મચર્યગુપ્તિઓને પાલનાર હોય (૬) આચારાંગ આગમોક્ત નવ બ્રહ્માધ્યયનના અભ્યાસમાં અને આચારમાં નિષ્ઠાવંત હોય. (૭) પરબ્રહ્મ = શુદ્ધઆત્મસ્વભાવમાં સમાધિમાન્ હોય અને (૮) આ અષ્ટકમાં દર્શાવેલ નિયાગ=બ્રહ્મયજ્ઞ કરનાર હોય. આવો શ્રમણરૂપ બ્રાહ્મણ પાપોથી–કર્મોથી ખરડાતો નથી. કેવી સરસ કલ્પનામય અને એક જ શબ્દના અનેક શાસ્ત્રીય અર્થો સહિતની સમન્વયભરી પ્રસ્તુતિ છે ગ્રન્થકારની !

આવો, આપણે આવા શ્રમણરૂપ બ્રાહ્મણને અંતરના ભાવથી વંદન કરીએ ... ◆◆◆

30

# આવેશનાં નિમિત્તો સામે પણ શાંત રહીએ ... શક્તિઓની પરાકાષ્ઠામાં પણ નમ્ર રહીએ ...

એક અ–જૈન લેખકે વર્તમાનપત્રમાં સરસ વાત લખી હતી કે "પડોશમાં જૈન પરિવાર રહેતો હોય તો રોજ સવાર–સવારમાં આંખોમાં આનંદ ઉભરાય એવું દશ્ય જોવા મળે. પરિવારના બાલગોપાલો હોય કે યુવાનો–વૃદ્ધો હોય; એ બધા પૂજાવસ્ત્રોમાં સજ્જ થઈ સવારે પૂજા કરવા જતાં–આવતાં અચૂક જોવા મળે. હાથમાં પૂજાની પેટી અને સફેદ વસ્ત્રોઃ આ જોવાનો ય એક લહાવો છે." એ લેખકે જે આવી વાત લખી એનું કારણ જૈનો સાથે જોડાયેલ જિનપૂજાના–પ્રભુપૂજાના સંસ્કારો છે.

સંસારી જૈન વ્યક્તિઓ–ગૃહસ્થો જે આ પ્રભુપૂજા કરે એને જૈન શાસ્ત્રો દ્રવ્યપૂજા કહે છે. એ ગૃહસ્થની અપેક્ષાએ વિરતિધર જૈન શ્રમણોની કક્ષા ઉચ્ચ છે. આથી એમના માટે દ્રવ્યપૂજા નહિ, ભાવપૂજાનું વિધાન છે. આ વાત પ્રાસંગિકપણે ગત લેખમાં આવી પણ ગઈ છે. કેવી હોય એ ભાવપૂજા? એનું એકદમ

હૃદયંગમ અને સચોટ કલ્પનાસભર વર્ણન 'જ્ઞાનસાર'ગ્રન્થકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર ઓગણત્રીશમા ભાવપૂજાષ્ટકમાં કરે છે. કમાલ આ અષ્ટકની એ છે કે ગૃહસ્થ વ્યક્તિ પૂજાની પૂર્વતૈયારીરૂપે સ્નાન–પૂજાવસ્ત્રપરિધાનાદિ કરે ત્યાંથી લઈ એ દ્રવ્યપૂજાના અંતિમ ચરણમાં આરતી–મંગલ દીવો કરે ત્યાં સુધીની તમામ સરખામણી તેઓ આ ભાવપૂજામાં કરે છે. એ પણ શબ્દરમતરૂપે નહિ, શ્રમણના વાસ્તવિક ગુણદર્શનરૂપે. આવો, આપણે એ રોમાંચક કલ્પનાસૃષ્ટિમાં પ્રવેશ કરીએ. અષ્ટકનો પ્રથમ શ્લોક ગ્રન્થકાર આ પ્રસ્તુત કરે છે કેઃ–

दयाम्भसा कृतस्नानः, सन्तोषशुभवस्त्रभृत् ।
विवेकतिलकभ्राजी, भावनापावनाशयः ।।

શ્લોક કહે છે કે દ્રવ્યપૂજા માટે તત્પર થતી ગૃહસ્થ વ્યક્તિ સર્વપ્રથમ જલથી સ્નાન કરે, શ્વેત પૂજાવસ્ત્રો પરિધાન કરે, કપાળે સરસ તિલક કરે અને ચિત્તમાં પ્રભુભક્તિના શુભ ભાવો ધરે. બરાબર એ જ રીતે ભાવપૂજા માટે તત્પર શ્રમણ પણ દયારૂપી જલથી સ્નાન કરે, સંતોષવૃત્તિના શુભ્ર વસ્ત્રો ધારણ કરે, ભાલપ્રદેશ પર વિવેકરૂપી તિલક કરે અને આત્માની નિત્યતા–દેહની અનિત્યતા વગેરે ભાવોથી ચિત્તને પાવન કરે. આ મજાની ઉપમાઓસભર કલ્પના દ્વારા ગ્રન્થકારે શ્રમણની સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યે ઝળહળતી દયાળુતા, ભૌતિક ઐશ્વર્યના આકર્ષણથી પર સંતોષવૃત્તિ, જડ–ચેતન કૃત્ય–અકૃત્ય વગેરેમાં દેદીપ્યમાન વિવેકદષ્ટિ અને ભાવનાઓથી ભાવિતતાના ગુણોનો સરસ નિર્દેશ કર્યો છે. આપણે એ પૈકી એકમાત્ર દયાળુતાને પ્રભુ મહાવીરદેવના સમયની અદ્‌ભુત ઘટના દ્વારા નિહાળીએઃ

તે કાળે રાજગૃહીનગરીના શ્રેષ્ઠી મેતાર્યે અઢળક ઐશ્વર્ય અને રૂપરૂપના અંબારસમી પત્નીઓનો વૈરાગ્યપૂર્વક ત્યાગ કરીને દીક્ષા સ્વીકારી. તપ દ્વારા કાયાનો કસ કાઢતા એ મુનિવર માસક્ષમણ–સળંગ ત્રીશ ઉપવાસનાં પારણે માસક્ષમણ કરતા હતા. એક દિવસ તેઓ માસક્ષમણની ઘોર તપસ્યા બાદ ભિક્ષાર્થે કોઈ સુવર્ણકારનાં ઘરમાં પ્રવેશ્યા. સુવર્ણકાર ત્યારે ઘરના આગળના ભાગમાં સુવર્ણના જવ બનાવતો હતો. તપસ્વી શ્રમણને નિહાળી એ

બહુમાનપૂર્વક, ભિક્ષા લાવવા ઘરના અભ્યંતર ભાગમાં ગયો. આ સમયમાં નિકટનાં વૃક્ષ પરથી એક પંખી ચીલઝડપે ત્યાં આવ્યું અને પેલા સુવર્ણજવને સાચા અન્નકણ સમજી ઝડપથી આરોગી જઈને પુનઃ એ વૃક્ષ પર બેસી ગયું. એવામાં સુવર્ણકાર ભિક્ષા લઈને આવ્યો. મેતાર્યમુનિ એમાંથી ખપ પૂરતી ભિક્ષા લઈ વિદાય થયા.

આ તરફ, કાર્ય શરૂ કરતા સુવર્ણકારને ખ્યાલ આવ્યો કે સુવર્ણજવ ઓછા થયા છે. એને શંકા થઈ કે ચોક્કસ મુનિના વેશમાં રહેલ કોઈ ઠગે જ આ ચોરી કરી લાગે છે. ગુસ્સાથી ધમધમતા સુવર્ણકારે મુનિને શોધી કાઢી ચોરીનો માલ પરત આપવા અપશબ્દોનો વરસાદ વરસાવ્યો. દયાળુ મુનિવરે વિચાર્યું કે 'જો પંખીનો ઉલ્લેખ કરીશ તો આ વ્યક્તિ સુવર્ણજવ મેળવવા પંખીને મારી નાખ્યા વિના રહેશે નહિ.' આથી એ પંખીની રક્ષાર્થે મૌન રહ્યા. આનાથી વધારે આવેશગ્રસ્ત બની ભાન ભૂલેલા સુવર્ણકારે ચામડાની લીલી વાધર મુનિવરનાં મસ્તકે કચકચાવીને બાંધી અને મુનિને ભયાનક ગરમીમાં તડકે ઊભા રાખ્યા. ગરમીનાં કારણે જેમ જેમ વાધર સુકાઈને સંકોચાતી ગઈ તેમ તેમ મુનિવરનાં મસ્તકની નસો ભયંકર ખેંચાતી ગઈ. મુનિવરે આ પ્રાણાંત પરિષહ જીવદયાની વૃત્તિથી પ્રસન્નતાપૂર્વક સહન કર્યો અને અંતકૃત્ કેવલી બની ત્યાં જ આયુષ્યક્ષયે નિર્વાણપૂર્વક મોક્ષ પામ્યા. સાધનાની ટોચ પર રહેલ શ્રમણનાં જીવનમાં કેવી અવ્વલ કક્ષાની જીવદયા ઝળહળતી હોય એ આ પ્રાચીન ઘટનામાં પ્રતિબિંબિત થાય છે...

દ્રવ્યપૂજા કરનાર જૈન ગૃહસ્થ કેસરમિશ્રિત ચંદનનો દ્રવ એક કટોરીમાં–વાટકીમાં લઈ પ્રભુની નવ અંગે પૂજા કરે. આ ઉપક્રમને ભાવપૂજામાં કલ્પનાથી પ્રસ્તુત કરતા ગ્રન્થકાર લખે છે કેઃ–

भक्तिश्रद्धानघुसृणो-न्मिश्रपाटीरजःद्रवैः ।
नवब्रह्माङ्गतो देवं, शुद्धमात्मानमर्चय ॥

તેઓ કહે છે કે 'ભાવપૂજામાં ભક્તિનું કેસર છે અને શ્રદ્ધાનું ચંદન છે. આ કેસરમિશ્રિત ચંદન દ્વારા હે સાધક! તારે તારા શુદ્ધ આત્મસ્વરૂપ પરમાત્માની પૂજા કરવાની છે અને તેમાં નવ બ્રહ્મચર્યવાડને નવ અંગરૂપે કલ્પવાની છે.' આ

રજૂઆત દ્વારા ગ્રન્થકાર એ પ્રતિપાદિત કરે છે કે ઉત્તમ સાધક શ્રમણનાં જીવનમાં આરાધ્ય તત્ત્વો પ્રત્યે ઊછળતી ભક્તિ–જબરજસ્ત બહુમાનભાવ હોય, એમનાં વચનો પર પરમશ્રદ્ધા હોય, શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન હોય અને નવવિધ બ્રહ્મચર્યનિયમોનું ઉત્તમ પાલન હોય. આ પૈકી નવ પ્રકારના બ્રહ્મચર્યનિયમોની ઝલકરૂપ માત્ર એક જ વાત નિહાળીએ તો, આજે પણ અમે શ્રમણો એ નિયમ અખંડ જાળવીએ છીએ કે ઉપાશ્રયમાં સૂર્યાસ્ત બાદ એક પણ સ્ત્રીનો પ્રવેશ ન હોયઃ પછી ભલે ને ગમે તેવું મહત્ત્વનું–અગત્યનું કાર્ય હોય. એ જ રીતે સાધ્વીભગવંતોના ઉપાશ્રયમાં સૂર્યાસ્ત બાદ પુરુષનો પ્રવેશ વર્જ્ય હોય. શું છે આ? બ્રહ્મચર્યપાલન કાજે શાસ્ત્રોએ દર્શાવેલ નવ નિયમો પ્રત્યેની પ્રતિબદ્ધતા. શ્રદ્ધા–બહુમાન ભરી આ પ્રતિબદ્ધતા જ તો છે શુદ્ધાત્મસ્વરૂપ પરમાત્માનું નવાંગી પૂજન.

દ્રવ્યપૂજાના પદાર્થો સાથે ભાવપૂજાના ગુણોની સરખામણી કરતાં ગ્રન્થકાર ત્રીજા શ્લોકમાં ફરમાવે છે કેઃ–

क्षमापुष्पस्रजं धर्म-युग्मक्षौमद्वयं सदा ।
ध्यानाभरणसारं च, तदङ्गे विनिवेशय ।।

દ્રવ્યપૂજા કરનાર ભક્તો પ્રભુપ્રતિમાની અંગરચનારૂપે એને પુષ્પમાળાનું પરિધાન કરે, મૂલ્યવાન દુકલની–વસ્ત્રની જોડ પહેરાવે અને સુવર્ણાદિનાં આભૂષણોથી સજાવે. બસ, ભાવપૂજા કરતા શ્રમણ પણ શુદ્ધાત્મદેવને ક્ષમારૂપી પુષ્પમાળા પહેરાવે, નિશ્ચય–વ્યહારરૂપ કે શ્રુત–ચારિત્રરૂપ ધર્મયુગલના બે મૂલ્યવાન દુકૂલનું પરિધાન કરાવે અને મન–વચન–કાયાની એકાગ્રતારૂપ ધ્યાનનાં આભૂષણો પહેરાવે. આ સામ્યદર્શન દ્વારા ગ્રન્થકારે શ્રમણનાં જીવનનાં ઝળકતા ક્ષમા, નિશ્ચય+વ્યવહાર, શ્રુત+ચારિત્રની આરાધના, પ્રણિધાનયોગના ગુણોનો નિર્દેશ કર્યો છે. આ પૈકી આપણે અહીં ક્ષમાગુણનાં અનુસંધાનમાં અમારા દિવંગત ગુરુદેવ પ્રૌઢપ્રભાવશાળી આચાર્યપ્રવર સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનો એક વિરલ જીવનપ્રસંગ નિહાળીએઃ

ઇ.સ.૨૦૦૪. એ વર્ષે ગુરુદેવની સાથે અમે સહુ ગુજરાતથી વિહાર કરી મુંબઇ આવી રહ્યા હતા. એ દીર્ઘ વિહારયાત્રાના અંતિમ દિવસોમાં એકદા ગિરનાર વિહારધામથી ભાયંદર તરફ વિહાર શરૂ થયો. છ કિલોમીટર ચાલ્યા બાદ ગુરુદેવની Chairનો એકાએક એક વિરાટકાય Truck સાથે અકસ્માત્ થયો. અલબત્ત, Truck વળાંક ઉપર હોવાથી એની ગતિ એકદમ slow હતી. નહિ તો અઘટિત બની જાત. Truckના એક ખૂણાનો ધક્કો લાગતા ગુરુદેવ ભૂમિ પર પડી ગયા. હાથની એક આંગળી પર Fracture અને દેહ પર ઠેર ઠેર ઉઝરડા સાથે થોડું લોહી પણ વહ્યું.

Truckનો પંજાબી driver સજ્જન આદમી હતો. અકસ્માત્નો ખ્યાલ આવતાં જ Truck ઊભી રાખી એ ગુરુદેવ પાસે જમીન પર બેસી ગયો અને હાથ જોડી રડતી આંખે બોલ્યોઃ''મહાત્માજી! તમને ઇજા પહોંચાડીને મેં મોટું પાપ કર્યું છે. મને માફ કરો. આ Truckમાં બેસી જાવ તો હું તમને હોસ્પિટલમાં લઇ જઉં.'' ઇજા છતાં ગુરુદેવે આછું હસીને driver ને કહ્યુંઃ''ભાઇ! તું અત્યારે જ Truck લઇને આગળ ભાગી જા. બાકી જો હમણા Highway પર Petroling કરતી Policevan આવશે તો તારે જેલભેગા થવું પડશે. રહી વાત મારી, તો મને એટલો બધો માર નથી લાગ્યો કે તત્કાલ ગાડીમાં બેસી હોસ્પિટલમાં જવું પડે. હું Chairમાં ધીમે ધીમે ભાયંદર પહોંચી પછી ડૉક્ટરનો સંપર્ક કરીશ.'' અને...ખરેખર તેઓ બાકીના ચૌદ કિલોમીટર Chair દ્વારા પ્રવાસ કરી ભાયંદર પહોંચ્યા!! માફી માંગતા–રડતા driver ને સામેથી રવાના થઇ જવાની સલાહ આપવાનો ગુરુદેવનો આ વિરલ પ્રસંગ એમની ઉચ્ચતર ક્ષમાભાવનાનો દ્યોતક હોય એમ નથી લાગતું? જૈન શ્રમણની ક્ષમા અપરાધી પર પણ વાત્સલ્ય વહાવતી હોવાથી એમને 'ક્ષમાશ્રમણ' શબ્દથી આવશ્યક ક્રિયાસૂત્રમાં સંબોધવામાં આવે છે.

જૈન પરંપરામાં પ્રભુપૂજા સમયે ગૃહસ્થો અષ્ટમંગલનું આલેખન કરે છે. એની સંખ્યા સાથે મસ્ત સરખામણી કરતા ગ્રન્થકાર ચતુર્થ શ્લોકમાં કહે છે કે :–

मदस्थानभिदात्यागै-र्लिखाग्रे चाष्टमङ्गलीम् ।
ब्रह्माग्नौ शुभसङ्कल्प,-काकतुण्डं च धूपय ।।

અષ્ટમંગલમાં એવાં આઠ ચિહ્નો છે જે શુભ–મંગલરૂપ ગણાય છે. દરેક જિનમંદિરમાં આ અષ્ટમંગલનો પટ્ટ હોય છે, તો દેવલોકના વિમાનોના દ્વાર ઉપર પણ અષ્ટમંગલના પટ્ટ હોય છે. અને...હમણાં તો તપાગચ્છીય શ્રમણ સંમેલન બાદ જૈન સંઘોમાં આ અષ્ટમંગલની ઉછામણી પણ શરૂ થઈ ગઈ છે. પૂજામાં પ્રભુ સમક્ષ જો અષ્ટમંગલ આલેખાય છે, તો ઉપરોક્ત શ્લોક કહે છે કે ભાવપૂજામાં શુદ્ધાત્મદેવ સમક્ષ આઠ મદના ત્યાગરૂપ અષ્ટમંગલ આલેખાય. જાતિ–લાભ–કુલ–ઐશ્વર્ય–બલ– રૂપ–તપ અને શ્રુતઃ આ આઠ વિશિષ્ટતાનાં કારણે આઠ પ્રકારનો અહંકાર પ્રગટતો હોવાનું શાસ્ત્રો જણાવે છે.

જૈન શ્રમણ પાસે આમાંની કોઈ પણ વિશિષ્ટતા ચાહે તેવી પરાકાષ્ઠાની હોય તો ય એ એને પચાવી જાણે. એ એના અહંકારથી મુક્ત રહે. આ દર્શાવવા માટે જ ગ્રન્થકારે આઠ અહંકારસ્થાનના ત્યાગરૂપ અષ્ટમંગલ આલેખનની કલ્પના કરી છે. શ્રમણ પોતાની વિશિષ્ટ ક્ષમતા છતાં કેવા નમ્ર–અહંશૂન્ય રહે એ જાણવા માટે આપણે યાદ કરીએ મહાન જ્ઞાનજ્યોતિર્ધર ઉમાસ્વાતિ ભગવંતને. આ મહાન પૂર્વાચાર્યે પાંચસો ગ્રન્થો રચ્યા હતા. એમાંના એકમાત્ર તત્ત્વાર્થમહાશાસ્ત્રની જ વિશેષતાની ઝલક નિહાળીએ તો એમાં સૂત્રશૈલીથી અલ્પ શબ્દોમાં મહત્તમ શાસ્ત્ર–પદાર્થોનો સંગ્રહ કરાયો છે. સ્વયં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે એમના માટે સિદ્ધહેમચન્દ્રવ્યાકરણમાં કહ્યું છે કે ‘‘પદાર્થ સંગ્રહકારોમાં ઉમાસ્વાતિજી સર્વોત્કૃષ્ટ છે.’’ આવા મહાજ્ઞાની પૂર્વાચાર્ય પણ નમ્રતાની પરાકાષ્ઠાએ ‘પ્રશમરતિ’ ગ્રન્થમાં પોતાને અલ્પ બુદ્ધિમય અને અ–વિમલ બુદ્ધિમય જણાવે છે. આ શબ્દો વાંચતા હૈયું ઓવારી જાય કે એ મહાજ્ઞાની પૂર્વાચાર્ય પણ પોતાની જાતને કેવી અલ્પ ગણે છે!

ભાવપૂજામાં ઉદ્યત શ્રમણની ઉપરોક્ત અનેક વિશેષતાઓમાંથી આપણે ફક્ત ક્ષમા અને નમ્રતાની બે વિશેષતાઓને પણ જો જીવનનો આદર્શ બનાવીએ તો આવેશનાં નિમિત્તો સામે પણ આપણે શાંત રહી શકીએ અને શક્તિઓની પરાકાષ્ઠાએ પણ નમ્ર રહી શકીએ. આ ભાવપૂજાષ્ટકની સૌથી મહત્ત્વની પ્રેરણા આપણા માટે આ છે...

ભાવપૂજાષ્ટકના એ પછીના અધિકારમાં સંકલ્પવિસર્જનરૂપ કૃષ્ણાગરુધૂપ–ધર્મસંન્યાસરૂપ લૂણઉતારણ–સામર્થ્યયોગરૂપ આરતી–અનુભવદશારૂપ મંગલદીપ–ત્રિયોગશુદ્ધિરૂપ નૃત્ય–સંયમરૂપ વાજિંત્રનાદ–સત્યરૂપ ઘંટનાદની વાત કરીને ગ્રન્થકાર કહે છે કે આવી ભાવપૂજા કરતા શ્રમણ માટે મોક્ષ સાવ હાથવેંતમાં છે.

છેલ્લે અષ્ટકના જ અંતિમ શ્લોકની વાત : દ્રવ્યપૂજા ભેદોપાસનારૂપ છે, જ્યારે ભાવપૂજા અ–ભેદોપાસનારૂપ છે. દ્રવ્યપૂજાનો અધિકાર સંસારીને છે, ભાવપૂજાનો અધિકાર શ્રમણને છે ... ◆◆◆

૩૧

# ઈન્દ્રિયો પર વિજય, બાહ્ય મનોવૃત્તિનો નિરોધ, પ્રશાંત ચિત્ત અને પ્રસન્નતા : ધ્યાનનિષ્ઠ પુણ્યાત્માની આ છે ઝલકો!!

ધ્યાન ! સાધનાજગતનો આ ખૂબ જ વજનદાર–મહાન શબ્દ છે, તો એ ભીતરમાં જવા ઈચ્છુક સાધકને મન અત્યંત પ્રિય શબ્દ છે. એના દ્વારા જ સાધક બાહ્ય જગતથી છુટકારો મેળવી આંતર જગતની આનંદાનુભૂતિ કરી શકે છે. જો આ ધ્યાન જીવનમાં ન હોય તો સાધક પોતાની સાધનામાં અધૂરપ મહેસૂસ કરે.

ધ્યાનની એકદમ સ્પષ્ટ અને વ્યુત્પન્ન વ્યાખ્યા કરતા યોગાચાર્યો કહે છે કે તે તે વિષયમાં ચિત્તની સાતત્યસભર એકાગ્રતા એનું નામ ધ્યાન. ''ध्यानं तु विषये तस्मिन्नेकप्रत्यय-सन्ततिः'' આ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યના શબ્દો છે. તકલીફ ત્યાં છે કે આપણે અધ્યાત્મની ગહરાઈમાં તો નહિ, બલ્કે વ્યવહારની સામાન્ય બાબતોમાં ય એકાગ્ર રહી શકતા નથી. એક સામાન્ય ઉદાહરણ વિચારીએ તો, ઘણી વાર સામી વ્યક્તિની વાત સાંભળતા આપણે કહીએ છીએ કે ''ફરીથી બોલો, તમારી

વાત મેં બરાબર સાંભળી નહિ.'' હકીકતમાં આપણે ત્યારે 'બે–ધ્યાન' હોઈએ છીએ. એટલે આપણી પ્રતિક્રિયા આવી આવે છે. બે–ધ્યાન હોવું એટલે પ્રસ્તુત વિષય ઉપરાંત અન્ય અનેક વિષયોમાં મન વ્યસ્ત–વ્યગ્ર હોવું, ધ્યાનનાં ક્ષેત્રે આ વ્યગ્રતા સ્વીકાર્ય નથી. ત્યાં પ્રથમ શરત જ એ છે કે એક પ્રસ્તુત વિષયમાં જ મન સ્થિર કરવું. ખબર છે પેલી મજાની વાત?

એક સંત પાસે કોઈ સાધક ધ્યાનપ્રક્રિયામાં પ્રવેશ કરવાનું અને એમાં આગળ વધવાનું માર્ગદર્શન લેવા આવ્યો. સંતે એને માર્મિક વાત કહી : ''તું કાનથી માત્ર સાંભળજે અને આંખથી માત્ર જોજે. ધ્યાનમાં પ્રવેશ કરતા પૂર્વેની આ પ્રથમ સાધના છે. તારે પ્રારંભમાં ફક્ત આટલું શીખવાનું છે.'' સાધક ચમકી ગયો કે આમાં સાધના જેવી વાત જ ક્યાં છે? કાનથી જ સાંભળીએ છીએ અને આંખથી જ જોઈએ છીએ આપણે સહુ. એણે સંતને પોતાના આ વિચારો કહ્યા, તો સંતે રહસ્ય દર્શાવ્યુંઃ ''ભાઈ! તું કાનથી માત્ર સાંભળતો જ નથી. એ શ્રવણક્રિયાની સાથે એ જ સમયે બીજા અનેક વિચારો કરતો હોય છે કે 'આ સાચું છે–આ ખોટું છે–આ દલીલથી વિચારતાં બરાબર નથી વગેરે.' અરે! શ્રવણ સાથે સંબંધિત ન હોય એવા પણ દુનિયાભરના વિચારો ત્યારે આવી શકતા હોય છે. આ જ રીતે આંખથી તું જે દશ્ય જુએ છે તેમાં 'આ સુંદર છે–આ બદસુરત છે' વગેરે ગમા–અણગમા રાગ–દ્વેષના અઢળક વિચારો આવી શકે છે. આ બધાથી દૂર રહી શ્રવણ અને દર્શનમાં જ તું મન જોડી રાખે ત્યારે તું 'કાનથી ફક્ત સાંભળે છે–આંખથી ફક્ત જુએ છે' એમ કહેવાય. તારે આ પ્રાથમિક સાધના કરવાની છે...''

તે તે ક્રિયામાં સર્જાતી આવી એકાગ્રતા–તન્મયતા જ્યારે શુભ આલંબનોમાં સાતત્યપૂર્વક સ્થિર થઈ વિકાસ સાધે ત્યારે એ બને છે અધ્યાત્મક્ષેત્રનું ધ્યાન. એ આગળ જતાં નિરાલંબન ધ્યાનમાં પરિણમે છે. નિશ્ચિતપણે આત્મકલ્યાણ તરફ લઈ જતાં આ ધ્યાનનો વિષય પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર 'જ્ઞાનસાર' ના ત્રીશમા અષ્ટકમાં નિરૂપે છે. એના પ્રથમ તથા દ્વિતીય શ્લોકરૂપે તેઓ જણાવે છે કે:–

ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम्।
मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते।।
ध्याताऽन्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः।
ध्यानं चैकाग्र्यसंवित्तिः, समापत्तिस्तदेकता।।

પ્રથમ શ્લોકમાં ગ્રન્થકાર સામાન્યપણે ધ્યાનની સરસ પ્રક્રિયા દર્શાવતા કહે છે કે આમાં ત્રણ બાબત મુખ્ય છે : પહેલી છે ધ્યાતા. ધ્યાતા એટલે ધ્યાન કરનાર વ્યક્તિ પોતે. બીજી બાબત છે ધ્યેય. જેનું ધ્યાન ધરવામાં આવે તેને કહેવાય છે ધ્યેય. આ ધ્યેય સુધી પહોંચવા માટેની ધ્યાતાની જે પ્રક્રિયા તેને કહેવાય ધ્યાન. આ ધ્યાતા–ધ્યેય અને ધ્યાનનું જ્યાં એકીકરણ થઇ જાય એવા ધ્યાની મુનિનું ધ્યાન સાર્થક–પરિણામદાયી બને. આવા અનન્યચિત્ત સાધક મુનિનાં જીવનમાં સંતાપજન્ય–રાગદ્વેષજન્ય દુઃખ હોઈ શકે નહિ. ટીકાકાર ભગવંતે શ્લોકગત દુઃખ શબ્દનો અર્થ આવો કર્યો છે કે : दुःखं सन्तापो रागादिजनितक्लेशो वा। ઘટના ભલે ચાહે તેવી દુઃખદ–અપ્રિય બની હો, આવા ધ્યાની મુનિને એ દુઃખરૂપ ન બને.

બીજા શ્લોકમાં તેઓ આ પ્રક્રિયાને વિશેષપણે રજૂ કરે છે કે ધ્યાતા કોણ બની શકે ? જે અંતરાત્મા બન્યો છે તે. જે બાહ્ય ભાવો પૈસો–પદ–પ્રતિષ્ઠા–પત્ની વગેરેમાં રમણ કરતી હોય એવી વ્યક્તિ ખરા અર્થમાં ધ્યાતા ન બની શકે. ટીકાકાર ભગવંતે શ્લોકના અંતરાત્મા શબ્દનો અર્થ આવો કર્યો છે કે अन्तरात्मा त्यक्तबहिर्मतिर्वक्ष्यमाणलक्षणो जीवः। એમણે એ પછી ધ્યાતા માટેના યોગશાસ્ત્રગ્રન્થગત અનેક લક્ષણો પણ દર્શાવ્યા છે. ધ્યેય છે ઘાતી કર્મનો ક્ષય કરનાર અરિહંત ભગવંતો અને આઠે ય કર્મનો ક્ષય કરનાર સિદ્ધ ભગવંતો. સાલંબન ધ્યાન મુખ્યત્વે આ પરમાત્માનાં આલંબને થાય. છટ્ઠા ગુણસ્થાનક સુધી આ જ ધ્યાન હોય. જેઓ ગુણસ્થાનકોની ઉચ્ચતર ભૂમિકા સર કર્યા વિના નિરાલંબન ધ્યાનની વાત કરે છે તેઓની સ્થિતિ સરવાળે अतो भ्रष्टस्ततो भ्रष्टः જેવી થાય છે. યાદ રાખવા જેવું છે આ સંદર્ભમાં અધ્યાત્મયોગી સ્વ. આચાર્યપ્રવર શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ. નું વિધાન. વર્તમાનના કેટલાક ધ્યાન અંગે અભિપ્રાય આપતા એમણે કહ્યું હતું કે : “જે ધ્યાનમાં પરમાત્મા કેન્દ્રમાં ન હોય એ ધ્યાનમાં મને કોઈ રસ નથી.” આ વિધાન સાથે ગ્રન્થકારની “ध्येयस्तु परमात्मा प्रकीर्तितः” પંક્તિ બરાબર યાદ કરવા જેવી છે.

ગ્રન્થકાર કહે છે કે ધ્યાન એટલે ધ્યેયતત્ત્વનું એકાગ્રભાવે–તન્મય જ્ઞાન. એવી તન્મયતા–એકાગ્રતા ત્યાં હોય કે ભોજન–પાન વગેરે બાહ્ય બાબતો તો ત્યાં વિસરાઇ જાય, ઉપરાંત બાહ્ય અસ્તિત્વ પણ વિસરાઇ જાય. માત્ર ધ્યેય

પરમાત્મામાં જ તે સમય દરમ્યાન અસ્તિત્વનું વિલીનીકરણ હોય. કેવું પ્રબળ–સબળ વિલીનીકરણ ત્યાં હોય એ જાણવું છે? તો વાંચો આ કાલ્પનિક સચોટ કથાઃ

જગથી નિરાળા થઇ જંગલમાં એક કુટિરમાં રહેતા ગુરુ અને શિષ્ય. ગુરુ તો ધ્યાનનાં ક્ષેત્રે ખૂબ ઊંડાણમાં ગયા હોવાથી આસાનીથી ધ્યાનમાં લીન થઇ જતા હતા. પરંતુ શિષ્ય બહિર્મુખ હોવાથી ખૂબ ચંચલ હતો. ધ્યાનની પ્રક્રિયા એને જામતી ન હતી. એક દિવસની વાત. સવારે ગુરુ ધ્યાનસ્થ થયા હતા અને શિષ્ય આમતેમ ચક્કર લગાવતો હતો. એવામાં દૂરથી એક સિંહ કુટિરના માર્ગ તરફ આવતો દેખાયો. શિષ્યે ગુરુને ચેતવવા જોરથી કહ્યુંઃ ‘‘ગુરુજી! સિંહ આવી રહ્યો છે. જલ્દી જલ્દી વૃક્ષ પર ચડી જાવ, નહિ તો બચી નહિ શકાય.’’ પણ ગુરુ એવા ધ્યાનમગ્ન હતા કે એમણે કાંઇ સાંભળ્યું જ નહિ. ગુરુ પ્રત્યેના લગાવથી હવે શિષ્યે ગુરુનાં કાનમાં જોરશોરથી ચિલ્લાઇને કહ્યું. તો ય ગુરુધ્યાનભંગ ન થયા તો એણે ગુરુને પકડી હચમચાવી નાખ્યા. પણ... પરિણામ શૂન્ય. અંતે શિષ્યે આખરી વાત કહી દીધીઃ‘‘સિંહ હવે ઘણો નજીક છે. હું તો જીવ બચાવવા વૃક્ષ પર ચડી જઉં છું. હજુ ય ચેતો તો આ અંતિમ તક છે.’’ ગુરુ ધ્યાનનિષ્ઠ જ રહ્યા અને શિષ્ય વૃક્ષ પર ચડી ગયો.

પાંચ ફુટ...બે ફુટ... એક ફુટ... સિંહ ગુરુની સાવ પાસે આવી ગયો. વૃક્ષસ્થ શિષ્ય અદ્ધર શ્વાસે આ જોઇ રહ્યો. પરંતુ કોણ જાણે શું થયું કે સિંહ ગુરુને સૂંઘી જરાય ઈજા કર્યા વિના આગળ વધવા માંડ્યો. શિષ્યનો મનમયૂર નાચી ઊઠયો કે ‘વાહ! શો ગુરુની સાધનાનો પ્રભાવ છે.’ સિંહ દૂર દૂર પહોંચી ગયા બાદ શિષ્ય વૃક્ષ પરથી નીચે આવ્યો. ગુરુ ધ્યાનમુક્ત થયા પછી શિષ્યે એ સમગ્ર ચમત્કારિક બીના કહી. ગુરુએ કહ્યું : ‘‘હું તો એવો ધ્યાનનિમગ્ન હતો કે મને કાંઇ ખબર જ ન હતી.’’ એ જ ઘટનાની રાત્રે ગુરુએ વાતવાતમાં શિષ્યને કહ્યુંઃ ‘‘આજે મચ્છરનો ઉપદ્રવ અતિશય છે. હેરાન થઇ ગયા.’’ શિષ્યે આશ્ચર્યચકિત થઇને ગુરુને પૂછ્યું : ‘‘અરે! સવારે સિંહથી ય ન ડર્યા અને અત્યારે મામુલી મચ્છરથી ડરી ગયા?’’ હૈયાસોંસરવો ઊતરી જાય એવો ઉત્તર આપતા ગુરુ બોલ્યા :’’ કારણ કે ત્યારે હું પરમાત્માની સાથે હતો અને અત્યારે તારી સાથે છું’’...

આ માર્મિક કથામાં બે વાત પ્રતિબિંબિત થાય છે કે ધ્યાનમાં એકાગ્રતા કેવી તન્મયતાભરી–બાહ્ય સર્વ ઉપાધિને વીસરાવી દે તેવી હોય અને એ ધ્યાન પરમાત્મા સાથે કેવું તાદાત્મ્ય સાધનારું હોય. પૂર્વે નિહાળ્યું તેમ ગ્રન્થકાર આવી એકાગ્ર ચિત્તસ્થિતિને ધ્યાન કહે છે. તેમાં પરમાત્મા સાથેની તાદાત્મ્યભરી અવસ્થાને તેઓ સમાપત્તિ કહે છે.

જૈન ગ્રન્થકારો ધ્યાનના વિષયમાં ત્રણ શબ્દપ્રયોગ કરે છેઃ સમાપત્તિ, આપત્તિ અને સંપત્તિ. આપણે લોકવ્યવહારમાં આપત્તિ અને સંપત્તિના જે અર્થ સમજીએ છીએ એના કરતા આ ધ્યાનવિષયક આપત્તિ અને સંપત્તિ શબ્દોના અર્થ સાવ અલગ છે. જ્યારે સમાપત્તિ શબ્દથી તો આપણે પરિચિત પણ નથી. શું છે આ સમાપત્તિ–આપત્તિ અને સંપત્તિ? એ આપણે ગ્રન્થકારના શબ્દોમાં જોઈએઃ

मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः।
क्षीणवृत्तौ भवेद् ध्याना-दन्तरात्मनि निर्मले।।
आपत्तिश्च ततः पुण्य-तीर्थकृत्कर्मबन्धतः।
तद्भावाभिमुखत्वेन, सम्पत्तिश्च क्रमाद् भवेत्।।

બિલકુલ ડાઘરહિત નિર્મલ સ્ફટિકરત્ન કે ચન્દ્રકાંતમણિ નિહાળ્યો છે? એ એટલો નિર્મલ હોય છે કે એની બાજુમાં જે વર્ણનું દ્રવ્ય આવે એ વર્ણ–એ Colourની પ્રતિચ્છાયા તે મણિમાં ઝિલાય. જો એની બાજુમાં લાલ વર્ણનું પુષ્પ મુકાય તો એ મણિ ત્યારે લાલવર્ણની છાયા ઝીલીને લાલાશમય બની જાય અને એ જ મણિની બાજુમાં ગુલાબી પુષ્પ મુકાય તો એ ગુલાબીવર્ણમય બની જાય. ધ્યાનનાં માધ્યમે અંતરાત્મા પણ જ્યારે તે ક્ષણોમાં નિર્મલ–રાગદ્વેષાદિ મલથી રહિત થઈ જાય ત્યારે તે નિર્મલ અંતરાત્મામાં પરમાત્મા પ્રતિબિંબિત થાય. આ રીતે સંસર્ગારોપ કે અભેદારોપરૂપે પરમાત્માની પ્રાપ્તિ થાય તેનું નામ છે સમાપત્તિ.

ધ્યાનમાં પરમાત્મા સાથેના તાદાત્મ્યરૂપ આ સમાપત્તિથી પ્રાપ્ત થાય છે આપત્તિ. આપત્તિ એટલે આ જગતની સર્વોચ્ચ પુણ્યપ્રકૃતિરૂપ તીર્થંકર–નામકર્મનો બંધ. જે તીર્થંકરનામકર્મના વિપાકોદયથી આત્મા ધર્મતીર્થની સ્થાપના દ્વારા અને નિત્ય ધર્મદેશના દ્વારા હજારો–લાખો–ક્રોડો આત્માઓને

સંસારથી મુક્ત બનાવી શકે એ પુણ્યપ્રકૃતિનો બંધ થાય અરિહંત અને સિદ્ધ પરમાત્માના તન્મય ધ્યાનથી. આ વાત જ્યારે જાણીએ ત્યારે આપણને ધ્યાનની સાચી મહત્તા સમજાય છે. સમાપત્તિ સુધી જતું ધ્યાન અંતરાત્માને નિર્મલ તો કરે જ. ઉપરાંત તીર્થંકરનામકર્મની ઉત્તમ બક્ષિસરૂપ 'આપત્તિ' પણ કરે... હવે આવે છે સંપત્તિ. તીર્થંકરનામકર્મની ઉદયાભિમુખતા આવે એને કહેવાય છે સંપત્તિ. જેમ કે તીર્થંકરદેવ તરીકેના ભવમાં ગર્ભાવસ્થાથી ત્રણ જ્ઞાન–કલ્યાણક સમયે સકલજગતને શાતાદાન–અસંખ્ય દેવદેવી આદિ દ્વારા ઉપાસના–આજન્મ વૈરાગ્યથી લઈને તીર્થંકરત્વના સર્વોચ્ચ કર્તવ્યરૂપ ધર્મતીર્થસ્થાપના–ધર્મદેશનાદિ પ્રાપ્તિ થાય તે સંપત્તિ...

જૈન શાસ્ત્રકારો કહે છે કે દરેક તીર્થંકર પરમાત્મા પૂર્વના ત્રીજા ભવે અરિહંતાદિ વીશ સ્થાનોનું–પદોનું ધ્યાન ધરે જ. જેમ કે આ કાળના પ્રથમ તીર્થંકર આદીશ્વરપ્રભુએ અને ચરમતીર્થંકર મહાવીરપ્રભુએ વીશે વીશ સ્થાનોનું ધ્યાન કર્યું હતું, તો અન્ય બાવીશ તીર્થંકરોએ એ પૈકીના એક–બે–ત્રણ વગેરે સ્થાનોની ધ્યાનસાધના કરી હતી. તે પછી જ તેઓને તીર્થંકરનામકર્મનો બંધ થયો હતો. ધ્યાનનું આ ઉત્કૃષ્ટ ફળ મળતું હોવાથી જ વીશસ્થાનકની આ ધ્યાનસાધના સાર્થક છે. બાકી અંતઃકરણની નિર્મલતા–તીર્થંકરત્વની પ્રાપ્તિ વગેરેથી રહિત વ્યર્થ કષ્ટસાધના તો અભવ્યોને પણ ક્યાં નથી હોતી? એમ પાંચમા શ્લોકમાં ગ્રન્થકાર જણાવે છે.

છટ્ઠાથી આઠમા શ્લોકમાં તેઓ ધ્યાનારૂઢ થનાર પુણ્યાત્માનાં લક્ષણ દર્શાવે છે કે તે (૧) ઈન્દ્રિયવિજેતા હોય (૨) ધીર હોય (૩) પ્રશાંત હોય (૪) ચંચળતારહિત–સ્થિર હોય (૫) યોગાભ્યાસવશ એક જ આસનમાં–મુદ્રામાં દીર્ઘ સમય રહેનાર હોય (૬) નાસિકાના અગ્ર ભાગે દૃષ્ટિ સ્થિર રાખી અંતર્મુખ રહે (૭) ધ્યાનધારામાં મગ્ન રહી બાહ્ય મનોવૃત્તિનો નિરોધ કરે (૮) પ્રસન્ન હોય (૯) અપ્રમત્ત હોય (૧૦) અલૌકિક ચિદાનંદનો આસ્વાદ માણનાર હોય. ગ્રન્થકાર કહે છે કે આવો ધ્યાનારૂઢ પુણ્યાત્મા ભીતરમાં એકચક્રી આનંદ–સામ્રાજ્ય વિસ્તારે અને એને દેવો કે મનુષ્યો, કોઈની સાથે સરખાવી ન શકાય.

આપણે આવા ધ્યાનનિષ્ઠ પુણ્યાત્માને ધ્યાનપૂર્વક નમન કરીએ ...

◆◆◆

## ૩૨

# જૈન દર્શનની તપસંહિતા : તપ વિના તાપ નહિ, તાપ વિના શુદ્ધિ નહિ, અને શુદ્ધિ વિના સિદ્ધિ નહિ ...

જૈન શાસનની તાત્ત્વિક શ્રેષ્ઠતા જેમ એનો અદ્‌ભુત–અનુપમ અનેકાંતવાદ છે, તેમ લોકદષ્ટિએ શ્રેષ્ઠતા એનું અદ્‌ભુત–અનુપમ તપ છે. જૈન હો કે જૈનેતર હોઃ દરેક સરેરાશ સ્તરની વ્યક્તિમાં જૈન શાસને દર્શાવેલ તપશ્ચર્યા માટે ઉત્તમ અહોભાવ નિહાળા મળે છે. એટલે જ તપપદપૂજામાં કવિવર પંડિત પદ્મવિજયજી ગણિવરે આ મસ્ત પંક્તિ લખી છે કે **"તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો."** અમારી વાત કરીએ તો છેલ્લા ચાર વર્ષના અમારા તથા શિષ્યોના ચાતુર્માસોમાં કુલ સાતસો પંચોતેર માસક્ષમણતપ થયા છે. માસક્ષમણ–સળંગ ત્રીશ ઉપવાસની કઠિન તપસ્યા આટલી વિપુલ સંખ્યામાં થઈ હોવાથી અહીં–મુંબઈમાં ઘણા જૈનો અમને 'માસક્ષમણવાળા મહારાજ' રૂપે પિછાણે છે. ભલે ને ચાતુર્માસમાં પ્રવચનો–શિબિરો કે દાનપ્રવાહ જબરજસ્ત વહ્યો

હોય, પરંતુ લોકમાનસમાં અમીટ અસર આ માસક્ષમણોની જ રહે છે. શું દર્શાવે છે આ? એ જ કે લોકમાનસમાં તપનો મહિમા સર્વોપરિ છે.

આવા મહાન તપની વાત 'જ્ઞાનસાર' ગ્રન્થકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર એકત્રીશમા અષ્ટકમાં બહુ જ સંતુલિત રીતે પ્રસ્તુત કરે છે. જૈન દૃષ્ટિએ તપના કુલ બાર પ્રકાર છે. તેમાં છ બાહ્ય તપ છે અને છ અભ્યંતર તપ છે. આ બે ય વિભાગોનું સરસ સંતુલન કરીને તપની વ્યાકરણશુદ્ધ વ્યાખ્યા કરતા તેઓ પ્રથમ શ્લોકમાં લખે છે કે :–

ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात् तपः ।
तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ।।

ગ્રન્થકાર તપની સચોટ વ્યાખ્યા કરે છે કે જે કર્મોને તપાવે તેનું નામ તપ. ખાણમાં રહેલ માટીમિશ્રિત–અતિ મલિન સુવર્ણને જ્યારે અગ્નિનો યોગ થાય ત્યારે એ અગ્નિના તાપથી સુવર્ણમાંથી બધી રજ–મલિનતા નષ્ટ થઇ જાય અને શુદ્ધ સુવર્ણ ઝગારા મારી ઊઠે. એ જ રીતે કર્મની માટીથી અતિ મલિન આત્માને જ્યારે તપનો યોગ થાય ત્યારે એના તાપથી આત્માનું કર્મમાલિન્ય ખતમ થાય અને આત્મા ક્રમશઃ શુદ્ધ– અતિ શુદ્ધ બને. માટે જણાવાયું કે જે કર્મોને તપાવે તે તપ.

ચિંતકો અગ્નિની ત્રણ વિશેષતાઓ સાથે તપની પણ ત્રણ વિશેષતાઓ સરસ સરખાવે છે. તેમાં પ્રથમ છે દાહકતા. રજમિશ્રિત સુવર્ણના ઉપરોક્ત ઉદાહરણમાં આપણે નિહાળ્યું કે અગ્નિની દાહકતા વસ્તુની મલિનતાને બાળીને ખતમ કરી નાંખે છે, તેમ તપની દાહકતા આત્માની કર્મમલિનતાને બાળી નાંખે છે...અગ્નિની બીજી વિશેષતા છે પ્રકાશકતા. અગ્નિ સ્વયં દીપ્તિમંત– પ્રકાશભરપૂર છે. એવો પ્રકાશ એનો છે કે એ અંધારી રાત્રે ય દૂરથી નજરે તરી આવે અને એની પ્રકાશકતા એવી વિશિષ્ટ છે કે એના સંપર્કમાં આવનાર યોગ્યતાસંપન્ન પદાર્થને તુર્ત જ પ્રકાશમાન કરે. જેમ કે એક નહિ પ્રગટેલ દીપક અગ્નિના સંપર્કથી તુર્ત પ્રકાશિત થઇ જાય. એમ તપ પણ પ્રકાશક છે. એ સ્વયં એવો પ્રકાશભરપૂર છે કે ભોગલાલસા–સ્વાદલાલસાના અંધકારમય આ કાળમાં પણ એનો પ્રકાશ–એનું તેજ દૂર દૂર સુધી નજરે તરી

આવે અને યોગ્યતાસંપન્ન આત્માઓ એ તેજ ઝીલી સ્વયં પ્રકાશમાન બને છે. કેવા નમસ્કરણીય પરિણામ આ તપનાં તેજ ઝીલવાથી આવે એ જાણવું છે? તો વાંચો આ જ ચાતુર્માસની આ સત્ય ઘટનાઃ

ઇ.સ. ૨૦૧૯ના મુંબઇ–પાર્લા સંઘનાં અમારા આ ચાતુર્માસ દરમ્યાન એકમાત્ર પાર્લા સંઘમાં સામૂહિક માસક્ષમણ થયા એકસો ચોપન. એક જ સંઘમાં થયેલ આટલી વિરાટ સંખ્યાના માસક્ષમણોએ અનેકોનાં અંતરમાં શુભ ભાવનાઓનો પ્રકાશ રેલાવ્યો. એમાં એક સ્થાનકમાર્ગી ભાઇએ સ્વયં એવો સંકલ્પ કર્યો કે 'મારાથી માસક્ષમણ થાય નહિ. પરંતુ જેઓ આ તપ કરે છે એમના તપની નિર્વિઘ્ન સમાપ્તિ માટે હું સમગ્ર ચાતુર્માસ રાત્રિભોજનત્યાગ અને કંદમૂળત્યાગ કરીશ.' કોઇ જ વ્યક્તિગત પ્રેરણા વિના સ્વયંસ્ફૂર્તપણે કરાયેલ આ શુભ આચરણામાં તપની પ્રકાશકતા સરસ પ્રતિબિંબિત થાય છે...

અગ્નિની ત્રીજી વિશેષતા છે શોધકતા. પૂર્વોક્ત રજમિશ્રિત સુવર્ણના ઉદાહરણમાં જ આપણને સ્પષ્ટ સમજાય છે કે અગ્નિના સંયોગથી મલ ભલે બળી જાય, પરંતુ સુવર્ણ બળી જતું નથી. એ તો શુદ્ધ–અતિ શુદ્ધ થઇ જાય છે. તેમ તપના સંયોગે કર્મો ભલે બળી જાય, પરંતુ આત્મા બળતો નથી. એ તો તપના અગ્નિથી વધુ ને વધુ શુદ્ધ બનતો જાય. આ રીતે અગ્નિ અને તપ વચ્ચે ત્રણ સરસ સામ્ય છે. જાણે કે એટલે જ ગ્રન્થકારે 'કર્મને તપાવે તે તપ' આ વ્યાખ્યા કરીને તપને અગ્નિની ગર્ભિત ઉપમા આપી હશે.

કર્મને તપાવે તે તપ આ વ્યાખ્યા સૌથી વધુ ચરિતાર્થ થાય છે અભ્યંતર તપમાં. કારણ કે પ્રાયશ્ચિત્તથી માંડીને ધ્યાન–કાયોત્સર્ગ આદિ અભ્યંતર તપ એવા છે કે જે કર્મોને પ્રચંડ પ્રમાણમાં ખતમ કરે. એકમાત્ર ધ્યાન તપની વાત કરીએ તો, જૈન શાસ્ત્રો કહે છે કે ક્ષપકશ્રેણિસ્થિત સાધકનું ધ્યાનતપ એવું પ્રચંડ હોય છે કે એમાં એના તો ઘાતીકર્મો બળીને ખતમ થઇ જ જાય. ઉપરાંત જો તેવું શક્ય બનતું હોત તો જગતના તમામ જીવોના ઘાતી કર્મો બળીને ખતમ થઇ શક્યા હોત. પરંતુ એક આત્માનાં કર્મો અન્ય આત્મા બાળી ન શકે એવો સનાતન નિયમ હોવાથી એ શક્ય નથી થતું. બાકી ધ્યાનતપની તાકાત આવી પ્રચંડ છે. આથી ગ્રન્થકારે યથાર્થ જણાવ્યું છે કે અભ્યંતર તપ ઇષ્ટ છે–પ્રમાણ છે.

પણ... માત્ર અભ્યંતર તપની વાત કરીને બાહ્ય ઉપવાસાદિ તપ પ્રત્યે દુર્લક્ષ પણ કરવું નહિ. આ સમજાવવા તેઓએ ફરમાવ્યું કે બાહ્ય તપ પેલા અભ્યંતર તપનો ઉપબૃંહક છે—વૃદ્ધિ કરનાર છે. આજે એક Fashion ચાલી છે ધર્મક્ષેત્રે કે ખાતા–પીતા રહેવું, શરીરને જરા ય કષ્ટ ન આપવું, અરે! રાત્રે ય ખાણી–પીણીના જલસા કરવા અને વાતો અભ્યંતર તપની કરવી. જો આ જ ખાણી–પીણીમાં મસ્ત રહી બાહ્ય તપની નિરપેક્ષતાપૂર્વક અભ્યંતર તપ થઇ શકતા હોત તો શ્રી તીર્થંકર ભગવંતોએ પણ એમ જ કર્યું હોત. શાસ્ત્રો સાક્ષી છે કે દરેક પરમાત્મા તીર્થંકરદેવો સંયમનો સાધનાપથ અંગીકાર કરે ત્યારે એમને ઉપવાસાદિ બાહ્ય તપ અવશ્ય હોય, સાધનાની પૂર્ણાહુતિએ–કેવલજ્ઞાનપ્રાપ્તિની ક્ષણોમાં ય બાહ્ય તપ હોય અને તેઓ મોક્ષે પધારે ત્યારે ય માસક્ષમણ–છટ્ઠ વગેરે હોય. અરે! પ્રભુમહાવીરદેવનાં સાધનાજીવન પર દૃષ્ટિપાત કરીએ તો ત્યાં અ...ધ...ધ... થઇ જઇએ તેવો બાહ્ય તપ નિહાળવા મળે છે. સાડા બાર વર્ષના કુલ સાધનાકાળમાં સાડા અગિયાર વર્ષથી વધુ ઉપવાસઃ આ એમનો સાધનાખંડનો બાહ્ય તપ છે.

આ બાહ્ય તપનાં અનુસંધાનમાં એક પ્રશ્ન થઇ શકે કે સળંગ ત્રીશ–પીસ્તાલીશ દિવસના ઉપવાસ આદિ બાહ્ય તપ દુઃસહ–અતિશય કષ્ટરૂપ ન બની જાય? એનો મજાનો ઉત્તર ત્રીજા શ્લોકમાં આપતા ગ્રન્થકાર ફરમાવે છે કેઃ–

धनार्थिनां यथा नास्ति, शीततापादि दुःसहम्।
तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि।।

દુકાનદારની દુકાને Seasonમાં ભરપૂર ઘરાકી હોય તો એ વહેલી પ્રભાતે ઊઠી જઇ દુકાને જશે, કલાકો સુધી ઊભા રહી ગ્રાહકોને માલ વેચશે, અરે! સતત ઘરાકીમાં એ બપોરનું ભોજન પણ જતું કરશે. શું એને આ બધું અસહ્ય લાગશે? ના, કેમ કે એને ચિક્કાર કમાણી થાય છે એનો આનંદ છે. એક શ્રમજીવીને શિયાળાની વહેલી સવારે કે ઉનાળામાં ભરબપોરે પણ કામની 'વરદી' મળતી હોય તો એ હોંશે હોંશે કાર્ય કરશેઃ જો મોં માગ્યા પૈસા મળ્યા તો. શું એને ત્યારે ઠંડી કે ગરમી દુઃસહ લાગશે? ના. એને તો વધુ વેતન મળવાનો આનંદ આનંદ હશે. બસ, આ વાત સમજાવીને ગ્રન્થકાર કહે છે કે જેમ ધનની અર્થી વ્યક્તિને ઠંડી–ગરમી–ઉજાગરા–શારીરિક કષ્ટ વગેરે દુઃસહ લાગતા નથી તેમ સંસારથી

વિરક્ત તત્ત્વજ્ઞાનાર્થી આત્માઓને પણ ઉપવાસાદિજન્ય શારીરિક કષ્ટો દુઃસહ લાગતા નથી. જેઓને એ ખબર છે કે તપ કર્મનિર્જરાનું કારણ છે તેઓ ઉપવાસાદિજન્ય શારીરિક કષ્ટો ય કેવા હસતા હસતા સહન કરે અને તપને જીવનપરિવર્તનનું કેવું નિમિત્ત બનાવે એ જાણવું છે? તો વાંચો આ જ ચાતુર્માસની આ સત્ય ઘટનાઃ

અમારા ધર્મપરિચિત પુણ્યાત્મા હરેશભાઈ દેવરાજ શાહ. ગત વર્ષે પાર્લા સંઘમાં થયેલ અમારાં ચાતુર્માસમાં મુખ્ય નિમિત્ત તેઓ હતા. જ્યારે માસક્ષમણ તપના સામૂહિક અનુષ્ઠાનનો શંખનાદ ફુંકાયો ત્યારે એમના યુવાન સુપુત્ર વૈભવે પણ માસક્ષમણતપ કર્યું. શ્રદ્ધા અને સત્ત્વ એનું એવું હતું કે સળંગ સોળ અને ચૌદના કુલ બે જ પચ્ચક્ખાણ દ્વારા એણે માસક્ષમણ પરિપૂર્ણ કર્યું. ઉપવાસના અંતિમ દિવસોમાં વિરાટ સભા સમક્ષ એણે જે ઉલ્લાસથી–ભાવુક્તાથી વક્તવ્ય આપ્યું એ નિહાળતા એમ લાગતું હતું કે શારીરિક કષ્ટ એને જાણે ગણકાર્યું જ ન હતું. આ તપ પછી એક પ્રેરક પરિવર્તન એ આવ્યું કે એને બે પ્રતિક્રમણસૂત્રો કંઠસ્થ કરવાની ભાવના પ્રગટી. C.A. હોવાથી વ્યાવસાયિક જવાબદારી અને બાળવયની અપેક્ષાએ યુવાવયમાં ગાથા કંઠસ્થ કરવી મુશ્કેલ હોવા છતાં એણે અમારા શ્રમણો પાસે અભ્યાસ કરી અત્યાર સુધીમાં લગભગ બે પ્રતિક્રમણ કંઠસ્થ કરી પણ લીધા છે. ગત તા. ૨૯–૯–૧૯ના પાર્લામાં અમારા માર્ગદર્શનાનુસાર સમગ્ર મુંબઈના જૈન ઉપાશ્રયોના ઈતિહાસમાં સૌથી માતબર ઉછામણીનો જે ઐતિહાસિક સમારોહ યોજાયો તેમાં મુખ્ય નામાંકનના લાભાર્થી બે પૈકીના એક પરિવારનો આ સુપુત્ર છે...

તપસ્વીઓને તપ દરમ્યાન નિરંતર આંતરિક આનંદની વૃદ્ધિ કેમ હોય? તેનું પ્રતિપાદન કરતા ગ્રન્થકાર ચતુર્થ શ્લોક આ લખે છે કેઃ–

सदुपायप्रवृत्ताना-मुपेय मधुरत्वतः।
ज्ञानिनां नित्यमानन्द-वृद्धिरेव तपस्विनाम्।।

ઉપાય એટલે પુરુષાર્થ અને ઉપેય એટલે એના દ્વારા પ્રાપ્ત થતું પરિણામ. ઉપાય જો સમ્યક્ હોય અને ઉપેય જો મધુર હોય તો આનંદ આનંદ થાય જ. ઉદાહરણરૂપે, બે પ્રિયજનોનું મિલન મધુર છે અને એ છાનગપતિયાં જેવા ગલત માર્ગે નહિ, બલ્કે લગ્ન જેવા સામાજિક માર્ગે થયું છે તો ત્યાં આનંદ આનંદ જ હોય. ડર–ભયનું નામનિશાન ન હોય. બસ, આવી જ વાત અહીં છે કે

ઉપાયનાં સ્થાને રહેલ તપ સમ્યક્ છે અને ઉપેયનાં સ્થાને રહેલ મોક્ષ–કર્મક્ષય મધુર છે. જ્ઞાની–વિચારક તપસ્વી તપ જેવો સમ્યગ્ માર્ગ અને મોક્ષ જેવી મીઠાશ અન્યત્ર ક્યાંય ન નિહાળે. આ રીતે સમ્યગ્ ઉપાય અને શ્રેષ્ઠ ઉપેયની જુગલબંદીથી તપસ્વીને સદા ય આનંદવૃદ્ધિ રહે...

હવે 'જ્ઞાનસાર' ગ્રન્થકાર શુદ્ધ તપના ચાર લક્ષણ દર્શાવતા છટ્ઠા શ્લોકમાં ફરમાવે છેઃ–

यत्र ब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ।
सानुबन्धा जिनाज्ञा च, तत्तपः शुद्धमिष्यते ।।

જેમ જેમ બાહ્ય–આભ્યંતર તપ વધતો જાય તેમ તેમ વાસના મંદ થતી જવી જોઈએ અને મન–વચન–કાયાથી નિર્મલ બ્રહ્મચર્યપાલન થતું જવું જોઈએ. સાચા તપસ્વીએ જાતનું આ દૃષ્ટિકોણથી નિરીક્ષણ કરવું જોઈએ... બીજું લક્ષણ છે જિનપૂજા. તપસ્વી જો શ્રમણ હોય તો એમણે પ્રભુની ભાવપૂજા અને જો ગૃહસ્થ હોય તો એને દ્રવ્યપૂજા આવશ્યક હોય. પાર્લા સંઘના અમારા વર્તમાન ચાતુર્માસના માક્ષમણતપસ્વીઓની વાત કરીએ તો અટ્ઠાણું ટકા તપસ્વી ત્રીશેય દિવસ નિત્ય જિનપૂજા કરતા હતા. ડિમ્પલબેન પરેશભાઈ નામે તપસ્વીએ તો ત્રીશેય દિવસ ભૂગર્ભગૃહના પ્રભુના અભિષેકની ઉછામણી બોલીને લાભ લીધો હતો... તપસ્વીનું ત્રીજું લક્ષણ કષાયોનો હ્રાસ. 'તપસ્વીનું પાણી ગરમ અને તપસ્વીનું દિમાગ ગરમ' આ ઉક્તિ તપસ્વીને લાગુ જ ન થવી જોઈએ. એ તો શાંત–સમતાનિમગ્ન હોય. આ ત્રીજા અને પૂર્વોક્ત પ્રથમ લક્ષણને રજૂ કરતાં એક શ્લોકમાં જણાવાયું છે કે "વિષય અને કષાયના આહારનો ત્યાગ જ્યાં છે તે જ ખરેખર ઉપવાસ છે. આ બેનું જ્યાં લક્ષ્ય પણ નથી તે તો લાંઘન છે"... ચોથું લક્ષણ દર્શાવતા ગ્રન્થકાર કહે છે કે પરમાત્માની આજ્ઞાનું સાનુબંધ પાલન કે તેની ઈચ્છા હોય એવો તપ શુદ્ધ કહેવાય છે.

સાતમા શ્લોકમાં તેઓ તપસ્વીને સરસ માર્ગદર્શન આપે છે કે તપ એ રીતે કરવો કે જેમાં (૧) દુર્ધ્યાન ન થાય (૨) આરાધનાયોગોને હાનિ ન થાય અને (૩) ઈન્દ્રિયો ક્ષીણ ન થઈ જાય. જો કે સિક્કાની બીજી બાજુ એ પણ ખ્યાલ રાખવી કે ઈન્દ્રિયક્ષીણતાના નામે સુખશીલતાનું પોષણ ન થઈ જાય...

છેલ્લે એક મજાની વાત : **તપ વિના તાપ નહિ, તાપ વિના શુદ્ધિ નહિ અને શુદ્ધિ વિના શાશ્વત સુખ નહિ** ... ◆◆◆

33

# જૈન દર્શને વિશ્વને આપેલ અનોખી ભેટ છે અનેકાંતવાદ... ભિન્ન ભિન્ન અભિપ્રાયોનો પણ એ સમ્યક્ સમન્વય કરે છે ...

જૈન દર્શને વિશ્વને ત્રણ અણમોલ–અપ્રતિમ ભેટ આપી છે. એનાં નામ છે અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત. આચારનાં સ્તરે અહિંસા ઉપકારક છે, જીવનનાં સ્તરે અપરિગ્રહ ઉપકારક છે; તો વિચારનાં સ્તરે અનેકાંત ઉપકારક છે. જૈન દર્શનની અહિંસા અન્યોના જીવનાધિકારની સ્વીકૃતિરૂપ છે. અપરિગ્રહ અન્યોના સુખના અધિકારની સ્વીકૃતિરૂપ છે; તો અનેકાંત અન્યોના ભિન્ન ભિન્ન અભિપ્રાયોનો સમન્વય સાધવા દ્વારા એ અભિપ્રાયોની સ્વીકૃતિરૂપ છે.

અહિંસાની વાત કરીએ તો અન્યત્ર અહિંસાનું મર્યાદિત નિરૂપણ જો કે છે ખરું. પરંતુ જૈન દર્શન અહિંસાનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરૂપણ કરી જે રીતે પૃથ્વી–પાણી આદિની હિંસાથી દૂર રહેવાનું વિધાન કરે છે એ ખરેખર લા–જવાબ છે. એ જ મુજબ અપરિગ્રહનું નિરૂપણ અન્યત્ર ભલે મર્યાદિત સ્વરૂપે

હોય. પરંતુ જૈન દર્શન આવશ્યકતાથી અધિક ચીજોના ત્યાગથી શરુ કરીને મૂર્ચ્છામાત્રના–આસક્તિમાત્રના ત્યાગરૂપે જે અપરિગ્રહ દર્શાવે છે એ સાચે જ અદ્‌ભુત છે. અને.. અનેકાંત? એ તો માત્ર જૈનદર્શનની જ Monopoly છે. અનેકાંત એક એવી વિચારશૈલી છે કે જેમાં અન્યોના ભિન્ન ભિન્ન લાગતા અભિપ્રાયોનો પણ સમ્યક્ સમન્વય થઇ શકે. શું વ્યવહારજગત કે શું અધ્યાત્મજગતઃ અનેકાંતની વિચારશૈલી વિના ક્યાં ય ચાલી ન શકે. એક સરલ લૌકિક ઉદાહરણ દ્વારા આપણે આ અનેકાંતની વિચારશૈલીને સમજીએઃ

ધારો કે એક બાવીશ વર્ષની નવવધૂ છે. એનો પિતૃપક્ષ એને દીકરી કહેશે અને શ્વશૂરપક્ષ એને પુત્રવધૂ કહેશે. હવે જો પિતૃપક્ષ એમ કહે કે 'આ દીકરી જ છે, પુત્રવધૂ નથી' અને શ્વશૂરપક્ષ એમ કહે કે 'આ પુત્રવધૂ જ છે, દીકરી નથી' તો એ એકાંતવાદ થયો અને એ અન્યના મતનો સમન્વય ન કરતો હોવાથી ગલત ઠરશે. આના મુકાબલે અનેકાંતની વિચારસરણી ધરાવનાર વ્યક્તિ બન્નેનાં કથનનો સમન્વય કરતાં આમ કહેશે કે 'એ યુવતી પિતૃપક્ષની અપેક્ષાએ દીકરી છે અને શ્વશૂરપક્ષની અપેક્ષાએ પુત્રવધૂ છે. એથી અમુક અપેક્ષાએ એ દીકરી પણ છે અને અમૂક અપેક્ષાએ પુત્રવધૂ પણ છે.' સ્પષ્ટ જ જણાશે કે અન્યોના અભિપ્રાયોનો આ રીતે સમન્વય કરનાર અનેકાંતની વિચારસરણી ધરાવનારનું કથન જ સાચું છે.

આ અનેકાંત દૃષ્ટિ અધ્યાત્મક્ષેત્રે બરાબર વિકસ્વર બને એટલા માટે 'જ્ઞાનસાર' ગ્રન્થસર્જક મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર બત્રીશમા અને અંતિમ અષ્ટકમાં સર્વનયાશ્રયનો વિષય પ્રસ્તુત કરે છે. ખૂબ ગંભીર અર્થસંદર્ભ ધરાવતા આ 'સર્વનયાશ્રયાષ્ટક'ના પ્રારંભિક બે શ્લોકો તેઓ આમ પ્રસ્તુત કરે છે કે :–

धावन्तोऽपि नयाः सर्वे, स्युर्भावे कृतविश्रमाः ।<br>
चारित्रगुणलीनः स्या-दिति सर्वनयाश्रितः ।।<br>
पृथग्नया मिथः पक्ष,-प्रतिपक्षकदर्थिताः ।<br>
समवृत्तिः सुखास्वादी, ज्ञानी सर्वनियाश्रितः ।।

જૈન પરિભાષા મુજબ પ્રત્યેક વસ્તુ અનંતધર્માત્મક હોય છે. 'પ્રમાણ' એ વસ્તુના અનંત ધર્મોનું પ્રતિપાદન કરે, જ્યારે 'નય' વસ્તુના અનંત ધર્મો પૈકી

કોઇ એકનું પ્રતિપાદન કરે. આ નય પણ જ્યારે અન્ય નયોને સાપેક્ષ રહી પોતાનાં કથનનું પ્રતિપાદન કરે ત્યારે એ વસ્તુતઃ નય કહેવાય અને જો એ અન્ય નયોથી નિરપેક્ષ રહી પોતાની રજૂઆત કરે ત્યારે એ નયાભાસ કહેવાય એમ મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરનું મન્તવ્ય છે. નયવાદ એટલે કોઇ ચોક્કસ દષ્ટિબિંદુથી–ચોક્કસ અપેક્ષાથી થતું પ્રતિપાદન. આ નયવાદ વસ્તુતત્ત્વને યથાર્થપણે સમજવાની ચાવી છે.

ભલે ને દરેક નયો પોતપોતાના અક્ષલહય થી–દષ્ટિબિંદુથી વસ્તુનું પ્રતિપાદન કરતા હોય. પરંતુ એ આખર તો વસ્તુસ્વભાવમાં સ્થિર થનાર હોય છે. આથી સમદષ્ટિથી વસ્તુતત્ત્વનું ચિંતન કરનાર મુનિ સર્વ નયોનો આશ્રય કરી નિશ્ચય–વ્યવહાર સ્વરૂપ ચારિત્રગુણમાં–આત્મસાધનામાં લીન થાય એમ પ્રથમ શ્લોક જણાવે છે.

જે વચન–જે રજૂઆત સમદષ્ટિ ચિંતક સમક્ષ આવે એ કયા દષ્ટિબિંદુથી રજૂ થઇ છે તેનો ખ્યાલ કરી પરસ્પર વિરુદ્ધ જણાતા દષ્ટિબિંદુનો સમન્વય કરતાં આત્માર્થી સાધકને આવડવું જોઇએ અને એ સર્વ નયોનો આદર કરવાથી શક્ય બને. જો તેમ ન હોય અને કોઇ એક જ દષ્ટિબિંદુ પકડી રખાય તો એમાંથી માત્ર વાદ–વિવાદ જ જન્મ્યા કરે, વસ્તુનું હાર્દ ન પ્રાપ્ત થઇ શકે. ઉદાહરણરૂપે, અમૂક દર્શન એમ કહે છે કે 'આત્મા નિત્ય છે,' તો અન્ય એક દર્શન કહે છે કે 'આત્મા અનિત્ય છે.' જૈન દર્શન આ બન્ને માન્યતાનો સમન્વય કરી આપે છે કે દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય છે–શાશ્વત છે અને પર્યાયાર્થિક નયથી આત્મા અનિત્ય છે–અશાશ્વત છે. મતલબ કે દ્રવ્યરૂપે આત્મા કાયમી છે અને સ્ત્રી–પુરુષ–પશુ વગેરે પર્યાયરૂપે તે કાયમી નથી. સમજી શકાય છે કે જૈન દર્શનની આ રજૂઆત અલગ અલગ નયને–દષ્ટિબિંદુને આભારી છે. બસ, આ જ રીતે સમવૃત્તિ ધરાવતા આત્માર્થી જ્ઞાની જ્યાં જે સમયે જે દષ્ટિબિંદુને આગળ કરવાનું હોય ત્યાં તે સમયે તે દષ્ટિબિંદુને આગળ કરી વાદ–વિવાદથી મુક્ત બને અને સંવાદનું સુખ પામી વસ્તુતત્ત્વને યથાર્થ પામે. બીજા શ્લોકના ઉત્તરાર્ધમાં એથી જ લખાયું છે કે ''समवृत्तिः सुखास्वादी, ज्ञानी सर्वनियाश्रितः''.

એકાંત આગ્રહ વસ્તુતત્ત્વને ન સમજવા દે, ઉપરાંત ક્યારેક કેવા હાસ્યાસ્પદ ઠરાવી દે એ જાણવું છે? તો વાંચો અમારા ગુરુદેવ દિવંગત આચાર્યપ્રવર સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની પ્રવચનસભાનો આ પ્રસંગઃ

ઈ.સ. ૧૯૮૬ના વડોદરાના ચાતુર્માસમાં તેઓ એક વાર જ્ઞાન અને ક્રિયાનું મહત્ત્વ સંતુલિત રીતે સમજાવતા હતા. આ માટે એમણે વ્યવહારજગતનું એક સરલ ઉદાહરણ આપ્યું કે ''ધારો કે તમે મંદિરપરિસરમાં આવતા હતા અને ખીસામાંથી કાંઈક કાઢવા જતા સો રૂ.ની નોટ પડી ગઈ. થોડું ચાલ્યા બાદ તમને ખ્યાલ આવ્યો કે સો રૂ.ની નોટ પડી ગઈ છે. હવે એ નોટ મેળવવા માટે તમારે જ્ઞાન અને ક્રિયા, બેયનો સમન્વય કરવો પડશે. તમે પાછળ નજર ફેરવી નોટ અમૂક જગ્યાએ પડી છે એવો નિશ્ચિત ખ્યાલ કરો તે જ્ઞાન અને પછી એ લેવા ત્યાં સુધી જાવ એ ક્રિયા. આમ, બેયના સમન્વયથી તમે નોટ પામી શકો.''

ગુરુદેવે રજૂ કરેલ આ ભૂમિકારૂપ વાત એક શ્રોતાને પસંદ ન આવી. એ તથાકથિત જ્ઞાનમાર્ગનો સમર્થક હતો. ક્રિયામાર્ગ એને પરભાવ લાગતો હતો. એથી એણે પોતાના આગ્રહી વલણને પ્રતિબિંબિત કરતી દલીલ કરીઃ ''ગુરુદેવ! એવું બને કે પવનનો સપાટો આવે અને નોટ ઊડતી ઊડતી અમારા સુધી આવી જાય ત્યારે ત્યાં ક્રિયાની કાંઈ જરૂર ન રહે.'' ગુરુદેવ જ્ઞાનમય–ક્રિયાનય, બન્નેના સમાન પુરસ્કર્તા હતા. એથી એમણે પૂર્વોક્ત પ્રતિપાદનકર્તા શ્રોતાને એની શૈલીથી જ મહાત કરતો ઉત્તર આપ્યો કે ''જો પવનનો સપાટો અવળો આવે તો નોટ, હતી એનાથી બે–ચાર ગણી દૂર જતી રહે અને ત્યારે ત્યાં સુધી જવાની ક્રિયાનું મહત્ત્વ પહેલા કરતાં અનેકગણું વધી જાય એ ભૂલવા જેવું નથી.'' સમગ્ર સભા, આ 'જેવી દલીલ તેવો ઉત્તર' સાંભળી તાળીઓનો ગડગડાટ કરવા માંડી અને ત્યારે પેલો આગ્રહી શ્રોતા શરમિંદો બની ગયો. પછીગુરુદેવે એ પણ સમજાવ્યું કે ''તમે કહ્યું એ મુજબ પવનના સવળા સપાટામાં નોટ તમારા સુધી આવી જાય તો પણ નીચા નમીને નોટ લેવાની ક્રિયા કરશો તો જ નોટ તમને મળશે. એથી એ અવસ્થામાં ય એટલે અંશે ક્રિયાનું મહત્ત્વ છે જ.'' આ સમગ્ર ઘટનામાં એ પણ સુપેરે નિહાળવા મળે છે કે ગુરુદેવ જ્ઞાનનય અને ક્રિયાનય, ઉભયના સમર્થક હતા માટે વસ્તુનાં હાર્દનું યથાર્થ પ્રતિપાદન કરી શક્યા....

ગ્રન્થકાર મહર્ષિ ત્રીજા શ્લોકમાં સ્યાદ્વાદની–અનેકાંતવાદની મહત્તા ખૂબ સરલ શૈલીમાં આ રીતે કરે છે કેઃ–

नाऽप्रमाणं प्रमाणं वा, सर्वमप्यविशेषितम् ।
विशेषितं प्रमाणं स्या,-दिति सर्वनयज्ञता ।।

ભાવાર્થ કે કોઈ પણ નયવચન વિશેષિત કરાયું ન હોય ત્યાં સુધી પ્રમાણભૂત–સ્વીકાર્ય પણ નથી બનતું કે અપ્રમાણભૂત–અસ્વીકાર્ય પણ નથી બનતું. એ જો યોગ્યપણે વિશેષિત થાય તો જ પ્રમાણભૂત થાયઃ આ સર્વનયજ્ઞતા છે. આ રજૂઆત એક સરલ ઉદાહરણ દ્વારા નિહાળીએઃ ધારો કે ત્રીશ વર્ષના અને બે સંતાનના પિતા યુવાન માટે કોઈ આવો વાક્યપ્રયોગ કરે કે ‘આ પુત્ર છે.’ આ વાક્ય અવિશેષિત હોવાથી ન તો ઉપાદેય–સ્વીકાર્ય બને છે, ન તો હેય–ત્યાજ્ય બને છે. એ માત્ર જ્ઞેય–જાણવા યોગ્ય વાક્ય બને છે. હવે આ વાક્યમાં જો ‘જ’ અક્ષરની વિશેષતા ઉમેરીને કહેવાય કે ‘આ પુત્ર જ છે’ તો એ વાક્ય અપ્રમાણ–ત્યાજ્ય બનશે. કેમ કે ‘આ પુત્ર જ છે’ આવું નિરપેક્ષ વિધાન એના પિતૃત્વ વગેરે ધર્મોનો છેદ ઉડાડે છે. પરંતુ જો એ વાક્યમાં ‘પણ’ શબ્દની વિશેષતા ઉમેરીને કહેવાય કે ‘આ પુત્ર પણ છે’ તો એ વાક્ય પ્રમાણભૂત–સ્વીકાર્ય બનશે. કેમ કે ‘આ પુત્ર પણ છે’ આવું સાપેક્ષ વિધાન એ વ્યક્તિના પિતૃત્વ વગેરે ધર્મોનો પણ સમાવેશ કરે છે. સાર એ થયો કે અ–વિશેષિત વચન પ્રમાણ કે અપ્રમાણ બનતું નથી. વિશેષિત વચન જ પ્રમાણ કે અપ્રમાણ બને છે. જો એ વિશેષિતતા ‘ઊમ’ કાર સ્વરૂપની અર્થાત્ અન્ય વસ્તુધર્મોનો અસ્વીકાર સ્વરૂપની હોય તો એ અપ્રમાણ છે અને જો એ વિશેષતા ‘स्यात्’ ‘સ્વરૂપની અર્થાત્ અન્ય વસ્તુધર્મોના સ્વીકાર સ્વરૂપની હોય તો તે પ્રમાણભૂત છે.

સંસ્કૃતભાષા મુજબ ‘ઊમ’ શબ્દ ‘જ’ કારના અર્થમાં છે, જ્યારે ‘स्यात्’ શબ્દ ‘પણ’ શબ્દની પરિભાષાનો છે. જૈન દર્શન આ ‘શ્રૂળટ્ર’ અનુસાર પ્રરૂપણા કરે છે માટે એની પ્રરૂપણા શૈલીને સ્યાદ્વાદ (અનેકાંતવાદ) કહેવાય છે. આ શ્લોકની શ્રીમાન દેવચન્દ્રજી મહારાજકૃત ‘જ્ઞાનમંજરી’ ટીકામાં અંતે આ પંક્તિ લખાઈ છે કે ‘‘इति विचार्य स्याद्वादोपयोगेन सर्वनयज्ञता कार्या।’’ ભાવાર્થ કે આ વાસ્તવિકતા વિચારી સ્યાદ્વાદના ઉપયોગ દ્વારા સર્વ નયોના જાણકાર થવું હિતકારી છે...

ચોથા–પાંચમા–છટ્ઠા શ્લોકમાં ગ્રન્થકાર સર્વનયોનાં જ્ઞાનથી થતું કલ્યાણ અને એકાંત આગ્રહથી થતું અકલ્યાણ વગેરે બાબતો વર્ણવી અંતિમ બે શ્લોકોમાં સર્વ નયના જ્ઞાતા અનેકાંતદૃષ્ટિસંપન્ન મહાત્માઓના લક્ષણો હૃદયંગમ રીતે પ્રસ્તુત કરે છે કે : –

निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ।
एकपाक्षिकविश्लेष-मारूढाः शुद्धभूमिकाम् ।।
अमूढलक्ष्याः सर्वत्र, पक्षपातविवर्जिताः ।
जयन्ति परमानन्द, -मयाः सर्वनयाश्रयाः ।।

ભાવાર્થ કે સર્વનયનો સમાદર કરનારા સ્યાદ્વાદદૃષ્ટિસંપન્ન એ મહાત્માઓ (૧) નિશ્ચયનયમાં ને વ્યવહારનયમાં–જ્ઞાનનયમાં અને ક્રિયાનયમાં એકપક્ષી આગ્રહમય ભ્રમનો ત્યાગ કરનાર છે (૨) શુદ્ધ આત્મભૂમિકા પર આરૂઢ થયેલ છે (૩) એમનું લક્ષ્ય ક્યાં ય વ્યામૂઢ થયેલું નથી હોતું (૪) તેઓ સર્વત્ર પક્ષપાતરહિત હોય છે અને (૫) પરમ આનંદમય બની જયવંતા વર્તે છે. નિષ્પક્ષ તત્ત્વજ્ઞાની કેવા હોય એની ઝલક આ પાંચ વિશેષણોમાં પ્રતિબિંબિત થાય છે.

આવા તત્ત્વજ્ઞાનીઓનાં ચરણોમાં અગણિત વંદન સાથે આ લેખનાં સમાપન પૂર્વે અમે અહીં ટાંકીશું અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા યુગદિવાકર આ.ભ. ધર્મસૂરીશ્વરજી મહારાજ માટે લખાયેલ પંક્તિઓ. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી અને વિખ્યાત વિદ્વાન ડૉ. રમણલાલ શાહે અમારા એ પરમગુરુદેવનાં જ્ઞાન અને પ્રરૂપણાશૈલી અંગે આ પંક્તિઓ લખી છે કે ''ચિત્ત પર એક છાપ દૃઢપણે અંકિત થઈ કે પૂ. આચાર્ય મહારાજે આપણા શાસ્ત્રગ્રન્થોનું ઘણું ઊંડું અધ્યયન કર્યું છે. પ્રત્યેક વિષયનો શાસ્ત્રીય ઉત્તર તેમની પાસે તરત હાજર હોય. શાસ્ત્રોની સેંકડો પંક્તિઓ તેમને કંઠસ્થ હતી. અમારા દરેક પ્રશ્નોની તેઓ વિવિધ દૃષ્ટિકોણથી સવિગત છણાવટ કરતા. જેથી અમને પૂરો સંતોષ થતો. વળી તેઓની દૃષ્ટિ હંમેશાં વ્યવહારનય અને નિશ્ચયનયના સમન્વયની રહેતી''... એ જ્ઞાની ભગવંતના ચરણોમાં ય કોટિ કોટિ વંદન... ◆◆◆

# ૩૪

# ચોત્રીશ લેખોની સુદીર્ઘ 'જ્ઞાનસાર' યાત્રાનું સમાપનઃ જ્ઞાનના દીવડા સહુનાં જીવનમાં નિત્ય દીવાળી સર્જો !

બત્રીશ અલગ અલગ અદ્ભુત વિષયોના ગહન–આત્મસ્પર્શી ચિંતનને બત્રીશ અષ્ટકમાં સમાવતો મહાન ગ્રન્થ 'જ્ઞાનસાર'! સંસ્કૃતભાષાબદ્ધ અને શ્લોકનિબદ્ધ એ 'જ્ઞાનસાર' ગ્રન્થના આધારે આપણે આ પુસ્તકમાં કુલ (એક ભૂમિકા લેખ+બત્રીશ અષ્ટક લેખ+એક અંતિમ લેખ મળી) ચોત્રીશ લેખની સુદીર્ઘ ચિંતનયાત્રા કરી રહ્યા છીએ. આ છે એનો અંતિમ લેખ–ઉપસંહારલેખ.

ના, આ ઉપસંહારલેખ માત્ર અમારી કલ્પના આધારિત નથી. 'જ્ઞાનસાર' ગ્રન્થકર્તા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે સ્વયં બત્રીશ અષ્ટકના બસો છપ્પન શ્લોકો બાદ, સત્તર શ્લોકોમાં ગ્રન્થનો ઉપસંહાર કર્યો છે. આપણે એ ઉપસંહાર–શ્લોકોના સથવારે આ અંતિમ ચિંતનયાત્રા કરીશું:

એક વાત ખબર છે? ગ્રન્થકારની સર્જનશક્તિ–કલ્પનાશક્તિ વિશિષ્ટ હોય ત્યારે સર્જનમાં વિષયની સાથોસાથ કેટલીક ચમત્કૃતિઓ પણ ભળે છે. ઉદાહરણરૂપે, કોઈ સમર્થ સર્જક એક જ શ્લોકની બીજી–ચોથી પંક્તિ એવી રચે કે જે અક્ષરશઃ સમાન હોય છતાં અર્થ બન્નેના સર્વથા ભિન્ન હોય. જૈન શ્રમણ પરંપરાના મહાકવિ શોભનમુનિવરે સંસ્કૃતભાષામાં ચાર ચાર શ્લોકની એક એવી ચોવીશ સ્તુતિઓ આ શૈલીની રચી છે કે જેમાં મહદંશે દરેક શ્લોકની બીજી–ચોથી પંક્તિ અક્ષરશઃ સમાન હોય અને અર્થથી સાવ અલગ હોય! તો વળી કોઈ સર્જક ભક્તામર જેવા વિખ્યાત સ્તોત્રના એક શ્લોકની ચાર પંક્તિઓને ચાર અલગ અલગ શ્લોકમાં, મૂળ શ્લોકના પંક્તિ ક્રમાંકે એવી રીતે રજૂ કરે કે તે દરેક શ્લોકનો અર્થ એકદમ બરાબર જ લાગે.

બસ, આવી જ એક ચમત્કૃતિભરી વિશેષતા 'જ્ઞાનસાર'ગ્રન્થકારે ઉપસંહારના પ્રારંભિક શ્લોકોમાં પ્રસ્તુત કરી છે. એમણે તમામ બત્રીશે ય અષ્ટકોનાં નામ પ્રારંભિક શ્લોકોમાં એ રીતે ગૂંથ્યા છે કે જેમાં એક તરફ ક્રમબદ્ધ બત્રીશે ય અષ્ટકોનો વિષય આવે અને બીજી તરફ સાધક શ્રમણની બત્રીશ વિશેષતાઓ પ્રગટ કરે તેવા વિશેષણો બને. ઉપસંહારના શ્લોકોને ત્રણ વિભાગમાં વિભક્ત કરીએ તો આ બત્રીશ વિશેષણયુક્ત શ્લોકો પ્રથમ વિભાગમાં આવે, બીજા વિભાગમાં જ્ઞાનની અને જ્ઞાની મુનિની મહત્તા દર્શાવતા શ્લોકો આવે; તેમજ અંતિમ વિભાગમાં ગ્રન્થરચનાસ્થળ–ગુરુપરંપરાના નિર્દેશના શ્લોકો આવે. આપણે આ ત્રણે ય વિભાગની કેટલીક ઝલકો આ લેખમાં નિહાળીશું અને એમાં પ્રારંભે પેલા બત્રીશ વિશેષણોમાંથી થોડી અલપ–ઝલપ વિચારીશું:

આ શ્લોકોમાં મુનિ માટે એક વિશેષણ છે 'शान्तः'. છટ્ઠા શમ–અષ્ટકનો અંગુલિ નિર્દેશ કરતું આ વિશેષણ એમ જણાવે છે કે મુનિ શાંત હોય. શાંત એટલે? 'વિકટ સ્થિતિમાં ગુસ્સાભર્યો પ્રતિભાવ ન આપવો' આટલો જ અર્થ પર્યાપ્ત નથી. એ તો રાજકારણી–મુત્સદ્દી વ્યક્તિઓ પણ કરી શકે છે. પરંતુ એ રાજકારણીઓને ખરા અર્થમાં શાંત ન કહી શકાય. કેમ કે તેઓ તો શિકાર ખતરાના દાયરામાં આવે ત્યાં સુધી ચૂપચાપ બેસી રહેતા શિકારી ચિત્તા જેવા છે.

તક આવતાં જ તેઓ સામી વ્યક્તિને સકંજામાં લઇ પાયમાલ કરે. ખરા શાંત તો એ સાધકો છે કે જે અપરાધી વ્યક્તિનું મનથી પણ અશુભ ન ઇચ્છે. 'કલ્પસૂત્ર' આગમગ્રન્થમાં પ્રભુ માટે પ્રયોજાયેલ ત્રણ શબ્દો સાચા 'શાંત' સાધકનું સ્પષ્ટ ચિત્ર દોરે છે. ત્યાં લખાયું છે 'संते पसंते उवसंते' મતલબ કે જે બહારથી આવેશાદિ રહિત હોય તે કહેવાય શાંત, જે ભીતરી ઉકળાટથી–આવેશથી રહિત હોય તે ગણાય પ્રશાંત; ને જે ભીતર–બહાર બે ય રીતે શાંત હોય તેને ગણાય ઉપશાંત. આ ત્રણે ય શબ્દોનું સંમીલિત સ્વરૂપ જ્યાં છે તે સાધકને સાચા અર્થમાં શાંત કહેવાય. યાદ આવે અહીં દમદંતમહામુનિ કે જેમનામાં આ ત્રણે ય શબ્દોનું સંમીલિત સ્વરૂપ પ્રતિબિંબિત થાય છે. ઘટના એમની કાંઈક આ હતી :

દમદંત મુનિવર પૂર્વાવસ્થામાં વિશાલ સામ્રાજ્યના અધીશ્વર સમ્રાટ હતા. એમની સાથે કોઇ અન્યાયી કારણ ખડું કરીને દુર્યોધને યુદ્ધ કર્યું. પરંતુ મહારાજા દમદંત એટલા બળવાન હતા કે એમણે કૌરવોને પરાજય આપ્યો. પરાજિત કૌરવોનો પક્ષ લઇ ભાઇ હોવાના નાતે પાંડવો આવ્યા તો દમદંત રાજાએ એમને પણ શિકસ્ત આપી. કૌરવોના પક્ષે આ પરિણામ અણધાર્યું અને કલ્પનાતીત આઘાતજનક હતું. એ ઘટનાના કેટલાક સમય બાદ રાજા દમદંતે વૈરાગ્યવાસિત થઇ સંયમધર્મ સ્વીકાર્યો અને એ દમદંત મુનિવર બન્યા.

એકદા તેઓ માર્ગની એક તરફ કાયોત્સર્ગમુદ્રામાં ધ્યાનલીન હતા. એ સમયે પાંડવો પ્રભુનેમિનાથની ધર્મદેશના શ્રવણ કરવા ત્યાંથી નીકળ્યા. તેઓ સજ્જન હતા. એથી પૂર્વની યુદ્ધઘટના યાદ કર્યા વિના તેઓ મુનિવરની વર્તમાન ધ્યાનસાધનાને ભાવભીનાં વંદન કરી આગળ વધ્યા. થોડા સમય બાદ એ જ માર્ગે દુર્યોધન વગેરે કૌરવો આવ્યા. દમદંતમુનિને જોતાંવેંત એમને પહેલાનો પરાજય યાદ આવ્યો. એમણે દાંત કચકચાવી મુનિને અપશબ્દો કહ્યા, અપમાન કર્યું અને પથ્થર પણ ફેંક્યો. સાથેના રસાલાએ પણ એનું અનુકરણ કરતાં જોતજોતામાં મુનિવર પથ્થરોથી ઘેરાઇ ગયા.

ધર્મદેશના સાંભળી પરત આવી રહેલ પાંડવોએ આ દશ્ય નિહાળ્યું અને એમને આમાં મોટો અવિવેક લાગ્યો. એમણે અંતઃકરણપૂર્વક મુનિવરની ક્ષમા યાચી અને પથ્થરો વગેરે હટાવી સુવિધા કરી. જૈન શાસ્ત્રોએ નોંધ કરી કે

કૌરવોએ પથ્થર માર્યા ત્યારે અને પાંડવોએ ક્ષમા યાચી ત્યારે દમદંત મુનિવરના અંતરમાં ન તો કૌરવો પ્રત્યે નાનકડો પણ દ્વેષ હતો કે ન તો પાંડવો પ્રત્યે આછો પણ સ્નેહ હતો. વિનાકારણ પરેશાન કરનાર કૌરવો પ્રત્યે એમનાં અંતરમાં એક પણ અહિતનો વિચાર નહતો જાગ્યો. આ છે સાધક મુનિની 'શાંત' આંતર–બાહ્ય સ્થિતિ. છટ્ઠા અષ્ટકની આ પંક્તિ અહીં સાર્થક થાય કે ''ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्तितः''

ઉપસંહારના પ્રારંભિક શ્લોકોનાં બત્રીશ વિશેષણોમાં એક વિશેષણ છે 'जितेन्द्रियः..' સાતમા ઈન્દ્રિયજયાષ્ટકનો અંગુલિનિર્દેશ કરતું આ સાતમા ક્રમનું વિશેષણ એમ કહે છે કે શ્રમણ ઈન્દ્રિયો પર સંપૂર્ણ નિયન્ત્રણ ધરાવતો હોય. ઈન્દ્રિયો મનફાવે તેમ સાધકને ખેંચી ન શકે, સાધક પોતાની ઈચ્છાનુસાર ઈન્દ્રિયોને પ્રવર્તાવી શકે. ઉદાહરણરૂપે, આંખ કોઈ રૂપલાવણ્યમયી યુવતીને અનિમેષ નીરખવા ચાહતી હોય તો સાધક એ મુજબ ખેંચાય નહિ. એ આસાનીથી આંખ પર રોક લગાવી શકે. એજ સાધક પરમાત્માનાં દર્શન અનિમેષપણે કરવા ચાહે ત્યારે એ આસાનીથી નેત્રોને તે મુજબ પ્રવર્તાવી શકે. સારાંશ કે નેત્રાદિ પાંચે ય ઈન્દ્રિયો પર સાધકનું નિયન્ત્રણ અસાધારણ હોય. એથી એને કહેવાય છે જિતેન્દ્રિય.

મોબાઈલ–વોટ્સએપ વગેરેના આ યુગમાં પત્રલેખનની પરંપરા પ્રમાણમાં ભલે અલ્પ થઈ હોય. પરંતુ જયારે પત્રલેખનનું પ્રમાણ પ્રચુર હતું ત્યારે સંસારી વ્યક્તિઓ શ્રમણોને શ્રેણિબદ્ધ વિશેષણો લખી પત્રનો પ્રારંભ કરતી. એમાં આ બે વિશેષણો લગભગ સાથે સાથે લખાતાઃ 'શાંત' અને 'દાંત'. 'શાંત'નો અર્થ આપણે પૂર્વે નિહાળ્યો. પણ 'દાંત' એટલે શું? 'દાંત'નો અર્થ છે ઈન્દ્રિયોનું દમન કરનાર. ખ્યાલમાં રહે કે આ દમન ઈન્દ્રિયશક્તિને કુંઠિત કરવારૂપે નથી હોતું, બલ્કે જ્ઞાનજન્ય વિવેક દ્વારા થતું હોય છે. એથી એમાં ભીતરી અતૃપ્તિની આગ નથી હોતી, બલ્કે ભીતરી તૃપ્તિનો બાગ હોય છે. યાદ આવે ઈન્દ્રિયજયાષ્ટકની આ પંક્તિ કે ''भव तृप्तोऽन्तरात्मना'' દાંત મુનિવર ભીતરથી એવા તૃપ્ત હોય કે ભલભલી દુન્યવી વ્યક્તિ લલચાઈ જાય–લપસી જાય એવી ભોગની ઓફર વચ્ચે–આલંબન વચ્ચે એમનું રૂવાડું ય ન ફરકે. ખબર છે કામવિજેતા સ્થૂલભદ્ર મુનિવરની વાત?

તત્કાલીન ભારતવર્ષની શ્રેષ્ઠ રૂપસુંદરી કોશાનો સહવાસ પૂર્વાવસ્થાના મન્ત્રીપુત્ર સ્થૂલભદ્રકુમારે બાર વર્ષ માણ્યો હતો, તો કોશા પણ રાજનૃત્યાંગના–ગણિકા હોવા છતાં સ્થૂલભદ્રને સર્વસ્વ સમર્પિત કરીને રહી હતી. બાર વર્ષો બાદ, પિતાના મૃત્યુના પ્રબળ નિમિત્તથી વૈરાગી બની સ્થૂલભદ્ર મન્ત્રીપુત્ર મટી મુનિવર બન્યા. એ પછી જૈન શાસ્ત્રોના પારગામી બનવા સાથે એમણે અજોડ ઈન્દ્રિયસંયમ હાંસલ કર્યો. પોતાના સંયમની અગ્નિપરીક્ષા કરવા તેઓ ગુર્વાજ્ઞાપૂર્વક કોશાના રંગમહેલમાં એકાકી ચાતુર્માસ રહ્યા. તેઓ અણિશુદ્ધ સંયમી રહેવા ચાહતા હતા, તો કોશા પોતાના આ મનના માણિગરને પુનઃ સંસારમાં લઈ આવવા ઝંખતી હતી. એ નિત્ય સોળ શૃંગાર સજી કામોત્તેજક નૃત્યો–મદહોશ સંગીત વગેરે દ્વારા સ્થૂલભદ્રને વિચલિત કરવાના તમામ પ્રયત્નો કરતી. પૂર્ણ એકાંત–પતનનાં તમામ પ્રબળ નિમિત્તોની હાજરી–સ્વયં સમર્પિત થવા તત્પર વિજાતીય વ્યક્તિત્વઃ આ સર્વ વચ્ચેય સ્થૂલભદ્રમુનિવરની મનઃસ્થિતિ મેરુપર્વત સમી અચલ અડોલ રહી. રાગ–વિરાગ વચ્ચેના આ ચારમાસી સંઘર્ષમાં આખરે સ્થૂલભદ્રમુનિવરનો વિરાગ વિજયી બન્યો. એ તો ચલિત ન થયા. કિંતુ એમણે કોશાને ધર્મમયી–નિયમમયી બનાવી દીધી!!! સાચા સાધકની દાંતતા આ છે જે જ્ઞાનજન્ય વિવેકથી પાંગરે છે, ભયજન્ય અંકુશમાંથી નહિ. આવા સાધકો માટે ‘શાંતસુધારસ’ ગ્રન્થમાં મજાની પંક્તિ છે કે ‘‘शान्ता दान्ता जिताक्षा जगति जिनपतेः शासनं भासयन्ति’’ મતલબ કે શાંત દાંત ઈન્દ્રિયવિજયી આ શ્રમણો જગતમાં જિનશાસનને ઝગમગાયમાન બનાવે છે...

બત્રીશ વિશેષણોના પ્રથમ તબક્કા બાદ ગ્રન્થકારે ગ્રન્થનામને અનુરૂપ જ્ઞાનની મહત્તા દર્શાવતાં વિધાનો વિવિધ શ્લોકોમાં કર્યાં છે. એમાંના એક શ્લોકમાં તેઓ ફરમાવે છે કેઃ–

निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषाम् ।
विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनाम् ।।

ભાવાર્થ કે સમ્યગ્ બોધસ્વરૂપ જ્ઞાનનો સાર નિર્વિકાર–નિરાબાધ છે. એટલે કે જેમણે આ જ્ઞાનસાર આત્મસાત્ કર્યો છે તેમનાં જીવનમાં વિકારોના તાંડવ ન હોય, વિકારજન્ય પીડાઓ ન હોય. આવા મહાત્માઓને પરપદાર્થોની

ઇચ્છામાત્ર નથી હોતી. એથી એમને તો અહીં જ–આ જન્મમાં જ જાણે કે મોક્ષ છે. કેમ કે મોક્ષમાં ઇચ્છાઓનો સર્વથા અભાવ છે અને આમને વર્તમાન જન્મમાં જ્ઞાનસારની ઉપલબ્ધિના બળે ઇચ્છાનો અભાવ હોય છે. એથી એટલે અંશે એમને અહીં મોક્ષ હોવાનું અવશ્ય માની શકાય... આ જ ઉપસંહારના અન્ય એક શ્લોકાર્ધમાં ગ્રન્થકાર ફરમાવે છે કે :–

चारित्रं विरतिः पूर्णा, ज्ञानस्योत्कर्ष एव हि ।

પૂર્ણ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો 'કાયિક આચરણ એ જ ચારિત્ર' આવું ન મનાય.વિભાવોથી વિરત થઇ સ્વભાવરમણતા કેળવવી એ ચારિત્ર છે. આમ, પૂર્ણ વિરતિરૂપ ચારિત્ર સ્વભાવરમણતાસ્વરૂપ છે અને સ્વભાવરમણતા તો જ્ઞાનનો જ શ્રેષ્ઠ ઉત્કર્ષ છે. આમાં પણ જ્ઞાનની મહત્તા સુપેરે સિદ્ધ થાય છે. આગળ જતા આ જ્ઞાનયોગી પુણ્યાત્મા જ્ઞાન–ક્રિયાનો અભેદ કરી સાધ્ય સિદ્ધ કરે...

ઉપસંહારના ત્રીજા વિભાગમાં ગ્રન્થકાર ઉત્તર ગુજરાતના સિદ્ધપુર નગરમાં પોતે આ ગ્રન્થ રચ્યો હોવાનું જણાવે છે અને ગ્રન્થસમાપ્તિનો દિવસ દીવાળી પર્વ હોવાનું નોંધે છેઃ જાણે કે દીવાળીના પુનિત પર્વદિને જ્ઞાનનો આ ચિરંજીવ મહાદીપક પ્રગટ્યો. ગ્રન્થકાર સ્વયં એ ભાવના અભિવ્યક્ત કરે છે કે આ ગ્રન્થમાં સુનિશ્ચિત સિદ્ધાંતોરૂપ સેંકડો દીવડાઓથી વિદ્વાનોનાં જીવનમાં નિત્ય દિવાળી પ્રગટો : ''नित्योऽस्तु दीपोत्सवः'' આ ગ્રન્થગત પંક્તિ છે...

અંતિમ શ્લોકમાં તેઓ, પોતે દેવસૂરીયગચ્છના હોવાનું જણાવી પોતાની ગુરુપરંપરાદિનો નિર્દેશ કરે છે. અમને એ લખતાં અચૂક ગૌરવ થાય છે કે જ્ઞાનસાર ગ્રન્થકારે જે દેવસૂરીયગચ્છના સંતાનીય હોવાનો ઉલ્લેખ આ ગ્રન્થમાં કર્યો છે તે જ દેવસૂરીયગચ્છની પરંપરાના અમે છીએ. આ ઉપરાંત બીજી ગૌરવપ્રદ બાબત અંગત રીતે અમારા માટે એ છે કે ગ્રન્થકાર જે પવિત્ર તીર્થભૂમિમાં ત્રણસો તેંત્રીશ વર્ષ પૂર્વે કાલધર્મ (દેહમુક્તિ) પામ્યા હતા તે દર્ભાવતી–ડભોઇ તીર્થ જ અમારી સાંસારિક જન્મભૂમિ છે જેનો ઉલ્લેખ પ્રથમ લેખમાં પૂર્વે પ્રસંગોપાત્ત કરાયો હતો.

અંતે, ચોત્રીશ લેખોની આ સુદીર્ઘ 'જ્ઞાનસાર' ચિંતનયાત્રાનું સમાપન કરતાં ગ્રન્થકાર મહર્ષિની જેમ અમે પણ એ જ શુભ ભાવના ભાવીએ છીએ કે જ્ઞાનના દીવડા સહુનાં જીવનમાં નિત્ય દીવાળી સર્જો ... ◆◆◆

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૨૨) ધર્મવાણી
(૨૩) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૨૪) શ્રદ્ધાનું સંગીત
(૨૫) પર્યુષણાની પાવન પ્રેરણા
(૨૬) જીવનનું ઝવેરાત
(૨૭) પજુસણ આવ્યાં રે..
(૨૮) પગલું પડે તો પંથ ખૂલે
(૨૯) વન્દના...પાપનિકન્દના
(૩૦) રેતીમાં મોતી
(૩૧) રણ બને ઝરણ
(૩૨) મેઘધનુષ
(૩૩) દિવ્યધામ દર્ભાવતી
(૩૪) માયાનાં મૃગજળ
(૩૫) નમામિ વીરમ્
(૩૬) શ્રુતસૌરભ
(૩૭) શૂલ વચ્ચે ફૂલ
(૩૮) જીવન બને ઉપવન
(૩૯) આંખ ફરે અંતર ઠરે
(૪૦) પાઠશાળા પ્રવેશિકા
(૪૧) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૪૨) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૪૩) कथा–कल्पवल्लि: (संस्कृत)
(૪૪) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૪૫) દર્શનં મોક્ષસાધનમ્
(૪૬) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૪૭) સ્વાતિનાં મોતી
(૪૮) પ્રેરણાનાં પુષ્પો
(૪૯) આવો આરાધના કરીએ
(૫૦) તમે મન મૂકીને વરસ્યા
(૫૧) सुगंध (हिन्दी)
(૫૨) નવપદ ધરજો ધ્યાન
(૫૩) દીવડો ધરો ...તિમિર હરો
(૫૪) સૌરભ
(૫૫) હૈયાના હસ્તાક્ષર
(૫૬) અંતરજ્યોત
(૫૭) મયૂરપંખ
(૫૮) વંદન હોજો વાર હજાર
(૫૯) પ્રેરણાદીપ
(૬૦) આદર્શોનું અમૃત

## દ્વારા પ્રકાશિત સાહિત્યની સૂચિ

(૬૧) પાનું ફરે ...સોનું ઝરે ...
(૬૨) ધર્મધારા
(૬૩) ધર્મસિન્ધુ
(૬૪) યુગદિવાકર મહાગ્રન્થ
(૬૫) વિમલાચલ–વન્દના
(૬૬) ધર્મસેતુ
(૬૭) હૈયે કરજો વાસ
(૬૮) મોતીની ખેતી
(૬૯) અમૃતનો આસ્વાદ
(૭૦) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૭૧) ખૂશ્બુનો ખજાનો
(૭૨) એક મૂઠી મોતી
(૭૩) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૭૪) ભીતર દીવા હજાર
(૭૫) વન થી વૃંદાવન
(૭૬) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૭૭) હયાતિના હસ્તાક્ષર
(૭૮) હસતા અક્ષર
(૭૯) માનસરોવરનાં મોતી
(૮૦) અજવાળાના અવતરણ
(૮૧) દરવાજે દસ્તક
(૮૨) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૮૩) અમૃતનું આચમન
(૮૪) વ્રત ધરીએ...ભવ તરીએ
(૮૫) મહામાનવ મોતીશાહ
(૮૬) પ્રેરણાનો પયગામ
(૮૭) પ્રેરણાના પારિજાત
(૮૮) પ્રેરણાનો પરાગ
(૮૯) પ્રેરણાનું પરબ
(૯૦) પ્રેરણાનું પંચામૃત
(૯૧) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૯૨) ચાલો શિખરજી જઈએ
(૯૩) ઝાકળભીનો ઉજાસ
(૯૪) હૃદયદીપ
(૯૫) સુખનું સરનામું
(૯૬) સુખના સૂરજમુખી
(૯૭) અમૃતની અંજલિ
(૯૮) નંદનવનનાં પુષ્પો
(૯૯) તિમિરથી તેજ
(૧૦૦) પરમને પ્રાર્થના
(૧૦૧) ઝાકળભીનાં પુષ્પો
(૧૦૨) તમે સૂરજ થઈને ચમક્યાં–મહાગ્રન્થ
(૧૦૩) મહેંક માર્ગાનુસારિતાની ...
(૧૦૪) વિચારસેતુ
(૧૦૫) આનંદનું એવરેસ્ટ
(૧૦૬) વાસંતી વાયરા
(૧૦૭) ભવ આલોચના
(૧૦૮) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૧૦૯) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૧૧૦) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક

### પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧૧૧) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૧૧૨) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૧૧૩) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૧૧૪) ચિંતનની ચાંદની
(૧૧૫) મનનનાં મોતી
(૧૧૬) Treasure of Qualities
(૧૧૭) સૂર્યોદયનું સૌંદર્ય
(૧૧૮) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૧૧૯) Entity of Supremacy
(૧૨૦) Bharat Chakravarti

### ૧૨૧ થી ૧૭૨

પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ પુસ્તકો (આ ઉપરાંત આગામી જાન્યુઆરીમાં નવા ૧૦ ઈંગ્લીશ પુસ્તકો પ્રકાશિત થશે)

# જ્ઞાનસાર : શ્રેષ્ઠ ચિંતનાત્મક ગ્રન્થ

''જ્ઞાનનો એક સારભૂત મહાન ગ્રન્થ છે 'જ્ઞાનસાર'. સમર્થ શાસ્ત્રકાર ન્યા. ન્યા. પૂજ્યપાદ મહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે લગભગ ત્રણસો પચાસ વર્ષ આસપાસના સમયખંડમાં બત્રીશ વૈવિધ્યસભર વિષયોને બત્રીશ અષ્ટકમાં ગુંફિત કરી બસો છપ્પન (ઉપસંહાર સહિત બસો તોંતેર) સંસ્કૃત શ્લોકમય આ 'જ્ઞાનસાર' ગ્રન્થનું નવ્ય-ભવ્ય નજરાણું ધર્યું છે. આત્મકલ્યાણકર એકેકથી ચડિયાતા બત્રીશ વિષયો, આઠ શ્લોકમાં જ તે તે વિષયોને સક્ષમપણે રજૂ કરવાની સામર્થ્યશાલી શૈલી, હૃદયંગમ કલ્પનાશીલ પ્રસ્તુતિઓ અને સર્વત્ર સૂત્રાનુસારી પ્રરૂપણા : જ્ઞાનસારગ્રન્થની આ છે ઉડીને આંખે વળગે તેવી રમ્ય વિશેષતાઓ. xx જ્યારે જ્યારે આ ગ્રન્થના સ્વાધ્યાયમાંથી પસાર થવાના પ્રસંગો બન્યા છે ત્યારે ત્યારે એનાં અર્થચિંતને ગ્રન્થ પ્રત્યે અનેકશઃ અહોભાવવૃદ્ધિ કરી છે. बिभेषि यदि संसाराद्०... 'दु:खं प्राप्य न दीन: स्यात्०'... જેવા કેટલાય શ્લોકો આમાંના એવા છે જે સંયમજીવનની દિશા સ્થિર કરવામાં ઉપયોગી પુરવાર થયા છે, તો વારંવાર સહજપણે જ ઉપસ્થિત થઈ જઈ પ્રવચનાદિમાં ય ખૂબ ખૂબ સહાયક બન્યા છે. ચિંતનાત્મક કૃતિરૂપે આ ગ્રન્થ અમને શ્રેષ્ઠ ભાસ્યો છે.''

**- વિજય રાજરત્નસૂરિ**

(પ્રસ્તુત પુસ્તકના લેખકીય નિવેદનમાંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171